પૂ. આચાર્ય શ્રી વિજય...સૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા

● પુષ્પ-અંક ૨૮ ●

પ્રતિમા-પૂજન



લેખક અને સંપાદક

મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી

પૂ. આચાર્ય શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા

• ગ્રન્થાંક – ૨૮ •

પ્રતિમા-પૂજન

" जिनपूजनसत्कारयोः करणलालसः
खल्वाद्यो देशविरतिपरिणामः ।"

–भगवान् हरिभद्रसूरिः ।

નિશ્ચયે કરીને દેશવિરતિ–શ્રાવકધર્મનો આદ્ય પરિણામ કોઇ પણ હોય, તો તે શ્રી જિનેશ્વરદેવની પૂજા અને સત્કાર કરવાની લાલસા છે: અર્થાત્–જેને શ્રી જિનેશ્વર-દેવની પૂજા અને સત્કાર કરવાની લાલસા નથી, તેને સર્વજ્ઞોક્ત પંચમ–ગુણસ્થાનક–સ્વરૂપ દેશવિરતિ–શ્રાવક-પણાનો આદિ પરિણામ પણ પ્રાપ્ત થયો નથી, એમ સમજવું.

લેખક અને સંગ્રાહક

પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

શ્રી નમસ્કાર મહામંત્ર, આરાધનાનો માર્ગ, નાસ્તિક–મત-વાદનું નિરસન અને આસ્તિકતાનો આદર્શ–પુસ્તકોના લેખક.

શ્રી વીર સં. ૨૪૬૭ • . વિક્રમ સંવત્ ૧૯૯૭

: પ્રકાશક :

પૂ. આચાર્ય શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા
તરફથી ઍા. સે. માસ્તર હીરાલાલ રણછોડભાઈ
ગોપીપુરા : સુરત

" जावंति चेइयाइं, उड्ढे अ अहे अ तिरियलोए य ।
सव्वाइं ताइं वंदे, इह संतो तत्थ संताइं ॥ १ ॥ "

ઉર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્છાલોકમાં જેટલાં ચૈત્યો છે,–તે સર્વને, અહીં રહેલો હું, ત્યાં રહેલાં તેમને, વન્દન કરૂં છું.

: મુદ્રક :

ધી વીરવિજય પ્રિન્ટીંગ પ્રેસના માલીક
કેશવલાલ સાંકળચંદ શાહ
સલાપોસ ક્રોસ રોડ : અમદાવાદ

પૂ. સકલાગમરહસ્યવેદી પરમ ગીતાર્થ સ્વ. આચાર્યદેવ



શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મ.

પ્રતિમા-પૂજન

પ્રકાશકનું નિવેદન

જે પુણ્યપુરૂષનું પુણ્યનામ આ ગ્રન્થમાલા સાથે યોજાએલું છે, તે પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વ૦ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી** મહારાજા: તેઓશ્રીના પટ્ટાલંકાર પૂ. સિદ્ધાન્તમહોદધિ, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજા: અને તેઓશ્રીના પટ્ટવિભૂષક પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન-વાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા: તેઓશ્રીના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી **ભદ્રંકરવિજયજી** મહારાજે તૈયાર કરેલા "**પ્રતિમા-પૂજન**" નામના આ ગ્રન્થને પ્રગટ કરતાં અમને આનંદ થાય છે.

આ 'પૂ. આચાર્ય શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રન્થમાલા'ની પાસે, ગ્રન્થોના પ્રકાશનને માટે કોઈ રકમ કે ફંડ નથી. પૂ. આચાર્યાદિ મુનિવરો અને શાસનપ્રેમી સદ્‌ગૃહસ્થોના સહકારથી જ અત્યાર સુધીના ગ્રન્થોમાં આ ગ્રંથમાળા પ્રકાશયિત્રી બની શકી છે. પ્રસ્તુત પુસ્તક પણ તેવી જ રીતિએ પ્રગટ કરાય છે.

પૂ. મુનિરાજ શ્રી **ચન્દ્રાનનવિજયજી મ**૦ના સંસારી પુત્રો તરફથી પોતાના પૂ. પિતાશ્રીની દીક્ષાની યાદગીરી નિમિત્તે, ધર્મશ્રદ્ધાને દઢ કરનારૂં ધાર્મિક સાહિત્ય તૈયાર કરી આપવાની આગ્રહભરી માગણી થવાથી, પૂ. મુનિરાજ

શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે ‘પ્રતિમા–પૂજન’ની ધાર્મિકતા અને અવશ્યકર્ત્તવ્યતાને સરલ ભાષામાં સ્પષ્ટ કરી આપતું આ પુસ્તક તૈયાર કરી આપ્યું છે અને આની છપામણી વિગેરેનો સઘળો ખર્ચ, પૂ. મુનિરાજ **શ્રી ચન્દ્રાનનવિજયજી મ૦ના** સંસારી સુપુત્રો તરફથી અપાયો છે. એ માટે તેઓનો આ ગ્રન્થમાળા તરફથી આભાર માનવામાં આવે છે. ભવિષ્યમાં પણ તેઓ આ અગર આથી પણ વધુ સંગીન રીતિએ આ ગ્રન્થમાળાને મદદ કરે, એવી આશા રાખીએ છીએ.

બીજા પણ પૂ. મુનિરાજોને અને શાસનપ્રેમી સદ્-ગૃહસ્થોને, આવી આવી રીતિએ પ્રસ્તુત ગ્રન્થમાળાને સહાયક બનવાનું નમ્ર સૂચન કરવું સ્થાને જ ગણાશે.

પુસ્તક વાંચકોની આંખ સામે છે અને આ પુસ્તકને તૈયાર કરનાર પૂ. મુનિરાજ શ્રી **ભદ્રંકરવિજયજી** મહારાજે ટૂંકો ઉપોદ્‌ઘાત લખી આવા સાહિત્યની મહત્તા અને આવશ્યકતા સમજાવેલ છે, એટલે અમારે વિશેષ કહેવાનું રહેતું નથી.

અમે તો એટલું જ ઇચ્છીએ છીએ કે–પુસ્તક તૈયાર કરનાર પૂ. મુનિશ્રીનો પરિશ્રમ અને છપાવી આપનાર શ્રીયુત **રસિકચન્દ્ર** તથા **નવીનચન્દ્રનો** દ્રવ્યવ્યય, અનેક ભવ્યાત્માઓને સન્માર્ગની રૂચિ અને દૃઢતાદિ પેદા કરવા દ્વારા સુસફલ નિવડે.

જેમની ભાગવતી દીક્ષા નિમિત્તે આ પુસ્તક છપાવાયું છે, તે



પૂ. મુનિરાજ શ્રી ચંદ્રાનનવિજયજી

સ મ ર્પ ણ

પૂ. ગુરૂદેવ !

આજ તો આપ મુનિ **શ્રી ચન્દ્રાનનવિજયજી મ૦** તરીકે એકાન્તે સ્વ-પર-હિત સાધી રહ્યા છો : પણ મુનિ-જીવન સ્વીકારતાં પૂર્વે આપે અમારા ઉપર પિતા તરીકે જે ઉપકારો કર્યા છે, તેની મીઠી યાદ કર્યા વિના રહી શકાતું નથી. **ભાગવતી દીક્ષાને** ગ્રહણ કરવાની આપની સત્તર વર્ષની પવિત્ર ભાવનાને સફલ થએલી જાણતાં, અમારૂં અન્તર આનન્દથી નાચી ઉઠવાને બદલે જાણે-અજાણે ક્લેશ પામ્યું; છતાં આપે તો અમને, આપના શુભ કાર્યમાં અમે આડખીલી રૂપ ન થઈ શકીએ એવી ત્વરા કરીને, તે પાપથી બચાવી લીધા છે. અમને સમજાયું છે કે—આપે અમારી માગણીને મોહભરી જાણીને અવ-ગણી, એમાં આપનું તેમજ અમારૂં પણ કલ્યાણ જ સાધ્યું છે. આપની નિર્મલ ભાવનાઓ અને વત્સલપૂર્ણતાનું ઋણ, અમે પૂરેપૂરૂં અદા કરી શક્યા નથી, તે બદલ ખરા દીલથી ક્ષમા યાચીએ છીએ : આપની પવિત્ર સાધનાની અનુમોદના કરીએ છીએ : અને આપના અનેકવિધ ઉપકારો તથા સદ્દગુણોના સંભારણા રૂપે આ પુસ્તક આપના કરકમલમાં અર્પણ કરી કિંચિત્ કૃતાર્થતા અનુભવીએ છીએ.

આપના—
રસિક અને નવીનની
કોટિશઃ વન્દના.

તપશ્ચર્યા અને આવશ્યકાદિ ક્રિયાકાંડ દ્વારા દેહને કસીને અને આત્માને સત્ત્વશીલ બનાવીને, શ્રીયુત **ચીમનલાલે** પોતાની દીક્ષા-ગ્રહણુની ભાવનાને અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો. પોતાની વધતી જતી અવસ્થાને નિહાળી, મિથ્યા માયા-મોહને જરા પણ મચક આપ્યા વિના, શ્રીયુત **ચીમનલાલે** પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી **ભદ્રંકરવિજયજી** મહારાજના વરદ હસ્તે સં. ૧૯૯૬ માં **અંધેરી** મુકામે પરમપૂનિત પ્રવ્રજ્યા અંગીકાર કરી. તેમનું મુનિ શ્રી **ચંદ્રાનનવિજયજી** એવું નામ સ્થાપન કરવામાં આવ્યું. તે પછી મુંબઇ-**લાલબાગના** ઉપાશ્રયમાં તેમને વડી દીક્ષા આપવામાં આવી, જે વખતે શ્રીયુત **ચીમનલાલનાં** ધર્મપત્ની **માણેકબાઈ (લીલાવતી)** આદિ સગાંઓ પણ હાજર હતાં. પૂ. મુનિરાજ શ્રી **ભદ્રંકરવિજયજી** મહારાજ પાસે, ગૃહસ્થપણામાં ચાર પ્રકરણ અને કર્મગ્રન્થનો અભ્યાસ તેઓ કરતા, ત્યારથી જ તેમનું પૂ. મુનિરાજ શ્રી **ભદ્રંકરવિજયજીના** અનેક ગુણો તરફ હાર્દિક આકર્ષણ થએલું, જે વધતે વધતે આ રીતિએ ગુરૂ-શિષ્યનો સંબંધ કરાવનારૂં નિવડ્યું છે.

હાલ મુનિરાજ શ્રી **ચંદ્રાનનવિજયજી** તપશ્ચર્યામાં, શ્રુતાભ્યાસમાં અને મુનિપણાના સંસારતારક આચારોના આસેવનમાં તલ્લીન બનીને સ્વ-આત્મ-શ્રેયઃ સાધી રહ્યા છે.

પ્રતિમા–પૂજન

ઉપોદ્ઘાત

સમર્થ શાસ્ત્રકાર–મહર્ષિ, આચાર્યભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરિજી અને તેમની પણ પહેલાંના મહાન્ પૂર્વાચાર્ય–મહર્ષિઓ ફરમાવે છે કે–

" चैत्यवन्दनतः सम्यक्, शुभो भावः प्रजायते।
तस्मात् कर्मक्षयः सर्वं, ततः कल्याणमश्नुते ॥१॥"

*

ચૈત્ય એટલે શ્રી જિનમંદિર અથવા શ્રી જિનબિંબને સમ્યગ્ રીતિએ વન્દન કરવાથી પ્રકૃષ્ટ શુભ ભાવ પેદા થાય છે. શુભ ભાવથી કર્મનો ક્ષય થાય છે અને કર્મના ક્ષયથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

'ચૈત્યવન્દન'નો જ બીજો અર્થ 'પ્રતિમા–પૂજન' છે. 'મન–વચન–કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ'નું નામ 'વન્દન' છે. મનથી ધ્યાન કરવું, વચનથી સ્તુતિ કરવી તથા કાયાથી પૂજાદિ કરવાં, તેને શાસ્ત્રરૂઢિ પ્રમાણે, વન્દનક્રિયા કહેવાય છે. શ્રી અરિહંતનાં ચૈત્યોને મન–વચન–કાયા વડે વન્દન કરવું, સુગન્ધી પુષ્પમાલાદિ વડે તેમનું પૂજન કરવું, પ્રવર વસ્ત્રાલંકારો વડે તેમનો સત્કાર કરવો અને ગુણસ્તુત્યાદિ વડે તેમનું સન્માન

કરવું, એ જન્મોજન્મ શ્રી જિનધર્મની પ્રાપ્તિ કરાવનાર થાય છે : અને અંતે જન્મ–જરા–મૃત્યુ આદિનાં દુઃખોનો સ્પર્શ પણ જ્યાં નથી, એવા ‘ નિરૂપસર્ગ ’ મોક્ષપદને અર્પનાર થાય છે, એમ સૂત્રકારભગવંતો મૂલ–સૂત્રોમાં જ ફરમાવે છે.

‘ ચૈત્યવન્દન ’નો અર્થ **‘અરિહંતોની પ્રતિમા-ઓનું પૂજન’** કેવી રીતે થાય છે, એ સંબંધમાં શબ્દ-શાસ્ત્ર–વિશારદો ફરમાવે છે કે–

“ चित्तम् अन्तःकरणं, तस्य भावः कर्म्म वा, प्रतिमा-लक्षणम् अर्हच्चैत्यम् । अर्हतां प्रतिमाः प्रशस्तसमाधि-चित्तोत्पादकत्वात् चैत्यानि भण्यन्ते । ”

ચિત્ત એટલે અંતઃકરણ, અંતઃકરણનો ભાવ અથવા અંતઃ-કરણની ક્રિયા, તેનું નામ ચૈત્ય છે. અરિહંતોની પ્રતિમાઓ અંતઃકરણની પ્રશસ્ત સમાધિને પેદા કરનાર હોવાથી, ‘ચૈત્ય’ કહેવાય છે.

ચૈત્ય શબ્દનો બીજો અર્થ–

“ चैत्यं जिनौकस्तद्बिम्बम् । ’

‘ શ્રી જિનગૃહ અથવા શ્રી જિનબિંબ ’

–એવો પણ કોષકારોએ કરેલો છે. તે ચૈત્યને વન્દન આદિ કરવાથી શુભ ભાવની વૃદ્ધિ થાય છે, શુભ ભાવની વૃદ્ધિથી ઉત્તરોત્તર સમ્યગ્દર્શનાદિ વિશુદ્ધ ધર્મોની પ્રાપ્તિ થાય છે અને એથી પરંપરાએ સર્વ કર્મની મુક્તિ આદિ મહત્ કાર્યો પણ સિદ્ધ થાય છે.

અર્હત્ચૈત્યો યાને શ્રી અરિહંતોની પ્રતિમાઓને વંદન–પૂજનાદિ કરવાથી, સમ્યગ્દર્શનાદિ આત્મગુણોની પ્રાપ્તિ અને કર્મક્ષયની સિદ્ધિ થાય છે–એમ શ્રીમદ્ **હરિભદ્રસૂરિ** મ૦ આદિ સૂરિપુંગવોએ જ ફરમાવ્યું છે એમ નથી, પણ તે પૂર્વેના પૂર્વધર–ભગવાન શ્રી **જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણજી**, દશ પૂર્વધર–ભગવાન શ્રી **ઉમાસ્વાતિજી** અને ચૌદ પૂર્વધર, શ્રુતકેવલિ–ભગવાન શ્રી **ભદ્રબાહુસ્વામિજી** આદિ અનેક સૂરિપુરંદરોએ પણ મહાભાષ્ય, પૂજા પ્રકરણ, **આવશ્યક નિર્યુક્તિ** આદિ મહાશાસ્ત્રોમાં તેમ જ ફરમાવેલ છે. એટલું જ નહિ, પણ મૂલ **આવશ્યક** સુત્રકાર ગણધરભગવાન શ્રી **સુધર્માસ્વામિજી** મહારાજે, કાયોત્સર્ગ આવશ્યક અને તેના આલાવાઓમાં પણ સ્પષ્ટ શબ્દોમાં દર્શાવેલ છે.

પ્રતિમા–પૂજનની સિદ્ધિ અને શ્રેયઃસાધકતા માટે, આથી વધારે પ્રાચીન અને પ્રબળ પૂરાવાઓ બીજા ભાગ્યે જ હોઈ શકે. પ્રતિમા–પૂજન, એ કોઇ અજ્ઞાન, સ્વાર્થસાધુ કે ધૂર્તપુરુષોએ ઉપજાવી કાઢેલી નિરર્થક ક્રિયા નથી, કિન્તુ સર્વોત્તમ જ્ઞાનને વરેલા, નિઃસ્વાર્થ અને શુદ્ધ પુરુષોએ સ્વ–પર–શ્રેયને માટે દર્શાવેલી અજોડ અને અનુપમ સફળ ધર્મક્રિયા છે. એ માટેનાં અનેક પ્રમાણો આ પુસ્તકમાં સ્થળે સ્થળે આપવાનો પ્રયાસ થયો છે. એને ધ્યાનપૂર્વક વાંચનાર કોઈ પણ સમદૃષ્ટિ વાંચકને, સ્પષ્ટ થયા સિવાય નહિ રહે કે–‘પ્રતિમા–પૂજન, એ અજ્ઞાન કે અવિવેકમાંથી જન્મેલ નથી, પણ એનું ખંડન જ ઘોર અજ્ઞાન અને કારમા અવિવેકમાંથી જન્મેલું છે.’

પ્રતિમા–પૂજન જેવી સર્વોચ્ચ આત્મકલ્યાણકર પ્રવૃત્તિ સામે કટાક્ષ ધારણ કરનાર વર્ગના બે વિભાગ પડી જાય છે: એક પ્રાચીન વિચારશ્રેણિનો અને બીજો અર્વાચીન વિચારશ્રેણિનો. પ્રાચીન વિચારશ્રેણિનો વર્ગ પ્રતિમા–પૂજનમાં હિંસા અને અધર્મ મનાવવા મથે છે અને અર્વાચીન વિચારશ્રેણિનો વર્ગ પ્રતિમા–પૂજનમાં બુદ્ધિની જડતા અને અંધ અનુસરણ મનાવવા માગે છે! એ બંને વિચારશ્રેણિઓ અજ્ઞાનમૂલક છે. પ્રતિમા–પૂજનથી હિંસા નહિ પણ અહિંસા વધે છે તથા પૂજન કરનારને અધર્મ નહિ પણ પરમ ધર્મ સધાય છે. એ જ રીતે પ્રતિમા–પૂજનથી બુદ્ધિની જડતા વધતી નથી, કિન્તુ નિર્મળતા સધાય છે તથા અંધ અનુસરણના બદલે સર્વોત્કૃષ્ટ જ્ઞાનિઓએ બતાવેલ જ્ઞાનમાર્ગનું અનુસરણ થાય છે.

આ આખાએ પુસ્તકમાં પ્રાચીન અને અર્વાચીન–ઉભય શ્રેણિના વિચારોનું પ્રતિમા–પૂજન સંબંધી વિરોધવાળું મન્તવ્ય કેટલું ભૂલભર્યું છે, તે સમજાવવાનો શક્ય પ્રયાસ કરવામાં આવ્યો છે અને પ્રતિમા–પૂજનથી થનારા ઉત્તરોત્તર ફાયદાઓનું યુક્તિ, અનુભવ અને શાસ્ત્રાધારે થઈ શકે તેટલું સત્ય સમર્થન કરવામાં આવ્યું છે. પ્રતિમા–પૂજનના મંડન સંબંધી આજ સુધી ઘણુંએ શાસ્ત્રાનુસારી સાહિત્ય બહાર પડી ચૂક્યું છે. આ ગ્રન્થમાં એની એ જ વાતને જૂદો આકાર આપવામાં આવ્યો છે.

શ્રી જિન–પ્રતિમા–પૂજન, એ એક એવો વિષય છે કે-તેના ઉપર અનેક મહાપુરુષોએ અનેક પ્રકારના

વિચારો કર્યા છે અને તેના ફાયદાઓ શોધવા માટે જીવનોનાં જીવનો પસાર કર્યાં છે. તેના હાર્દમાં તેઓ જેમ જેમ ઉંડા ઉતરતા ગયા છે, તેમ તેમ નવું નવું અનુભવ-દર્શન પ્રાપ્ત કરતા ગયા છે. તેનાથી થતા સંપૂર્ણ ફાયદા-ઓનો અંત શોધવો, મોટા યોગીપુરુષોને પણ અગમ્ય થઇ પડ્યો છે. એવા એક ગહન, અત્યંત ઉપયોગી અને સર્વ કોઈનું એકાંત કલ્યાણ કરનાર વિષય ઉપર જેટલા પ્રકારે અધિક વિચારણા કરવામાં આવે અને તેના ફાયદાઓ શોધવા માટે જેટલી અધિક સૂક્ષ્મ મતિ દોડા-વવામાં આવે, તેટલી ઓછી જ છે.

પ્રસ્તુત ગ્રન્થમાં જે કાંઈ વિચારણા રજૂ કરવામાં આવી છે, તે આજ સુધી પ્રગટ થયેલા શાસ્ત્રાનુસારી સાહિત્યને અનુસરીને જ કરવામાં આવી છે. પ્રતિમા-પૂજન, એ સાધુઓ અને ગૃહસ્થો–ઉભય માટેનો સામાન્ય અને નિત્ય–ધર્મ છે. એ નિત્ય–ધર્મમાં જેટલી શ્રદ્ધા અને સમજની શુદ્ધિ અને વૃદ્ધિ થતી રહે, તેટલી કર-વાની આજના જમાનામાં પ્રધાન અગત્ય છે.

વર્તમાન જમાનો ધર્મની બાબતમાં એક અપેક્ષાએ બહુ ઓછો વિચાર કરનારો છે. થોડાક જ એવા આત્માઓ મળી આવે છે, કે જેઓ ધર્મની બાબતમાં ઉંડા ઉતરવા પ્રયાસ કરતા હોય. એવી સ્થિતિમાં ધર્મના નામે ખોટી પણ વસ્તુઓ જીવનમાં આવી જવી અને સાચી વસ્તુઓ ચાલી જવી, એ તદ્દન સહજ છે. શ્રી જિન–પ્રતિમા–પૂજન એક સર્વોત્તમ ધર્માનુષ્ઠાન છે.

તેની કોટિનું ધર્માનુષ્ઠાન બીજું જડવું, એ ત્રિભુવનમાં પણ અસંભવિત છે. તેની સામે અજ્ઞાનતા, પૂર્વગ્રહ, કુશિક્ષણ, જડવાદ, ઉપેક્ષા અને ધર્મ–બેદરકારી આદિ અનેક અનિષ્ટો ડોકીયાં કરીને ઉભેલાં છે. તે બધાંથી સ્વયં બચવા અને અન્યને બચાવવા કટિબદ્ધ થવાની જરૂર છે. આવા સમયે શ્રી જિન–પ્રતિમા–પૂજનની શ્રેષ્ઠતા સાબીત કરનારૂં આટલું જ નહિ, કિન્તુ અનેક પ્રકારનું સાહિત્ય બહાર પડવાની જરૂર છે. તે કાર્યનો એક અંશ આ પુસ્તક દ્વારાએ સધાય, તો પણ આ પ્રયાસ સફળ થયો જ લેખાશે.

આ પુસ્તકમાં આપવામાં આવેલી પ્રશ્નોત્તરી આજથી ઘણાં વર્ષો પૂર્વે છપાયેલ 'મૂર્તિ–મંડન–પ્રશ્નોત્તર' નામક ગ્રન્થના આધારે તૈયાર કરવામાં આવી છે. તેથી તેમાં રહેલા પાઠો અને તેના અર્થોની અશુદ્ધિ આદિ સંબંધી કેટલીક સ્ખલનાઓ, આ પુસ્તકમાં પણ પ્રવેશી જવા પામી છે. તેનું તથા અન્ય બાબતોનું બનતું શુદ્ધિકરણ તો સૂચવ્યું જ છે, છતાં શુદ્ધિપત્રકમાં આપ્યા સિવાયની સ્ખલનાઓ રહી જવા પામી હોય, તો તે બદલ 'મિચ્છામિ દુક્કડં' દેવા સાથે, સુજ્ઞોને તે સ્ખલનાઓ ગીતાર્થ ગુરૂઓ પાસે સુધારી લેવા તથા લેખકને પણ તે સંબંધીની જાણ કરવા વિનંતિ કરવામાં આવે છે. જેથી હવે પછીની આવૃત્તિમાં તેનો પરિપૂર્ણ સુધારો કરી શકાય.

કરમચંદ જૈન હૉલ :
અંધેરી : સં. ૧૯૯૭–પોષ શુ. ૮.
તા. ૬–૧–૧૯૪૧.

મુનિ ભદ્રંકરવિજય.

પ્રતિમા-પૂજન

અનુક્રમણિકા

* ચોથા પ્રકરણ તરીકેના 'પ્રશ્નોત્તરી વિભાગ'માં જે જે પ્રશ્નોના ઉત્તરો છે, તે પ્રશ્નોની નોંધ જૂદી આપી છે. (જૂઓ પૃ. ૧૯ થી) એજ રીતિએ પાંચમા પ્રકરણના શ્લોકાદિ-સંગ્રહની નોંધ પણ જૂદી આપવામાં આવી છે. (જૂઓ પૃ. ૨૯ મું)

આ ગ્રંથના ચોથા પ્રકરણ 'પ્રશ્નોત્તરી વિભાગ'માં
પૃ. ૭૭ થી પૃ. ૩૦૮ સુધીનાં ૨૩૨ પાનાંઓમાં
જે જે પ્રશ્નોના વિગતવાર ઉત્તરો આપવામાં આવ્યા છે,

તે પ્રશ્નોની અનુક્રમણિકા

આ પુસ્તકના પાંચમા પ્રકરણ 'શ્લોક-સંગ્રહ'માં

પૃ. ૩૦૯ થી ૩૨૪ સુધીનાં ૧૬ પાનાંઓમાં

આપવામાં આવેલ પદ્યોનો અનુક્રમ

મુદ્રણ સંબંધી શુદ્ધિકરણ

"પ્રતિમા–પૂજન" નામના આ ગ્રન્થને તૈયાર કરતી વખતે આ સંબંધીનાં મૂર્ત્તિ–મંડન–પ્રશ્નોત્તરાદિ પુસ્તકોમાં છપાએલા પાઠોનો ઉતારો કરી લેવામાં આવ્યો હતો. આ ગ્રન્થ માટેનું લખાણ તૈયાર થયા પછી તે પાઠોને મૂળ ગ્રન્થાદિ સાથે મેળવવા જેટલો અવકાશ પ્રાપ્ત થયો નહિ : કારણ કે–સંયોગ-વશાત્ આ ગ્રન્થ ત્વરાએ છપાવીને તૈયાર કરવો હતો. ગ્રન્થનો મૂળ વિભાગ (૩૪૪ પાનાં) છપાઇ ગયા બાદ, એમ લાગ્યું કે–પાઠો ઘણા અશુદ્ધ છપાયા છે. આથી પાઠો સંબંધી યથાશકય શુદ્ધિકરણ સૂચવવાનો નિર્ણય કર્યો. તે મુજબ જેટલું તૈયાર થઇ શકયું છે તે સર્વ આ નીચે આપવામાં આવે છે. કેટલાક પાઠો આખા જ અત્રે આપ્યા છે. અને બાકીના પાઠોનું તે પછી શુદ્ધિપત્રક આપ્યું છે.

પૃ. ૭૯ : શ્રીઅનુયોગદ્વારસૂત્રમાંનો પાઠ.

जत्थ य जं जाणेज्जा, निक्खेवं निक्खिवे निखसेसं ।
जत्थवि य न जाणेज्जा, चउक्कगं निक्खिवे तत्थ." ॥१॥

પૃ. ૮૫ : શ્રી ઉવવાઈસૂત્રમાંનો પાઠ.

" तं महाफलं खलु तहारूवाणं अरिहंताणं भगवंताणं नामगोयस्स वि सवणयाए "

પૃ. ૯૯ : શ્રીજમ્બુદ્વીપપ્રજ્ઞપ્તિમાંનો પાઠ.

" नमोत्थु णं भगवओ तित्थगरस्स आइगरस्स जाव संपाविउकामस्स, वंदामि णं भगवंतं तत्थगयं इहगए, पासउ मे से भयवं तत्थगए इहगयं तिकट्टु वंदइ णमंसइ "

પૃ. ૧૦૧ : શ્રીસાધુસાધ્વીપ્રતિક્રમણસૂત્રમાંનો પાઠ.

" नमो चउव्वीसाए तित्थयराणं उसभाइमहावीर-पज्जवसाणाणं "

પૃ. ૧૦૬ : શ્રીદશવૈકાલિકસૂત્રમાંનો પાઠ.

" चित्तभित्तिं न णिज्झाए, नारिं वा सुअलंकिअं ।
भक्खरं पिव दट्ठूणं, दिट्ठिं पडिसमाहरे " ॥१॥

પૃ. ૧૭૬ : શ્રીમહાકલ્પસૂત્રમાંનો પાઠ.

" से भयवं तहारुवे समणे वा माहणे वा चेइय-घरे गच्छेज्जा? हंता! गोयमा? दिणे दिणे गच्छेज्जा। से भयवं जत्थ दिणे न गच्छेज्जा तओ किं पायच्छित्तं हवेज्जा? गोयमा! पमायं पडुच्च तहारुवे समणे वा माहणे वा जो जिणघरं न गच्छेज्जा तओ छट्ठं अहवा दुवालसमं पायच्छित्तं हवेज्जा। से भयवं समणोवास-गस्स पोसहसालाए पोसहिए पोसहबंभयारी किं जिण-हरं गच्छेज्जा? हंता! गोयमा! गच्छेज्जा। से भयवं केणट्ठेणं गच्छेज्जा? गोयमा! णाणदंसणचरणट्ठाए गच्छेज्जा। जे केइ पोसहसालाए पोसहबंभयारी जओ जिणहरे न गच्छेज्जा तओ पायच्छित्तं हवेज्जा? गोयमा! जहा साहू तहा भाणियव्वं छट्ठं अहवा दुवालसमं पायच्छित्तं हवेज्जा "

પૃ. ૧૭૭ : શ્રીમહાકલ્પસૂત્રમાંનો પાઠ.

" तेणं कालेणं तेणं समएणं जाव तुंगीयाए नयरीए बहवे समणोवासगा परिवसंति संखे, सयगे, सिलप्प-वाले, रिसिदत्ते, दमगे, पुक्खली, निबद्धे, सुपइट्ठे, भाणुदत्ते, सोमिले, नरवम्मे, आणंदकामदेवाइणो जे अन्नत्थ गामे परिवसंति इड्ढा दित्ता विच्छिन्नविपुलवाहणा

जाव लद्धट्ठा गहियट्ठा चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुन्नं पोसहं पालेमाणा निग्गंथाण य निग्गंथीण य फासुएणं एसणिज्जेणं असणं पाणं खाइमं साइमं जाव पडिलाभेमाणा चेइयालएसु तिसंज्झं चंदणपुप्फधूववत्थाइहिं अच्चणं कुणमाणा जाव विहरंति से तेणट्ठेणं गोयमा? जो जिणपडिमं न पूएइ सो मिच्छदिट्ठी जाणियव्वो, मिच्छदिट्ठिस्स नाणं न हवइ, चरणं न हवइ, मुक्खं न हवइ, सम्मदिट्ठिस्स नाणं, चरणं, मुक्खं च हवइ, से तेणट्ठेण गोयमा! सम्मदिट्ठिसड्ढेहिं जिणपडिमाणं सुगंधपुप्फचंदणविलेवणेहिं पूया कायव्वा ''

પૃ. ૧૭૯ : શ્રીઆવશ્યકસૂત્રમાંનો પાઠ.

'' तत्तो य पुरिमताले वग्गुर ईसाण अच्चए पडिमं। मल्लिजिणायण पडिमा उण्णाए वंसि बहुगोट्ठी ॥१॥ ''

પૃ. ૧૮૧ : શ્રીઉવવાઇસૂત્રમાંનો પાઠ.

'' अंबडस्स परिवायगस्स नो कप्पइ अन्नउत्थिए वा अन्नउत्थियदेवयाइं वा अन्नउत्थिअपरिग्गहियाइं अरिहंतचेइयाइं वा वंदित्तए वा नमंसित्तए वा, नन्नत्थ अरिहंते वा अरिहंतचेइआइं वा ''

પૃ. ૧૮૧ : શ્રીજ્ઞાતાસૂત્રમાંનો પાઠ.

'' तए णं सा दोवई रायवरकन्ना जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ, मज्जणघरं अणुप्पविसइ, ण्हाया कयबलिकम्मा कयकोउयमंगलपायच्छित्ता सुद्धप्पावेसाइं वत्थाइं परिहिया मज्जणघराओ पडिणिक्खमइ, जेणेव जिणघरे तेणेव उवागच्छइ, उवागच्छइत्ता जिणघरं अणुप्पविसइ, अणुप्पविसइत्ता आलोए जिणपडिमाणं पणामं करेइ, लोमहत्थयं परामुसइ, एवं जहा सूरियाभो जिणपडिमाओ अच्चेइ तहेव भाणिअव्वं जाव धूवं डहइ, धूवं डहइत्ता

वामं जाणुं अंचेइ, अंचेइत्ता दाहिणजाणुं धरणितलंसि निहट्टु तिखुत्तो मुद्धाणं धरणितलंसि निवेसेइ, निवेसेइत्ता ईसिं पच्चुण्णमइ २ करयल जाव कट्टु एवं वयासी–नमोत्थु णं अरिहंताणं भगवंताणं जावसंपत्ताणं, वंदइ णमंसइ २ जिणघराओ पडिणिक्खमइ".

પૃ. ૧૮૩ : શ્રીઉપાસકદશાંગસૂત્રમાંનો પાઠ.

"नो खलु मे भंते ! कप्पइ अज्जप्पभिइं अन्नउत्थिए वा, अन्नउत्थियदेवयाणि वा, अन्नउत्थियपरिग्गहियाणि अरिहंतचेइयाणि वा वंदित्तए वा नमंसित्तए वा"

પૃ. ૧૮૫ : શ્રીકલ્પસૂત્રમાંનો પાઠ.

"तए णं सिद्धत्थे राया दसाहियाए ठिइवडियाए वट्टमाणीए, सइए अ, साहस्सिए अ, सयसाहस्सिए अ, जाए अ, × × × × × लंभे पडिच्छमाणे अ, पडिच्छावमाणे अ एवं वा विहरइ"

ભાવાર્થ:—ત્યારબાદ સિદ્ધાર્થરાજા, "દસ દિવસ સુધી મહોત્સવરૂપ કુલમર્યાદા પ્રવર્ત્તે છતે જેમાં સોદ્રવ્ય લાગે, હજાર દ્રવ્ય લાગે અને લાખ દ્રવ્ય લાગે તેવા યાગ–અરિહંત–ભગવંતની પ્રતિમાની પૂજાને" કરતાં, બીજા પાસે કરાવતાં તથા વધામણાને પોતે ગ્રહણ કરતાં અને સેવકો પાસે ગ્રહણ કરાવતાં વિહરે છે.

પૃ. ૧૮૬ : શ્રીમહાનિશીથસૂત્રમાંનો પાઠ.

"काउंपि जिणाययणेहिं, मंडियं सव्वमेइणीवट्टं ।
दाणाइचउक्केण सड्ढो, गच्छेज्ज अच्चुयं जाव न परं ॥१॥"

પૃ. ૧૮૭ : શ્રીઆવશ્યકસૂત્રમાંનો પાઠ.

"थूभसय भाउगाणं, चउवीसं चेव जिणहरे कासी ।
सव्वजिणाणं पडिमा, वण्णपमाणेहिं निअएहिं ॥ १ ॥"

પૃ. ૧૮૭ : શ્રીઆવસ્યકસૂત્રમાંનો પાઠ.

" अंतेउरे चेइयहरं कारियं पभावती ण्हाता, तिसंज्झं अच्चेइ, अन्नया देवी णच्चेइ, राया वीणं वायेइ "

પૃ. ૧૮૯ : શ્રીદશાશ્રુતસ્કંધમાંનો પાઠ.

" चिल्लणादेवी एवं वयासी तं महाफलं देवाणुप्पिये ? भगवं महावीरं वंदामो, णमंसामो सक्कारेमो, सम्माणेमो, कल्लाणं मंगलं चेइयं पज्जुवासेमो तेणं इह भवे य परभवे य हियाए सुहाए खमाए निस्सेसाए आणुगामियत्ताए भविस्सइ "

પૃ. ૧૯૦ : શ્રીરાયપસેણીયસૂત્રમાંનો પાઠ.

" तए णं तस्स सूरियाभस्स देवस्स पंचविहाए पज्जत्तीए पज्जत्तिभावं गयस्स समाणस्स इमेयारूवे अज्झत्थिए चिंतिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था–किं मे पुव्विं करणिज्जं ? किं मे पच्छा करणिज्जं । किं मे पुव्विं सेयं ?, किं मे पच्छा सेयं ? किं मे पुव्विपि पच्छा वि हियाए सुहाए खमाए णिस्सेसाए आणुगामियत्ताए भविस्सइ " ?

" तए णं तस्स सूरियाभस्स देवस्स सामाणियपरिसोववण्णगा देवा सूरियाभस्स देवस्स इमेयारूवं अज्झत्थियं जाव संकप्पं समुप्पण्णं समभिजाणित्ता जेणेव सूरियाभे देवे तेणेव उवागच्छन्ति उवागच्छित्ता सूरियाभं देवं करयलपरिग्गहियं दसनहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धावेन्ति, वद्धावित्ता एवं वयासी–' एवं खलु देवाणुप्पिया णं सूरियाभे विमाणे सिद्धाययणे जिणपडिमाणं जिणुस्सेहपमाणमेत्ताणं अट्ठ-

सयं सण्णिक्खित्तं चिट्ठइ । सभाए णं सुहम्माए णं माणवए चेइयखंभे वइरामएसु गोलवट्टसमुग्गएसु बहुओ जिणसकहाओ सण्णिक्खित्ताओ चिट्ठन्ति । ताओ णं देवाणुप्पियाणं अन्नेसिं च बहूणं वेमाणियाणं देवाणं य देवीणं य अच्चणिज्जाओ वंदणिज्जाओ णमंसणिज्जाओ पूयणिज्जाओ सक्कारणिज्जाओ सम्माणणिज्जाओ जाव पज्जुवासणिज्जाओ । तं एयं णं देवाणुप्पियाणं पुव्विं करणिज्जं, एयं णं देवाणुप्पियाणं पच्छा करणिज्जं, एयं णं देवाणुप्पियाणं पुव्विं सेयं, एयं णं देवाणुप्पियाणं पच्छा सेयं, एयं णं देवाणुप्पियाणं पुव्विं पच्छा वि हियाए सुहाए खमाए णिस्सेसाए आणुगामियत्ताए भविस्सइ ”

પૃ. ૧૯૨ : શ્રીરાયપસેણીયસૂત્રમાંનો પાઠ.

“ हियाए सुहाए खमाए निस्सेसाए आणुगामियत्ताए भविस्सइ ”

પૃ. ૨૦૮ : ભગવતીસૂત્રમાંનો પાઠ.

“ देवा णं भंते ! असंजताति वत्तव्वं सिया ?, गोयमा ! णो तिणट्ठे०, णिट्ठुरवयणमेयं, देवा णं भंते ? संजयासंजयाति वत्तव्वं सिया ?, गोयमा ! णो तिणट्ठे समट्ठे, असब्भूयमेयं देवाणं, से किं खाति णं भंते ! देवाति वत्तव्वं सिया ?, गोयमा ! देवा णं नोसंजयाति वत्तव्वं सिया ”

પૃ. ૨૧૦ : શ્રીસ્થાનાંગસૂત્રમાંનો પાઠ.

“ अहुणोववन्ने देवे देवलोगेसु दिव्वेसु कामभोगेसु अमुच्छिए अगिद्धे अगढिए अणज्झोववन्ने, तस्स णं एवं

भवइ अत्थि खलु मम माणुस्सए भवे आयरितेति वा उवज्झाएति वा पवत्तीति वा थेरेति वा गणीति वा गणधरेति वा गणावच्छेएति वा जेसिं पभावेणं मए इमा एतारूवा दिव्वा देविड्ढी दिव्वा देवजुत्ती लद्धा पत्ता अभिसन्नागया, तं गच्छामि णं ते भगवंते वंदामि णमंसामि सक्कारेमि सम्माणेमि कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासामि"

પૃ. ૨૧૧ : શ્રીસ્થાનાંગસૂત્રમાંનો પાઠ.

"एस णं माणुस्सए भवे णाणीति वा तवस्सीति वा अइदुक्करदुक्करकारते, तं गच्छामि णं ते भगवंते वंदामि जाव पज्जुवासामि"

પૃ. ૨૫૩ : શ્રીઠાણાંગસૂત્રમાંનો પાઠ.

"पंच आसवदारा पन्नत्ता तंजहा–(१) मिच्छत्तं, (२) अविरती, (३) पमादे, (४) कसाया, (५) जोगा"

પૃ. ૨૫૬ : શ્રીઆવશ્યકસૂત્રબૃહદ્વૃત્તિમાંનો પાઠ.

"जहा णवणयराइसन्निवेसे केइ पभूयजलाभावओ तण्हाइपरिगया तदपनोदार्थं कूपं खणंति तेसिं च जइवि तण्हादिया वड्ढंति मट्टिकाकद्दमाईहि य मलिणिज्जन्ति तहावि तदुब्भवेण चेव पाणिएणं तेसिं ते तण्हाइया सो य मलो पुव्वओ य फिट्टइ सेसकालं च ते तदण्णे य लोगा सुहभागिणो हवंति एवं दव्वत्थए जइवि असंजमो तहावि तओ चेव सा परिणामसुद्धी हवइ जाए असंजमो वज्जियं अण्णं च निरवसेसं खवेइत्ति तम्हा विरियाविरएहिं एस दव्वत्थओ कायव्वो सुभाणुबंधी पभूयतरणिज्जराफलो यत्ति काऊणमिति"

પૃ. ૨૮૫ માંનો લેખ જેવો મળ્યો તેવો જ છપાવ્યો છે.
પૃ. ૨૮૭ : શ્રીસમવાયાંગસૂત્રમાંનો પાઠ.

" से किं तं उवासगदसाओ ?, उवासगदसासु णं उवासयाणं णगराइं उज्जाणाइं चेइआइं वणखंडा रायाणो अम्मापियरो समोसरणाइं धम्मायरिया धम्मकहाओ इह-लोइयपरलोइयइड्ढिविसेसा "

પૃ. ૨૯૧ : શ્રીપ્રશ્નવ્યાકરણમાંનો પાઠ.

" कयरे ते ? जे ते सोयरिया मच्छबंधा साउणिया वाहा कूरकम्मा वाउरिया दोवितबंधणप्पओगतप्पगल-जालवीरल्लगायसीदब्भवग्गुराकूडछेलिहत्था हरिएसा साउ-णिया य × × × कूरकम्मकारी इमे य बहवे मिलक्खु-जाती के ते ? सकजवण......"

પૃ. ૨૯૬ : શ્રીઆચારાંગસૂત્રમાંનો પાઠ.

" जम्माभिसेय–निक्खमण–चरणनाणुप्पायनिव्वाणे ।
दियलोअभवणमंदरनंदीसरभोमनयरेसु ॥ १ ॥
अट्ठावयमुज्जिते गयग्गपयए य धम्मचक्के य ।
पासरहावत्तनगं चमरुप्पायं च वंदामि ॥ २ ॥ "

પૃ. ૩૦૧ : શ્રીરાયપસેણીયસૂત્રમાંનો પાઠ.

" अहण्णं भंते ! देवाणुप्पियाणं भत्तिपुव्वयं गोयमा-ईणं समणाणं निग्गंथाणं बत्तीसइबद्धं नट्टविहिं उवदंसेमि "

પૃ. ૩૦૫ : શ્રીભગવતીસૂત્રમાંનો પાઠ.

" सच्चमणप्पओगपरिणया × × × मोसवयप्पओग-परिणया "

પૃ. ૩૦૫ : શ્રીસૂયગડાંગસૂત્રમાંનો પાઠ.

" सादियं ण मुसं बूया, एस धम्मे वुसीमओ "

પાઠોનું શુદ્ધિપત્રક

પૃષ્ઠ.	પંક્તિ	अशुद्ध.	शुद्ध.
૨	૨	चतुथं	चतुर्थं
૬૯	૧૦	ण्हया	ण्हाया
૧૦૨	૧૨	– घीकारणम्	–धीकारणम्
૧૦૨	૧૪	– प्रतिमां	– प्रतिमा-
૧૦૮	૯	उल्लको	उल्लूको
૧૦૮	૯	विलोक्यते	विलोकते
૧૦૮	૧૧	– लिखीतं	लिखितं
૧૧૩	૧૭	मिउग्गं	मिउग्गहं
૧૧૭	૬	धुव्वं	धूवं
૧૨૬	૧૧	–विना	–विंना
૧૩૮	૧૭	बंभीलीविए	बंभीलिवीए
૧૫૬	૧૦	लीवीए	लिवीए
૧૭૩	૮	गुंथइ	गंथंति
૧૭૩	૧૯	निजुत्तिमिसीओ	निज्जुत्तिमीसिओ
૧૮૦	૧૭	भावी–	भावि–
૧૯૪	૨૨	थइथुइ	थयथुइ
૧૯૮	૩	नमुत्थुणं	नमोत्थु णं
૨૧૨	૬	धीरस्सयस्स	धीरस्स यस्स
૨૨૦	૩	देवाणयं	देवाणं य
૨૨૧	૨	मिच्छामी	मिच्छामि
૨૨૧	૯	पकरेति	पकरेंति
૨૨૧	૧૧	–पणत्तस्स	–पन्नत्तस्स
૨૨૧	૧૨	अवब्णं	अवण्णं

पृष्ठ.	पंक्ति.	अशुद्ध.	शुद्ध.
२२१	१३	विविक्त बं-	विवक्कतवबं-
२४३	१	नत्थी	नत्थि
२४३	१६	शुभजोगपडुच्च अणारंभ	शुभजोगं पडुच्च अणारंभो
२६३	१३	प्रथम-	पढम-
२६६	१३	दव्वयथ्थए	दव्वत्थए

"ગુજરાતી વિભાગનું શુદ્ધિપત્રક"


પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૩	૧૯	સવશ્રેષ્ઠ	સર્વશ્રેષ્ઠ
૨૪	૭	કમ-	કર્મ-
૨૭	૧૩	સુસાધુઓનો વિહાર હોતો નથી.	વધારે છપાયું છે.
૨૯	૮	થયા હતા.	થતા હતા.
૩૦	૩	કચાં	ક્યાં
૩૧	૩	આરાધનના	આરાધનાનાં
૩૫	૮	શ્રદ્ધા અને તીવ્રતા	શ્રદ્ધાની તીવ્રતા
૩૫	૧૨	અભ્યંકર	અભ્યંતર
૪૯	૭	મંગોલીયા	મોંગોલીયા
૫૬	૧	ચારમાંથા	ચારમાંથી
૫૯	૧૩	સવ	સર્વ
૬૩	૨	ઉપકાર	અપકાર
૬૩	૧૮	મદાંધ	મતાંધ
૮૦	૨૧	ભાવજન	ભાવજિન
૧૦૨	૭	દૂવ્ય	દ્રવ્ય
૧૦૪	૧૫	અકાર	આકાર
૧૦૪	૨૧	ખૂજનીક	પૂજનીક


પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૦૮	૫	ગોવાળાઆ	ગોવાળીઆ
૧૧૧	૧૬	દુ:ષમાર	દુષમ આરક
૧૧૩	૨૧	મિત્ત	મિત
૧૧૫	૭	નાળી	વાળી
૧૧૬	૧૩	સંખ્યાતીત	સંખ્યાબંધ
૧૨૭	૨૧	અચેત	અચેતન
૧૩૬	૧૦	મહાસરુષો	મહાપુરુષો
૧૪૧	૧	અકારનું	આકારનું
૧૪૩	૧	પૂજાનીય	પૂજનીય
૧૪૩	૬	કરેમી	કરેમિ
૧૪૪	૧૧	મૂક્ત	મુક્ત
૧૪૭	૬	અશૂચિ	અશુચિ
૧૪૯	૯	ઓગળ	આગળ
૧૪૯	૨૧	મૂતિના	મૂર્તિનાં
૧૫૧	૧૪	ગુણસ્થાનકને	ગુણસ્થાનકે
૧૫૧	૧૯	–ક્રમરોહમાં	–ક્રમારોહમાં
૧૫૨	૭	પુરુષોએ	પુરુષો
૧૫૪	૯	શસ્ત્રોનું	શાસ્ત્રોનું
૧૫૮	૧૪	ગર્ભદ્ધારે	ગર્ભદ્વારે
૧૬૨	૧૪	જોતાં	જતાં
૧૬૨	૨૦	ગૌશાળાએ	ગોશાળાએ
૧૬૩	૨૦	ચમત્કારી થવા	ચમત્કારી કાર્યો થવા
૧૬૭	૨	અકારને	આકારને
૧૭૮	૧૧	સતક	શતક
૧૭૮	૧૨	નિવિષ્ટ	નિબદ્ધ
૧૭૮	૧૪	નિરુપમ	નરવર્મ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૭૮	૧૬	અર્થે,	સૂત્રનાં અર્થ તથા
૧૭૮	૧૭	અર્થે,	સૂત્રનાં અર્થ જેમણે એવા તેઓ
૧૭૮	૧૭	પૂનમ-જીનકલ્યાણકની તિથિઓમાં	પૂનમની તિથિઓનાં દિવસે
૧૭૮	૨૦	વિચરે	વિચરે છે.
૧૭૮	૨૪	મિથ્યાદષ્ટિ	મિથ્યાદષ્ટિ જાણુવો.
૧૭૮	૨૫	નહિ,	ન હોય,
૧૭૮	૨૫	મોક્ષ નહિ.	તથા મોક્ષ ન હોય.
૧૭૮	૨૬	મોક્ષ છે. તે એટલા-વાસ્તે	મોક્ષ હોય છે. તે કારણુથી
૧૭૯	૧	ગૌતમ ?	ગૌતમ ? સમ્યગ્દ્રષ્ટિએ
૧૭૯	૨	કરવી.	કરવી જોઇએ.
૧૮૦	૧૨	કરે,	કરે છે,
૧૮૦	૧૩-૧૫	વાંદે,	વાંદે છે,
૧૮૦	૨૨	ભાવિત આત્મા સાધુ	ભાવિત છે આત્મા જેનો એવા સાધુનું
૧૮૧	૧૨	અથવા અન્ય પ્રત્યે	વધારે છપાયું છે
૧૮૩	૨૪	ક્યાનું	કર્યાનું
૧૮૫	૨૪	લંભ એટલે યજ્ઞ.	લંભ એટલે વધામણા.
૧૮૭	૯	સ્થંભ	સ્તૂપ
૧૯૯	૨	કમ	કેમ
૨૧૭	૧૨	રાયણુપસેણી	રાયપસેણીય
૨૧૯	૭	મિથ્યાગ્દ્રષ્ટિ	મિથ્યાદ્રષ્ટિ
૨૩૧	૯	ઈશાનકોણામાં	પૂર્વદિશામાં
૨૩૮	૯	અપરિત્રહી	અપરિગ્રહી

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૪૩	૮	આરંભ વિના	સદ્આરંભ વિના
૨૪૬	૨૪	આજ્ઞાનો અર્થ	અનુજ્ઞા સમજવો
૨૪૮	૯	સાધાવ્યા	સીધાવ્યા
૨૪૯	૨૧	કૃત્યાત્ય,	કૃત્યાકૃત્ય,
૨૬૦	૮	અચિત્ત	સચિત્ત
૨૬૩	૨૨	માછલીઓ	માછલાઓ
૨૬૩	૨૩	માછલીઓને	માછલાઓને
૨૬૫	૧૮	ધુલેવ	ધુલેવા
૨૭૭	૧૮	સકડો	સેંકડો
૨૭૮	૧૦	પ્રજ્ઞાપ્તિ	પ્રજ્ઞપ્તિ
૨૮૦	૧૭	આચાયોની	આચાર્યોની
૨૮૨	૪-૫-૧૯	ઉદય ઉદય	ઉદિતોદિત
૨૮૫	૮	૫,૮૬,૬૫૨ વર્ષના બદલે	૫,૮૬, ૭૪૪ સમજવા
૨૮૫	૧૯	૨૩૭૦ વર્ષના બદલે	૨૩૯૭ વર્ષ સમજવા
૨૮૬	૭	ભંડારમાં	મંદિરમાં
૨૮૬	૧૪	વીર-સંવત્ ૨૭૦ માં	વીર-સંવત ૨૯૦ પછી
૨૮૮	૪	પરલોકાદિ તથા	ઇહલોક પરલોક સંબંધી
૨૯૭	૧૮	થઈ	લઈ
૨૯૧	૧૬	સર્વે	શક
૩૦૨	૧	આપની	આપની આગળ
૩૦૩	૧૦	અગર	અગર ગૌતમસ્વામી મ. વિગેરે
૩૦૪	૧	તેમની	તેથી તેમને
૩૦૬	૧૭	શ્વાસોચ્છ્વાશ્વાસ	શ્વાસોશ્વાસ
૩૧૦	૧૫	કુસુમની	કુસુમની
૩૧૯	૫	એ મતિ	એમ તેં

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૧૯	૭	ઉવાઈ	ઉવવાઇ
૩૧૯	૮	સીમાઇ	શી ભાઇ
૩૧૯	૧૯	સોહે	સાહે
૩૨૦	૪	ફુલનાદિક	ફુલદાનાદિક
૩૨૩	૮	અસી	એંશી
૩૨૩	૧૦	રાયપષેણિ	રાયપસેણી
૩૨૩	૧૨	આશશ્વતી	અશાશ્વતી
૩૨૩	૧૨	પ્રમુખ	પ્રમુખે
૩૨૩	૧૫	સૂરવર	સુરવર
૩૨૪	૧૩	ભાક્ત	ભક્તિ
૩૨૫	૭	આચ્છિાદિત	આચ્છાદિત
૩૨૯	૧૪	જ્ઞાન,ધ્યાન,પરમાત્મા	જ્ઞાનસ્વરૂપ પરમાત્મા
૩૩૦	૧	પહાળો	પહોળો
૩૩૦	૨૫	વિચરા	વિચારો
૩૩૨	૧૨	સ્થુલ	સ્થૂલ
૩૩૫	૭	પરમેમેશ્વરનું	પરમેશ્વરનું
૩૩૮	૨૨	હોયઃ છે	હોય છે :



પ્રતિમા  પૂજન

શ્રી જિન-દર્શન-મહિમા

'यास्याम्यायतनं जिनस्य लभते, ध्यायंश्चतुर्थ फलम् ।
षष्ठं चोत्थित उद्यतोऽष्टममथो, गन्तुं प्रवृत्तोऽध्वनि ॥
श्रद्धालुर्दशमं बहिर्जिनगृहात्-प्राप्तस्ततो द्वादशं ।
मध्ये पाक्षिकमीक्षिते जिनपतौ, मासोपवासं फलम् ॥१॥'

શ્રદ્ધાળુ આત્મા—

શ્રી જિનમન્દિરે જવાનું ચિન્તવન કરતાં એક ઉપવાસના ફળને,
શ્રી જિનમન્દિરે જવાને માટે ઉભો થયે એક છટ્ઠ તપના ફળને,
શ્રી જિનમન્દિરે જવાની પ્રવૃત્તિ કરતે એક અટ્ઠમ તપના ફળને,
શ્રી જિનમન્દિરની નજદિકમાં આવતાં ચાર ઉપવાસના ફળને,
શ્રી જિનમન્દિરમાં પ્રવેશ કરતી વેળાએ પાંચ ઉપવાસના ફળને,
શ્રી જિનમન્દિરના મધ્યભાગે પહોંચતાં પંદર ઉપવાસના ફળને

— અને —

શ્રી જિનમન્દિરમાં પ્રભુદર્શન કરતાં એક માસોપવાસના ફળને

—પ્રાપ્ત કરે છે.

ભગવન્તના યથાર્થ ગુણોને વિષે બહુમાનયુક્ત બનેલા આત્માને એકાગ્ર ચિત્તે શ્રી જિનદર્શન કરતાં ઉપર જણાવેલા ફળ મળે છે, એ તો એક વ્યવહારિક વચન છે. નિશ્ચયથી તો જેમ જેમ ભાવની વિશેષતા ભળતી જાય છે, તેમ તેમ ફળની વિશેષતાનું કાંઈ માપ જ રહેતું નથી. ભાવપૂર્ણ ભક્તને તો યાવત્ કેવલજ્ઞાન અને કેવલદર્શન પણ સુલભ બને છે.

પ્રતિમા-પૂજન

પ્રકરણ ૧ લું

પ્રતિમા-પૂજનની
પારમાર્થિક શ્રેયઃસાધકતા

અજ્ઞાનનું સામ્રાજ્ય અને કુયુક્તિઓનું પ્રાબલ્ય :

આ દુનિઆમાં જ્ઞાની જેટલો ઉપકાર કરી શકે છે, તેના કરતાં અજ્ઞાની અધિક અપકાર કરી શકે છે. સુયુક્તિઓની સંખ્યા કરતાં કુયુક્તિઓની સંખ્યા વધારે છે. સમ્યગ્દૃષ્ટિ આત્માઓ કરતાં મિથ્યાદૃષ્ટિ આત્માઓ અનંતગુણા છે. આ વાત જેટલી સત્ય છે, તેટલી જ સત્ય વાત એ પણ છે કે-જ્ઞાનિઓનો જ્ઞાનસૂર્ય અને તેનાં જાજ્વલ્યમાન કિરણો જ્યાં પથરાય છે, ત્યાં ગમે તેવો ગાઢ અજ્ઞાન રૂપ અંધકાર હોય તો પણ તે એક ક્ષણવારમાં ભેદાયા સિવાય રહી શકતો નથી.

'શ્રી વીતરાગની મૂર્તિને પૂજવી કે નહિ?'- એ વિષયને પણ અજ્ઞાનિઓએ ચર્ચાસ્પદ બનાવી દીધો છે. સિદ્ધાન્તવેદી સમગ્ર મહાપુરૂષોએ એકી મતે અને એકી અવાજે-' શ્રી વીતરાગદેવની આરાધના મૂખ્યતયા

તેમની મૂર્તિ દ્વારાએ જ થઈ શકે છે: એ સિવાય અન્ય કોટિ ઉપાયોથી પણ તે સુશકય નથી'-એમ ફરમાવ્યું છે, ત્યારે અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ આત્માઓએ તેની સામે અનેક કુયુક્તિઓ ઉભી કરી, જ્ઞાની પુરૂષોએ દર્શાવેલા પવિત્ર રાહને ઉથલાવી પાડવાનો પ્રયાસ કરવામાં પણ કાંઈ બાકી રાખી નથી. જ્ઞાન કરતાં અજ્ઞાનનું સામ્રાજ્ય જગતમાં વિશેષ વ્યાપેલું છે, તેથી કુયુક્તિઓની અસર અજ્ઞાન અને ભદ્રિક વર્ગ ઉપર થયા સિવાય રહેતી પણ નથી. એક તો સ્વભાવતઃ અજ્ઞાનનું સામ્રાજ્ય અને બીજી બાજુ કુયુક્તિઓનું પ્રબળ જોર,-ઉભયનો મેળાપ થવાથી, શ્રી વીતરાગદેવની પવિત્ર મૂર્તિ અને તેની પરમ કલ્યાણકારી ઉપાસના ઉપરથી પણ, અજ્ઞાન અને ભદ્રિક આત્માઓનું મન ચલાયમાન થયા સિવાય રહે નહિ, એ સહજ છે.

નાસ્તિક કરતાંય પરમાર્થથી નાસ્તિક—
એવા આસ્તિક દ્વારા વિશેષ અનર્થ થાય છે:

મૂર્તિને નહિ માનવાના મતની ઉત્પત્તિ જેમ ભયંકર અજ્ઞાનમાંથી જ થએલી છે, તેમ મૂર્તિની ઉપાસનાને એક હિંસાકારી કર્ત્તવ્ય તરીકે ઓળખવાની કે ઓળખાવવાની કુબુદ્ધિ પણ કારમા મિથ્યાત્વમાંથી જન્મેલી છે. સામાન્ય આત્માઓ પોતાની મેળે એ મતની ભયંકર અજ્ઞાનતાને અને કારમી હિતઘાતકતાને સમજી શકે, તેવી સ્થિતિ હોતી નથી અને એથી જ્ઞાની પુરૂષોને એ સમજાવવાને માટે પણ ભગીરથ પ્રયત્ન કરવો જ પડયો છે. આત્મા

અને પરલોક વિગેરે વિદ્યમાન અને પ્રમાણસિદ્ધ પદાર્થોને નહિ માનનાર નાસ્તિક જેટલો અનર્થ કરે છે, તેટલો-બલ્કે ક્વચિત્ તેથી પણ વિશેષ-અનર્થ, આત્મા આદિને માનવા છતાં તેના એકાદ સ્વરૂપને નહિ માનવાથી કે વિપરીત રીતે માનવાથી આસ્તિક વડે પણ થાય જ છે. એટલા માટે શ્રી જૈનદર્શનમાં તેવા આત્માઓ વ્યવહારથી આસ્તિકની ગણત્રીમાં ગણાવા છતાં, પરમાર્થથી નાસ્તિકની ગણત્રીમાં જ ગણાયા છે. શ્રી જિનેશ્વરદેવનાં સત્ય વચનોને, તેના તે સ્વરૂપે નહિ સદ્દહતાં વિપરીત રીતિએ સદ્દહવાં, તેને પણ શ્રી જિનશાસનમાં આસ્તિક્યનો ભંગ અર્થાત્ એક પ્રકારની નાસ્તિકતા જ કહેલી છે. પ્રગટ નાસ્તિકતા જે નુકશાન કરે છે, તેનાથી પ્રચ્છન્ન નાસ્તિકતા ક્વચિત્ અધિક નુકશાન કરનારી બની જાય છે. પ્રગટ નાસ્તિકને માટે સુસંયોગવશાત્ આસ્તિક બનવાનો જેટલો સુસંભવ છે, તેટલો સુસંભવ પ્રચ્છન્ન નાસ્તિકને માટે પ્રાયઃ નથી: કારણ કે-તે વાસ્તવિક પ્રકારનો આસ્તિક નહિ હોવા છતાં પણ, મોટે ભાગે આસ્તિકપણાના ખોટા અભિમાનમાં રાચી, સમસ્ત જીવનને બરબાદ કરનારો હોય છે.

નામ અને આકારના આલંબનની જરૂર:

શ્રી જિનેશ્વર દેવ, તેમના માર્ગે ચાલનારા નિર્ગ્રંથ ગુરૂઓ અને તેમણે પ્રતિપાદન કરેલો ધર્મ,-આ ત્રણેયને માનવા છતાં પણ, આ ત્રણેયની સાધના જેટલી જેટલી રીતિએ થાય છે, તેટલી સઘળી રીતિઓને નહિ માન-વાથી આત્મા શ્રી જિનશાસનના પરમાર્થ આસ્તિક તરીકે

ટકી શકતો નથી. શ્રી જિનેશ્વરદેવની સાધના જેમ તેમના નામસ્મરણથી થાય છે, તેમના ગુણસ્મરણથી થાય છે, તેમનાં પૂર્વાપરનાં ચરિત્રોના શ્રવણથી થાય છે, તેમની ભક્તિથી થાય છે, તેમની આજ્ઞાઓના પાલનથી થાય છે, તેમ તેમના આકાર, મૂર્તિ કે પ્રતિબિંબની ભક્તિથી પણ થાય જ છે. આ સત્યનો જ્યાં સુધી સ્વીકાર કરવામ ન આવે, ત્યાં સુધી પણ શ્રી જિનેશ્વરદેવની કરાતી ઉપાસના અધુરી જ રહે છે. શ્રી જિનેશ્વરદેવની પ્રતિમાની પૂજા, એ કોઈ કલ્પિત વસ્તુ નથી કે પોતાનો સ્વાર્થ સાધવા માટે કોઈ ધૂર્ત પુરૂષોએ ઉપજાવી કાઢેલી વસ્તુ નથી. એ વસ્તુ તો, ભક્ત આત્માઓના હૃદયના ઉંડા ભક્તિભાવમાંથી નીકળેલી એક તદ્દન સાહજિક અને અનિવાર્ય વૃત્તિ અને પ્રવૃત્તિ છે. જગતના તમામ પ્રાણિઓની ચિત્તવૃત્તિ પોતપોતાને ઈષ્ટ એવા પદાર્થોના ગુણ–ધર્મની જેમ રૂપ–રંગ પ્રત્યે કુદરતી રીતે ઢળેલી હોય છે: એટલું જ નહિ, પણ છદ્મસ્થ આત્માઓ વસ્તુના ગુણ–ધર્મની પીછાન મોટે ભાગે તેના રૂપ–રંગ આદિ ઉપરથી જ કરી શકે છે. મૂર્ત પદાર્થોના ગુણ–ધર્મ પણ ઘણાખરા અમૂર્ત (ઇન્દ્રિય–અગોચર) હોય છે, તો પછી અમૂર્ત પદાર્થોના ગુણ–ધર્મ તો સઘળા જ અમૂર્ત હોય તેમાં શી નવાઈ? અમૂર્ત પદાર્થોના અમૂર્ત ગુણ–ધર્મોનું સ્વરૂપ, તેમના નામ અને આકારને છોડીને અન્ય રીતિએ જાણી શકાય, એવો ઉપાય આ જગતમાં હજુ સુધી શોધાયો નથી. અમૂર્ત કે મૂર્ત–એમાંથી એક પણ પદાર્થના સઘળા ગુણ–ધર્મો અને તેના સ્વરૂપનો બોધ, છદ્મસ્થ

આત્માઓને તેમના નામ અને આકારના આલંબન વિના એક અંશમાત્ર પણ થઈ શકતો નથી. આમ છતાં પણ, 'તેની ભક્તિ કે ઉપાસના, તેના નામ કે આકારનું આલંબન લીધા વિના જ થઈ શકે'–એમ માનવું, એ શું મૂર્ખતા નથી ?

'નામ'ની ભક્તિ સ્વીકારનારથી—
આકારની ભક્તિનો ઈન્કાર કરી શકાય નહિ :

નામની ભક્તિ સ્વીકાર્યા બાદ આકારની ભક્તિની અવગણના, એ તો વળી વધારે ભયાનક મૂર્ખતા છે. ઉપાસ્યનું નામ, એ ઉપાસ્યના ગુણોને ઉદ્દેશીને હોતું નથી, કિન્તુ ઉપાસ્યના દેહાકારને ઉદ્દેશીને હોય છે. કેવળ ગુણને ઉદ્દેશીને જ ઉપાસ્યનાં નામો હોત, તો પ્રત્યેક ઉપાસ્યનાં પૃથક્ પૃથક્ નામોની આવશ્યકતા રહેત જ નહિ. પ્રત્યેક ઉપાસ્યના ગુણો એક સરખા હોવા છતાં, તેમના દેહાકાર વિગેરે એક સરખા હોતા નથી અને એ કારણે જ પ્રત્યેકનાં નામ પૃથક્ પૃથક્ પડેલાં હોય છે. દેહાકારના નામની ભક્તિનું ફળ માનવા છતાં, સાક્ષાત દેહાકારની ભક્તિને વિફળ માનવી, એ બુદ્ધિની બાલીશતા સિવાય બીજું કાંઈ નથી. નામ કે નામની સ્થાપના, એ શબ્દાત્મક જડ પુદ્ગલોથી બનેલ છે; તેમ દેહાકાર કે તેની સ્થાપના પણ આકારાત્મક જડ પુદ્ગલોથી બનેલ છે. શબ્દાત્મક સ્વરૂપ પણ જડ પુદ્ગલોની ભક્તિને ફળવતી માનવી અને એ જ શબ્દને ઉત્પન્ન થવાના અસાધારણ નિમિત્ત–સ્વરૂપ આકારાત્મક વિશાળકાય

બનેલ જડ પુદ્ગલોની ભક્તિને નિષ્ફળ યાને પાપવર્ધક માનવી, એ તો તેમ માનનારની ટૂંકી બુદ્ધિનું જ પરિણામ કહી શકાય. નામ જો કલ્યાણકર છે, તો એ નામ જે આકારનું છે તે આકાર અધિક કલ્યાણકર છે—એમાં કોઈ પણ સમજદારના બે મત હોઈ શકે જ નહિ.

સાવદ્ય-નિરવદ્યનો વિચાર :

'નામની ભક્તિ નિરવદ્ય છે અને આકારની ભક્તિ સાવદ્ય છે.'—એવો તર્ક કરનારાઓ સાવદ્ય-નિરવદ્યના ભેદને સમજી શક્યા નથી. ભક્તિ કે ગુણપ્રાપ્તિના કોઈ પણ કાર્યને સાવદ્ય કહેવું, એ શ્રી જૈનશાસનને સમ્મત નથી : એટલું જ નહિ, કિન્તુ કોઈ પણ શિષ્ટજનનેય એ કથન સમ્મત થઈ શકે તેમ નથી. અધિક સાવદ્યથી વિરમવા માટેના અલ્પ સાવદ્યનું સેવન—એને પણ જો સાવદ્યનું કાર્ય માનવામાં આવે, તો તો આ જગતમાં નિરવદ્ય કાર્ય કોઈ પણ રહેશે જ નહિ અથવા એક જ રહેશે, કે જેની અંદર હાથ-પગ હલાવ્યા સિવાય શૂન્યપણે બેસી કે સૂઈ રહેવાનું હોય. બીજા શબ્દોમાં એક મૃતાવસ્થા જ નિરવદ્ય તરીકે બાકી રહેશે. જીવંત અવસ્થા માત્ર સાવદ્ય છે. એ દશાનો આરોપ ભક્તિ કે ગુણપ્રાપ્તિના કાર્યમાં કરી નાખવા તૈયાર થવું, એ તો ભક્તિશૂન્ય અને ગુણશૂન્ય રહેવા અને રાખવાનો જ એક રાજમાર્ગ છે. બાલક અજ્ઞાન અને રમત-ગમત કરવાના સ્વભાવવાળો હોય છે. એને જ્ઞાની બનાવવાનો પ્રયત્ન કરવા છતાં, એના રમવાના સ્વભાવને લીધે એ શીઘ્ર

જ્ઞાની ન બની શકે, તો પણ તેટલા માત્રથી બાળકને અજ્ઞાની બનાવવાનો આરોપ, ભણાવવાનો પ્રયત્ન કરનાર શિક્ષક ઉપર મૂકી શકાય નહિ. શિક્ષક ઉપર તેવો આરોપ મૂકી દેવો એ જેટલું અઘટિત છે, તેટલું જ અઘટિત સદા સાવદ્ય જીવનને જ ધારણ કરનાર ભક્તિમાન આત્માની ભક્તિની ક્રિયાને સાવદ્ય કહેવી તે છે. માંસભોજી આત્માની માંસભોજનની ટેવ છોડાવવાને માટે, કોઈ ઉપકારી તેને જો વનસ્પતિ–આહાર લેવાની સલાહ આપે, તો તેટલા માત્રથી વનસ્પતિ ખાનાર કે ખાવાની સલાહ આપનાર હિંસક છે કે હિંસક બની જાય છે—એવી માન્યતા, દિવાના સિવાય બીજા કોઇને ન હોઇ શકે! અથવા વારાંગના સ્ત્રી પતિવ્રતા બનવા પ્રયાસ કરે કે ચોરીનો ધંધો છોડવા માટે કોઈ આદમી ધંધે ચઢવા પ્રયાસ કરે, તેથી તે પાપી કે હિંસક બની જાય છે, એમ કહેવું જેટલું સમજણ વિનાનું તથા ઉપહસનીય છે, તેટલું જ ઉપહાસને પાત્ર ત્રસજીવનિકાયની હિંસાથી પણ સર્વથા નહિ વિરમેલા આત્માઓ, તે હિંસાથી વિરમવા માટે ત્રસની અપેક્ષાએ અત્યલ્પ હિંસા જેમાં રહેલી છે એવા પદાર્થો વડે ઉપાસ્યની ભક્તિ કરે તથા સર્વ જીવનિકાયના વધથી વિરામ પામવા રૂપ સર્વવિરતિ–સ્વરૂપ મહાન ગુણની પ્રાપ્તિને નિકટ લાવવા માટે ઉદ્યમ કરે, તે કાર્ય હિંસાનું છે કે તેથી તે સાવદ્યને આચરે છે—એમ કહેવું, તે છે. ઉપાસ્યના આકારની ભક્તિ માટે ઉપાસક જે હિંસા કરે છે, તે હિંસા ભક્તિ–નિમિત્તક નથી, કિન્તુ ઉપાસકના સ્વાભાવિક હિંસક જીવનને જ આભારી છે. ઉપા-

સકના સ્વાભાવિક જીવનમાં જ હિંસા ભરેલી છે, તેથી ભક્તિના કાર્યમાં ઉપાસક જેટલો વખત જોડાય છે, તેટલો કાળ તે પોતાની સ્વાભાવિક હિંસાથી પણ ઘણા અંશે નિવૃત્ત થાય છે : એટલું જ નહિ, કિન્તુ સર્વથા અહિંસકપણું પ્રાપ્ત કરવાને માટે અહિંસાધર્મની ટોચે પહોંચેલા પરમ અહિંસક પરમાત્માની એ ભક્તિ કરે છે, કે જેના પરિણામે ભવિષ્યમાં તે સાવદ્યથી વિરમવાવાળો અને નિરવદ્યતાને વધારે ને વધારે પામવાવાળો બને છે. પોતાના જીવનની સ્વાભાવિક સાવદ્યતાનો આરોપ ભક્તિ કે ગુણપ્રાપ્તિનાં કાર્યો ઉપર કરનાર અજ્ઞાની આત્મા, ઉપર્યુક્ત સર્વ લાભોથી સર્વથા વંચિત રહી જાય છે : એટલું જ નહિ, પણ પરમોપાસ્યની ભક્તિના એકના એક રાજમાર્ગને સ્વયં ચૂકી જવા સાથે, અન્યોને પણ ચૂકાવી દે છે.

આકારને નહિ માનવાની વાતો—
કેવળ અજ્ઞાનજન્ય જ છે :

નામ–ભક્તિ કે આકાર–ભક્તિને છોડી કોરી ગુણ–ભક્તિની વાતો કરનાર આત્માઓ કે નામ–ભક્તિને માનીને આકાર–ભક્તિને છોડી દેનાર આત્માઓ, ઉપાસ્યની ભક્તિ કરી શકે છે–એમ માનવું, એ કેવળ આત્મવંચના છે. નામ અને આકાર વિના અરૂપી ઉપાસ્ય કે તેમના ગુણોનું ગ્રહણ સર્વથા અસંભવિત છે. નામ એ આકારનો બોધ કરાવવા દ્વારાએ ઉપાસ્યના ગુણોનું સ્મરણ કરાવે છે : જ્યારે આકાર, એ નામના પણ અવલંબન વિના સાક્ષાત્ ગુણોનું સ્મરણ કરાવે છે. નામ

અને આકારમય જગતમાં વસીને નામ અને આકારને નહિ માનવાની વાતો કરવી, એ બુદ્ધિનો દ્રોહ છે. પોતાના ઈષ્ટના સાક્ષાત્ આકારની ભક્તિને નહિ માનવાની વાતો કરનારા આત્માઓને પણ, સીધી નહિ તો આડકતરી રીતે, પોતાના ઇષ્ટની સાથે સંબંધ ધરાવતી વસ્તુઓના આકારની ભક્તિને માન્ય રાખવી જ પડે છે.

જેમ કે–

એક મુસ્લીમ પોતાના ઇષ્ટની મૂર્તિને સીધી રીતિએ માનવાનો ઈન્કાર કરે છે, તો પણ એક નાનીશી મૂર્તિ અને તેનાં અવયવોની ભક્તિને બદલે તેના ગળામાં આખી મસ્જીદ, મસ્જીદનો સમસ્ત આકાર અને તેના એક એક અવયવની ભક્તિ આવી પડે છે. મૂર્તિ નહિ માનનાર ચૂસ્ત મુસ્લીમ મસ્જીદની ઇંટે ઇંટને મૂર્તિ જેટલી જ પવિત્રતાની નજરથી જૂએ છે અને તેના રક્ષણ ખાતર પોતાના પ્રાણને પણ તુચ્છ સમજે છે. મૂર્તિની નહિ તો મસ્જીદની પવિત્રતા ઉપર પણ તેને એટલો વિશ્વાસ બેસી જાય છે કે–તેની ખાતર પોતાના પ્રાણ દેવા કે અન્યના પ્રાણ લેવા તે તૈયાર થઇ જાય છે. મૂર્તિના અપમાનના બદલે મસ્જીદનું અપમાન તેને લાગી આવે છે. મસ્જીદ, એ પણ એક આકારવાલી સ્થૂલ વસ્તુ જ છે. એવી વસ્તુ પોતાના ઈષ્ટનો સાક્ષાત્ બોધ કરાવવાના બદલે, પરંપરાએ અને મુશ્કેલીથી બોધ કરાવે છે, જ્યારે ઇષ્ટની મૂર્તિ તો સાક્ષાત્ બોધ કરાવે છે અને ઇષ્ટના જેટલો જ પવિત્ર ભાવ પેદા કરે છે–જે સ્થિતિ મસ્જીદ કે કબરો દ્વારાએ બહુધા અસંભવિત છે.

મુસ્લીમ બહારથી મૂર્તિપૂજક નહિ હોવા છતાં જેમ હૃદયથી ઇષ્ટની મૂર્તિનો પૂજક છે, તેમ એક આર્યસમાજી, બ્રહ્મસમાજી કે પ્રાર્થનાસમાજી: કબીરપંથી, નાનકપંથી કે તેરાપંથીનું હૃદય પણ ઈષ્ટની મૂર્તિની ભક્તિને અવગણી શકતું નથી. પોતાના ઇષ્ટ અને આરાધ્યના આકાર કે ચિત્રના અપમાનને તેમાંનો કોઈ પણ સહન કરી શકતો નથી. મૂર્તિપૂજક કે અપૂજક-બંનેને તેવા પ્રસંગે એક સરખી આંતરિક વેદના થાય છે. છતાં જ્યારે આકારને નહિ માનવાની વાતો થાય છે, ત્યારે એમ જ લાગે છે કે-તેવી વાતો કેવળ અજ્ઞાનજન્ય જ છે: વિશ્વના પદાર્થોની વાસ્તવિક વ્યવસ્થાના અજ્ઞાનમાંથી જ એવી વાતો જન્મેલી હોય છે.

પદાર્થ માત્રની ચાર સ્થિતિ:

વિશ્વના પદાર્થ માત્ર ઓછામાં ઓછી ચાર સ્થિતિવાળા હોય છે. નામ, આકાર, પિંડ અને વર્તમાન અવસ્થા. વસ્તુની વર્તમાન ભાવ-અવસ્થા જેમ વસ્તુનો બોધ કરાવે છે, તેમ તે જ વસ્તુની ભૂત અને ભાવિ અવસ્થા, તે વસ્તુનો આકાર અને તે વસ્તુનું નામ પણ, વસ્તુનો જ બોધ કરાવે છે.

કાર્ય-કારણ આદિ સંબંધો:

આ દુનિયામાં પ્રત્યેક વસ્તુને અન્ય વસ્તુ સાથે કોઈ ને કોઈ પ્રકારનો સંબંધ હોય જ છે. એ સંબંધો અનેક પ્રકારના હોય છે. કોઇ સંબંધ કાર્ય-કારણ રૂપ હોય

છે, તો કોઈ જન્ય–જનક રૂપ હોય છે. કોઈ સ્વ–સ્વામિત્વ રૂપ હોય છે, તો કોઈ તાદાત્મ્ય અને તદુત્પત્તિ રૂપ પણ હોય છે. વહ્નિ અને ધૂમનો કાર્ય–કારણ રૂપ સંબંધ છે તથા કુલાલ અને ઘટનો જન્ય–જનક રૂપ સંબંધ છે. શેઠ અને નોકરનો સ્વ–સ્વામિત્વ રૂપ, ઘટ અને ઘટના સ્વરૂપનો તાદાત્મ્ય રૂપ તથા ઘટ અને મૃત્તિકાનો તદુત્પત્તિ રૂપ સંબંધ હોય છે. એ જ રીતે શબ્દ અને અર્થનો તથા સ્થાપના અને સ્થાપ્યનો પણ પરસ્પર સંબંધ છે અને તેને અનુક્રમે વાચ્ય–વાચક તથા સ્થાપ્ય–સ્થાપક સંબંધ કહેવાય છે. જેમ ધૂમના જ્ઞાનની સાથે તેના કારણ રૂપ અગ્નિનું જ્ઞાન પણ જ્ઞાતાને થાય છે, પરંતુ તેના કારણ તરીકે અગ્નિ સિવાય અન્ય વસ્તુનું જ્ઞાન થતું નથી : અથવા–જેમ ઘટને જોતાંની સાથે તેના ઉત્પાદક તરીકે કુલાલનું જ્ઞાન થાય છે : પણ અન્યનું જ્ઞાન થતું નથી : અગર તો તેના ઉપાદાન તરીકે મૃત્તિકાનું જ જ્ઞાન થાય છે, પરંતુ તંતુ આદિનું જ્ઞાન થતું નથી : તેમ–અગ્નિ કે ઘટ શબ્દ સાંભળતાંની સાથે પોતાને અગ્નિ અને ઘટનો જ નિશ્ચિત બોધ થાય છે, પરંતુ તે સિવાયના પદાર્થોનો બોધ થતો નથી : અથવા–અગ્નિ કે ઘટનું ચિત્ર જોતાં જોનારને અગ્નિ અને ઘટનું જ સ્મરણ થઈ આવે છે, પરંતુ ઈતર પદાર્થોનું સ્મરણ થતું નથી! એ વાત નિશ્ચિતપણે એમ જણાવે છે કે–‘ કાર્ય–કારણાદિ સંબંધોની જેમ વસ્તુના વાચ્ય–વાચક અને સ્થાપ્ય–સ્થાપક આદિ સંબંધો પણ વિદ્યમાન જ છે.’ કાર્ય–કારણાદિ સંબંધોને માનવા અને વાચ્ય–વાચકાદિ સંબંધોને ન

માનવા, એ અજ્ઞાનતા છે. વાચક શબ્દ જેમ વાચ્યનો બોધ કરાવે છે, તેમ સ્થાપ્યની સ્થાપના સ્થાપ્યનો બોધ કરાવે જ છે, એટલે એ સંબંધોનો ઈન્કાર કોઈ પણ બુદ્ધિશાલીથી થઈ શકે તેમ નથી.

નામ-સ્થાપનાના બે બે પ્રકારો :

નામ બે પ્રકારનાં હોય છે, તેમ સ્થાપના પણ બે પ્રકારની હોય છે. ઘટ પદાર્થનું 'ઘટ' એવું નામ અને ઘટ પદાર્થ સિવાયના શરીરાદિ અન્ય પદાર્થનું 'ઘટ' એવું નામ. એજ રીતે ઘટ પદાર્થનો આકાર તે પણ સ્થાપના અને ઘટાકારનું ચિત્રામણાદિમાં આલેખન તે પણ ઘટની સ્થાપના. મૂળ વસ્તુના આકારમાં કે મૂળ આકારવાળી ભિન્ન વસ્તુના આકારમાં તફાવત હોતો નથી, તેથી બંનેને એક જ નામથી સંબોધવામાં આવે છે અને બંને પોતાના સ્થાપ્યનો એક સરખો બોધ કરાવે છે. હાથી-ઘોડાના પ્રત્યક્ષ આકારો કે તેનાં ચિત્રો, રાજા-રાણીના પ્રત્યક્ષ આકારો કે તેમના ચિત્રિત આકારો, હાથી-ઘોડા કે રાજા-રાણીનું જ ભાન કરાવે છે, પણ અન્ય પદાર્થોનું નહિ. મૂળ વસ્તુ પણ જેમ સ્થાપનાથી જ ઓળખાય છે, તેમ સ્થાપના વસ્તુ પણ આકારથી જ ઓળખાય છે. બંનેની ઓળખાણ આકારથી થતી હોવાને લીધે, બંનેથી એક સરખું જ બોધક કાર્ય થાય છે. ઉપાસ્ય દેવ અને તેમની સ્થાપના, એ બંને વસ્તુઓ આકારથી જ ઓળખાય છે, તેથી બંને બોધ કરાવવાનું કાર્ય એક સરખું જ કરે છે,-એમ માનવું એ સર્વથા ઘટિત છે. ઓળખાણ,

સ્મરણ કે ભક્તિ કરવા માટે ભાવ પદાર્થમાં રહેલો આકાર કે ભિન્ન પદાર્થમાં રહેલો આકાર, એક સરખું જ કાર્ય કરે છે. શ્રી તીર્થંકરો, શ્રી ગણધરો અને બીજા પણ ઈષ્ટ અને આરાધ્યતમ પુરુષો પોતપોતાના કાળમાં પણ પોતપોતાના આકારવડે જ ઓળખાતા હતા: કારણ કે—અવધિમનઃપર્યવ આદિ અતીંદ્રિય જ્ઞાનોને ધારણ કરનાર મહર્ષિઓ પણ, શ્રી તીર્થંકરો આદિના અરૂપી આત્મા કે તેના ગુણોનું પ્રત્યક્ષ જ્ઞાન કરવાને અસમર્થ હતા. તેઓ પણ તે મહર્ષિઓને તેમના ઔદારિક દેહ રૂપી પિંડ અને તેના આકારથી જ ઓળખતા હતા. તો પછી અતીન્દ્રિય જ્ઞાનથી રહિત એવા બીજા છદ્મસ્થ આત્માઓ તેમને તેમના પિંડ અને આકાર દ્વારાએ જ ઓળખે, એમાં નવાઈ જ શી ? ઉપાસ્યને ઓળખવા—ઓળખાવવાનું કાર્ય જેમ ઉપાસ્યના મૂખ્ય આકારથી થાય છે, તેમ અન્ય વસ્તુમાં સ્થાપિત કરેલા ઉપાસ્યના આકારથી પણ તે કાર્ય સિદ્ધ થાય જ છે: તેથી ઉપાસ્યની આકારમય સ્થાપના પણ, ઉપાસકને ઉપાસ્ય જેટલી જ માનનીય, પૂજનીય અને વંદનીય બને છે. તેમાં લેશ માત્ર વિવાદને સ્થાન નથી.

પત્થરની ગાય દૂધ ન દે, પણ—
પ્રતિમા-પૂજનથી તો ગુણો પ્રગટાવી શકાય :

અહીં કેટલાક એવો તર્ક કરે છે કે—

“ પત્થરની ગાય વિગેરે તે તે વસ્તુઓને ઓળખવા માટે ભલે ઉપયોગી નિવડતી હોય, પરન્તુ દૂધ દેવા વિગેરે રૂપ કાર્ય માટે તો તે નિરર્થક જ નિવડે છે: તેમ

ઉપાસ્યની સ્થાપના ઉપાસ્યની ઓળખ કરાવવાનું કાર્ય ભલે કરી આપતી હોય, પણ સમ્યગ્દર્શનાદિ ધર્મની પ્રાપ્તિ સ્થાપનાથી કેવી રીતે સિદ્ધ થાય? તે માટે મૂળ ગાયને દોહવાની જગ્યાએ મૂળ ઉપાસ્યની ઉપાસના જ કાર્યકર નિવડે.”

તેઓનો આ તર્ક અજ્ઞાનજન્ય છે. એમાં દૃષ્ટાંત–દાષ્ટાન્તિકનું વૈષમ્ય છે. દૂધ એ દ્રવ્ય છે, જ્યારે સમ્યગ્દર્શનાદિ ધર્મ એ ગુણ છે. દૂધ રૂપી દ્રવ્યની પ્રાપ્તિ ગાય પાસેથી કરવાની છે, જ્યારે સમ્યગ્દર્શનાદિ ધર્મની પ્રાપ્તિ ઉપાસ્ય પાસેથી જ કરવાની છે એમ નથી, કિન્તુ ઉપાસકે પોતાના આત્મામાંથી જ તે પ્રગટાવવાની છે. એ પ્રગટાવવામાં ઉપાસ્ય તો માત્ર નિમિત્ત રૂપ છે. જેમ ઉપાસ્યનો મૂળ પિંડ અને તેનો આકાર તેવા નિમિત્ત રૂપ બને છે, તેમ ઉપાસ્યની સ્થાપના પણ તેવા નિમિત્ત રૂપ બની જ શકે છે. ઉપાસક જેમ ઉપાસ્યની વિદ્યમાન અવસ્થામાં તેમના મૂળ આકારની સેવા–ભક્તિથી સમ્યગ્દર્શનાદિ ગુણોને આવરણ કરનારાં આવરણોને ખસેડી શકે છે અને આવરણો ખસવાથી જેમ પોતાના આત્મગુણોને પ્રગટાવી શકે છે, તેમ ઉપાસ્યની અવિદ્યમાન અવસ્થામાં ઉપાસ્યની સ્થાપનાની સેવા–ભક્તિ દ્વારા પણ ઉપાસક સમ્યગ્દર્શનાદિ ગુણોને આવરનારાં આવરણોને હઠાવી આત્મગુણોને અવશ્ય પ્રગટાવી શકે છે.

કારીગરને મકાન પૂજનીય નથી,
પણ આપણને દેવ પૂજનીય છે :

ઉપાસ્યની સ્થાપના, એ ઉપાસ્યની ગેરહાજરીમાં

ઉપાસકના માટે એક મકાનના પ્લાન અને નકશાની ગરજ સારે છે. મકાનની અવિદ્યમાન અવસ્થામાં કુશળ કારીગર તેના પ્લાનને વારંવાર જોવા વડે જ મકાન બાંધવાનું કામ સંપૂર્ણ કરી શકે છે. એ સંપૂર્ણ ન થાય ત્યાં સુધી, તે પ્લાનને તેને હંમેશાં અને હરઘડીએ દૃષ્ટિ સન્મુખ રાખવો પડે છે. તેમ-ઉપાસક આત્માને પણ, પોતાના આત્માને ઉપાસ્ય સમાન બનાવવા માટે, જ્યાં સુધી ઉપાસ્યની સમાન નિર્મળતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી, ઉપાસ્યની સ્થાપનાને હરઘડી સન્મુખ રાખવી જ પડે અને એક પળ પણ તેને દૂર કરી શકાય નહિ, એ તદ્દન સહજ છે.

અહીં કેટલાક એવો પણ તર્ક ઉઠાવે છે કે–

" કારીગરને મકાનના પ્લાનને માત્ર નજર સન્મુખ રાખવાની જરૂર છે, નહિ કે-તેની પૂજા કરવાની : તેમ ઉપાસક ઉપાસ્ય સમાન બનવા માટે ઉપાસ્યની મૂર્તિને ભલે નજર સન્મુખ રાખે, પરંતુ તેને પૂજવાથી શું ? કારીગર પ્લાનની પૂજા કરે એ જેટલું અઘટિત અને હાસ્યાસ્પદ છે, તેટલું જ અઘટિત અને હાસ્યાસ્પદ જડ સ્થાપનાનું પૂજન-સેવન ઇત્યાદિ કરવું તે છે, એમ માનવામાં ખોટું પણ શું છે ?"

આ તર્ક ઉપલક દૃષ્ટિએ જરા આકર્ષક લાગે છે, પરન્તુ જરા ઉંડા ઉતરીને વિચારતાં તેની પણ પોકળતા સ્પષ્ટ તરી આવે છે. કારીગરને જે મકાનનો પ્લાન નિરંતર જોવા લાયક છે, તે મકાન કાંઈ ઉપાસના કરવા લાયક નથી. જ્યારે ઉપાસક જેની સ્થાપનાને પૂજે છે,

તે સ્થાપ્ય તેને વંદનીય, પૂજનીય અને ઉપાસનીય છે. પ્લાનનું સ્થાપ્ય (મકાન) જેમ અપૂજનીય છે, તેમ સ્થાપના જેની છે તે સ્થાપ્ય પણ જો અવન્દનીય, અપૂજનીય કે અનુપાસનીય હોત, તો તો અવશ્ય તે સ્થાપનાની પૂજા ઇત્યાદિ હાસ્યાસ્પદ અને નિરર્થક ઠરત : પરન્તુ અહીં સ્થાપનાના વિષયમાં સ્થાપ્ય તો પરમ ઉપાસ્ય છે. સાક્ષાત્ સ્થાપ્યની ઉપાસના ઉપાસકના કાર્યની સિદ્ધિ જે રીતે કરી આપે છે, તે જ રીતે સ્થાપ્યની સ્થાપનાની ઉપાસના પણ ઉપાસકના કાર્યને સિદ્ધ કરી આપે છે. જે મૂળ વસ્તુ પૂજનીય હોય છે, તેનું નામ પણ જો પૂજનીય બને છે, તો પછી તેનો આકાર ઇત્યાદિ પણ પૂજનીય બને, તેમાં આશ્ચર્ય જ શું ?

પૂજાનું ફળ પૂજકના પરિણામના આધારે :

અહીં એટલું સમજી લેવું જોઇએ કે–શ્રી જૈનશાસનમાં ઉપાસ્યની ભાવ અવસ્થાની પૂજા પણ ઉપાસકના શુભ પરિણામના આધારે ફળ આપે છે, નહિ કે–ઉપાસ્યની પ્રસન્નતા કે અન્ય વસ્તુના આધારે ! કારણ કે શ્રી જૈનશાસનના ઉપાસ્ય તો વીતરાગ હોવાથી, તેઓ પ્રસન્ન કે અપ્રસન્ન થતા જ નથી. હાં, વ્યવહારથી એમ પણ કહી શકાય કે–તે તારકો હમેશાં પ્રાણી માત્ર ઉપર એક સરખા પ્રસન્ન રહેનારા તથા કૃપારસથી ભરેલા છે. આમ હોઇને જ્યાં સુધી ઉપાસક તેમના પ્રત્યે સન્મુખ વૃત્તિવાળો કે આરાધક મનોદશાવાળો બનતો નથી, ત્યાં સુધી તે કાંઈ પણ ફળ મેળવી શકતો નથી. આરાધકના શુભ

પરિણામથી જ આરાધકને તરવાનું છે. એ શુભ પરિણામની જાગૃતિ માટે આરાધ્યનો સાક્ષાત્ દેહ અને તેનો આકાર જેમ વંદન, પૂજન, નમસ્કારાદિ દ્વારાએ નિમિત્ત બને છે, તેમ આરાધ્યની સ્થાપના પણ તેની પૂજા ઇત્યાદિ દ્વારા આરાધકના પરિણામની નિર્મળતા ઇત્યાદિને સાધી આપે છે. શ્રી વીતરાગની સાક્ષાત્ ઉપાસના પણ જેમ શ્રી વીતરાગને લેશ માત્ર ઉપકાર કરનારી નથી અને તેમ છતાં જેમ પૂજકને માટે તે ઉપકારક થાય છે, તેમ શ્રી વીતરાગની સ્થાપનાની ઉપાસના પણ શ્રી વીતરાગને કાંઈ પણ લાભદાયક નહિ હોવા છતાં, ઉપાસકને તો અવશ્ય લાભ કરે છે : કારણ કે–એ દ્વારા ઉપાસકને ગુણબહુમાન, કૃતજ્ઞતા, વિનય ઈત્યાદિ ગુણોનું પાલન અવશ્ય સિદ્ધ થાય છે. દોષનિવારણ અને ગુણપ્રાપણ આદિની પ્રેરણા પણ અવશ્ય થાય છે. ગુણબહુમાન આદિ એકેક કાર્ય પણ અનંતી કર્મનિર્જરાને સાધી આપનાર છે, તો પછી એ સઘળાં ઉત્તમ કાર્યો જ્યાં એકી સાથે સિદ્ધ થાય છે–એવી શ્રી વીતરાગની (તેમની સ્થાપના દ્વારાએ થતી) ઉપાસના સુજ્ઞ પુરુષોને અત્યંત આદરણીય બને, એમાં આશ્ચર્ય જ શું ?

ઇશ્વરને વિવિધ સ્વરૂપે માનનારાઓને પણ–
સ્થાપનાને સ્વીકાર્યા વિના ચાલે તેમ છે જ નહિ :

પોતાના ઇષ્ટ ઉપાસ્યને વીતરાગ માનનારાને જેમ ઇષ્ટની ઉપાસના માટે મૂર્તિ, સ્થાપના ઇત્યાદિની જરૂર પડે છે, તેમ જેઓ પોતાના ઇષ્ટને વીતરાગ નથી માનતા

કિન્તુ સરાગી માને છે, તેઓને પણ ઇષ્ટની ઉપાસના માટે તેની સ્થાપના વિના ચાલી શકતું નથી. પોતાના ઇષ્ટને જેઓએ રાગ-દ્વેષવાળા પણ સર્વજ્ઞ તરીકે સ્વીકારેલા છે, એમની પ્રતિમા દ્વારાએ થતી આરાધના કે વિરાધના, એમને અનુક્રમે રાજી અગર નારાજ કરનારી થાય તે સ્વાભાવિક છે. એવા રાગી અને દ્વેષી પરમેશ્વરનું નામ માત્ર જપવાથી પણ ઇષ્ટિસિદ્ધિ થાય છે—એવું માનનારા તેમની પ્રતિમાની પૂજ્યતા, (કે જેમાં નામ-સ્મરણ અવશ્ય આવી જાય છે) તેને ન માને અથવા તેથી ઇષ્ટસિદ્ધિ થાય છે એવું ન સ્વીકારે, એ બને જ કેમ ?

જેઓ પોતાના ઈષ્ટને સર્વજ્ઞ અને સર્વ-વ્યાપક માને છે, તેઓ પણ તેની ઉપાસના તેના પ્રતિબિંબ દ્વારાએ થઈ શકે છે એમ તો અવશ્ય માને છે. તેઓ કહે છે કે-જેમ અતિશય મોટો હાથી કે પર્વત એક નાના કાચ કે દર્પણમાં પ્રતિબિંબિત થઈ જાય છે અને તે વખતે તેનું પ્રમાણ જ માત્ર નાનું બને છે કિન્તુ તેનાં અંગો-પાંગાદિ અવયવો તો જેવાં છે તેવાં ને તેવાં જ રહે છે, તેમ વ્યાપક ઈશ્વરની (નાના આકારની સર્વ અવયવવાળી) મૂર્તિની આરાધના એ સાક્ષાત્ વ્યાપક ઈશ્વરની આરાધના જેટલી જ ફળદાયી છે. સામાન્ય મનુષ્યોને વ્યાપક ઇશ્વરની કલ્પના અસંભાવ્ય છે. તે તો તેની મૂર્તિ દ્વારાએ જ સંભવિત બને છે અને તેની ઉપાસનામાં ઉપાસકનું ચિત્ત એકાગ્રતાથી લાગી શકે છે. વળી સર્વવ્યાપક ઈશ્વર તેની મૂર્તિમાં પણ રહેલો જ છે, એટલે તે મૂર્તિ પણ પરમેશ્વરના અંશવાળી બને છે, તેથી પણ મૂર્તિની

આરાધનાથી પરમેશ્વરની આરાધના અવશ્ય થાય છે. વળી વ્યાપક ઈશ્વિર અવતારને પણ ધારણ કરે છે. તે વખતે અલ્પ ભાગમાં રહેવાવાળા શરીરને ધારણ કરીને જ તે અવતાર ગ્રહણ કરે છે, તેથી તે અવસ્થાની પૂજ્યતાની ખાતર પણ મૂર્તિને માનવાની આવશ્યકતા રહે છે.

હવે જેઓ ગોખલા વિગેરેની સ્થાપના કરીને પોતાના ઇષ્ટને વંદન–નમનાદિ કરે છે, તેઓને સ્થાપના તો માનવી જ પડે છે: કિન્તુ તે સ્થાપનામાં આકાર આદિનું સાદૃશ્યપણું હોતું નથી, તેથી તેવાઓની દશા ઉભયથી ભ્રષ્ટ થવા જેવી થાય છે: પોતાનો મત મૂકવો પડે છે અને ફળ મળતું નથી. જેઓ સ્થાપનાને બીલ્કુલ માનતા નથી, તેઓ પોતાના મુખ કે દૃષ્ટિ સન્મુખ કોને રાખીને વંદન–નમસ્કારાદિ કરે છે?–તે અત્યંત વિચારણીય છે. જો કોઈ પણ વસ્તુને સન્મુખ રાખ્યા વિના જ વંદન–નમનાદિ કરતા હોય, તો તેમના જેવા વિચારશૂન્ય અને અઘટિત આચરણો કરનારા બીજા કોઇ ઘટી શકતા નથી. પોતાના ઈષ્ટની માનસિક મૂર્તિને કલ્પીને તેમની સન્મુખ વંદન-નમનાદિ કરતા હોય, તો તેવી અદૃશ્ય અને અસ્થિર મૂર્તિને કલ્પિત રીતે નમવા આદિથી જે ફલ થાય, તેના કરતાં દૃશ્ય અને સ્થિર મૂર્તિની સન્મુખ સાક્ષાત્ વંદન-નમનાદિ કરવાથી અધિક જ ફળ થાય, તેનો તેઓથી કદી ઈન્કાર થઇ શકે નહિ. તેવી માનસિક મૂર્તિ કલ્પવાનું સામર્થ્ય સામાન્ય મનુષ્યમાં સંભવી શકતું નથી, એટલું જ નહિ કિન્તુ તે માનસિક મૂર્તિ કલ્પવાની શક્તિ પણ દૃશ્ય અને સ્થિર મૂર્તિને જોવાથી જ આવી શકે છે, એટલે

તેને પણ વસ્તુતઃ માનસિક મૂર્તિ કરતાં દૃશ્ય મૂર્તિ જ ઉપકારક થાય છે-એમાં લેશ માત્ર સંદેહ નથી.

શ્રી જૈનશાસનને અનુસરનારાઓ ઉપાસ્ય અને ઈષ્ટ તરીકે સર્વજ્ઞ અને વીતરાગ પરમાત્માને માને છે. એ પરમાત્મા મોક્ષે જવા પહેલાં થોડો યા ઘણો કાળ દેહ-ધારી અવસ્થાને ધારણ કરનારા હોય છે, એમ પણ જૈનો માને છે. અને તેથી તેઓને પોતાના ઈષ્ટની તે અવસ્થાનો આકાર અવશ્ય પૂજનીય છે. કદી પણ દેહને નહિ ધારણ કરનાર એવા પરમાત્મા શાસ્ત્રના નિરૂપક કદી પણ હોઈ શકે નહિ. જેઓને, પોતાના ઇષ્ટ પર-માત્મા-'શાસ્ત્રના અને તત્ત્વના નિરુપક છે'-એમ માનવું હશે, તેઓને પોતાના ઈષ્ટનું દેહધારણ માનવું જ પડશે: કારણ કે-દેહધારણ વિના મુખનું હોવું અસંભવિત છે અને મુખ વિના ઉપદેશકપણું પણ અસંભવિત છે. પોતાના પરમેશ્વર સર્વથા અને સર્વદા અશરીરી છે, એવી માન્યતા ધરાવનારાઓએ પોતાનાં શાસ્ત્રોને ઈશ્વરનાં કહેલાં નહિ કિન્તુ ઈશ્વર સિવાય કોઈ અલ્પજ્ઞ અને અલ્પ શક્તિ-માનનાં કહેલાં જ માનવાં પડશે અને તેવા અલ્પજ્ઞ અને અલ્પ શક્તિમાનનાં કહેલાં શાસ્ત્રોનું પ્રામાણ્ય સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન પરમાત્માનાં વચનો તુલ્ય કદી પણ બની શકશે નહિ.

જૈનોની માન્યતા :

જૈનો અશરીરી સિદ્ધોને પૂજે છે, તો પણ એ અશ-રીરી સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરવા માટે તે આત્માઓએ

જે કાંઈ પ્રયોગો આચર્યા હોય છે, તે સાકાર અને સશરીરી અવસ્થામાં જ આચરેલા છે, તેથી તે અવસ્થાની પૂજનીયતા પણ જૈનોને અવશ્ય માનનીય છે. જૈનો સાકાર અને નિરાકાર—ઉભયાવસ્થાવાળા પરમેશ્વરને માને છે. સાકાર પરમેશ્વરને વીતરાગ અને સર્વજ્ઞ માનવા સાથે, શાસ્ત્ર અને તત્ત્વોના ઉપદેશક પણ માને છે: તેથી તેઓને નિરાકાર અને સાકાર પરમેશ્વરની તે તે અવસ્થાઓ વંદનીય, નમનીય અને પૂજનીય હોય, તેમાં કશું જ આશ્ચર્ય નથી. જો તેઓ ઉપકારિઓની તેવી ભાવદશાને પણ વંદનીય આદિ ન માને, તો તેઓ ગુણ-સમુદાયથી ભરેલા સર્વગુણસંપન્નોનો પણ આદર નહિ કરવાવાળા બને અને ઉપદેશ ઇત્યાદિ દ્વારા પોતાના ઉપર થએલા અપ્રતિમ ઉપકાર ઇત્યાદિને પણ નહિ જાણવા-વાળા બને. એવી સ્થિતિ નિષ્ઠુર અને કૃતઘ્નના સમુ-દાય સિવાય અન્યની સંભવે નહિ. વીતરાગ, સર્વજ્ઞ અને તત્ત્વોપદેશક પરમેશ્વરોની પૂજનીયતાદિ સ્વીકારવામાં, કોઈ પણ સજ્જનને લેશ પણ હરકત હોઇ શકે નહિ. ગુણબહુમાન અને કૃતજ્ઞતાદિ ગુણોની કિંમત સમજ-નારાઓ તો તેવા સર્વશ્રેષ્ઠ ઉપકારી અને સર્વોચ્ચ ગુણોથી ભરેલા મહાપુરુષોની સેવા, પૂજા, આદર, ભક્તિ, વંદન, સ્તુતિ આદિ થાય તેટલાં ઓછાં,—એવી જ માન્યતાવાળા હોય. એ સેવા—પૂજાદિથી તે મહાપુરુષોને કોઇ પણ જાતનો ઉપકાર નહિ થતો હોવા છતાં, તેમાં તલ્લીન રહેનાર આત્મા પોતાના શુભ પરિણામથી કર્મનિર્જરાદિ ઉત્તમ ફળોને પામ્યા સિવાય રહેતો નથી. શ્રી જૈનશાસનમાં પૂજાનું

ફળ પામવા માટે, પૂજ્યની પ્રસન્નતાને બદલે પૂજકની શુભભાવના જ કારણભૂત મનાએલી છે. પૂજ્યની ભાવ અવસ્થાનું પૂજન પણ, પૂજકના ગુણબહુમાન તથા કૃતજ્ઞપણા આદિના આધારે જ ફળને આપવાવાળું છે. તો પછી એ જ ગુણબહુમાન અને કૃતજ્ઞતાના શુભ અધ્યવસાયથી તથા આત્મનિર્મળતા સાધવાના ઉત્તમ પરિણામથી મૂર્તિ દ્વારા પૂજ્યનું વંદન–ઉપાસન ઇત્યાદિ થાય, તો તે કર્મનિર્જરાદિ ઉત્તમ ફળોને કેમ ન આપે? અવશ્ય આપે.

સ્થાપના દ્વારાએ આરાધના કરનારાઓની સાપેક્ષ મહત્તા:

'દેવ–ગુરુ આદિની આરાધનાથી થતી કર્મનિર્જરા આરાધ્યની આપેલી હોતી નથી, કિન્તુ દેવ–ગુરુ આદિના આલંબનવશે આરાધકને થએલા શુભ પરિણામને આધીન છે'–એ વાત આપણે ઉપર જોઈ આવ્યા. ભાવ અવસ્થાની આરાધના પણ જો આરાધકના શુભ પરિણામને આધારે જ ફળવતી છે, તો પછી મૂર્તિ અથવા સ્થાપના દ્વારાએ થતી આરાધનામાં આરાધકના શુભ અધ્યવસાય રહેલા જ છે. 'એ અધ્યવસાયો શુભ નથી કિન્તુ મલિન છે'–એમ કોણ કહી શકશે? ભાવ અવસ્થાની આરાધના આરાધ્યના વિદ્યમાન કાળમાં કરવાની હોય છે, જે વખતે આરાધ્યની ઉત્તમતા અને ઉપકારિતાદિને સાક્ષાત્ દેખવાથી ભક્તિ જાગવી સહજ છે. જ્યારે આરાધ્યની સ્થાપના દ્વારાએ ભક્તિ, આરાધ્યના અવિદ્યમાન કાળમાં કરવાની હોય છે અને તે તો જ બની શકે, કે જો આરાધ્યની ઉત્તમતા

અને ભક્તિપાત્રતા,–ઉપદેશ, શાસ્ત્ર અને પરંપરાદિ વડે હૃદયમાં બરાબર ઠસેલ હોય. ભાવાવસ્થાની આરાધના કરનારાઓ કરતાં સ્થાપના દ્વારાએ આરાધ્યની આરાધના કરનારાઓની ભક્તિ અને પૂજ્યતાની બુદ્ધિ એક અપેક્ષાએ વધારે સ્થિત થએલી છે, એમ માનવું જોઇએ. ઉપકારિની હયાતિમાં ઉપકારિના ઉપકારનું સ્મરણ ઇત્યાદિ કરતાં, ઉપકારિની બીનહયાતિમાં ઉપકારિના ઉપકારોનું સ્મરણ ઇત્યાદિ કરનાર, ઉપકારી પ્રત્યે ઓછા આદરવાળો છે એમ કહી શકાય જ નહિ, કિન્તુ એક અપેક્ષાએ અધિક આદરવાળો છે એમ કહીએ તોપણ ખોટું નથી. વ્યક્તિની વિદ્યમાનતા કરતાં અવિદ્યમાનતામાં વ્યક્તિને યાદ કરનારા, તેના પ્રત્યે સાચો રાગ ધરાવનારાઓને છોડીને પ્રાયઃ બીજા નહિ જ હોય. તેમ–પૂજ્યની વિદ્યમાન દશા કરતાં અવિદ્યમાન દશામાં પૂજ્યની ભક્તિ, સાચા અને અંતરંગ ભાવવાળા વિના બીજાથી બની શકે નહિ, એમ અપેક્ષાએ કબૂલ કરવું જ પડે. 'હૃદયમાં ભક્તિભાવ વિના પણ બાહ્યથી સ્થાપનાની ભક્તિ કરનારા ઘણા દેખાય છે'–એવો તર્ક કરનારે સમજવું જોઇએ કે–'એ સ્થિતિ જેમ સ્થાપના માટે હોય છે, તેમ ભાવ અવસ્થાની ભક્તિ માટે પણ હોય જ છે.' ભાવ અવસ્થાની ભક્તિ કરનારા બધા અંતરંગ અને સાચા ભાવથી જ કરે છે એમ નથી, કિન્તુ દેખાદેખીથી–લોભ, લાલચ, માયા કે બીજી પણ દુષ્ટ બુદ્ધિથી કરનારા પણ હોય જ છે. સ્થાપના માટે પણ તેમ હોઈ શકે : પરન્તુ ભાવાવસ્થાની ભક્તિ કરનારા જેમ કેટલાક ખોટા હોય છે તેથી બધા જ તેવા હોય

છે—એમ કોઇથી કહી શકાય તેમ નથી, તેમ સ્થાપનાની ભક્તિ કરનારામાં પણ ખોટા હોય છે તેથી સર્વ કોઇ તેવા જ હોય છે—એમ કહી શકાય નહિ. એ રીતે આરાધ્યની અવિદ્યમાનતામાં આદરના પરિણામ થવામાં, સ્થિર અને સુદૃઢ ભક્તિની જરૂર છે. ભક્તિની એ સ્થિરતા અને સુદૃઢતા આરાધકને અત્યંત શુભ ફળને આપનારી થાય, એમાં લેશ માત્ર વિવાદને સ્થાન હોઈ શકે નહિ.

દેવભક્તિ માટે અલગ ચૈત્યાલયો જરૂરી છે:

'સ્થાપનાની ભક્તિ અપેક્ષાએ પૂજકના અધિક આદરને સૂચવનારી છે'—એ વાત સિદ્ધ થયા પછી, સ્થાપનાની ભક્તિ માટે ચૈત્યાદિની કેટલી બધી જરૂર છે—એ સમજવું અને સમજાવવું ખૂબ જ સુલભ થઈ પડે છે. કોઈ પણ શુભ પ્રવૃત્તિ, તેને માટેના અલગ સ્થાન વિના બદ્ધમૂલ થઈ શકતી નથી. વિદ્યાભ્યાસ કે કળા-હુન્નર ઇત્યાદિ શિખવા માટે નિશાળો, કૉલેજો અને યુનિવર્સીટિઓ આદિનાં સ્વતંત્ર મકાનોની આવશ્યકતા સૌથી પ્રથમ પડે છે: તેમ દેવભક્તિ, ગુરુભક્તિ કે ધર્મક્રિયા આદિ કરવા માટે પણ અલગ સ્થાનોનું નિર્માણ થયા વિના, તે ભક્તિ આદિની ક્રિયાઓ નિર્વિઘ્ન થઈ શકે નહિ. જેઓ સ્કુલો, કૉલેજો, યુનીવર્સિટીઓ, બૉર્ડીંગ હાઉસો, વિદ્યાલયો, અનાથાશ્રમો, જ્ઞાનશાળાઓ, દાન-શાળાઓ, ધર્મશાળાઓ, દવાખાનાંઓ, સુવાવડખાનાંઓ અને હૉસ્પીટલો ઇત્યાદિના માટે સ્વતંત્ર મકાનોની હીમાયત કરે છે, તેઓ—'દેવભક્તિ માટે સ્વતંત્ર મકાનની

જરૂર નથી '–એમ કહી શકે નહિ : છતાં એમ કહેવા તૈયાર થાય, તો સમજવું જોઇએ કે–તેવા આત્માઓને અન્ય પદાર્થો માટે જે લાગણી છે, તેટલી પણ લાગણી દેવભક્તિ માટે છે નહિ. 'બીજાં બધાં કાર્યો જેમ જરૂરી છે, તેમ દેવભક્તિ પણ જરૂરી છે' અથવા તો–' બીજાં બધાં કાર્યો કરતાં દેવભક્તિ અધિક જરૂરી છે '–એમ માનનાર વર્ગ અધિક સગવડપૂર્વક દેવભક્તિ થઈ શકે તેવાં મનોહર અને રમણીય ચૈત્યસ્થાનોની જરૂરીયાત સ્વીકાર્યા સિવાય રહી શકે નહિ. દેવભક્તિ માટેનાં અલગ, વિશાળ અને મનોહર ચૈત્યો હોય, તો જ તેવાં ક્ષેત્રોમાં સુસાધુઓનું આવાગમન સુલભ અને સુશકય બને છે. સુસાધુઓને ગૃહસ્થોના વૈભવ અને ધનસમૃદ્ધિ સાથે કામ હોતું નથી, તેથી જે–તે ક્ષેત્રોમાં સુસાધુઓનો વિહાર હોતો નથી. સુસાધુઓનો વિહાર હોતો નથી. સુસાધુઓનો વિહાર મોટે ભાગે તે જ ક્ષેત્રોમાં હોય છે, કે જ્યાં વિપુલ પ્રમાણમાં શ્રી જિનેશ્વરદેવની ભક્તિ માટેનાં મનોહર ચૈત્યો આદિ રહેલાં હોય છે : કારણ કે–તેવાં જ ક્ષેત્રોમાં સુશ્રાવકો અને અર્થી આત્માઓ વિશેષ હોવાનું સુસંભવિત છે. તેમજ એ કારણે ત્યાં સંયમની સુરક્ષા–વૃદ્ધિ આદિ પણ સહેલાઈથી થઈ શકે છે. એકંદર સાધુસમાગમની સુલભતાનું કોઈ પ્રધાન સાધન હોય, તો તે પણ શ્રી જિનેશ્વરદેવની ભક્તિ માટે નિર્મિત થયેલાં મનોહર ચૈત્યોની વિપુલ સામગ્રી જ છે. ચૈત્યો વિના સાધુઓનું આવવું પ્રાયઃ અસંભવિત બને છે અને સાધુસમાગમ વિના સુપાત્રદાન, શ્રી જિનવચનનું શ્રવણ તથા સંસારનિસ્તાર

માટે અત્યંત ઉપયોગી સમ્યગ્દર્શન, દેશવિરતિ, સર્વવિરતિ આદિ ગુણોના અમૂલ્ય લાભોથી વંચિત રહેવાનું જ થાય છે. એટલું જ નહિ, કિન્તુ સાધર્મિક બંધુઓનાં દર્શન ઈત્યાદિ પણ દુર્લભ બને છે. પરિણામે સાધર્મિકભક્તિ આદિ સમ્યક્ત્વને નિર્મલ કરનારા આચારોનું પાલન પણ અશક્ય બને છે.

ચૈત્ય હંમેશ લાભ જ કરે છે :

શ્રી જૈનશાસનમાં સાધુઓનો નિત્યવાસ નિષેધેલો છે, કારણકે-તેથી શ્રાવકો સાથેનું મમત્વ ઈત્યાદિ વધે છે અને રાગાદિની પરિણતિ પોષાય છે. પરિણામે ધર્મ-ભાવનાની વૃદ્ધિ થવાને બદલે હાનિ જ થાય છે. પરંતુ-શ્રી વીતરાગ પરમાત્માના પાવનકારી બિંબથી અધિષ્ઠિત થયેલ ચૈત્યના સંબંધમાં તેવું કાંઈ બનવા પામતું નથી. તે સ્થાને સર્વ કોઈ એક સરખા ભક્તિભાવથી હરહંમેશ આવી શકે છે. શ્રી જિનચૈત્ય કોઈ પણ એક વર્ગના પક્ષ-પાત કે રાગનું કારણ બનતું નથી, તેથી સર્વદા સરખી રીતે સર્વની ભાવનાની અભિવૃદ્ધિનું સ્થાન બની રહે છે. સર્વગુણસંપન્ન પરમાત્માની અધ્યક્ષતાવાળું શ્રી જિનચૈત્ય, સર્વની ભાવનાની અભિવૃદ્ધિનું સ્થાન સદાને માટે બની શકે છે, એ વાતનો અનુભવ દરેક જિજ્ઞાસુને પ્રત્યક્ષસિદ્ધ છે. એક, બે કે તેથી વધારે ચાતુર્માસ એક જ સ્થાને સાધુને રહેવાનું થાય છે, તો ત્યાં અનેક પક્ષપાત આદિ થવાના પ્રસંગો બની આવે છે: જ્યારે શ્રી જિનેશ્વર મહારાજથી અધિષ્ઠિત ચૈત્ય સેંકડો કે હજારો વર્ષો સુધી

એક સરખી રીતે ધર્મવૃત્તિઓને પોષનારૂં જ થાય છે તથા તેના આલંબનથી સૌ કોઈ સમાનધર્મિપણાની ભાવનાને ટકાવી રાખનારા બને છે. શ્રી જૈન શાસ્ત્રોના કથન મુજબ શ્રી તીર્થંકરદેવોના વિદ્યમાન કાળમાં અર્થાત્ ચતુર્થ આરામાં પણ, ધર્માત્માઓના નિવાસવાળાં દરેક ગામો શ્રી જિનચૈત્યોની બહુલતાવાળાં હતાં અને તેવાં તારક ચૈત્યોના આલંબનથી જ તે વખતના મનુષ્યોને પણ અનેક પ્રકારના ધાર્મિક ફાયદાઓ થયા હતા.

ધનવ્યય માટેનાં ઉત્તમ સ્થાનો:

ધર્મભાવનાને ટકાવી રાખવાને માટે જેમ ચૈત્યોની જરૂર છે, તેમ લોભ અને પરિગ્રહ સંજ્ઞાના પાપે ઉપાર્જન થયેલ દ્રવ્યનો સદ્વ્યય કરવા માટે પણ શ્રી જિનચૈત્યોની ખાસ જરૂર છે. ધર્મ માટે લક્ષ્મીનું ઉપાર્જન કરવાનું શ્રી જૈનશાસન વિધાન કરતું નથી, પરન્તુ પાપ સંજ્ઞાઓના કારણે ઉપાર્જન થએલ દ્રવ્યનો સદુપયોગ કરવાનું તથા ઉત્તમ ધર્મક્ષેત્રોમાં વાવી તેનું ઉત્તમ ફળ પ્રાપ્ત કરવાનું તો શ્રી જૈનશાસન અવશ્ય વિધાન કરે છે. પરમાત્માના ઉપદેશ કે શાસનથી ધર્મ પામેલો આત્મા, પ્રાપ્ત થએલા અસ્થિર અને વિનાશી દ્રવ્યનો ઉપયોગ પરમાત્માના ચૈત્યાદિ માટે નહિ કરે, તો તે રંક આત્મા સર્વ–સમર્પણ–બુદ્ધિથી પરમાત્માનું આરાધન કરવા માટે કદી પણ તત્પર કેવી રીતે બની શકશે ? પરમાત્માનું આરાધન કરવા માટે, પરિગ્રહની મમતા ઓછી કરવા માટે કે ગૃહસ્થપણામાં ઔદાર્યાદિ સદ્ગુણોનું સર્વોત્કૃષ્ટ

ફળ મેળવવા માટે, શ્રી જિનભક્તિ માટેનાં ચૈત્યો અને મૂર્તિઓ કરતાં વધારે સુંદર સ્થાનો, જગતભરમાં બીજાં ક્યાં મળવાનાં હતાં ? પરમાત્માના શાસનનો પોતાના ઉપર અતુલ ભાવોપકાર છે–એમ સમજી શકનાર પુણ્યાત્માઓ, પરમાત્મપરાયણ થવા માટે શ્રી જિન ચૈત્ય અને મૂર્તિ દ્વારા જેટલો ધનવ્યય થાય, તેને ઓછો જ માને અને તેથી વિપરીત પ્રકારના ધનવ્યયને અનર્થકર તથા સંસારમાં ડૂબાવનાર તરીકે જ સમજે, એમાં કશું આશ્ચર્ય નથી. પ્રભુશાસનને પામેલા ગૃહસ્થો તો સમજે છે કે–શ્રી જિનભક્તિ આદિમાં નહિ વપરાએલું દ્રવ્ય, પ્રાય: પોતાની અને પોતાના વંશ–વારસની પરિગ્રહ સંજ્ઞાને પોષનારૂં થાય છે: એટલું જ નહિ, પણ પોતાને તથા પોતાની સંતતિને એશઆરામ અને મોજ–શોખના માર્ગે ચઢાવી દઇ અધોગતિમાં ધકેલનાર થાય છે.

ચૈત્યાદિમાં કરેલા ધનવ્યયથી થતા લાભો :

વળી ચૈત્ય અને મૂર્તિ દ્વારાએ થએલો ધનવ્યય, ધાર્મિક આત્માઓની સત્તાવાળો તથા સામુદાયિક વારસાવાળો થાય છે, જ્યારે પુત્ર–પૌત્રાદિકને આપેલો વારસો મોટે ભાગે ધર્મપરાયણ નહિ એવાઓની માલીકીવાળો બને છે તથા તેના ઉપર સત્તા પણ તેવા વર્ગની જ થાય છે.

વળી ચૈત્ય કે મૂર્તિ દ્વારાએ થયેલો ધનવ્યય નષ્ટ થઇ જતો નથી, કિન્તુ રૂપાંતરે ઉભો જ રહે છે: જ્યારે ભોગોપભોગ, એશઆરામ અને મોજશોખનાં સાધનોમાં થયેલો ધનવ્યય, ક્ષણિક ફળ આપી સર્વથા નાશ પામે

છે તથા ભોક્તાને અનર્થ અને ઉન્માદની વૃદ્ધિનું કારણ થાય છે અને તે માર્ગે વપરાયેલી એક પાઇ પણ પરમાત્મા કે તેમના પવિત્ર શાસનની આરાધનના માર્ગમાં ઉપયોગમાં આવી શકતી નથી. અવિનાશી અને અવ્યાબાધ સુખથી ભરપૂર મોક્ષ અને તેની પ્રાપ્તિનો માર્ગ બતાવનાર તથા આત્મ–તત્ત્વ અને અનાત્મ–તત્ત્વનો ભેદ સમજાવી, આત્મતત્ત્વના ઉપાસક બનાવનાર પરમાત્માનાં મનોહર મંદિરોમાં અને એ તારકોની મનોજ્ઞ પ્રતિમાઓમાં, ચંચળ સર્વસ્વનો ભોગ આપવાની બુદ્ધિ કૃતજ્ઞ આત્માઓને ન થાય, એ બને જ કેમ ? તેવી બુદ્ધિ કૃત્રિમ કે નિરર્થક હોતી નથી, કિન્તુ સાહજિક અને સાર્થક હોય છે. ધર્મદૃષ્ટિએ એ વ્યય આત્માને પરમેશ્વરપરાયણ બનાવે છે, વ્યવહાર–દૃષ્ટિએ એ વ્યય મૂર્તિ અને મંદિર સ્વરૂપે આ જગતમાં કાયમ રહે છે અને દીર્ઘકાળ સુધી અનેકોને ઉપકાર કરતો ટકી રહે છે. જીવનમાં પ્રાપ્ત થયેલા પદાર્થોનો ઉંચામાં ઉંચો સદુપયોગ કરાવનાર કોઈ પણ માર્ગ હોય, તો તે આ રીતે શ્રી જિનચૈત્ય અને શ્રી જિનમૂર્તિ આદિની ભક્તિમાં થતો ધનવ્યય જ છે : ધનના સદ્‌વ્યયનો આના કરતાં ચઢીયાતો માર્ગ બીજો કોઈ પણ શોધી શકાય તેમ છે જ નહિ : કારણ કે–બીજો કોઈ પણ માર્ગ તથા પ્રકારના કલ્યાણને કરનારો હોય એ અસંભવિત છે. સમ્યગ્દૃષ્ટિ આત્માઓને મન, એ સિવાયનો ધનવ્યય કૃત્રિમ અને નિરર્થક લાગે છે તથા એવી ઋદ્ધિ એ પુણ્યઋદ્ધિ નથી, કિન્તુ પાપઋદ્ધિ છે એમ તેઓનો અંતરાત્મા પોકારી ઉઠે છે.

શ્રી જિનપૂજા અને હિંસા :

'શ્રી જિનેશ્વરદેવની ભક્તિ માટે મૂર્તિ અને ચૈત્યો દ્વારાએ થતો ધનવ્યય નિરર્થક નથી, કિન્તુ સાર્થક છે'—એમ સ્વીકારવા છતાં, કેટલાકોને એક શંકા શલ્યની જેમ ખૂંચે છે અને તે એ છે કે—

"શ્રી જિનપૂજામાં પૃથ્વી, પાણી, અગ્નિ આદિના જીવોનો વિનાશ થાય છે, તો તેવી પૂજા ઉપાદેય કેવી રીતે બની શકે? અહિંસક શાસનમાં હિંસક માર્ગે ધર્મ થાય છે—એવું પ્રતિપાદન કરવું, એ શું વદતો વ્યાઘાત જેવું નથી?"

આ શંકા—'જૈની અહિંસા શું વસ્તુ છે?'—તેની વાસ્તવિક સમજના અભાવમાંથી ઉભી થયેલી છે. 'જેમાં જીવવધ થાય છે, તે સઘળી ક્રિયા હિંસક જ છે' અથવા 'જીવનો વધ થવો, તેનું જ નામ હિંસા છે'—એમ જૈન શાસ્ત્રે કદી કહ્યું જ નથી. જૈનશાસ્ત્ર મુજબ—'વિષય-કષાયાદિની પ્રવૃત્તિ કરતાં અન્ય જીવોનો પ્રાણનાશ થાય' તેનું જ નામ હિંસા છે. વિષય-કષાયાદિની પ્રવૃત્તિ સિવાય થતા પ્રાણવ્યપરોપણ આદિને પણ જો હિંસા માનવામાં આવે, તો દાનાદિ એક પણ ધર્મપ્રવૃત્તિ થઈ શકશે નહિ : કારણ કે—તે દરેકમાં પણ જીવવધ તો રહેલો જ છે. શું શ્રી જિનપૂજાના કાર્યમાં જીવવધ છે, તો ગુરુભક્તિ, શાસ્ત્રશ્રવણ, પ્રતિક્રમણ આદિ કાર્યોમાં જીવવધ નથી? અવશ્ય છે, પરન્તુ તેમાં હેતુ જીવવધનો નથી, કિન્તુ ગુરુભક્તિ ઈત્યાદિનો છે અને તેથી તેને હિંસાનાં કાર્યો

કહી શકાતાં નથી. એજ રીતિએ શ્રી જિનપૂજામાં પણ હેતુ શ્રી જિનભક્તિનો છે, તેથી તેને હિંસક કાર્ય કેમ કહી શકાય ? કેવળ જીવવધને જ હિંસા કહેવામાં આવશે, તો નદી ઉતરનાર અને ગ્રામાનુગ્રામ વિહાર કરનાર સાધુને પણ હિંસક જ કહેવા પડશે. લોચાદિ કષ્ટોને સહન કરનાર, ઉગ્ર તપશ્ચર્યાઓ વડે શરીરને શોષવનાર તથા મહાવ્રતોના સંરક્ષણાદિ માટે અવસરે પ્રાણના ભોગો આપનાર પણ હિંસાનાં કાર્યો કરનાર છે, એમ કહેવું પડશે. આની સામે–' એ બધાં કાર્યો માટે ભગવાને આજ્ઞા કરેલી છે '–એમ કહેવામાં આવે, તો એ પ્રશ્ન સાથે જ પૂછવો પડશે કે–' હિંસાનાં કાર્યો માટે ભગવાન કદી આજ્ઞા કરે ખરા ? શું ભગવાનને હિંસા કરવાની નહિ પણ કરાવવાની છૂટ હોય, એમ બની શકે ખરૂં ?' પણ નહિ, ભગવાન પણ ત્રિકરણ યોગે હિંસાના પરિહારી હોય છે. તે તે કાર્યોમાં જો હિંસા જ હોત, તો ભગવાન કદી પણ આજ્ઞા આપત જ નહિ : કિન્તુ ' નદી ઉતરવી ' વિગેરે કાર્યો સંયમરક્ષાર્થે છે, પૌદ્ગલિક હેતુસર નથી, તેથી તે તે પ્રવૃત્તિઓને હિંસક નહિ પણ અહિંસક પ્રવૃત્તિઓ જ ગણેલી છે.

સાધુઓ દ્રવ્યપૂજા કેમ કરતા નથી ?

અહીં એવો તર્ક થવો પણ સંભવિત છે કે–

" શ્રી જિનપૂજા એ ભક્તિસ્વરૂપ હોવાથી તેમાં થતી વિરાધના એ જો હિંસા રૂપ નથી, તો પછી પંચ મહાવ્રતના ધારક સાધુઓ પૂજા કેમ કરતા નથી ? "

તેનો જવાબ એ છે કે-સાધુઓ દ્રવ્યપૂજા નથી કરતા, તેમાં કારણ-'દ્રવ્યપૂજા એ હિંસાનું કાર્ય છે'-એ નથી, કિન્તુ-'સાધુઓ દ્રવ્યના ત્યાગી હોય છે'-એ છે. અધિકારી વિશેષે જ ક્રિયા વિશેષ હોય છે. દ્રવ્ય-પૂજાના અધિકારી દ્રવ્યને ધારણ કરનારા હોય છે. વળી દ્રવ્યપૂજા માટે સ્નાન કરવું જોઇએ અને તે નહિ કરવાની સાધુઓને પ્રતિજ્ઞા હોય છે, તેથી દ્રવ્યપૂજા કરવાનું કાર્ય સાધુઓને માટે પોતાની પ્રતિજ્ઞાથી પણ વિરુદ્ધ છે. ગૃહસ્થો સ્નાન કરનારા હોય છે, દ્રવ્યના સંગી હોય છે, તેથી તેમણે દ્રવ્યપૂજા ભક્તિ-નિમિત્તે કરવી જ જોઇએ અને તેમાં પ્રમત્ત યોગ નહિ હોવાથી અનિવાર્યપણે થઈ જતું પ્રાણવ્યપરોપણ હિંસા રૂપ નથી. 'ઔષધ રોગીને હિતકારી છે, તેથી નિરોગી એવા વૈદ્યે પણ તે લેવું જ જોઇએ.'-એવો નિયમ કરી શકાય નહિ. દ્રવ્યપૂજન, એ આરંભ અને પરિગ્રહના રોગથી રીબાતા આત્માઓને તે રોગથી મૂકાવવા માટે, અર્થાત્-આરંભ અને પરિગ્રહના વિચાર અને વર્તનથી દૂર રાખવા માટે વિહિત થયેલું છે. સાધુ-ઓને આરંભ અને પરિગ્રહનો રોગ નથી, તેથી તેઓને દ્રવ્યપૂજન રૂપ ઔષધ લેવાની આવશ્યકતા નથી.

શ્રી જિનપૂજા સાથે-
સર્વવિરતિના ધ્યેયની સુસંગતતા :

અહીં બીજો એવો તર્ક ઉઠવાનો પણ સંભવ છે કે-

"પૃથ્વીકાયાદિના આરંભમય દ્રવ્યપૂજનથી નિરારંભ-મય સર્વવિરતિનું ધ્યેય કેવી રીતે સિદ્ધ થાય?"

આનો સીધો અને સરળ જવાબ એ છે કે—એવો એક નિયમ છે કે—જે ગુણો તરફ જે મનુષ્યનું અત્યંત બહુમાન હોય છે, તે મનુષ્ય તે ગુણોને પ્રાપ્ત કરવાના શુભ અધ્યવસાયવાળો હોય જ છે અને તેને તે શુભ અધ્યવસાય જ સમયે સમયે અનંતી નિર્જરા કરાવનાર થાય છે. તેવી નિર્જરાથી આત્મા નિર્મળતા પામી, પોતાના ક્ષાયોપશમિક કે ક્ષાયિક ગુણોને પ્રાપ્ત કરે છે. ગુણ-પ્રાપ્તિ થવાથી ગુણવાનનાં વચનો તરફ શ્રદ્ધા અને તીવ્રતા થાય છે. જેમ જેમ શ્રદ્ધા તીવ્રતર થતી જાય છે, તેમ તેમ ગુણવાનનાં વચનો અનુસાર વર્તન કરવાને આત્મામાં તન્મયતા થાય છે અને એ વર્તનની તન્મય-તામાંથી બાહ્ય-અભ્યંતર સર્વ સંયોગોનો ભોગ આપવાની તૈયારી થાય છે. તેનું જ નામ સર્વવિરતિ છે. એ રીતે પરંપરાએ, પ્રભુમૂર્તિનું પૂજન સર્વવિરતિના ધ્યેયને પહોં-ચવાનું સાધન બની શકે છે. એટલું અવશ્ય છે કે—શ્રી જિનેશ્વર ભગવાનની પ્રતિમાને પૂજનારા સર્વ મનુષ્યો તે જ ભવમાં સર્વવિરતિના ધ્યેયને પહોંચી જાય એ બને નહિ. જેમ સર્વવિરતિ અંગીકાર કરનાર દરેકને તે જ ભવમાં મોક્ષ મળતો નથી, તો પણ સર્વવિરતિની આરાધના નિષ્ફળ ગણાતી નથી. એમ ઘણા ભવો સુધી વિરાધનાનું વર્જન અને આરાધનાનું સંપાદન થવા બાદ જ સર્વવિરતિ ભવાંતરે મોક્ષ આપે છે, તેવી રીતે અવિધિ ટાળતો અને વિધિને સાધતો દ્રવ્યપૂજા કરનારો ભવાંતરે સહેલાઈથી સર્વ-વિરતિને પામી શકે છે: કારણ કે—શ્રી જિનેશ્વર ભગ-વાનની પૂજા કરનારો તેમના રાજવૈભવને કે સુખસમૃદ્ધિને

આગળ કરીને પૂજતો નથી, પરંતુ તેઓએ આરંભ-પરિગ્રહ અને વિષય-કષાયના સર્વથા ત્યાગપૂર્વક સેવેલું જે અનગારપણું અને પ્રાપ્ત કરેલું જે અઢાર દોષોથી રહિતપણું, તેને અંગે જ પૂજા કરે છે. ભગવાનની મૂર્તિનું પૂજન એ રીતે સર્વવિરતિ વિગેરે ગુણો તરફ બહુમાન ધારીને કરાય છે, તેથી તે સર્વવિરતિને અપાવનાર થાય જ છે.

'પ્રભુ પૂજાના અર્થી હતા'-
એમ કહી શકાય જ નહિ :

એવો પણ તર્ક સંભવિત છે કે-

"શ્રી જિનેશ્વરદેવો હિંસા વર્જવા માટે સાધુઓને સંસારનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે, તીવ્ર કષ્ટો સહવાનું-યાવત્ પ્રાણત્યાગ કરવા પર્યંતનું કહે અને પોતાની પૂજા માટે હિંસાદિક થાય તો પણ એનું નિર્જરાદિ ફલ બતાવે, તે શું ઘટિત છે ?"

આ કુતર્કનો જવાબ એ છે કે-બીજા મતોની પેઠે શ્રી જૈનમતમાં શ્રી જિનેશ્વર એવી કોઇ એક વ્યક્તિ નથી, કિન્તુ તેવી વ્યક્તિઓ અનંતી થઈ થઈ છે અને અનંતી થવાની છે. તે સર્વ વ્યક્તિની પૂજ્યતાનું નિરૂપણ કરવું, એમાં વ્યક્તિગત પૂજાવાના હેતુની કલ્પના કરવી, તે સર્વથા વિરુદ્ધ છે. સમુદાયની ભક્તિની નિરૂપણામાં વ્યક્તિગત પૂજાનું પ્રવર્તકપણું કલ્પવું, એ ભયંકર દોષ-દૃષ્ટિ જ છે. એક સજ્જન દુર્જનના સંસર્ગથી થતા અવગુણો બતાવે અને સજ્જનના સંસર્ગથી થતા ફાયદાઓ બતાવે, તેથી-'તે પોતાની મહત્તા બતાવવા મથે છે'-એમ કહી

શકાય નહિ. સુપાત્રદાનનો ઉપદેશ કરનાર સાધુ સ્વાર્થી છે, એમ કહી શકાય નહિ. એક સાધુ ઉપદેશ દે, તેમાં જણાવે કે–' સાધુ મહાત્માનાં નામ–ગોત્રને શ્રવણ કરવા માત્રમાં પણ ઘણું જ ફળ છે અને તેના કરતાં તેમના સામા જવું, વંદન–નમન કરવું, સુખશાતા પૂછવી, તેમની અનેક પ્રકારે પર્યુપાસના કરવી, તેમાં અનહદ લાભ છે.' આ ઉપદેશ કોઈ એક વ્યક્તિને ઉદ્દેશીને નથી, તેથી તે ઉપદેશક પોતાની પૂજા ઇત્યાદિનો અર્થી છે–એમ કહી શકાય નહિ. તથા ' સાધુના સામા જવું '–ઇત્યાદિમાં થતા જીવવિરાધનના પાપનો ભાગી તે ઉપદેશક થાય છે, એમ પણ કહી શકાય નહિ. ઉપદેશકનો ઇરાદો શ્રોતાના આત્મકલ્યાણનો છે, નહિ કે–જીવવિનાશનો. શ્રી જિનેશ્વરદેવો તો ક્ષીણમોહી અને વીતરાગ છે. તેમની ઉપર પોતાની પૂજાના અર્થિપણાનો આરોપ મૂકવો, એ તો સદંતર સમજણ વિનાનું જ કાર્ય છે.

પૂજામાં હિંસાની વાતો કરનારની દશા:

સર્વવિરતિ, એ ચૌદ રાજલોકના સર્વ જીવોને અભયદાન દેવા રૂપ છે. એની પ્રાપ્તિ માટે એકેન્દ્રિય જીવોની સ્વરૂપ-હિંસાવાળું પૂજન ન્યાયયુક્ત અને અધિક લાભના નિયમ-વાળું છે. એ પૂજન દ્વારાએ એકેન્દ્રિયથી ચઢીયાતો બેઇ-ન્દ્રિયાદિકનો વર્ગ રક્ષ્ય છે અને પરંપરાએ એકેન્દ્રિય વર્ગ પણ રક્ષ્ય છે. પશુવધની પૂજામાં તેમ નથી : કારણ કે–પંચેન્દ્રિયથી ચઢીયાતો કોઇ જીવનો વર્ગ છેજ નહિ અને પોતાના ભલાના નામે થતા પંચેન્દ્રિયના વધવાળા

કાર્યને ધર્મકાર્ય ગણી પણ શકાય નહિ: કારણ કે–તે માણસાઈની પણ પ્રતિજ્ઞાથી વિરુદ્ધ છે. અહિંસાથી ચારિત્રાવરણીય કર્મ જેમ નાશ પામે છે, તેમ સર્વવિરતિના ધ્યેયથી થતું પૂજન પણ ચારિત્રમોહનીયાદિ દુષ્ટ કર્મની પ્રકૃતિઓનો ક્ષય કરે છે. ઉભયથી એક જ કાર્ય સિદ્ધ થતું હોવાથી, અહિંસા અને શ્રી જિનપૂજન ઉત્સર્ગ–અપવાદ રૂપ બની શકે છે, પરંતુ સ્વર્ગાદિની સમૃદ્ધિ માટે પંચેન્દ્રિય જીવનો વધ કરીને પૂજન કરવું, તેમાં હિંસા અને પરિગ્રહ ઉભય પાપોનું પોષણ થાય છે, તેથી ઉત્સર્ગ–અપવાદ રૂપ બની શકે નહિ. પ્રાપ્ત થયેલા સંયમને ટકાવવા આદિને માટે નદી ઉતરવામાં લાભ થાય છે, તો પછી અપ્રાપ્ત સંયમની પ્રાપ્તિ માટે દેવપૂજાદિમાં પ્રવર્તનારને પણ લાભ કેમ થાય નહિ ? અવશ્ય થાય. શ્રી જિનેશ્વરદેવના પૂજનની પાછળ ગુણપ્રાપ્તિ, વૈરાગ્ય, માર્ગાનુસારિતા, દુઃખક્ષય અને કર્મક્ષયાદિ આત્મકલ્યાણકર વસ્તુઓનું જ ધ્યેય છે. એવા ઉત્તમ ધ્યેયથી પૂજન કરનારો હિંસાના ફળને પામે, તો પછી અહિંસાના ફળને કોણ પામી શકે, તે શોધી કાઢવું એ અત્યંત અશક્ય જ છે. શ્રાવક દ્રવ્યપૂજન કરે છે, તે પોતાના વ્રત–નિયમોને બાધ લગાડીને નહિ જ. શ્રી જિનેશ્વરદેવના પૂજનમાં પશુ આદિનું કે અભક્ષ્ય પદાર્થોનું નૈવેદ્ય ધરવાનું હોતું નથી કે અપેય વસ્તુઓ આદિથી પ્રક્ષાલન કરવાનું હોતું નથી. મોટાં જૂઠ કે મોટી ચોરીઓ કરીને પણ પૂજન કરવાનું હોતું નથી. ઓછામાં ઓછું દેશવિરતિ ધર્મની ભૂમિકાથી નીચું પાડનારૂં એક પણ કૃત્ય શ્રી જિનપૂજામાં

આચરવાનું હોતું નથી. સચિત્ત પાણી, વાયુવીંઝન, અગ્નિ-સમારંભ, વનસ્પતિભક્ષણ, કાચી માટી અને કાચું મીઠું ઇત્યાદિ જેણે છોડ્યું હોય છે, તેને પૂજનના વિધાનમાં પ્રવર્તવાનું છે નહિ! આમ છતાં, જેઓ અર્થઉપાર્જન કે શરીરશુશ્રૂષાદિ માટે લેશ પણ દયાના વિચાર વિનાના છે, અભક્ષ્ય અને અનંતકાય પર્યંતના પદાર્થોનો ભોગોપભોગ પણ જેમણે છોડ્યો નથી, તેવા આત્માઓ માત્ર જિન-પૂજા માટે વપરાતાં જલપુષ્પાદિની વિરાધનાને જ જો મોટું રૂપ આપી દેવાનો પ્રયત્ન કરતા હોય, તો તેઓ મિથ્યાત્વથી ગ્રસ્ત અને કારમા દુરાગ્રહથી પીડિત છે, એમ જ સમજવું જોઈએ. સોયના અગ્રભાગ જેટલા અનંતકાયમાં–'પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને પ્રત્યેક વનસ્પતિ : બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય : પંચેદ્રિય તિર્યંચ, મનુષ્ય, દેવતા અને નારકી' આદિ સ્થાનોમાં રહેલા જેટલા જીવો છે, તેના કરતાં પણ અનંતગુણા જીવો છે. તેનો ઉપભોગ કરતાં પણ જેઓને સંકોચ નથી, તેઓ પૃથ્વી આદિના જીવો, કે જે તેના અનંતમે ભાગે છે, તેની થતી સ્વરૂપ–હિંસાની વાતને આગળ કરી શ્રી જિનપૂજા જેવા પરમોચ્ચ કર્ત્તવ્યને ધિક્કારે છે, ત્યારે એ જ કહેવાનું પ્રાપ્ત થાય છે કે–તેઓની દશા તો અત્યંત શોચનીય અને અવિવેકિપણાની પરાકાષ્ઠાએ પહોંચેલી છે. એ તો એક ગણિકા, પોતાના પતિ સાથે વાત કરતી સતીને દેખી, તેની હાંસી કરે અગર તેનો તિરસ્કાર કરે, તેના જેટલું જ કે તેનાથી પણ વધારે અસમંજસ કાર્ય છે.

દ્રવ્ય અને ભાવ દયા :

શ્રી જિનેશ્વરદેવનાં મનોહર ચૈત્યો, તેમાં પ્રતિષ્ઠિત કરેલી રમણીય તથા મનોજ્ઞ મૂર્તિઓ અને તેનું સુંદર તથા આહ્લાદક પૂજન વિગેરે જોઈને હળુકર્મી ભવ્યાત્માઓ સમ્યગ્દર્શનાદિ આત્મગુણોને પ્રાપ્ત કરનારા થાય છે: અને પરંપરાએ તેઓ દેશવિરતિ, સર્વવિરતિ આદિ ઉચ્ચ કક્ષાઓ પામી, સર્વ-કર્મ-રહિત બની, અનંતકાળ સુધી સર્વ લોકના સર્વ જીવોને સર્વ પ્રકારે અભયદાન દેનારા થાય છે. આથી સમ્યગ્દર્શનાદિ ભાવ ધર્મોની પ્રાપ્તિનાં સાધનોને શ્રી જૈનશાસને પરમ ઉપકારક લેખ્યાં છે.

જગતમાં દયા બે પ્રકારની છે. એક દ્રવ્યદયા અને બીજી ભાવદયા. દ્રવ્યદયા કરતાં ભાવદયા અનંતગુણી શ્રેષ્ઠ છે. દ્રવ્યદયા કેવળ દ્રવ્ય-પ્રાણોને ઉદ્દેશીને છે. ભાવદયા ભાવ-પ્રાણોને ઉદ્દેશીને છે. દ્રવ્યપ્રાણો સ્વલ્પકાળ ટકવા-વાળા હોય છે. ભાવ-પ્રાણોની સ્થિતિ અનંતકાળ સુધીની છે. દ્રવ્ય-પ્રાણોના ધારણ-પોષણથી થનારૂં સુખ અલ્પ અને ક્ષણસ્થિતિવાળું છે. ભાવ-પ્રાણોના આવિર્ભાવથી થનારૂં સુખ નિરવધિ અને ચિરસ્થાયી છે.

અનાદિ કાળથી જીવ કર્મથી બંધાએલો છે અને તેના યોગે મિથ્યાત્વ, અવિરતિ આદિ દોષોના પંજામાં સપડાયેલો છે. તેમાંથી છૂટવું અતિ દુષ્કર છે અને ન છૂટાય ત્યાં સુધી તેના યોગે કર્મનો આશ્રવ થયા જ કરે છે. આત્માનાં સમગ્ર દુઃખોનાં કારણભૂત એ કર્મોનો અને તેના આશ્રવનો નિરોધ કે નાશ ન થાય, ત્યાં સુધી જીવના

દુઃખનો અંત નથી. સ્વલ્પ પણ સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ જીવને કર્મબંધથી છોડાવી પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ કરાવી આપી શકે છે, કે જ્યાં જન્મ, જરા, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપદ્રવ આદિનો સર્વથા અભાવ છે અને પ્રાપ્ત થએલા જ્ઞાનાદિ ગુણોની સમૃદ્ધિનો એક અંશ પણ અનંતકાળે પણ ઓછો થતો નથી. દ્રવ્ય દયા કરનારો માત્ર કેટલાક પ્રાણિઓનાં કેટલાંક દુઃખોનો વિલંબ માત્ર કરી શકે છે, જ્યારે ભાવ દયા કરનારો સર્વ જીવો માટે સર્વ કાલનાં દુઃખોને દૂર કરનારો અર્થાત્ તેઓને દુઃખ દેવામાંથી હંમેશને માટે મુક્ત થનારો હોય છે. સમ્યગ્દર્શનાદિ ભાવગુણોની પ્રાપ્તિ ઉપરાંત મોક્ષનાં બીજાં પણ કારણો, જેવાં કે–સત્સાધુ-સમાગમ, તેમના મુખકમલથી જગદુદ્ધારક અકલંક શ્રી જિનવચનનું શ્રવણ, સર્વવિરતિમય શુદ્ધ જીવનનું આસેવન અને પરંપરાએ અવ્યાબાધ શાશ્વતપદની પ્રાપ્તિ–એ વિગેરે શ્રી જિનેશ્વરદેવની પૂજા અને ભક્તિ વિગેરેથી અવશ્ય પ્રાપણીય બને છે.

શ્રી જિનપૂજામાં દાનાદિ ધર્મોની આરાધના :

શ્રી જિનેશ્વરદેવની પૂજા વખતે પુણ્યબંધ રૂપ અને કર્મક્ષય રૂપ–ઉભય પ્રકારના ધર્મની એક સાથે આરાધના થાય છે, તે નીચેની વિગતોથી સમજી શકાશે–

પૂજન સમયે–અક્ષતાદિ ચઢાવવા તે **દાનધર્મ** છે.
" " વિષયવિકારને વર્જવા તે **શીલધર્મ** છે.
" " અશનપાનાદિનું વર્જન તે **તપોધર્મ** છે.

પૂજન સમયે–શ્રી જિનેશ્વરદેવના ગુણગ્રામાદિ કરવા તે **ભાવધર્મ** છે.

શ્રી જિનપૂજાથી થતો કર્મક્ષય :

એ જ રીતિએ પૂજન સમયે–

ચૈત્યવંદનાદિ વડે ગુણસ્તુત્યાદિ કરવાથી **જ્ઞાનાવરણીય કર્મનો** ક્ષય થાય છે,

પ્રભુમૂર્તિનાં દર્શનાદિ કરવાથી **દર્શનાવરણીય કર્મનો** ક્ષય થાય છે,

યતના અને જીવદયાની શુભ ભાવનાથી અશાતાદિ **વેદનીય કર્મનો** ક્ષય થાય છે,

શ્રી અરિહંત પરમાત્મા તથા શ્રી સિદ્ધ પરમાત્માના ગુણસ્મરણથી અનુક્રમે **દર્શનમોહનીય** તથા **ચારિત્ર-મોહનીય કર્મનો** ક્ષય થાય છે,

પ્રભુપૂજનના શુભ અધ્યવસાયની તીવ્રતાથી **આયુષ્ય કર્મનો** ક્ષય થાય છે,

શ્રી જિનેશ્વરદેવનાં નામાદિ લેવાથી **નામકર્મનો** ક્ષય થાય છે,

શ્રી જિનેશ્વરદેવને વંદન–પૂજનાદિ કરવાથી **નીચ ગોત્ર કર્મનો** ક્ષય થાય છે, તથા–

શ્રી જિનેશ્વરદેવની પૂજામાં શક્તિ, સમય તથા અન્ય દ્રવ્યાદિનો સદુપયોગ કરવાથી **વીર્યાંતરાયાદિ કર્મનો** ક્ષય થાય છે.

જોડાઓ અને જોડો :

એ રીતે શ્રી જિનપૂજામાં પુણ્યબંધ, દેશથી યા સર્વથી કર્મનિર્જરા અને પરંપરાએ શાશ્વત સુખસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ પર્યંતનાં સઘળાં કાર્યો એકી સાથે સધાય છે. શ્રી જિનપૂજા જેવું સહેલામાં સહેલું, આબાલવૃદ્ધ સર્વ કોઈથી આચરી શકાય તેવું અને અનુપમ લાભને આપનારૂં અન્ય કોઈ કૃત્ય, લોક–લોકોત્તર માર્ગની અંદર બીજું કાંઇ જડી શકે તેમ નથી. તેની સામે સ્હેજ પણ વક્ર દૃષ્ટિ ધારણ કરવી, તે સ્વકલ્યાણ પ્રત્યે જ વક્ર દૃષ્ટિ ધારણ કરવા બરાબર છે. સ્વપર શ્રેયના અભિલાષુક આત્માઓએ શ્રી જિનપૂજાદિ અનુષ્ઠાનમાં પોતે જોડાઈ અન્યને જોડવા અને સ્વપરનું પારમાર્થિક કલ્યાણ સાધવું, એ જ સાચી ઉન્નતિનો માર્ગ છે.

પ્રતિમા-પૂજન

પ્રકરણ ૨ જું

પ્રતિમા-પૂજનની પ્રાચીનતા

અનાદિકાલીન આકાર:

સમસ્ત વિશ્વ, એ મૂર્તિમાન પદાર્થોના સમૂહ રૂપ છે. જેટલી પ્રાચીનતા વિશ્વના અસ્તિત્વની છે, તેટલી જ પ્રાચીનતા મૂર્તિ, આકાર અને તેની પૂજા વિગેરેની છે. જૈન સિદ્ધાંત મુજબ સમસ્ત લોક ષડ્ દ્રવ્યથી ભરેલું છે. એ છ દ્રવ્યોમાં પાંચ દ્રવ્યો અમૂર્ત છે અને એક મૂર્ત છે. એ અમૂર્ત દ્રવ્યોને પણ અમુક આકારને ધારણ કરનારાં માનવામાં આવ્યાં છે. યાવત્ અલોકાકાશ, કે જ્યાં કેવળ એક આકાશ દ્રવ્ય જ છે, તેનો પણ છીદ્રવાળા ગોળા જેવો આકાર સ્વીકારવામાં આવ્યો છે. અમૂર્ત દ્રવ્યોનો જેમ આકાર માનેલો છે, તેમ એ અમૂર્ત દ્રવ્યોના જ્ઞાનને પણ આકારયુક્ત માનવામાં આવેલું છે. અમૂર્ત દ્રવ્યોનું જ્ઞાન પણ મૂર્ત દ્રવ્યો દ્વારાએ જ થાય છે. આ રીતે આકાર અને મૂર્તિને માનવાનો ઇતિહાસ

કોઇ અમૂક કાળનો નથી, પરંતુ વિશ્વની હયાતિ સુધીના સર્વે કાળના માટે સર્જાએલો છે.

મૂર્તિનો વિશ્વવ્યાપક સિદ્ધાન્ત:

મૂર્તિ, આકૃતિ, પ્રતિમા, પ્રતિબિંબ, આકાર, પ્લાન, નકશો, ચિત્ર, ફોટો,–એ સઘળા એક જ અર્થને કહેનારા શબ્દો છે. કોઇ ને કોઈ પ્રકારે એ આકારાદિને આદર આપ્યા વિના કોઇને પણ ચાલતું નથી. એક બાળકથી માંડીને મોટા જ્ઞાની પર્યંત સૌ કોઇને પોતાના અભીષ્ટની સિદ્ધિ માટે, સર્વ પ્રથમ મૂર્તિની જ આવશ્યકતા પડે છે. ધાર્મિક, વ્યવહારિક કે વૈજ્ઞાનિક–કોઈ પણ ક્ષેત્રમાં, મૂર્તિને કે આકારને માન્યા સિવાય ચાલતું નથી. મૂર્તિ કે આકારને માનવાનો સિદ્ધાંત વિશ્વવ્યાપક છે. સુવર્ણ અને તેમાં રહેલી પીળાશ તથા રત્ન અને તેમાં રહેલી કાંતિ જેમ કદી જ અલગ થઈ શકતાં નથી, તેમ વિશ્વથી તેના આકારની મૂર્તિને પણ પૃથક્ કરી શકાય તેમ નથી. સમસ્ત વિશ્વની પ્રકૃતિ જ આ રીતે મૂર્તિ અને આકારને ધારણ કરનારી છે, તો પછી મૂર્તિને નહિ માનવી–એ એક રીતે વિશ્વની પ્રકૃતિનું જ ખૂન કરવા બરાબર છે.

મૂર્તિપૂજાની પરમ આવશ્યકતા :

મુમુક્ષુ માત્રનું અંતિમ ધ્યેય જન્મ, જરા અને મરણ આદિનાં દુ:ખોનો અંત કરી, અક્ષય સુખની પ્રાપ્તિ કરવી તે જ છે. એ મહાન કાર્યની સિદ્ધિ માટે સૌથી પ્રથમ આવશ્યકતા, શુભાવહ નિમિત્ત–કારણોને મેળવવાની છે.

ચંચળ ચિત્ત, ઉચ્છૃંખલ ઇંદ્રિયો, વિષમ વિષયો અને કટુ કષાયો ઉપર વિજય પ્રાપ્ત થઇ શકે—એવું ઉત્તમ નિમિત્ત, શુકલ ધ્યાનમાં સ્થિત અને શાંત મુદ્રાએ યુક્ત શ્રી જિનેશ્વરપ્રભુની મનોહર મૂર્તિથી ચઢી જાય તેવું બીજું એક પણ નથી. પછી એ મૂર્તિ ભલે પાષાણુ, કાષ્ટ, ધાતુ, મૃત્તિકા, ગોમય, વાલુકા યા કોઇ પણ પદાર્થની બનેલી હો. ઇશ્વરની ઉપાસના, એ જો ધર્મનું એક મૂખ્ય અંગ હોય, તો તેની સિદ્ધિ માટે મૂર્તિની અગત્યતાનો કોઈથી પણ ઈન્કાર થઈ શકે તેમ નથી. કોઈ પણ નિરાકાર વસ્તુની ઉપાસના મૂર્તિ વિના અસંભવિત છે, એ સર્વ વાદિઓને સિદ્ધ છે. તેથી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ અને તેના અસ્તિત્વનો વિશ્વાસ ટકાવી રાખવા માટે, મૂર્તિપૂજાની પરમ આવશ્યકતા છે.

ગુણપૂજા માટે ય આકાર જરૂરી છે :

અહીં કોઇ એવો પ્રશ્ન કરે એ સંભવિત છે કે—

" ઈશ્વરની ઉપાસના માટે જડ મૂર્તિનું આલંબન લેવા કરતાં, તેમના ખૂદ ગુણોનું આલંબન લેવું શું ખોટું છે ?"

પરંતુ આ પ્રશ્ન ઉંડી સમજણ વિનાનો છે. ઇશ્વર એ જેમ નિરાકાર છે, તેમ ઇશ્વરના ગુણો પણ નિરાકાર છે. ઇશ્વર અને ઇશ્વરના ગુણોને જો આકાર નથી, તો તેની ઉપાસના અલ્પજ્ઞ જીવો કેવી રીતે કરી શકવાના ? અલ્પજ્ઞ જીવોને ઉપાસનામાં જોડવા માટે સાકાર, ઇંદ્રિયગોચર અને દૃશ્ય પદાર્થોની જ આવશ્યકતા રહેવાની છે.

વળી કોઇ એમ પણ કહે એ સંભવિત છે કે–

" અમે ઈશ્વર કે ઈશ્વરના નિરાકાર ગુણોની મનો-મંદિરમાં માનસિક કલ્પના કરીને ઉપાસના કરી લઇશું, તો પછી પાષાણમય મંદિર–મૂર્તિની શું જરૂર છે ? "

પણ આમ કહેવું, એ પણ એક અજ્ઞાન છે. મનો-મંદિરમાં નિરાકાર ઇશ્વરની કલ્પના સાકાર જ બનવાની. જેમ કે–અષ્ટ મહાપ્રાતિહાર્યથી વિભૂષિત, કેવલજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયથી યુક્ત, સમવસરણમાં વિરાજમાન ભગવાન જિનેશ્વર મહારાજની ધર્મદેશના વખતની અવસ્થા. એ અવસ્થાની કલ્પના નિરાકાર નહિ પણ સાકાર છે. મંદિર અને મૂર્તિને માનવાવાળા પણ, આ કલ્પનાને જ મૂર્તસ્વરૂપ આપીને ઉપાસના કરે છે. કલ્પના કરીને કે સાક્ષાત્ મૂર્તિ બનાવીને ઉપાસના કરો,–બંનેનું ધ્યેય એક જ છે. એટલું અંતર અવશ્ય છે કે–કાલ્પનિક મનો-મંદિર ક્ષણવિધ્વંસી છે અને સાક્ષાત્ મંદિર તથા મૂર્તિ ચિરસ્થાયી છે. સર્વશ્રેષ્ઠ તો તે છે કે–ચિરસ્થાયી દૃશ્ય મંદિરોમાં જઈને ભગવાનની શાંત મુદ્રાએ યુક્ત મૂર્તિની ભક્તિભાવપૂર્વક પૂજા–અર્ચા કરીને આત્મકલ્યાણ કરવું, પરંતુ ક્ષણવિધ્વંસી કાલ્પનિક અને અદૃશ્ય મૂર્તિ માત્રથી સંતોષ માનવો નહિ : કારણ કે–એવા સંતોષમાં સ્પષ્ટપણે ભક્તિની ખામી જ રહેલી હોય છે.

મૂર્તિનું શુભાવહ આલંબન :

આટલા વિવેચનથી એ સ્પષ્ટ થશે કે–જેટલી પ્રાચીનતા સંસારના ઇતિહાસની છે, તેટલી જ પ્રાચીનતા

મૂર્તિપૂજાની છે. તેથી જ સંસારના ઇતિહાસની સાથે જ સંસારી જીવોના કલ્યાણને માટે પરમ આવશ્યક મૂર્તિ-પૂજાનો ઇતિહાસ પણ પ્રાપ્ત થાય છે. જીવોનું કલ્યાણ અને મૂર્તિની પૂજા,–એ બન્નેને આપસમાં ઘનિષ્ટ સંબંધ છે. પરમ પુરુષોની મૂર્તિઓના શુભાવહ આલંબનથી સંસારી આત્માઓની પાપવાસનાઓ મંદ પડે છે, વિષય–કષાયનું જોર ઘટે છે, આરંભ–પરિગ્રહના ત્યાગની ભાવના જન્મે છે, સન્માર્ગની અભિમુખતા કાયમી બને છે અને હંમેશાં ઉચ્ચ ગુણોનો આદર્શ મળતો રહે છે.

મૂર્તિપૂજાનો વિરોધ કેમ ઉત્પન્ન થયો–
તેનો ટૂંક ઈતિહાસ :

મૂર્તિપૂજા પ્રાચીન તથા કલ્યાણકર હોવા છતાં, તેનો વિરોધ ક્યારથી, કોનાથી અને કયા કારણથી ઉત્પન્ન થયો છે,–તેનો ઇતિહાસ જાણવો પણ જરૂરી છે. વિશ્વાસપાત્ર હકીકતોથી એ સિદ્ધ થાય છે કે– વિક્રમની ૭ મી શતાબ્દિ પહેલાં સમસ્ત સંસાર મૂર્તિ-પૂજાનો ઉપાસક હતો. સૌથી પ્રથમ લગભગ ૧૩૦૦ થી ૧૪૦૦ વર્ષ પહેલાં મૂર્તિપૂજાની વિરુદ્ધ ઘોષણા **અરબસ્તાનમાં મહમ્મદ પેગમ્બરે** કરી હતી. મૂર્તિ-પૂજાના નામે અત્યાચાર ઘણા વધી ગએલા જોઇને, **પેગમ્બર મોહમ્મદ** શાહથી તે વખતે એક તદ્દન અવિચારી પગલું ભરાયું હતું. માથા ઉપર વાળ વધી જવાના કારણે માથાને જ કાપી નાખવાની ક્રિયા જેટલી અઘટિત, તેટલું જ અઘટિત અત્યાચારના વિરોધના બદલે

મૂર્તિપૂજાનો વિરોધ કરવો તે હતું. પેગમ્બર મહમ્મદ શાહે તે વિરોધ કોઈ પણ પ્રમાણો દ્વારાએ નહિ, કિન્તુ તલવારના બળ ઉપર કર્યો. કેવળ આર્ય પ્રજામાં જ નહિ, પણ પાશ્ચાત્ય પ્રદેશોમાં પણ મૂર્તિપૂજાનો મોટો પ્રચાર હતો, એમ ઐતિહાસિક પુરાવાઓ સિદ્ધ કરે છે. **ઑસ્ટ્રીયામાં** ભગવાન **મહાવીરની** મૂર્તિ, **અમેરીકામાં** તામ્રમય સિદ્ધચક્રનો ગટ્ટો, **મંગોલીયા** પ્રાંતમાં અનેક ભગ્નમૂર્તિઓના અવશેષો અને **મક્કા મદિનામાં** જૈન મંદિર જે હાલ ત્યાંથી ફેરવવામાં આવ્યું છે—એ વિગેરે મૂર્તિપૂજાના પૂરાવા છે. વ્યક્તિગત કોઈ મૂર્તિપૂજા ન માને—એ વાત અલગ છે, પરન્તુ પૃથ્વી—પર્યટન કરવાવાલાઓથી એ વાત અજાણી નથી કે—આજે પણ, મૂર્તિપૂજાના પ્રચાર વિનાનો કોઈ પણ પ્રદેશ, જગતભરમાં શોધ્યો ય જડતો નથી.

મુસ્લીમ મતની ઉત્પત્તિ બાદ મુસલમાનોએ ભારતવર્ષ ઉપર અનેક આક્રમણો કર્યાં છે અને ધર્માંધતાના કારણે આર્યદેશનાં આદર્શ મંદિર—મૂર્તિઓને અને શિલ્પકળાઓને તોડી—ફોડી નાખી છે : તો પણ ૧૫ મી સદી સુધી ભારતવર્ષની આર્ય પ્રજા ઉપર મુસ્લીમ સંસ્કૃતિનો થોડો પણ પ્રભાવ પડ્યો નહોતો. વિક્રમની ૧૩ મી શતાબ્દિમાં દિલ્હી ઉપર મુસ્લીમ સત્તાની હકુમત થઈ. સત્તાના મદમાં આવીને તેઓ તલવારના પશુબળથી અનેક ભદ્રિક અને અજ્ઞાન લોકોને હિંદુ ધર્મથી ભ્રષ્ટ કરવા લાગ્યા. તોપણ તેમને સંપૂર્ણ સફળતા મળી નહિ. થોડા—ઘણા જે વિધર્મી થયા, તે પણ અધિકાંશ સ્વાર્થી અને ધર્મથી

અનભિજ્ઞ લોકો હતા. તેવા વિકટ સમયે પણ ભારતીય ધર્મવીરો ઉપર અનાર્ય સંસ્કૃતિનો કાંઈ પણ પ્રભાવ પડ્યો નહિ. વિક્રમની ૧૪ મી સદીમાં **દિલ્હી** ઉપરાંત **માલવા** અને **ગુજરાત**ની ભૂમિ ઉપર મુસ્લીમોની સત્તા કાયમી બની અને ત્યાંની શિલ્પકળા અને મંદિરોનો તેઓએ નાશ કર્યો, વિધર્મી નહિ બનનારાઓના ધનમાલ લૂંટી લીધા અને દેહાંત દંડની સજાઓ કરી. ત્યાં સુધી પણ ધર્મવીરો ઉપર અનાર્ય સંસ્કૃતિની જરા પણ અસર થઈ નહિ. ઉલ્ટું, પ્રતિસ્પર્ધાના કારણે ધર્મ અને મૂર્તિપૂજા ઉપરનો વિશ્વાસ અને ભક્તિભાવ વધતાં ગયાં. શીલા-લેખોથી એ માલમ પડે છે કે-તેવા કટોકટીના સમયે પણ, પૂર્વ મંદિરો કરતાં નવીન મંદિરો અધિક સંખ્યામાં થયાં. દાખલા તરીકે વિ. સં. ૧૩૬૯ માં મુસલમાનોએ **શત્રુંજય**નાં તમામ મંદિરોનો નાશ કર્યો અને **૧૩૭૧** માં શ્રેષ્ઠિ **સમરસિંહે** ક્રોડો દ્રવ્યોનો વ્યય કરીને ફેર પાછાં **શત્રુંજય** ઉપર સ્વર્ગવિમાન સદૃશ મંદિરો બંધાવી લીધાં.

વિક્રમની ૧૬ મી સદી ભારતવર્ષને માટે મહાદુઃખ અને ભયંકર કલંક સમાન નિવડી. અનાર્ય સંસ્કૃતિની દોષિત અસર અનેક વ્યક્તિ ઉપર પડી ચૂકી હતી. અનેક અજ્ઞાન વ્યક્તિઓએ અનાર્ય સંસ્કૃતિનું અંધ અનુકરણ કરીને, કાંઈ પણ સમજ્યા અને વિચાર્યા વિના જ આર્ય મંદિર અને મૂર્તિઓ તરફ ક્રૂર દૃષ્ટિથી જોવું શરૂ કર્યું હતું. શ્વેતાંબર જૈનોમાં **લોંકાશા**, દિગમ્બર જૈનોમાં **તારણસ્વામી**, શિખોમાં **ગુરુ નાનક**, જુલ્હાઓમાં **કબીર**, વૈષ્ણવોમાં **રામચરણ** અને અંગ્રેજોમાં **માર્ટિન**

લ્યૂથર વિગેરે વ્યક્તિઓએ, કાંઈ પણ સમજ્યા અને વિચાર્યા વિના જ, સંસ્કૃતિના આધારસ્તંભ રૂપ મંદિર અને મૂર્તિઓની વિરુદ્ધ ઘોષણાઓ શરૂ કરી દીધી હતી. 'ઈશ્વરની ઉપાસના માટે આ જડ પદાર્થોની કાંઈ પણ આવશ્યકતા નથી.'–એમ જાહેર કરીને, મૂર્તિઓ દ્વારાએ પોતાના ઈષ્ટ દેવોની ઉપાસના કરનારાઓને તેઓએ આત્મકલ્યાણના માર્ગથી છોડાવી દીધા હતા.

પણ શ્વેતાંબર જૈનોને તો **લોંકાશા** સાથે સંબંધ છે. **લોંકાશાના** જીવન માટે ભિન્ન ભિન્ન લેખકોના ભિન્ન ભિન્ન ઉલ્લેખો મળે છે. પરંતુ **લોંકાશાનું** જૈન સાધુ દ્વારાએ અપમાન થયું, એ વિષયમાં બધા સહમત છે. એક બાજુ એનું અપમાન અને બીજી બાજુ મુસ્લીમોનો સહયોગ, **લોંકાશાને** કર્તવ્યભ્રષ્ટ કરનારો થયો. વિ. સં. ૧૫૪૪ ની આસપાસ થએલા ઉપાધ્યાય **કમળસંયમી** સિદ્ધાંત ચોપાઇમાં લખે છે કે–**પીરોજખાન** નામનો બાદશાહ દહેરાં અને પૌષધશાલાને પાડી નાખીને જિનમતને પીડા આપતો હતો. દુઃષમ કાલના પ્રભાવે **લોંકાશાને**, તાવની સાથે જેમ માથું દુઃખવામાં આવે તેમ, તેનો સંયોગ મળી ગયો. આવેશમાં અંધ બનેલો મનુષ્ય કયું કયું અકૃત્ય કરતો નથી? એ વિષયમાં **જમાલિ** અને **ગોશાલાનું** દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. ક્રોધાવેશમાં આવેલો **લોંકાશા**, મુસલમાન **સૈયદોનાં** વચનો ઉપર વિશ્વાસ મૂકી, પોતાના ધર્મથી પતિત થયો. તે પહેલાં **લોંકાશા** ત્રિકાલ શ્રી જિનપૂજા કરતો હતો–એવા ઉલ્લેખો મળી આવે છે : પરંતુ સાધુઓ દ્વારા અપમાનિત થયા

પછી સૈયદનો સંયોગ મળી ગયો અને અગ્નિમાં ઘી નાખવાની જેમ, **સૈયદે** તેની પાસેથી મંદિર અને મૂર્તિઓ છોડાવી દીધાં. ત્યારથી તે પૂજા કરવાની ક્રિયાને નિરર્થક માનવા લાગ્યો. **સૈયદે** તેને કહ્યું કે-'ઇશ્વર તો મુક્તિમાં છે અને નાપાકીથી દૂર છે, તો તેને માટે મૂર્તિઓની, મંદિરોની અને સ્નાન-વિલેપનની શી જરૂર છે?' **લોંકાશાને** આ વાત સોળે સોળ આના સાચી લાગી.

મિથ્યાત્વના ઉદયથી આવી જુઠ્ઠી વાતો પણ કેટલીક વાર હૃદયમાં સ્થિર થઇ જાય છે અને પછી તેની આગળ અનેક યુક્તિ, આગમ કે ઇતિહાસ આદિનાં પ્રમાણો ધરવામાં આવે, તો પણ તે ઉખડતી નથી. અને એ જ કારણે, જેમ અનેક નવા પંથો અને મતો પણ નીકળે છે તેમ, **લોંકાશાએ** પણ પોતાનો મત ઉભો કર્યો.

લોંકાશાએ કેવળ એક મૂર્તિપૂજાનો જ વિરોધ કર્યો છે-એમ નહિ, પણ જૈન આગમ, જૈન સંસ્કૃતિ, સામાયિક, પોસહ, પડિક્કમણુ, દાન, દેવપૂજા અને પ્રત્યાખ્યાન વિગેરેનો પણ વિરોધ કર્યો છે. અંતિમ અવસ્થામાં તેને પોતાનાં દુષ્કૃત્યોનો પશ્ચાત્તાપ પણ થયો છે. એ વાતની સાબીતી એ છે કે-જે બત્રીસ સૂત્રો તેણે માન્ય રાખ્યાં છે, તેમાં સામાયિક-પોસહ-પડિક્કમણુ આદિની વાત નહિ હોવા છતાં, એ ક્રિયાઓને તેણે સાદર સ્થાન આપ્યું છે અને દાન દેવાની પણ પછીથી છૂટ આપી છે. તથા તેની પછી **મેઘજી ઋષિ** વિગેરેએ તે મતનો સદંતર ત્યાગ કરી ફરીથી જૈનદીક્ષા સ્વીકારી છે અને તેઓ મૂર્તિ-

પૂજાના સમર્થક અને પ્રચારક બન્યા છે. લોંકાગચ્છીય આચાર્યોએ મંદિર અને મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી છે તથા પોતાના ઉપાશ્રયમાં પણ પ્રતિમાઓ સ્થાપન કરીને મૂર્તિઓની ઉપાસના કરી છે. લોંકાગચ્છનો એક પણ ઉપાશ્રય એવો ન હતો, કે જ્યાં શ્રી વીતરાગ પ્રભુની મૂર્તિ ન હોય. પરંતુ વિક્રમની ૧૮મી સદીમાં યતિ **ધર્મસિંહ** અને **લવજી ઋષિ**–એ બેએ **લોંકાગચ્છથી** અલગ થઇને, ફેર મૂર્તિ સામે બળવો ઉઠાવ્યો. **લોંકાગચ્છના** શ્રીપૂજ્યોએ તે બન્નેને ગચ્છ બહાર પણ કરી દીધા : પરન્તુ તે બન્નેએ પ્રચારવા માંડેલો મત ચાલ્યો. તે બન્નેએ ફેલાવેલા નવા મતને " **ઢૂંઢક મત** "નું ઉપનામ મળ્યું. એ સંપ્રદાયનું બીજું નામ " સાધુમાર્ગી " અથવા " સ્થાનકવાસી " પડ્યું. આ **ઢૂંઢીયા** અને **લોંકાશાના** અનુયાયિઓમાં ક્રિયા અને શ્રદ્ધામાં દિન–રાત જેવું અંતર છે. સ્થાનકમાર્ગિઓ યાને ઢૂંઢીયાઓ **લવજી** ઋષિના અનુયાયી છે.

સ્થાનકવાસી સમાજની ઉત્પત્તિનો આ સંક્ષિપ્ત ઇતિહાસ છે. આજે તેઓમાંના પણ ઘણાઓ, મૂર્તિપૂજાની આવશ્યકતાને અને હિતકારિતાને કબૂલ કરવા લાગ્યા છે.

આ રીતે મૂર્તિપૂજાનું અસ્તિત્વ સનાતન કાળનું છે. સઘળા સુવિહીત આચાર્યોએ તે વિધાનને આદર આપી જૈનસમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે.

મૂર્તિપૂજાના વિરોધિઓ પણ–
મૂર્તિપૂજાને માને છે તેના દાખલા :

મૂર્તિપૂજામાં સૌથી પ્રથમ વિરોધી **મહમ્મદ** છે. પરંતુ

તેના અનુયાયિઓ પણ પોતાની મસ્જીદોમાં **પીરોની** આકૃતિઓ બનાવી પુષ્પ–ધૂપાદિથી પૂજે છે, તાજીયા બનાવી તેની સામે રોવા–પીટવાનું કામ કરે છે તથા યાત્રાર્થે **મક્કા મદીના** જઇને, ત્યાં એક કાળા પત્થરને ચૂંબન કરે છે અને તેથી પાપનો નાશ થયો એમ માને છે.

મૂર્તિપૂજા નહિ માનવાવાળા **ઇસાઇઓ** શૂલી પર લટકતી **ઇમામસિંહ**ની મૂર્તિ અને + (ક્રોસ) સ્થાપિત કરી, પોતાના ચર્ચમાં તેને પૂજ્યભાવથી જૂએ છે. દ્રવ્ય-ભાવથી પૂજા કરે છે અને પુષ્પહાર ચઢાવે છે.

કબીર, નાનક, રામચરણ આદિ મૂર્તિવિરોધિઓના અનુયાયિઓ પોતપોતાના પૂજ્ય પુરુષોની સમાધિઓ બનાવીને પૂજે છે. સમાધિઓના દર્શન માટે ભક્ત વર્ગ દૂર–દૂરથી આવે છે અને પુષ્પાદિ પદાર્થો ચઢાવીને પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે.

સ્થાનકવાસી વર્ગ પોતાના પૂજ્યોની સમાધિ, પાદુકા, મૂર્તિ, ચિત્ર, ફોટાઓ બનાવીને ઉપાસના કરે છે. દર્શન માટે દૂર–દૂરથી આવે છે અને દર્શન આદિ કરી પોતાને કૃતકૃત્ય માને છે.

કોઇ પણ પંથ, મત, સંપ્રદાય, જાતિ, ધર્મ, વ્યક્તિ, મૂર્તિપૂજાથી વંચિત નથી. મૂર્તિપૂજકોએ સંસારનો જેટલો ઉપકાર કર્યો છે તેટલો વિરોધકોએ અપકાર કર્યો છે. મૂર્તિ, એ આત્મકલ્યાણકર હોઇને સંસારના સમગ્ર જીવોની સાચી ઉન્નતિનું સાધન છે. તેનો વિરોધ આત્મ–અહિતનું અને સમસ્ત સંસારના અધઃપતનનું પ્રધાન કારણ છે.

પ્રતિમા-પૂજન

પ્રકરણ ૩ જું

પ્રતિમા-પૂજનની શાશ્વતતા

આત્મકલ્યાણનું અગત્યનું અંગ :

"नामाकृतिद्रव्यभावैः, पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मि-न्नर्हतः समुपास्महे ॥१॥"

આ સુરમ્ય પદ્યરત્નમાં પરમ ઉપકારી, કલિકાલ-સર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

"સર્વ કાલમાં અને સર્વ ક્ષેત્રમાં 'નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ'-એ ચારે સ્વરૂપ વડે ત્રણે જગતના જનોને પવિત્ર કરનારા શ્રી અરિહંતોની અમે ઉપાસના કરીએ છીએ."

ઉપર્યુક્ત પદ્યમાંથી એ ભાવ નીકળે છે કે-શ્રી અરિહંત ભગવંતોની મૂર્તિઓ અને તેની પૂજા આજ-કાલની નથી, પરંતુ સદાની છે. શ્રી અરિહંતોના ચારે નિક્ષેપાઓ

ઉપાસ્ય છે. આ ચારમાંથી એક પણ નિક્ષેપાની અવગણના, એ સમ્યક્ત્વની પ્રાપ્તિને રોકનાર અને પ્રાપ્ત સમ્યક્ત્વનો નાશ કરનાર છે. કોઈ પણ કાળ એવો નથી, કે જેમાં મૂર્તિપૂજાનું અસ્તિત્વ ન હોય અને કોઈ પણ ક્ષેત્ર એવું નથી, કે જેમાં શ્રી અરિહંતદેવોની મૂર્તિઓ તેના ઉપાસકોને પવિત્ર કરતી ન હોય. મૂર્તિપૂજા આત્મકલ્યાણનું એક અગત્યનું અંગ છે. અધિકાર અને યોગ્યતા પ્રમાણે, સાધુઓ તેમજ શ્રાવકો માટે, શ્રી અરિહંત પરમાત્માઓની ભાવપૂજા તથા દ્રવ્યપૂજા નિરંતર આવશ્યક છે. એનો અમલ નહિ કરનાર સાધુ તથા શ્રાવકને શાસ્ત્રકારોએ પ્રાયશ્ચિત્તના ભાગી જણાવેલ છે.

તીર્થ હોય ત્યાં પૂજા હોય જ :

ભરત અને ઐરવત ક્ષેત્રમાં દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં એકેક ચોવીસી થાય છે. દરેક ચોવીસીમાં ચોવીસ ચોવીસ તીર્થંકરો થાય છે. એવી અનંતી ચોવીસીઓ અતીત કાળે થઈ ગઈ અને અનાગત કાળે થશે. મહાવિદેહ ક્ષેત્રમાં તો શ્રી તીર્થંકરોનો વિરહ જ નથી. એટલે જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં તે પરમોપકારી તીર્થપતિઓનું તારક તીર્થ પ્રવર્તતું હોય, ત્યારે ત્યારે અને ત્યાં ત્યાં શ્રી જિનનાં મંદિરો અને શ્રી જિનની મૂર્તિઓ અને તેની ઉપાસનાનું અસ્તિત્વ કાયમનું જ છે : કારણ કે—શ્રી જિનેશ્વરદેવોના પવિત્ર માર્ગમાં શ્રી જિનેશ્વરદેવોની પૂજા, એ સમ્યક્ત્વશુદ્ધિનું એક પરમ અંગ અને આત્મોન્નતિનું અદ્વિતીય સાધન મનાયેલું છે.

શ્રી તીર્થંકરદેવોનો ઉપકાર :

શ્રી તીર્થંકરદેવોનો જગત્ ઉપર અનહદ ઉપકાર છે. સમસ્ત વિશ્વનું ભલું કરવાની સર્વોત્તમ ભાવનામાંથી શ્રી તીર્થંકરપદનો જન્મ થયેલો હોય છે. તે માટે તેઓએ અનેક ભવોથી શુભ પ્રયત્ન કરી ત્રીજા ભવમાં જિન–નામ-કર્મની નીકાચના કરી હોય છે. છેલ્લા ભવમાં તે વિશ્વ-વંદ્ય પુણ્યકર્મનો ઉપભોગ કરતી વખતે, વિશ્વના સમસ્ત જંતુઓને હિતકારી ધર્મતીર્થની તેઓ સ્થાપના કરે છે. એ તીર્થના પ્રભાવે સમસ્ત ધર્મકર્મની સુવ્યવસ્થા વિશ્વમાં પ્રવર્તે છે. સંસારસાગરથી ભવ્ય આત્માઓને નિસ્તાર પમાડવાને માટે એ તીર્થ સમર્થ હોય છે : કેમ કે–તે જીવાદિ પદાર્થસાર્થનું નિરૂપક હોય છે, અત્યન્ત અનવદ્ય હોય છે અને અન્ય અવિજ્ઞાત ચરણ–કરણ આદિ ક્રિયા-ઓનો આધાર હોય છે. મહા સત્ત્વશાળી પ્રાજ્ઞ પુરુષોનું તે આશ્રયસ્થાન હોય છે. અવિસંવાદી, અચિન્ત્ય શક્તિ-યુક્ત અને તેનો જે કોઈ આશ્રય લે તેને આ ભયાનક ભવોદધિથી તારવાને સમર્થ હોય છે. દ્વાદશાંગી, તેનો આધાર ચતુર્વિધ શ્રીસંઘ અને તેના આદ્ય રચયિતા શ્રી ગણધરદેવો, એ તીર્થ કહેવાય છે. એ તીર્થના આદ્ય પ્રકાશક અને આદ્ય સ્થાપક શ્રી તીર્થંકરદેવો હોય છે. જૈન ધર્મની પ્રતિષ્ઠા જગતમાં વિસ્તરેલી હોય, તો તેમાં મૂળ કારણભૂત શ્રી તીર્થંકરદેવો અને તેમના જીવનની વિશિષ્ટતા જ છે. વસ્તુતઃ તો, શ્રી તીર્થંકરદેવોનું સર્વોચ્ચ જીવન, એ જ જૈન ધર્મની મહાન પુંજી છે. જૈન ધર્મના ટકાવની મજબૂત જડ કોઈ પણ હોય, તો તે પણ તે જ છે. ક્યારેક સર્વનાશ

જેવું થઈ જાય, તો પણુ તે શ્રી તીર્થંકરદેવોના સર્વોચ્ચ જીવનનો આદર્શ જ્યાં સુધી જગતમાં રહેલ છે, ત્યાં સુધી ફરીથી ધર્મજાગૃતિ આવતાં વાર લાગતી નથી. જૈન ધર્મની સર્વોપરિતા અને દૃઢમૂલતા થવાનું મૂખ્ય કારણુ શ્રી તીર્થંકરદેવોનાં સર્વોચ્ચ જીવનો જ છે અને એ જ કારણે જૈનો પોતાની સર્વ પ્રવૃત્તિઓમાં શ્રી તીર્થંકરદેવોના જીવનને જ વધારે પ્રધાન અને ઉચ્ચ સ્થાન આપે છે. શ્રી તીર્થંકરોની પૂજ્યતા–તેમની વિદ્વત્તા, રાજ્યસત્તા કે રૂપરંગાદિને આભારી નથી, કિન્તુ તેમના શ્રી તીર્થંકર-પણાને આભારી છે: અને એટલા જ માટે જૈન શાસ્ત્ર-કારોએ શ્રી તીર્થંકરોની લગ્ન, રાજ્ય, યુદ્ધ, લીલા કે ક્રીડાદિ ઘટનાઓને ઉપાદેય તરીકે આગળ કરી નથી: કિંતુ ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળ અને મોક્ષ અવસ્થા-ઓને આગળ કરી તેની જ ઉપાસના ફરમાવી છે.

મહિમાવંતું જીવન :

જગતમાં એકથી ચઢીયાતો બીજો મનુષ્ય મળી જ રહે છે. કોઇ રૂપમાં, કોઇ ગુણુમાં, કોઈ જાતિ કે કોઇ કુળમાં, કોઈ બુદ્ધિ કે શાસ્ત્રમાં, કોઈ કળા કે કૌશલ્યમાં, કોઈ ઋદ્ધિ કે સમૃદ્ધિમાં અને કોઈ લાભ કે ખ્યાતિમાં! તે સર્વનો ગર્વ, મદ, અહંકાર કે અભિમાન ઉતારનાર કોઈ પણુ હોય, તો તે શ્રી તીર્થંકરદેવોનું જીવન જ છે. ક્રોધ, રોષ, ઇર્ષ્યા કે અદેખાઇ, માયા કે દંભ, અનીતિ કે અના-ચારાદિ દોષોને રોકવાની આ જગતમાં સત્ય પ્રેરણા કોઈ પણુ સ્થાનેથી મેળવી શકાતી હોય, તો તે પણુ

શ્રી તીર્થંકરદેવોનાં જીવનોમાંથી જ મેળવી શકાય છે. શ્રી તીર્થંકરદેવોનું આદર્શ જીવન બીજાઓમાં રહેલા એ સઘળા દોષો અને વિકારોને ખૂલ્લા પાડે છે ને યોગ્ય આત્માઓના તે દોષોને વધતા અટકાવે છે તથા શમાવી પણ દે છે. આ જગતમાં જે કાંઈ સારભાગ, ઉજ્વળતા કે પવિત્રતાદિ દેખાય છે, તે સર્વે પ્રતાપ સીધી રીતિએ કે આડકતરી રીતિએ શ્રી તીર્થંકરદેવોનાં અતિ ઉજ્જવળ અને પવિત્ર જીવનોનો જ છે. તે તારકોના જીવનની ભવ્યતા, અસંખ્ય આત્માઓને પોતપોતાના વિકાસસ્થાન પરથી આગળ વધવામાં, અનાયાસે પણ સબળ નિમિત્ત રૂપ થયા સિવાય રહેતી નથી.

ગુણજ્ઞ ભક્તોની ભાવના:

સર્વ જીવોના વિકાસમાં સવ કાળે એક સરખી રીતે ઉપકારક શ્રી તીર્થંકરદેવોનો ઉપકાર સ્મૃતિપટ પર તાજો રહ્યા કરે, વિસરાઈ ન જાય, એ કારણે તેઓશ્રીની વિદ્યમાનતામાં કે અવિદ્યમાનતામાં, તેઓશ્રી પ્રત્યેની સન્મુખવૃત્તિ ટકાવી રાખવા માટે, પ્રતિમા અને ચૈત્યો દ્વારાએ ભક્તિ કરવાની પ્રથા વિવેકી વર્ગમાં સદાકાળ હોય, એમાં લેશ માત્ર નવાઈ નથી. જગત ઉપરના તેઓના મહાન ઉપકારો સમજદાર આત્માઓને બળાત્કારે તેમ કરવા પ્રેરે છે. એ ઉપકારને સમજનારાઓ તેમની પ્રતિમાનાં દર્શન કર્યા વિના અન્ન કે જળને પણ લેતા નથી. આખો દિવસ દર્શન ન થાય તો ઉપવાસ કરે છે. હંમેશાં ત્રિકાળ દર્શન અને સાત વાર ચૈત્યવંદન

કરવા ફરજીયાત પ્રતિજ્ઞા ધારણ કરે છે. શ્રી તીર્થંકરો તરફની આ મહતી પૂજ્યભાવનાના બળના પરિણામે ઠેર ઠેર મોટાં મોટાં મંદિરો સ્થાપિત થાય છે અને તેમાં સંખ્યાબંધ મૂર્તિઓ પ્રતિષ્ઠિત થાય છે. મોટાં શહેરો, કલ્યાણકસ્થળો અને બીજાં પણ મહત્ત્વનાં કે સામાન્ય સ્થળોમાં સંખ્યાબંધ મંદિરો અને પ્રતિમાઓ અસ્તિત્વમાં આવે છે. વિવેકી આત્માઓ સમસ્ત પૃથ્વી શ્રી જિન-મંદિરોથી મંડિત થઈ જાય, એવી સુભગ પળની હૃદયમાં હંમેશાં ઝંખના કર્યા કરે છે. આધુનિક સંસ્કૃતિના પૂજકને દુનિયાના પ્રત્યેક સ્થળે અને ગામડે ગામડે હાઈસ્કૂલ, હોસ્પીટલ કે પૉસ્ટ ઑફિસ આદિ સ્થાપવાની અને દાખલ કરવાની મહત્ત્વાકાંક્ષા હોય છે. તેના કરતાં કેઈ ગુણી મહત્ત્વાકાંક્ષા, શ્રી તીર્થંકરદેવોના સર્વોચ્ચ ગુણોને પીછાણ-નાર આત્માઓને,તેઓશ્રીની સ્મૃતિ તાજી રાખનાર મંદિરો અને મૂર્ત્તિઓનું સર્વત્ર પ્રતિષ્ઠાપન કરવાની હોય છે.

માનનું વલણ જાગૃત કરવા:

શ્રી તીર્થંકરના દર્શનથી પ્રજા વંચિત ન રહે, એ માટે મોટાં મોટાં તીર્થો બાંધવામાં આવે છે. મોટાં મોટાં યાત્રાગમનો, સમારંભો, ચૈત્યો, રથોત્સવો, મહાપૂજાઓ અને એવી બીજી ઘણી ઉત્સાહજનક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે અને એ કરીને પોતાનું તથા પ્રજાનું શ્રી તીર્થંકરો તરફના માનનું વલણ જાગ્રત કરવા તથા જારી રાખવા પ્રયત્નો કરવામાં આવે છે. શ્રી તીર્થંકરોના ગુણોના જ્ઞાતા-ઓથી આમ કર્યા સિવાય રહી શકાતું જ નથી. ગમે તેવી

પ્રવૃત્તિમાં પડેલો માણુસ પણ, એ વાજીંત્રોના પડઘાઓમાંથી માથું ઉંચું કર્યા સિવાય રહી શકતો નથી. તેથી જાણ્યે-અજાણ્યે પણ આત્મિક ઉન્નતિને લાયકનાં બીજારોપણો તેના આત્મામાં પડી જાય છે. તે બીજો પલ્લવિત થઇને આગળ ઉપર મોટું સ્વરૂપ પકડી લે છે.

શ્રી જિનમંદિરોની કલ્યાણકરતા:

શ્રી જિનમંદિરો, મૂર્તિઓ અને તેની પૂજાના મહોત્સવો આત્મોન્નતિ અને આત્મવિકાસનાં અનન્ય સાધનો છે: ધાર્મિક જીવનનાં લક્ષ્યબિંદુઓ છે: ત્રિકાળ બીનહરિફ ઉત્તમોત્તમ કર્તવ્યો છે: કારણ કે—નાની કે મોટી ધાર્મિક પ્રવૃત્તિઓ, સીધી કે આડકતરી રીતિએ ત્યાંથી જ ઉદ્ભવે છે. શ્રી જિનમંદિરનો મહિમા વર્ણવતાં, એક વિદ્વાન પંડિતે ખરૂં જ કહ્યું છે કે—

"શ્રી જિનમંદિરો, એ વિકાસમાર્ગને અનભિમુખ પ્રાણિને અભિમુખ બનવા માટે અગમ્ય ઉપદેશવાણી ઉચ્ચારતાં મૂંગાં પુસ્તકો છે: ભૂલા પડેલા ભવાટવીના મુસાફરોને માર્ગ બતાવવા માટે દીવાદાંડીઓ છે: આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી બળ્યા—ઝળ્યા આત્માઓને વિશ્રાંતિ લેવાનાં આશ્રયસ્થાનો છે: કર્મ અને મોહના હુમલાઓથી ઘવાયેલાં દીલોને રૂઝ લાવવા માટે સંરોહિણી ઔષધિઓ છે: આપત્તિ રૂપી પહાડી લેખડો અને ભાંખરાંઓમાં ઘટાદાર છાયા—તરૂઓ છે. દુઃખ રૂપી સળગતા દાવાનળમાં શીતળ હિમકૂટો છે: ભવ રૂપી ખારા સાગરમાં મીઠી વીયડીઓ છે: સંતોના જીવન—પ્રાણ છે:

દુર્જનોને અમોઘ શાસન છે : ભૂતકાળની પવિત્ર યાદ છે : વર્તમાનકાળનાં આત્મિક વિલાસભુવનો છે : ભાવિકાળનાં ભાથાં છે : સ્વર્ગની સીડીઓ છે : મોક્ષના સ્થંભો છે : નરકના માર્ગમાં દુર્ગમ પહાડો છે : અને તિર્યંચગતિનાં દ્વારોની આડે મજબૂત અર્ગલાઓ છે. ”

ભક્તિ પાછળ રહસ્ય :

જૈનોની તીર્થંકરો પરત્વેની ભક્તિ ગાંડી-ઘેલી નથી, કિન્તુ સહેતુક, સપ્રમાણ અને સમ્યગ્જ્ઞાને યુક્ત છે. તેની પાછળ ઉંડામાં ઉંડાં આધ્યાત્મિક રહસ્યો, માનસશાસ્ત્રના સિદ્ધાંતો અને સર્વોચ્ચ નીતિ-નિયમોનું પાલન રહેલું છે. તે બધાનાં વિસ્તૃત વિવેચનો, આગમશાસ્ત્રો અને તેની સાથે સંબંધ ધરાવતા અન્ય વિશાળકાય સાહિત્યમાં, બુદ્ધિગમ્ય થાય તે રીતે વર્ણવેલાં છે.

અજ્ઞાનવશ વિરોધ :

મહાન ઉપકારી વિશ્વવંદ્ય શ્રી વીતરાગદેવની નિર્વિકાર, શાન્ત, ધ્યાનાવસ્થિત મુદ્રા જગત્પૂજ્ય છે, સર્વ દુઃખોનો નાશ કરનારી છે તથા સર્વ સુખોની પ્રાપ્તિનું પરમ નિમિત્ત છે; તો પણ આ જગત્માં તેનો જ વિરોધ કરનાર, તેની સામે યદ્વા તદ્વા પ્રલાપ કરનાર અને તેની પૂજાનાં મૂળ ઉખેડવામાં જ પોતાના જન્મની સાર્થકતા સમજનાર વર્ગ પણ હોય, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ.

એક વિદ્વાને ખરૂં જ કહ્યું છે કે-

" આ જગતમાં જ્ઞાની જેટલો ઉપકાર કરી શકે છે, તેના કરતાં અજ્ઞાની અધિક ઉપકાર કરી શકે છે. અજ્ઞાન, એ એક ભયંકર વસ્તુ છે. અજ્ઞાનના યોગે આ જગતમાં જેટલા અનર્થ થાય છે, તેટલા હિંસાદિ ક્રૂર પાપકર્મોથી પણ થઈ શકતા નથી. અજ્ઞાનનું સામ્રાજ્ય સમસ્ત જગત પર છવાએલું છે. તેની છાયા તળે રહેલા આત્મા શ્રી જિનપ્રતિમા અને તેની પૂજાનો વિરોધ ન કરે, એ બનવા જોગ નથી."

જગતમાં જ્ઞાન કરતાં અજ્ઞાન વિશેષ છે, સુયુક્તિઓ કરતાં કુયુક્તિઓ અધિક પ્રમાણમાં છે તેમજ સમ્યગ્દૃષ્ટિ અને નિરાગ્રહી આત્માઓ કરતાં મિથ્યાદૃષ્ટિ અને દુરાગ્રહી આત્માઓ સવિશેષ છે–એ વાતની પ્રતીતિ શ્રી જિનપ્રતિમા અને તેની પૂજાના વિરોધી પ્રચાર-કાર્યથી પ્રત્યક્ષ થાય છે. શ્રી જિનની પ્રતિમા, તેની પૂજા કરનારાઓને પ્રગટપણે અનેક લાભોને આપી રહેલ છે તથા સર્વ સિદ્ધાન્તવેદી સજ્જન પુરૂષોએ તેને ખરા અંતઃકરણથી ટેકો આપેલ છે, છતાં અજ્ઞાન કુવાસનાથી ગ્રસ્ત તથા આગ્રહના યોગે મદાંધ બનેલા આત્માઓએ તેનું ખંડન કરવા માટે પણ કાંઇ કમીના રાખી નથી.

પ્રતિમા અને તેની પૂજાના નિષેધકોની મૂખ્ય દલીલો બે છે : એક તો–પ્રતિમા જડ છે. અને બીજું–તેની પૂજામાં હિંસા રહેલી છે. આ બંને પ્રકારની દલીલોનો સુયુક્તિપૂર્ણ અને હૃદયંગમ જવાબ આ પુસ્તકની સાથે જોડેલી પ્રશ્નો-ત્તરીમાંથી મળી રહે છે.

આગમ માનનારે—
પંચાંગીને પણ માન્ય કરવી જ જોઇએ :

પ્રતિમાને નહિ મનનાર 'સ્થાનકવાસી' તરીકે ઓળખાતો વર્ગ પણ, અમૂક રીતિએ આગમને તો માને જ છે. પ્રતિમા, એ શ્રી વીતરાગના રૂપી આકારની સ્થાપના છે : પરંતુ આગમ, એ તો શ્રી વીતરાગના અરૂપી જ્ઞાનની અક્ષરાકારે સ્થાપના છે. શ્રી વીતરાગના સાક્ષાત્ આકારની સ્થાપનાને નહિ માનવાની હિંમત કરી શકનાર પણ, શ્રી વીતરાગના અરૂપી જ્ઞાનની અક્ષરાકાર–સ્થાપના–સ્વરૂપ આગમને નહિ માનવાની હિંમત કરી શકેલ નથી, એ વસ્તુ પણ સ્થાપનાના અપ્રતિહત પ્રભાવને જ સૂચવે છે. સ્થાનકવાસી વર્ગ પીસ્તાલીસ આગમમાંથી પોતાને ઇષ્ટ એવાં બત્રીસ આગમો અને તે પણ મૂલ માત્ર જ માને છે. તેમ માનવા છતાં, એ બત્રીસ આગમોમાં પણ સ્થાપના–નિક્ષેપની કેટલી પ્રબળ વ્યાપકતા રહેલી છે, એ સમજાવવા માટે પણ, એ કુપંથના ઉદ્ભવ પછીથી થએલા પરોપકારી શાસ્ત્રકાર–મહર્ષિઓએ ઓછો પ્રયાસ કર્યો નથી. શ્રી જિનેશ્વરદેવનો ધર્મ, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાના પાલનમાં રહેલો છે : નહિ કે–માત્ર કલ્પિત દયાના કલ્પિત પ્રકારના પાલનમાં ! જ્યાં દયા ત્યાં જિનધર્મ, એવી વ્યાખ્યા જો નિરપેક્ષ હોય તો તે અધુરી અને અસત્ય છે. જ્યાં શ્રી જિનની આજ્ઞા ત્યાં શ્રી જિનનો ધર્મ, એ સંપૂર્ણ અને સત્ય વ્યાખ્યા છે. શ્રી જિનની આજ્ઞા આગમોમાં નિબદ્ધ છે અને આગમોના અર્થ પંચાંગીયુક્ત શાસ્ત્રોમાં ગુંથાયેલા છે. સૂત્ર, નિર્યુક્તિ,

ચૂર્ણિ, ભાષ્ય અને ટીકા—એ પંચાંગી છે. એમાંના એક પણ અંગને નહિ માનનારા વસ્તુતઃ આગમોને જ અમાન્ય ઠરાવનારા છે. સૂત્રના રચનાર શ્રી ગણધર ભગવંતો છે અને અર્થના કહેનાર શ્રી અરિહંતદેવો છે. શ્રી ગણધર ભગવંતોનાં વચનોને માન્ય રાખવાં અને શ્રી અરિહંતભગવંતોના કથનને અવગણવું, એ બુદ્ધિમત્તાનું કાર્ય નથી. સૂત્ર માત્ર સૂચના રૂપ હોય છે. સૂત્રે સૂચવેલાં સૂચનો જેમાં વિસ્તારેલાં છે, તેને જ નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિ આદિ માનેલ છે. તેના રચયિતા શ્રુતકેવલીઓ, પૂર્વધરો અને અન્ય બહુશ્રુત ભવભીરૂ મહર્ષિઓ છે. તેઓ અસાધારણ ગીતાર્થો, વિદ્વાનો અને પંડિતો છે. તેમનાં વચનોને અમાન્ય કહેવાનું સાહસ કરવું, એ પ્રગટપણે ઉન્માર્ગના અનુયાયી બનવાની જાહેરાત છે.

પ્રતિમાની વન્દનીયતાના પુરાવા :

પ્રતિમાનિષેધકોએ માનેલ બત્રીસ સૂત્રો અથવા આગમોનાં નામ નીચે મુજબ છેઃ—

અગીયાર અંગ, બાર ઉપાંગ, નંદી, અનુયોગ, આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, બૃહત્કલ્પ, વ્યવહાર, નિશીથ અને દશાશ્રુતસ્કંધ.

એ બત્રીસ સૂત્રોમાં પણ ઠેર ઠેર સ્થાપના—નિક્ષેપાની સત્યતા, માનનીયતા અને વંદનીયતા દર્શાવેલી છે. તેની ટુંક હકીકત નીચે મુજબ છેઃ—

શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં પ્રત્યેક પદાર્થના ઓછામાં ઓછા 'નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ' એ ચાર

નિક્ષેપા કરવાનું ફરમાન કરેલું છે.

શ્રી **ઠાણુાંગ સૂત્ર**માં ચાર તથા દશ સત્યોનું નિરૂપણ કરવામાં આવ્યું છે અને તેમાં સ્થાપનાનો પણ સત્ય તરીકે સ્વીકાર કરવામાં આવેલ છે.

શ્રી **આવશ્યક સૂત્ર**માં ચારે નિક્ષેપાથી શ્રી અરિહંતનું ધ્યાન કરવા ફરમાવેલું છે. તેમાં ચતુર્વિંશતિસ્તવથી નામ અને દ્રવ્ય નિક્ષેપે તથા ચૈત્યસ્તવથી સ્થાપના નિક્ષેપે, શ્રી જિનની આરાધના દર્શાવી છે.

શ્રી **ભગવતી સૂત્ર**ની આદિમાં જ્ઞાનની સ્થાપના તરીકે શ્રી બંભી લિપિને શ્રી ગણધરદેવોએ નમસ્કાર કર્યો છે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં સ્ત્રીનું ચિત્રામણ જોવાની સાધુને મનાઇ કરીને, સ્થાપનાની શુભાશુભ અસરનું સ્પષ્ટપણે પ્રતિપાદન કરેલું છે.

શ્રી **ભગવતી**સૂત્રના વીસમા શતકના નવમા ઉદ્દેશામાં લબ્ધિધર ચારણ મુનિઓએ શાશ્વત અને અશાશ્વત એવી શ્રી જિનપ્રતિમાઓની કરેલી વંદનાનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

શ્રી **સમવાયાંગ** સૂત્રમાં ચારણ મુનિ શ્રી **નંદીશ્વર** દ્વીપે ચૈત્યવંદના માટે જાય છે, ત્યારે સત્તર હજાર યોજન ઉર્ધ્વપણે ગતિ કરે છે, તેવું સ્પષ્ટ વર્ણન છે.

પ્રતિમાની પૂજનીયતાના પુરાવા :

શ્રી જિનપ્રતિમા જેમ વંદનીય છે તેમ પૂજનીય

પણ છે, એ માટે એ જ બત્રીસ સૂત્રોમાં નીચે પ્રમાણેનાં પ્રમાણો મોજૂદ છે:–

શ્રી **રાયપસેણી** સૂત્રમાં શ્રી **સૂર્યાભ** દેવે કરેલી પૂજાનું વિસ્તૃત વર્ણન છે. શ્રી **સૂર્યાભ દેવતા** પરમ સમ્યગ્દૃષ્ટિ, પરિત્તસંસારી, સુલભબોધિ અને પરમ આરાધક ઇત્યાદિ છે, એમ ભગવાને સ્વમુખે કહેલું છે.

શ્રી **જ્ઞાતા** સૂત્રમાં ભવનપતિ નિકાયની દેવીઓની જિનભક્તિનાં વખાણ કરેલાં છે.

શ્રી **ભગવતી** સૂત્રમાં ઇન્દ્રાદિકે પ્રભુ સન્મુખ કરેલાં નાટકોને પ્રશંસેલાં છે.

શ્રી **જીવાભિગમ** સૂત્રમાં શ્રી **વિજય દેવે** કરેલા નાટકની પ્રશંસા કરેલી છે.

શ્રી **ઠાણાંગ** સૂત્રના ચોથા ઠાણામાં શ્રી **નંદીશ્વર** દ્વીપે ઘણાં દેવદેવીઓએ પૂજા–ભક્તિ કર્યાનાં વર્ણનો છે.

શ્રી **જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ**માં શ્રી જિનેશ્વરદેવની દાઢાઓ અને અસ્થિ, દંત પ્રમુખ અવયવો દેવતાઓ ભક્તિપૂર્વક પોતાના સ્થાને લઇ જઈને પૂજે છે તથા અગ્નિદાહના સ્થાને સ્તૂપ પ્રમુખની રચના કરે છે, તેનું પ્રગટ વર્ણન છે.

શ્રી **ભગવતી** સૂત્રના દશમા શતકના છઠ્ઠા ઉદ્દેશામાં ઇન્દ્રો પોતાની સુધર્મસભામાં શ્રી જિનદાઢાઓની આશાતનાને વર્જે છે, તેવું વર્ણન છે.

શ્રી **દશવૈકાલિક** સૂત્રમાં દેવતાઓને મનુષ્યો કરતાં અધિક વિવેકી વર્ણવેલા છે તથા તે દેવતાઓના જીવ

પૂર્વભવમાં તપસ્યા અને શ્રુતની આરાધના કરીને દેવલોકમાં ઉત્પન્ન થયેલા છે તેથી તેમની કરણી અત્યંત માનનીય છે, એવું પ્રતિપાદન કરેલું છે.

શ્રાવકોને પણ પ્રતિમાની
પૂજનીયતાનાં પ્રમાણો :

બત્રીસ સૂત્રોમાં જેમ દેવતાઓએ શ્રી જિનપ્રતિમાની પૂજા કર્યાના ઉલ્લેખો છે, તેમ એ જ બત્રીસ સૂત્રોમાં મનુષ્યોએ કરેલી પ્રતિમાપૂજાના પણ અનેક ઉલ્લેખો મળી આવે છે. જેમાંના કેટલાક નીચે મુજબ છે:–

શ્રી **ઉવવાઈ** સૂત્રમાં **અંબડ** પરિવ્રાજક અને તેના ૭૦૦ શિષ્યોએ શ્રી વીતરાગને નમવાની અને તેમની પ્રતિમાને છોડી અન્યને નહિ નમવાની પ્રતિજ્ઞા કરેલી, એવું જણાવ્યું છે.

શ્રી **ઉપાસકદશાંગ** સૂત્રમાં **આણંદ** શ્રાવકે અન્યતીર્થી કે હરિહરાદિ દેવતા અને તેમની પ્રતિમાઓને વંદન–નમસ્કાર આદિ નહિ કરવાની પ્રતિજ્ઞા કરી હતી, એમ જણાવ્યું છે.

શ્રી **ભગવતી** સૂત્રમાં અસુરકુમાર દેવો સૌધર્મદેવલોક સુધી જાય છે. તે વખતે શ્રી અરિહંત, તેમનાં ચૈત્ય અને અણગાર મુનિ–એમ ત્રણનાં શરણ અંગીકાર કરે છે, એવું વર્ણન કરેલું છે.

શ્રી **સમવાયાંગ** સૂત્રમાં **આણંદાદિ** દશ શ્રાવકોનાં ચૈત્યો વિગેરેનું વર્ણન કરેલું છે.

શ્રી **પ્રશ્નવ્યાકરણ** સૂત્રમાં શ્રી જિનપ્રતિમાનું વૈયાવચ્ચ ઇત્યાદિ કરવાનું ફરમાવેલું છે. (અહીં પ્રતિમાનું વૈયાવચ્ચ એટલે તેના અવર્ણવાદ, હીલના, વિરાધના ઇત્યાદિ ટાળવું તે છે.)

શ્રી કલ્પસૂત્રમાં શ્રી **સિદ્ધાર્થ**રાજાએ અનેક યાગ એટલે શ્રી જિનપ્રતિમાની પૂજાઓ કર્યાનો ઉલ્લેખ છે. (શ્રી **સિદ્ધાર્થ**રાજા પરમ સમ્યગ્દૃષ્ટિ શ્રાવક હતા. તેઓ પશુહિંસાના યજ્ઞો કરાવે એ સંભવિત નથી. શ્રી **ભગવતી** આદિ સિદ્ધાંતોમાં જ્યાં રાજા **શ્રેણિક** અને **મહાબલ-કુમાર** પ્રમુખના અધિકારો આવે છે, ત્યાં " **ण्हया कय बलिकम्मा** " એવા જે ઉલ્લેખ કરેલા છે, તે બલિકર્મનો અર્થ પણ શ્રી જિનપૂજા જ સમજવાનો છે.)

શ્રી **જ્ઞાતાસૂત્રમાં** **દ્રૌપદીની** પૂજાનો વિસ્તૃત અધિકાર છે. (**દ્રૌપદી** પરમ સમ્યગ્દૃષ્ટિ શ્રાવિકા હતી. શાસનપ્રભાવના, એ સમ્યક્ત્વના આઠ આચારમાંનો એક આચાર છે. શ્રી જિનપ્રતિમાની મહોત્સવપૂર્વક પૂજા, એ પણ શાસનપ્રભાવનાનું અને શાસન–ઉન્નતિનું અનેક પરમ અંગો પૈકીનું એક પરમ અંગ છે, એમ શ્રી **ઉત્તરાધ્યયન** આદિ સૂત્રોમાં વર્ણવેલું છે.)

શ્રી જિનપૂજામાં હિંસા કે અધર્મ નથી:

'શ્રી જિનપૂજામાં હિંસા થાય છે'–એમ કહીને જેઓ તેનો નિષેધ કરે છે, તેઓ માટે પણ તેમને માન્ય બત્રીસ સૂત્રોના આધારે નીચે મુજબ હિતશિક્ષા છે:–

જે જે ક્રિયામાં હિંસા હોય, તે તે ક્રિયા જો ત્યાજ્ય જ હોય,-તો પ્રતિક્રમણ, સુપાત્રદાન, મુનિવિહાર, સાધર્મિક-વાત્સલ્ય અને દીક્ષા-મહોત્સવાદિ સઘળાં ધર્મકાર્યો પણ ત્યાજ્ય ઠરશે: કિન્તુ શ્રી **આવશ્યક** સૂત્ર, શ્રી **ભગવતી** સૂત્ર, શ્રી **આચારાંગ** સૂત્ર અને શ્રી **જ્ઞાતા** સૂત્ર આદિ આગમોમાં પ્રતિક્રમણ, મુનિદાન, સાધુવિહાર અને સાધર્મિક-વાત્સલ્ય આદિ ધર્મકાર્યો કરવાનું સાધુ તથા શ્રાવક-ઉભયને માટે ફરમાન કરેલું છે.

શ્રી **ઉવવાઈ** સૂત્રમાં રાજા **કોણિકે** કરેલા પ્રભુના વંદનમહોત્સવનું વિસ્તૃત વર્ણન છે.

શ્રી **ભગવતી** સૂત્રમાં **ઉદાયન** રાજાએ કરેલા ભગવાનનાં સામૈયાંઓનું તથા **તુંગીયા** નગરીના શ્રાવકોએ કરેલ શ્રી જિનપૂજાદિનું વર્ણન છે.

શ્રી **વિપાક** સૂત્રમાં **સુબાહુકુમાર**નું વર્ણન છે. તેમાં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે રહેલા પણ તે સુબાહુકુમારે કરેલ સુપાત્રદાનથી પણ, પુણ્યબંધ તથા પરિત્ત-સંસાર થયાનું કહ્યું છે. જો હિંસાના યોગથી કેવળ અધર્મ જ હોત, તો સુબાહુકુમારને પુણ્યબંધની પ્રાપ્તિ તેમજ પરિત્ત-સંસારિતાની પ્રાપ્તિ થઈ, તે કેવી રીતે બની શકત? પણ ખરી વાત એ છે કે-જેમ દાન, તેમ શ્રી જિનપૂજા પણ પરિત્તસંસાર તથા પુણ્યબંધનું કારણ થાય છે.

શ્રી જિનપૂજા તથા સુપાત્રદાનાદિ ધર્મકાર્યોમાં આરંભ થાય છે, તો પણ તે સદારંભ છે અને તેના યોગે સંસારના બીજા અસદારંભોથી નિવૃત્ત થવાય છે, એ

મોટો લાભ છે. જેઓ ઘરબાર, પૈસા–ટકા, કુટુંબ–કબીલાદિના અસદારંભોથી નિવૃત્ત થયા નથી, તેઓ માટે દાન, દેવપૂજા, સ્વામિવાત્સલ્ય આદિ સદારંભો હિત કરનારા અને કરણીય છે. શ્રી **રાયપસેણી** સૂત્રમાં શ્રી **કેશી નામના** ગણધર ભગવંતે **પ્રદેશી** રાજાને અસદારંભ ત્યજવાનું કહ્યું છે, પણ સદારંભને ત્યજવાનું કહ્યું નથી. સદારંભમાં બે ગુણો છે: જ્યાં સુધી સદારંભમાં પ્રવર્તે ત્યાં સુધી અસદારંભ થઈ શકે નહિ અને સદારંભમાં જે દ્રવ્યવ્યય થાય, તે દ્રવ્યથી અસદારંભનું સેવન થાય નહિ.

હિંસાના ત્રણ પ્રકારો :

સાધુ કે શ્રાવકનાં જેટલાં ઉત્તમ કાર્યો છે–તેમાં હિંસા રહેલીજ છે, પરન્તુ એ હિંસા કર્મબંધનું કારણ નથી: કારણ કે–હિંસા ત્રણ પ્રકારની કહી છે. હેતુ, સ્વરૂપ અને અનુબંધ. સંસારનાં કાર્યોની સિદ્ધિને માટે થતી હિંસા, તે હેતુ–હિંસા છે, ધર્મકાર્યો માટે થતી અનિવાર્ય હિંસા, તે સ્વરૂપ–હિંસા છે અને મિથ્યાદષ્ટિ આત્માથી થતી હિંસા તે અનુબંધ–હિંસા છે. તેમાં સ્વરૂપ–હિંસા કર્મબંધનું કારણ નથી. ધર્મકાર્ય વખતે પ્રાણિનો ઘાત કરવાની બુદ્ધિ નથી, રક્ષા કરવાની બુદ્ધિ છે, છતાં અનિવાર્ય રીતિએ હિંસા થઈ જાય, તે સ્વરૂપ–હિંસા છે. સ્વરૂપ–હિંસા ત્રયોદશ ગુણસ્થાનક પર્યંત ટળી શકતી નથી, પરંતુ તેને કેવળજ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિમાં પ્રતિબંધક માનેલ નથી. હેતુ–હિંસા અને અનુબંધ–હિંસા ત્યાજ્ય છે: કારણ કે–તે સંસારના હેતુભૂત ક્લિષ્ટ કર્મોના ઉપાર્જનમાં હેતુભૂત

છે. શ્રી આચારાંગાદિ સિદ્ધાન્તોમાં અપવાદ પદે હિંસાદિકનું સેવન કરનારા મુનિવરોને તથા સમુદ્રના જલમાં અપ્કાયાદિની વિરાધના થવા છતાં શુભધ્યાનારૂઢ મુનિવરોને કેવલજ્ઞાન અને મુક્તિ પ્રાપ્ત થયાના દાખલાઓ છે. સંયમશુદ્ધિ માટે જરૂરી સાધુવિહારાદિની જેમ શ્રી જિનભક્તિ આદિમાં પણ, કર્મબંધ કરાવનારી હિંસા શ્રી જિનઆગમોએ માનેલ નથી. એકલી દયાની નિરપેક્ષ પ્રધાનતા, એ લૌકિક માર્ગ છે. લોકોત્તર માર્ગ શ્રી જિનાજ્ઞાની પ્રધાનતામાં રહેલો છે. શ્રી જિનશાસન સ્યાદ્વાદગર્ભિત છે. સુવિવેક પૂર્વકના આશયભેદથી હિંસા પણ અહિંસા બની જાય છે અને વિવેકહીનની અહિંસા પણ હસા બની જાય છે. આત્મભાવ હણાય તે હિંસા છે, પણ જેનાથી આત્મભાવ ન હણાય તે હિંસા નથી. દાન, દેવપૂજા, પ્રતિક્રમણ, પૌષધ, સાધુવિહાર અને સાધર્મિક-વાત્સલ્ય ઇત્યાદિ આત્મભાવને નહિ હણનારી ક્રિયાઓ છે અને એથી પરંપરાએ તે સંપૂર્ણ અહિંસા જ્યાં છે, તે મુક્તિને પમાડે છે. ' મુક્તિનાં સાધનોનું સેવન કરતાં થઈ જતી અનિવાર્ય હિંસા આત્મભાવને હણનારી થતી નથી. '—એ સમજણ જેઓને આવી નથી, તેઓ ધર્મબુદ્ધિએ જ અધર્મનું સેવન કરનારા બને કે અધર્મના સેવનને જ ધર્મનું કારણ માનનારા થાય, તો તેમાં નવાઇ જેવું નથી. શ્રી જિનપૂજા, એ દાનાદિ શુભ કાર્યોની જેમ જ આત્મભાવને વિકસાવનાર છે, તેથી હિંસાના નામે તેનાથી દૂર ખસવું કે અન્યોને દૂર ખસેડવા, તે કારમી અજ્ઞાનતાભર્યું આત્મઘાતક પગલું છે.

મૂર્તિને નહિ માનવાથી થતાં નુકશાનો :

મૂર્તિને નહિ માનવાથી નીચેનાં નુકશાનો સ્પષ્ટ છે :

૧–મૂર્તિને નહિ માનવાના કારણે ૩૨ ઉપરાંતનાં આગમોથી, નિર્યુક્તિ આદિ પૂર્વધરોએ પ્રણીત કરેલાં જ્ઞાનના સમુદ્ર સમાન મહાશાસ્ત્રોથી અને તેના ઉત્તમોત્તમ સદ્‌બોધોથી વંચિત રહેવું પડે છે તથા સૂત્રોનાં સૂત્રોને અને ગ્રંથકર્તા પ્રામાણિક મહાપુરુષોને અપ્રમાણિક કહી, જ્ઞાન અને જ્ઞાનિઓની આશાતનાનું ઘોર પાપકર્મ ઉપાર્જન કરવાનું થાય છે.

૨–બત્રીસ આગમોની પણ નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિ આદિને નહિ માનતાં, તેથી વિરુદ્ધ સ્વકપોલકલ્પિત ટીકા અને ટબ્બાઓ આદિ બનાવી, સ્વપરને અનર્થના ભયંકર ગર્ત્તામાં ડૂબાવવાનું થાય છે.

૩–અન્ય ચરિત્રાદિ ગ્રન્થોમાંથી પણ મૂર્તિ વિષયક પાઠો ઉડાવી દઈ, તેની જગ્યાએ સ્વકલ્પિત પાઠો ઉમેરી, સેંકડો ગ્રન્થોમાં મૂળ ગ્રન્થકર્તાના અભિપ્રાયની વિરુદ્ધ ઉત્થલપાથલ અને ચોરીઓ કરવી પડે છે અને તેથી પણ મહા કર્મબન્ધન થાય છે.

૪–મૂર્તિ નહિ માનવાથી યાત્રાર્થે તીર્થભૂમિઓમાં ગમન કરવું–એ વિગેરે આપોઆપ બંધ થઈ જાય છે, તેથી તીર્થભૂમિઓમાં યાત્રા નિમિત્તે જવાથી જે ફાયદાઓ થતા હતા, તે પણ આપોઆપ નાશ પામે છે. તીર્થભૂમિએ જવાથી તેટલો વખત ગૃહકાર્ય, વ્યાપાર, આરંભ, પરિગ્રહાદિથી સ્વાભાવિક નિવૃત્તિ થતી હતી અને

બ્રહ્મચર્યપાલન તથા શુભ ક્ષેત્રોમાં દ્રવ્યવ્યયાદિ વડે જે પુણ્યોપાર્જન વિગેરે થતું હતું, તે કુદરતી રીતે અટકી જાય છે.

૫–મૂર્તિ નહિ માનવાથી શ્રી જિનેશ્વરદેવની દ્રવ્યપૂજા છૂટી જાય છે, તેથી દ્રવ્યપૂજા નિમિત્તે પણ જે શુભ દ્રવ્યવ્યય થતો હતો તથા ભગવાનની સમક્ષ સ્તુતિ, સ્તોત્ર, ચૈત્યવંદનાદિ થતાં હતાં, તે બંધ પડી જાય છે: અને શ્રી જિનમંદિરે જઇને પ્રભુભક્તિ નિમિત્તે પોતાના સમય અને દ્રવ્યનો સદુપયોગ કરનારા પુણ્યવાન આત્માઓની ટીકા અને નિન્દા કરવાનું બાકી રહે છે: તેથી ક્લિષ્ટ કર્મની ઉપાર્જના અને બોધિદુર્લભતાદિ મહાન દોષોની પ્રાપ્તિ થાય છે.

૬–મૂર્તિ નહિ માનવાથી શ્રી જૈનસંઘના ઐક્યને મોટો ફટકો પડે છે: અને એક જ ધર્મને માનનાર વ્યક્તિઓમાં ધર્મનિમિત્તે કુસંપનાં ઝેરી બીજો વવાય છે. તેથી ઇતરોમાં પણ જૈનધર્મની લઘુતા થાય છે. પ્રવચનની મલિનતા કરાવવી–એ મહાન દોષ છે, એટલું જ નહિ, પણ એથી જૈનધર્મ પ્રત્યે જૈનેતરોનું જે આકર્ષણ હોય છે, તે કુદરતી રીતે ઘટી જાય છે.

પ્રતિમાપૂજાથી થતા ફાયદા:

હવે શ્રી જિનપ્રતિમાની પૂજાથી થતા ફાયદાઓની પણ થોડીક ગણત્રી કરી લઈએ.

૧–હંમેશાં પૂજા કરવાવાળો આત્મા પાપથી ભીરૂ બને છે તથા પરદારાસેવન આદિ અનીતિભર્યાં અપકૃત્યો કરવાના સંસ્કારો આત્મામાંથી ધીમે ધીમે નાબૂદ થાય છે.

૨–નિરતર થોડો સમય પ્રભુનાં ગુણગાન કરવાનો અવસર મળે છે અને તેથી થોડી–ઘણી પણ અંતઃકરણુની વિશુદ્ધિ થાય છે.

૩–હંમેશાં પૂજા કરનારનું થોડું–ઘણું દ્રવ્ય પણ રોજ શુભ ક્ષેત્રમાં ખરચાય છે અને તેથી પુણ્યબંધ થાય છે.

૪–અનીતિ, અન્યાય અને આરંભથી ઉપાર્જન થએલું દ્રવ્ય પણ, જો અનીતિના ત્યાગ અને પશ્ચાત્તાપાદિ પૂર્વક મંદિરાદિ બંધાવવામાં વપરાય, તો તે વડે તે દુર્ગતિને અટકાવનારૂં થાય છે. મંદિરાદિ બંધાવવાથી લાખો મનુષ્યો તેનો લાભ લે છે. ધનનો આય તથા વ્યય–ઉભય કર્મબંધનું કારણુ હોવા છતાં, મંદિરાદિ બંધાવવામાં તેનો ઉપયોગ થવાથી, કર્મનિર્જરાનું કારણુ બની જાય છે.

૫–હંમેશાં પ્રતિમા પૂજવાથી તીર્થયાત્રા કરવાની શુભ ભાવના રહે છે. તીર્થયાત્રા કરવાથી ચિત્તની નિર્મળતા, શરીરની નિરોગીતા અને દાન, શીલ તથા તપની વૃદ્ધિ–ઇત્યાદિ મહાન લાભો પ્રાપ્ત થાય છે.

૬–માંદગી આદિના કારણે સેવા–પૂજા ન થાય ત્યારે પણુ, ભાવના સેવાપૂજાની જ રહે છે અને તેથી કદાચિત્ મરણુ પણુ થાય, તો પણુ જીવની શુભ ગતિ થાય છે.

૭–ગૃહસ્થોના આત્મકલ્યાણુ માટે મંદિર અને મૂર્તિ મૂખ્ય સાધન છે. સુવિહિતશિરોમણિ, આચાર્યભગવાન શ્રીમદ્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ફરમાવે છે કે– ‘ આરંભમાં આસક્ત થએલા, છ કાય જીવના વધથી નહિ

બચેલા અને ભવાટવીમાં ભટકતા ગૃહસ્થોને નિશ્ચયપણે દ્રવ્યસ્તવ એ જ આલંબનભૂત છે.'


આ વિગેરે લાભો વિચારી, અન્ય કાંઈ પણ ન બની શકે તોપણ, શ્રી જિનેશ્વરદેવોની પ્રતિમાના પૂજન માટે તો દરેકે દરેક કલ્યાણકાંક્ષી મનુષ્યે તત્પરતા કેળવવી જોઈએ. આ માનવજન્મમાં, શ્રી જિનપૂજાની પવિત્ર અને કલ્યાણકર પ્રવૃત્તિની આચરણામાં લેશમાત્ર પ્રમાદ કરવો, એ વિવેકી જનોને માટે ઉચિત નથી.

શ્રી જિનપ્રતિમા અને તેની પૂજાના અગણિત લાભોને સમજવા માટે શાસ્ત્રોમાં ઘણું વિવેચન છે, તો પણ મંદબુદ્ધિવાળા આત્માઓને નીચેના પ્રશ્નોત્તરાત્મક વિવેચનથી પણ ઘણો લાભ થવા સંભવ છે, તેથી તેને વારંવાર વાંચવા અને વિચારવાની ભલામણ કરીએ છીએ.

ॐ

श्रीपार्श्वनाथाय नमः

પ્રતિમા પૂજન



પ્રશ્નોત્તરી વિભાગ

મંગલ—કામના

"નેત્રાનન્દકરી ભવોદધિતરી શ્રેયસ્તરોર્મઞ્જરી,
શ્રીમદ્ધર્મમહાનરેન્દ્રનગરી, વ્યાપલ્લતાધૂમરી ।
હર્ષોત્કર્ષશુભપ્રભાવલહરી, રાગદ્વિષાં જિત્વરી,
મૂર્તિઃ શ્રીજિનપુઙ્ગવસ્ય ભવતુ, શ્રેયસ્કરી દેહિનામ્ ॥૧॥

શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ, કે જે—

ભક્તજનોનાં નેત્રોને આનંદ પમાડનારી છે, સંસાર રૂપ સમુદ્રને તરી જવા માટે નાવા સમાન છે, કલ્યાણ રૂપ વૃક્ષની મંજરી જેવી છે, ધર્મ રૂપ મહાનરેન્દ્રની નગરી તુલ્ય છે, અનેક પ્રકારની આપત્તિઓ રૂપ લતાઓનો નાશ કરવાને માટે ધૂમરી જેવી છે, હર્ષના ઉત્કર્ષનો શુભ પ્રભાવ વિસ્તારવામાં લહરીઓના ગરજ સરનારી છે, અને રાગ તથા દ્વેષ રૂપ શત્રુઓનો જય સાધનારી છે, તે—

શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ
જગતના જીવોનું કલ્યાણ કરનારી થાઓ !

પ્રતિમા–પૂજન

પ્રકરણ ૪ થું

પ્રતિમા – પૂજનની

શાસ્ત્રીયતા, વૈજ્ઞાનિકતા અને બુદ્ધિગમ્યતાને સિદ્ધ કરનારી

પ્રશ્નોત્તરી

૧–**પ્રશ્ન૦** ચાર નિક્ષેપાનાં નામ અને તેનું સંક્ષિપ્ત સ્વરૂપ શું ?

ઉત્તર૦ શ્રી **અનુયોગદ્વાર** સૂત્રમાં શાસ્ત્રકાર–મહર્ષિઓ ફરમાવે છે કે–

" जत्थय जं जाणेज्जा, निक्खेव निखेवे निरवसेसं।
जत्थ वि य न जाणेज्जा, चउक्कयं निक्खेवय तत्थ ॥१॥"

જ્યાં જે વસ્તુમાં જેટલા નિક્ષેપા જાણવામાં આવે, ત્યાં તે વસ્તુમાં તેટલા નિક્ષેપા કરવા : અને જ્યાં જે વસ્તુમાં અધિક નિક્ષેપા ન જાણી શકાય, ત્યાં તે વસ્તુમાં ઓછામાં ઓછા ચાર નિક્ષેપા તો અવશ્ય કરવા. તાત્પર્ય એ છે કે–જગતનાં તમામ દ્રવ્યો, નવે તત્ત્વો, પાંચે પરમેષ્ઠિઓ અને નવે પદો–આ દરેક વસ્તુઓમાં ઓછામાં ઓછા ચાર નિક્ષેપાતો અવશ્ય ઉતારી શકાય છે.

કોઈ પણ વસ્તુનું સ્વરૂપ જાણુવા માટે સામાન્યપણે ઓછામાં ઓછા ચાર નિક્ષેપા અવશ્ય કરવામાં આવે છે: તે આ પ્રમાણે-

૧. **નામનિક્ષેપો**-વસ્તુના આકાર ને ગુણથી રહિત નામ, તે **નામનિક્ષેપો** કહેવાય છે.

૨. **સ્થાપનાનિક્ષેપો**-વસ્તુના નામ તથા આકાર સહિત, પરંતુ ગુણુરહિત, તે **સ્થાપના-નિક્ષેપો** કહેવાય છે.

૩. **દ્રવ્યનિક્ષેપો**-વસ્તુના નામ અને આકાર તથા અતીત અને અનાગત ગુણે સહિત, પરંતુ વર્ત્તમાન ગુણે રહિત, તે **દ્રવ્ય-નિક્ષેપો** કહેવાય છે.

૪. **ભાવનિક્ષેપો**-વસ્તુના નામ, આકાર અને વર્તમાન ગુણે સહિત, તે **ભાવનિક્ષેપો** કહેવાય છે.

દાખલા તરીકે-શ્રી જિનેશ્વરદેવોનાં '**મહાવીર**' ઈત્યાદિ જે નામો, તે **નામજિન** : તે તારકોની પ્રતિમા, તે **સ્થાપનાજિન** : જિન-નામકર્મ બાંધ્યું હોય એવા શ્રી જિનેશ્વરદેવનો જીવ, તે **દ્રવ્યજિન** : અને સમવસ-રણુમાં ધર્મોપદેશ આપવા માટે વિરાજમાન સાક્ષાત્ શ્રી જિનેશ્વરદેવ, તે **ભાવજન** કહેવાય. એ રીતે શ્રી જિનેશ્વરદેવના ચાર નિક્ષેપા સમજવા. આ ચાર નિક્ષે-પાના અભાવે, કોઈ પણ વસ્તુનું વસ્તુપણું સિદ્ધ થઈ શકે નહિ. જગતમાં શશ-શૃંગ નથી, તો તેનો વાચક

શુદ્ધ શબ્દ પણ નથી, કે જે શબ્દ વડે તેનો બોધ થઈ શકે. જેનું નામ ન હોય તેની આકૃતિ પણ કોઇ પ્રકારે બની શકે નહિ, કે જેને જોવાથી શશ–શૃંગની માફક ખર–શૃંગનો બોધ થાય. જેનું નામ કે આકાર ઉભય હોય નહિ, તેની પૂર્વાપર અવસ્થા અને વર્તમાન અવસ્થા રૂપ પર્યાયના આધારભૂત દ્રવ્ય પણ હોય નહિ અને જ્યાં 'નામ, સ્થાપના કે દ્રવ્ય' ત્રણેનો અભાવ હોય, ત્યાં વસ્તુનો ભાવ કે ગુણ તો હોય જ ક્યાંથી ? માટે નામાદિ નિક્ષેપા વિનાનો કોઈ પદાર્થ આ જગતમાં હયાતિ ધરાવતો જ નથી, એટલે દ્રવ્યાદિક ત્રણે નિક્ષેપાને માન્યા સિવાય કેવળ ભાવનિક્ષેપાને માનવાની વાત, એ શશશૃંગવત્ કલ્પિત છે. જેનું નામ, તેની જ સ્થાપના : જેની સ્થાપના, તેનું જ દ્રવ્ય : અને જેનું દ્રવ્ય, તેનો જ ભાવ.–એમ પ્રત્યેક પદાર્થમાં ચારે નિક્ષેપા એકી સાથે રહેલા છે.

૨–પ્રશ્ન૦ પ્રત્યેક નિક્ષેપાનું વિસ્તાર પૂર્વક સ્વરૂપ શું છે ?

ઉત્તર૦ કોઈ પણ વસ્તુની પ્રથમ પીછાણ કરવી હોય, ત્યારે સૌથી પહેલાં તેનું નામ જાણવાની જરૂર પડે છે. તે નામ નિક્ષેપો. નામ જાણ્યા પછી તે જ વસ્તુની વિશેષ પીછાણ કરવી હોય, ત્યારે તેની આકૃતિ, આકાર કે સ્થાપના જાણવાની જરૂર રહે છે. તે સ્થાપના નિક્ષેપો. તે જ વસ્તુ સંબંધી તેથી પણ વધારે જ્ઞાન મેળવવું હોય, તો તેના ગુણ–દોષને જણાવવાવાળી તેની આગલી–પાછલી અવસ્થાનું નિરીક્ષણ કરવું પડે છે. તેને દ્રવ્યનિક્ષેપો કહેવામાં આવે છે. અને–એ ત્રણે નિક્ષેપાના સ્વરૂપનો પ્રત્યક્ષ બોધ કરાવનાર સાક્ષાત્ જે

વસ્તુ, તેને ભાવનિક્ષેપો માનવામાં આવે છે. ભાવનિક્ષેપાનું યથાર્થ જ્ઞાન થવા માટે, પ્રથમના ત્રણે નિક્ષેપાના જ્ઞાનની જરૂર રહે છે. જંગલમાં અમૂલ્ય વનસ્પતિઓ હોવા છતાં, જે વનસ્પતિઓના નામ, આકારાદિકનું જ્ઞાન નથી, તેના ગુણની પણ ખબર પડી શકતી નથી. નામાદિ ત્રણે નિક્ષેપાના જ્ઞાન વિનાનો આત્મા, ભાવનિક્ષેપાને વિપરીતપણે ગ્રહણ કરવાનો મોટો સંભવ છે. જે બાળકને સોમલ કે સર્પ આદિ વિષમય વસ્તુના નામ, આકાર વિગેરેની ખબર નથી; તેવો અજ્ઞાન બાળક સાક્ષાત્ સોમલ કે સર્પ આદિથી બચી શકતો નથી. આથી એ સિદ્ધ થાય છે કે–ભાવનું સાક્ષાત્ ભાન કરાવનાર એકલો ભાવ નથી, પરંતુ તેનું નામ, આકાર અને પૂર્વાપર અવસ્થા–એ સઘળું મળીને જ, કોઈ પણ પદાર્થના ભાવનો નિશ્ચિત બોધ કરાવે છે.

કેવળ ભાવનિક્ષેપાને માનીને જેઓ નામ વિગેરે નિક્ષેપાને માનવાની ના પાડે છે, તેઓને કોઈ દુષ્ટ પુરુષ પોતાની પૂજ્ય યા પ્રિય વ્યક્તિનું નામ લઇને નિંદા કરે, ગાળો આપે કે તિરસ્કાર કરે, તો શું ગુસ્સો થતો નથી ? અથવા તે જ પૂજ્ય કે પ્રિયના નામથી તેમની તારીફ કે પ્રશંસા કરે, તો રાજી થતા નથી ? અવશ્ય થાય છે. આથી નામ નિક્ષેપો નકામો છે, એમ કહેનાર ખોટો છે. તે જ રીતે–પોતાના પૂજ્ય આદિની પ્રતિકૃતિ યા છબીને કોઈ દુષ્ટ આચારવાળી સ્ત્રી આદિની સાથે રાખી, તેના ઉપરથી કુચેષ્ટાવાળી છબી ઉતરાવી લઈ, કોઇ નાલાયક માણસ સ્થળે સ્થળે અવર્ણવાદ બોલે, તો

તેથી મૂર્તિ નહિ માનનારાઓને પણ શું ક્રોધ નહિ ચઢે ? અવશ્ય ચઢશે. માટે સ્થાપના નિક્ષેપો પણ નકામો છે, એ વાત ખોટી છે. નામ અને સ્થાપનાની જેમ પોતાના પૂજ્ય આદિની પૂર્વાપર અવસ્થાની બુરાઈ યા ભલાઇ સાંભળવાથી રોષ યા આનંદ પેદા થાય છે અને પૂજ્યના સાક્ષાત્ અવર્ણવાદ અને અપશબ્દ સાંભળવાથી પણ તેના રાગી લોક અવશ્ય દુઃખ પામે છે તથા પ્રશંસા સાંભળવાથી સુખને પણ પામે છે. તેથી ચારે નિક્ષેપાઓમાં પૃથક્ પૃથક્પણે અસર નિપજાવવાની શક્તિ પ્રગટપણે રહેલી છે, એમ સ્પષ્ટ થાય છે.

– નામ નિક્ષેપો –

પ્રથમ નામ નિક્ષેપાનો વિષય, કોઈ પણ વસ્તુના સંકેત કરેલા નામના ઉચ્ચારણથી તે વસ્તુનો બોધ કરાવવો તે છે. શ્રી ઋષભાદિક ચોવીસ તીર્થંકરોનાં નામ, તેઓનાં માતાપિતાઓએ જન્મ વખતે પાડેલાં હોય છે : તેમાં કારણ–તેમના ગુણો નથી, કિંતુ માત્ર ઓળખવાનો સંકેત છે. નામ પાડવામાં જો ગુણ એ જ કારણ હોય, તો બધા તીર્થંકરો સમાન ગુણવાળા હોવાથી બધાનું એક જ નામ પડવું જોઇતું હતું.

સમાન ગુણવાળાનાં અનેક નામો તો જ પડી શકે, કે જો નામ પાડતી વખતે ગુણની અપેક્ષા ઉપરાંત આકાર આદિની ભિન્નતા ઉપર પણ લક્ષ્ય આપવામાં આવે. ચોવીસ તીર્થંકરોના ગુણ સમાન હોવા છતાં, પ્રત્યેકના આકાર, પ્રત્યેકની પૂર્વાપર અવસ્થા વિગેરે ભિન્ન ભિન્ન હતાં.

તે જ રીતે એક જ નામની અનેક વસ્તુઓ જ્યાં હોય છે, ત્યાં પણ તે નામ વડે જે કોઇ અમુક વસ્તુનો બોધ થાય છે, તેનું કારણ પણ તે વસ્તુમાં રહેલા ગુણ, આકાર આદિની ભિન્નતા છે. જેમ કે–'હરિ' એ બે અક્ષરનું નામ છે, પણ તેનાથી અનેક વસ્તુનો સંકેત થાય છે. 'હરિ' એવો શબ્દ કહેતાં,–'કૃષ્ણ, સૂર્ય, વાનર, સિંહ અને અશ્વ'–આદિ અનેક વસ્તુઓનો બોધ થવો શક્ય છતાં, તેમ નહિ થતાં માત્ર કૃષ્ણનો જ બોધ થાય છે, તેનું કારણ તે શબ્દ બોલનારનો અભિપ્રાય કૃષ્ણને કહેવાનો છે એ છે. એ રીતે સૂર્યના મતલબથી 'હરિ' શબ્દ બોલતાં માત્ર સૂર્યનું જ્ઞાન થાય છે, પણ કૃષ્ણાદિ બીજી વસ્તુનું જ્ઞાન થતું નથી. તેથી એમ સિદ્ધ થાય છે કે–અનેક સંકેતવાળું એક નામ પૃથક્ પૃથક્ સંકેતોનો બોધ કરાવવાની જે જે શક્તિ ધરાવે છે, તેનું કારણ એકલો નામ નિક્ષેપો નથી, પણ તે નામની સાથે બીજા બધા નિક્ષેપાનો થતો બોધ છે. બીજું દૃષ્ટાંત 'કોટ' શબ્દનું છે. 'કોટ' શબ્દથી પહેરવાનો ડગલો, શહેરને ફરતો ગઢ, શરીરની ગરદન–વિગેરે અનેક અર્થોનો બોધ થાય છે: પરંતુ જ્યારે ડગલાના ઉદ્દેશથી 'કોટ' શબ્દ વાપરવામાં આવે છે, ત્યારે પાછલના બે અર્થોનો બોધ થતો નથી. એ રીતે ગઢના હેતુથી 'કોટ' શબ્દ વાપરતાં, ડગલા વિગેરેનું જ્ઞાન થતું નથી અને ગરદનના ઉદ્દેશથી 'કોટ' શબ્દ વાપરતાં, ગઢ વિગેરેનું જ્ઞાન થતું નથી. તેનું કારણ તે ત્રણે વસ્તુના ચાર ચાર પૃથક્ નિક્ષેપાઓ સિવાય બીજું શું છે ? અહીં એટલું સમજી રાખવું જોઇએ કે–બાકીના ત્રણ નિપેક્ષા

તેઓના જ વંદનીય અને પૂજનીય છે, કે જેઓનો ભાવ નિક્ષેપો વંદનીય અને પૂજનીય છે. અને એ જ કારણે- **શ્રી ભગવતી, શ્રી ઉવવાઈ અને શ્રી રાયપસેણિ** આદિ સૂત્રોમાં શ્રી તીર્થંકરદેવો અને બીજા પણ જ્ઞાની મહર્ષિઓનો નામ નિક્ષેપો વંદનીય છે, એમ ફરમાવ્યું છે.

તે તે સ્થળોએ ફરમાવ્યું છે કે—

'तं महाफलं खलु भो देवाणुप्पिआ ! तहारुवाणं, अरिहंताणं भगवंताणं नाम गोअस्सवि सवणययाए ।'

"તથારૂપ શ્રી અરિહંત ભગવંતોનાં નામ-ગોત્ર પણ સાંભળવાથી ખરેખર, મહાફળ થાય છે."

નામ નિક્ષેપાનું મહત્ત્વ જણાવવા માટે શ્રી **ઠાણુંગ**-સૂત્રના ચોથા અને દસમા ઠાણામાં પણ ફરમાવ્યું છે કે-

"चउव्विहे सच्चे पन्नत्ते, तं जहा—नामसच्चे, ठवणसच्चे, दव्वसच्चे भावसच्चे । तथा दसविहे सच्चे पन्नत्ते, तं जहा—

" **जणवयसम्मयठवणा, नामे रुवे पडुच्चसच्चे य ।**
ववहारभावजोगे, दसमे उवम्मसच्चे अ ॥ १ ॥"

ચાર પ્રકારનાં સત્યો કહ્યાં છે.—નામસત્ય, સ્થાપના-સત્ય, દ્રવ્યસત્ય અને ભાવસત્ય. તથા શ્રી તીર્થંકરદેવોએ દસ પ્રકારનાં સત્યો બતાવ્યાં છે.—જનપદસત્ય, સમ્મત-સત્ય, સ્થાપનાસત્ય, નામસત્ય, રૂપસત્ય, પ્રતીત્યસત્ય, વ્યવહારસત્ય, ભાવસત્ય, યોગસત્ય અને ઉપમાસત્ય.

આ રીતે બે ચાર અક્ષરોના નામની સત્યતા અને તેનાથી પણ મહાન ફળની સિદ્ધિ થાય છે, એવું શાસ્ત્ર-

કાર–મહાપુરૂષોએ સ્થાને સ્થાને પ્રતિપાદન કરેલું છે: તો પછી શ્રી વીતરાગદેવના સ્વરૂપનું તાદૃશ્ય ભાન કરાવનાર શાન્ત આકારવાળી ભવ્ય મૂર્તિનું દર્શન–પૂજન આદિ, તેથી કેઈ ગુણું અધિક ફળદાતા નિવડે, તેમાં આશ્ચર્ય શું છે?

'જનપદ' સત્ય–પાણીને કોઈ દેશમાં પય કહે છે, કોઇ દેશમાં પીચ્ચ કહે છે, કોઇ દેશમાં ઉદક કહે છે અને કોઈ દેશમાં જલ કહે છે. ઇત્યાદિ જનપદ સત્ય છે.

'સમ્મત' સત્ય–કુમુદ, કુવલયાદિક પુષ્પો પણ પંકથી ઉત્પન્ન થાય છે, છતાં પંકજ શબ્દ અરવિંદ-કુસુમને જ સમ્મત છે, તે સમ્મત સત્ય.

'સ્થાપના' સત્ય–લેપ્યાદિકને વિષે અરિહંતપ્રતિમા, એક આદિ અંક વિન્યાસ અને કાર્ષાપણાદિકને વિષે મુદ્રાવિન્યાસાદિ, સર્વ સ્થાપના સત્ય છે.

'નામ' સત્ય–કુલની વૃદ્ધિ ન કરતો હોય તોપણ 'કુલ-વર્ધન' ઇત્યાદિ નામ તે નામ સત્ય.

'રૂપ' સત્ય–વ્રતના ગુણ ન હોય અને કેવળ લિંગ માત્રથી વ્રતી કહેવાય, તે રૂપ સત્ય.

'પ્રતીત્ય' સત્ય–અનામિકા અંગુલી કનિષ્ટાને આશ્રી દીર્ઘ કહેવાય અને મધ્યમાને આશ્રી હ્રસ્વ કહેવાય, તે પ્રતીત્ય સત્ય.

'વ્યવહાર' સત્ય–પર્વત ઉપર તૃણાદિક બળતાં છતાં 'પર્વત બળે છે' એમ કહેવું, પાણી ઝમે તો પણ કહેવું કે–' ઘડો ઝમે છે ' અને ઉદર

હોવા છતાં કહેવું કે–'અનુદરા કન્યા'–એ સર્વ વ્યવહાર સત્ય છે.

'ભાવ' સત્ય–બગલા ઉજળા છે અને ભ્રમરો કાળા છે, એમ કહેવું તે. યદ્યપિ બગલા અને ભમરામાં પાંચે વર્ણો છે, પરન્તુ તે તે વર્ણોની ઉત્કટતાથી ઉજળા અને કાળા કહેવાય છે, તે ભાવ સત્ય છે.

'યોગ' સત્ય–દંડના યોગે દંડી, છત્રના યોગે છત્રી ઇત્યાદિ કથન તે યોગ સત્ય.

'ઉપમા' સત્ય–સમુદ્ર સરખું તળાવ–ઇત્યાદિ કથન, એ ઉપમા સત્ય છે.

– સ્થાપના નિક્ષેપો –

જો વસ્તુનું નામ માત્ર સાંભળવાથી વસ્તુનો બોધ અને ભક્તિ થવા સંભવ છે, તો પછી વસ્તુની આકૃતિ કે જેમાં નામ ઉપરાંત આકાર છે, તેનાથી અધિક બોધ અને ભક્તિ કેમ ન થાય ? અને તે કરવા માટે કોણ ઇચ્છા ન રાખે ? નામ નિક્ષેપો જેમ શાસ્ત્રસિદ્ધ છે, તેમ સ્થાપના નિક્ષેપો પણ અનેક શાસ્ત્રોથી સિદ્ધ છે.

શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં દશ પ્રકારે સ્થાપનાનું સ્થાપન કરવાનું કહેલું છે. કાષ્ટમાં, ચિત્રમાં, પોથીમાં, લેપકર્મમાં, ગુંથનમાં, વેષ્ટન ક્રિયામાં, ધાતુના રસ પૂરવામાં, અનેક મણિકાના સંઘાતમાં, શુભાકાર પાષાણમાં, અને કોડામાં.

આ દશ પ્રકારોમાંથી કોઈ પણ પ્રકારમાં ક્રિયા તથા ક્રિયાવાળા પુરૂષનો અભેદ માની, હાથ જોડેલા તથા ધ્યાન લગાવેલા આવશ્યક ક્રિયાસહિત સાધુની આકૃતિ રૂપે અથવા આકૃતિરહિત સ્થાપના કરવી અથવા આવશ્યક સૂત્રનો પાઠ લખવો, તે સ્થાપના આવશ્યક કહેવાય છે.

હાથ જોડેલ અને ધ્યાન લગાવેલ આવશ્યક ક્રિયા કરનારનું રૂપ–તે જો સદ્‌ભાવ સ્થાપના છે, તો પછી પદ્માસન-યુક્ત, ધ્યાનારૂઢ, મૌનાકૃતિ, શ્રી જિનમુદ્રાસૂચક પ્રતિમા, સ્થાપનાજિન કેમ કહેવાય નહિ ? યદિ પ્રતિમા સ્થાપના-જિન નહિ, તો પૂર્વોક્તસ્વરૂપ આવશ્યક પણ સ્થાપના આવશ્યક કહેવાય નહિ અને એમ કરવા જતાં શ્રી **અનુયોગ દ્વાર** સૂત્રના પાઠનો અપલાપ કેમ નહિ થાય? સૂત્રના પાઠનો લોપ કે અપલાપ જેને નહિ કરવો હોય, તેને તો શ્રી જિનસ્વરૂપ પ્રતિમાને 'સ્થાપના–જિન' તરીકે નિઃસંશયપણે સ્વીકારવી જ પડશે.

જો સ્થાપનાને નિરર્થક ગણવામાં આવે, તો જૈનધર્મના તમામ સૂત્ર–સિદ્ધાન્તો પણ નકામા થઈ જાય, કારણ કે–તે પણ શ્રી વીતરાગદેવના અરૂપી–જ્ઞાનના અંશ રૂપી અક્ષરોની સ્થાપના જ છે અને જો સૂત્ર–સિદ્ધાન્તોનો લોપ થાય, તો પછી જૈન ધર્મનો પણ લોપ જ થઇ જાય. જેઓને ધર્મના લોપક ન બનવું હોય, તેઓને સ્થાપનાની અવગણના કરવી કોઇ પણ પ્રકારે પાલવે તેમ નથી. જેમ નામની સાથે ચારે નિક્ષેપા જોડાએલા છે, તેમ સ્થાપનાની સાથે પણ ચારે નિક્ષેપા જોડાએલા છે. જો

એમ ન હોય, તો કુતરાનું ચિત્ર જોતાં બિલાડાનું જ્ઞાન થવું જોઇએ અને બિલાડાનું ચિત્ર જોતાં કુતરાનું જ્ઞાન થવું જોઇએ: અથવા વાઘનું ચિત્ર જોવાથી બકરીનો ખ્યાલ આવવો જોઇએ અને બકરીનું ચિત્ર જોવાથી વાઘનો ખ્યાલ આવવો જોઇએ : પરંતુ કુતરાનું ચિત્ર જોતાં કુતરાનું જ જ્ઞાન થાય છે પણ બીજાનું નહિ, તેનું કારણ–તે ચિત્ર જોતાંની સાથે જ કુતરાના ચારે નિક્ષેપાનું ભાન થાય છે, તે જ છે. જેનું ચિત્ર જોવામાં આવે છે, તેના ચારે નિક્ષેપા મનની સાથે ખડા થઇ જાય છે. જો તેમ ન થતું હોય, તો ભગવાન શ્રી **ઋષભદેવ** સ્વામિની પ્રતિમા જોતાં શ્રી **પાર્શ્વનાથ** પ્રભુનું સ્મરણ થઇ જવું જોઇએ : કારણ કે–બંનેનો ભાવ નિક્ષેપો એક સરખો છે. ભાવ નિક્ષેપો એક સરખો હોવા છતાં, એક તીર્થંકરની મૂર્તિ જોવાથી અન્ય તીર્થંકરનો બોધ થતો નથી, તેમાં કારણ તરીકે–એ મૂર્તિની સાથે જોડાએલા અન્ય નિક્ષેપાઓ સિવાય બીજું શું છે? નિક્ષેપાનો વિષય જો નકામો હોય, તો એક '**કુમુદચંદ્ર**'નું નામ લેતાં કે તેની મૂર્તિ જોતાં જેટલા '**કુમુદચંદ્ર**' હોય, તેટલા બધાનું જ્ઞાન તે સમયે થવું જોઇએ, પણ તેમ નથી થતું અને માત્ર એકનું જ જ્ઞાન થાય છે. માટે એક નામ કે એક મૂર્તિવાળા જૂદા જૂદા પુરૂષના ચાર ચાર નિક્ષેપા પણ જૂદા જૂદા છે, એ વાત સિદ્ધ થાય છે. ધારો કે–કોઇના ગુરૂનું નામ શ્રી '**રામચંદ્ર**' છે અને તે નામના સંસારમાં લાખો પુરૂષો વિદ્યમાન છે. ગુરૂના નામવાળા '**રામચંદ્ર**' એવા અક્ષરોમાં ગુરૂના આકારનું કોઇ પણ ચિહ્ન તો છે જ નહિ, તો પછી નામ

માત્રથી હજારો અને લાખો તે નામના પુરૂષોમાંથી કોનું સ્મરણ તથા કોને નમસ્કાર સિદ્ધ થશે ? જો કહેશો કે–'રામચંદ્ર' શબ્દથી માત્ર ગુરૂનું સ્મરણ અને ગુરૂને જ નમસ્કાર થયો પણ બીજાને નહિ' તો કહેવું જ પડશે કે–'**રામચંદ્ર**' નામના બીજા બધા પુરૂષોને નહિ નમસ્કાર કરવા માટે અને કેવળ શ્રી '**રામચંદ્ર**' નામના પોતાના ગુરૂને જ નમસ્કાર કરવા માટે, ગુરૂની આકૃતિ આદિને મનમાં સ્થાપન કરેલી જ હશે. આ રીતે પ્રત્યક્ષપણે કે પરોક્ષપણે, સ્થાપના નિક્ષેપો બળાત્કારે પણ ગળામાં આવી જ પડે છે. અહીં જો એવી શંકા થાય કે–'સ્થાપના નિર્જીવ હોવાથી કાર્યસાધક અને પૂજનીય કેમ બને ?' તો તેનું સમાધાન એ છે કે–નિર્જીવ વસ્તુ માત્ર જો નિરર્થક અને અપૂજનીય હોય, તો શ્રી **સમવાયાંગ**, શ્રી **દશાશ્રુતસ્કંધ** તથા શ્રી **દશવૈકાલિક** આદિ સૂત્રોમાં ફરમાવ્યું છે કે–'ગુરુની પાટ, પીઠ, સંથારો, વિગેરે વસ્તુઓને પગની ઠોકર લાગી જાય, તો પણ શિષ્યને ગુરુની આશાતનાનો દોષ લાગે.'–એને માટે શું કહેશો ? ગુરૂની પાટ આદિ નિર્જીવ તો છે જ. પૂર્વોક્ત વસ્તુઓ અજીવ હોવા છતાં, ગુરુઓની સ્થાપના હોવાના અંગે, તેનો અવિનય કરવાથી શિષ્યને આશાતના લાગે છે અને વિનય કરવાથી ભક્તિ અને શુભ ફળની પ્રાપ્તિ થાય છે. તેમ શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ, એ શ્રી જિનેશ્વરદેવની જ સ્થાપના હોવાથી, તેની આશાતના કે વિનય કરવાથી શુભાશુભ ફળની પ્રાપ્તિ થાય, તેમાં પૂછવું જ શું ? વિનય, એ શ્રી જૈનશાસનમાં મૂખ્ય ગુણ મનાયો છે. તે ગુણના પાલનની

અંતર શ્રી જિનેશ્વરદેવની સ્થાપનાસ્વરૂપ મૂર્તિની ભક્તિ આદિ કરવી, એ પણ શ્રી જૈનધર્મમાં મુખ્ય વસ્તુ ગણાય, એમાં આશ્ચર્ય જેવું શું છે ?

વળી સાધુઓનાં વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ અને મુહપત્તિ આદિ ઉપકરણો અજીવ હોવા છતાં તે વડે શું ચારિત્ર ગુણની સાધના થઈ શકતી નથી ? શાસ્ત્રોમાં એટલે સુધી કહ્યું છે કે–'લાકડીના ઘોડાથી ખેલતા બાળકને આઘો હઠાવવા કોઈ સાધુ તેને એમ કહે કે, હે બાળક તારી લાકડી હઠાવ, તો મુનિને અસત્ય બોલ્યાનો દોષ લાગે. એ દોષથી બચવા માટે સાધુએ એમ જ કહેવું જોઇએ કે–હે બાળક, તારો ઘોડો હઠાવ.' લાકડીમાં કાંઈ સાક્ષાત્ ઘોડાપણું છે જ નહિ, માત્ર તેની અસદ્ભૂત સ્થાપના છે, તો પણ તેને માનવી જરૂરી છે, તો પછી શ્રી જિનપ્રતિમા, એ તો શ્રી જિનેશ્વરદેવોની સદ્ભૂત સ્થાપના છે, તેને માન્યા વિના કેમ ચાલે ? વળી ખાંડનાં રમકડાં, જેવાં કે–હાથી, ઘોડા, કુતરા, બિલાડા, ગાય, મનુષ્ય વિગેરે ખાવાથી પંચેન્દ્રિયની હત્યા કર્યાનું પાપ લાગે, એમ સૌ કોઇ દયાધર્મને સમજનાર માને છે. તે બધી જ વસ્તુઓ નિર્જીવ છે, તો પણ તેમાં જીવપણાની સ્થાપના હોવાથી જ ખાવાનો નિષેધ કરવામાં આવે છે. તે સિવાય બીજું કોઈ પણ કારણ જણાતું નથી. વળી ભીંત ઉપર ચીતરેલી સ્ત્રીની આકૃતિ વિકારનો હેતુ હોવાથી સાધુએ ન જોવી જોઇએ, એવો જે નિષેધ કરવામાં આવ્યો છે, તે પણ નિર્જીવ વસ્તુ અસર કરનારી છે, એમ શું નથી જણાવતો ?

સ્થાપના નિર્જીવ હોવા છતાં, તેની કેટલી જબ્બર અસર થાય છે–તે જાણવા માટે નીચેનાં **દૃષ્ટાંતો** જગજાહેર છેઃ—

૧. પતિવ્રતા સ્ત્રી પોતાના પ્રાણેશની છબીને જોતાંની સાથે અત્યંત હર્ષનેજ પામે છે, કિન્તુ કદી પણ દ્વેષને પામતી જણાતી નથી.

૨. પ્રજાવત્સલ રાજાઓના બાવલાને જોવાથી વફાદાર રૈયત નારાજ નહિ થતાં પ્રસન્નજ થાય છે અને એ જ કારણે, તેવા રાજા મહારાજાઓનાં તથા મહાન પરાક્રમી પુરૂષોનાં બાવલાંઓ તેમના સ્મરણાર્થે ઉભાં કરેલાં સ્થાને સ્થાને નજરે પડે છે.

૩. પરદેશવાસિઓ પોતાના સ્વજનાદિકના હસ્તાક્ષરના પત્રને જોવાથી પણ સ્વહિતૈષિઓ મળ્યા જેટલો સંતોષ અનુભવે છે.

૪. પોતાના વડિલો તથા ઇષ્ટમિત્રોની છબી જોતાંજ તેમના ઉપકાર અને ગુણોનું સ્મરણ થઈ આવે છે અને હૃદય પ્રેમથી પ્રફુલ્લિત બને છે.

૫. કોકશાસ્ત્રમાં સ્ત્રીપુરૂષના વિષયસેવનનાં ચોરાશી આસનો આદિને જોવાથી, કામી જનોને તત્કાળ કામવિકાર ઉત્પન્ન થાય છે.

૬. યોગાસનની વિચિત્રાકાર સ્થાપનાઓ જોવાથી, યોગી પુરૂષોની મતિ યોગાભ્યાસમાં રતિને ધારણ કરનારી થાય છે.

૭. ભૂગોળના અભ્યાસીઓને નકશાઓ વિગેરે જોવાથી, લોકમાં રહેલ અનેક વસ્તુઓનું જ્ઞાન સહેલાઇથી થઈ શકે છે.

૮. શાસ્રો સંબંધી અક્ષરોની સ્થાપનાથી, તે જોનાર મનુષ્યને તમામ શાસ્રોનું જ્ઞાન પણ થાય છે.

૯. ક્ષેત્રોમાં પુરુષોની આકૃતિ ઉભી કરવાથી, તે આકૃતિ નિર્જીવ હોવા છતાં તે વડે ક્ષેત્રની રક્ષા સારી રીતે થઈ શકે છે.

૧૦. લોકોમાં કહેવાય છે કે–અશોકવૃક્ષની છાયા ચિંતાને દૂર કરે છે, ચંડાળ પુરૂષોની કે ઋતુવંતી સ્રીઓની છાયા અશુભ અસર નિપજાવે છે અને ગર્ભવંતી સ્રીની છાયાનું ઉલ્લંઘન કરવાથી લોગી પુરૂષનો પુરૂષાર્થ ક્ષય પામે છે. વિગેરે.

૧૧. સતી સ્રીનો પતિ પરદેશ ગયો હોય, ત્યારે તે સ્રી પોતાના પતિની છબીનું રોજ દર્શન કરી સંતોષ પામે છે. **શ્રી રામચંદ્રજી** વનવાસ ગયા, ત્યારે તેમના ભાઇ **ભરત** રાજા **રામ**ની પાદુકાની **રામ** પ્રમાણે પૂજા કરતા હતા. **સીતાજી** પણ **રામ**ની આંગળીની મુદ્રિકાનું આલિંગન કરી સાક્ષાત્ **રામ** મલ્યા જેટલો આનંદ અનુભવતાં હતાં. **રામચંદ્રજી** પણ **હનુમાને** લાવેલા **સીતાના** અલંકારને દેખવાથી અત્યંત સુખને પામ્યા હતા. શ્રી **પાંડવ** ચરિત્રમાં પણ કહ્યું છે કે–‘ **દ્રોણાચાર્ય**ની પ્રતિમા સ્થાપન કરી, તેની પાસેથી **લવ્ય** નામના ભીલ્લે **અર્જુનના** જેવી ધનુષ્યવિદ્યા સિદ્ધ કરી હતી.’

ઉપરનાં કેટલાંક દૃષ્ટાન્તો એવાં છે, કે જેમાં શરીરનો આકાર પણ સરખો રહેલો નથી. એવી નિર્જીવ વસ્તુ-ઓથી પણ સંતોષનો અનુભવ મળી શકતો જો દેખી શકાય છે, તો પછી સાક્ષાત્ પરમાત્માના સ્વરૂપનો બોધ કરાવનારી મૂર્તિ, પૂર્ણાનંદ જે મોક્ષ, તેનો હેતુ કેમ ન થાય ? શાંત મુદ્રાવાળી શ્રી વીતરાગપરમાત્માની પ્રતિ-માની, તેમના નામગ્રહણ પૂર્વકની પૂજા, જ્ઞાનવાન પ્રભુને મોડા-વહેલા અવશ્ય પ્રાપ્ત કરાવી આપે છે. સેવક જેમ પોતાના સ્વામિની મૂર્તિ દ્વારા સ્વામિની પૂજા કરી તે વડે પોતાનું કાર્ય સાધી લે છે, તેમ પરમાત્માની મૂર્તિ દ્વારા પરમાત્માની પૂજા કરવાથી, પૂજક પણ મહાન લાભને અવશ્ય મેળવી શકે છે. એ જ કારણે-મહા-પુરૂષોએ શ્રી અરિહંત પરમાત્મા આદિના ચારે નિક્ષેપાઓ સંસારી જીવોને પરમ ઉપકારી અને અત્યંત લાભદાયક બતાવ્યા છે. જે વસ્તુના ભાવનિક્ષેપા ઉપર મનુષ્યોને સંપૂર્ણ આદર હોય છે, તેનાં નામ, સ્થાપના તથા ગુણ-આમના સ્મરણ, દર્શન કે શ્રવણથી જરૂર તે તે વસ્તુ પરના પ્રેમ અને આદરની વૃદ્ધિ થાય છે. જેના ભાવ ઉપર પ્યાર છે, તેનાં નામ, મૂર્તિ કે ગુણને માન આપ્યા-થી, તે સાક્ષાત્ વસ્તુને જ માન અને આદર આપ્યાનો અનુભવ થાય છે.

કોઇ શ્રીમંત પિતાએ પરદેશથી પોતાના પુત્રને પત્ર દ્વારા સૂચના કરી કે-'અમુક પુરૂષને પાંચ હજાર રૂપીઆ આપજો.' હવે તે પુત્ર તે પત્રને પોતાના પિતાના સાક્ષાત્ હુકમ રૂપ માનીને તેનો અમલ કરે કે નહિ? જો કરે

કહેશો, તો તે હુકમ કાગળમાં સ્થાપના રૂપ હોવાથી, સ્થાપના માન્ય રાખવા લાયક સિદ્ધ થઈ ગઈ. જો કહેશો કે–'કાગળ માત્રથી અમલ ન કરવો'–તો તેમ કરનાર પુત્રે પિતાની આજ્ઞાનું પાલન કર્યું ગણાશે કે ઉલ્લંઘન કર્યું ગણાશે? પાલન નહિ, પણ અવશ્ય ઉલ્લંઘન કર્યું ગણાશે. એ ન્યાયે શ્રી તીર્થંકર–ગણધર–પ્રણીત સૂત્રોમાં પ્રતિપાદન કરેલ સ્થાપના નિક્ષેપાને માન્ય રાખનાર ખૂદ ભગવાનનો જ આદર કરનારો બને અને માન્ય નહિ રાખનાર ખૂદ ભગવાનનું જ અપમાન કરનાર બને, એમાં લેશ માત્ર આશ્ચર્ય નથી.

પોતાના વડિલની છબીઓ, ફોટાઓ, પેઇન્ટીંગો, વડિલના આબેહુબ સ્વરૂપનો બોધ કરાવનાર હોવાથી તેમના ભાવ નિક્ષેપા તરફ આકર્ષણ કરાવે, તેમાં નવાઇ નથી. પણ વડિલના આબેહુબ સ્વરૂપનો બોધ નહિ કરાવનાર એવા તેમનાં વસ્ત્ર, આભૂષણ અને પોષાક વિગેરે દેખવાથી પણ, તેમના ગુણ સાંભરી આવે છે. જો અજીવ રૂપ સ્થાપના નિક્ષેપો સર્વથા નિરર્થક હોત, તો પૂર્વોક્ત કાર્યોમાં જે પ્રકારના જૂદા જૂદા ભાવ આવે છે, તે ન આવવા જોઈએ. આ ઉપરથી વિચારવું જોઇએ કે–પરમ પૂજનીય, પરમોપકારી, આરાધ્યતમ, અનંતજ્ઞાની, દેવાધિદેવ શ્રી તીર્થંકરભગવાનની શાંત, નિર્વિકાર અને ધ્યાનારૂઢ ભવ્ય મૂર્તિના દર્શનથી, શ્રી વીતરાગદેવના ગુણોનું સ્મરણ કેમ ન થાય? તથા તેમની તે મૂર્તિને માન આપ્યાથી, ખૂદ તેઓનો વિનય કર્યો–એમ કેમ ન કહેવાય? અવશ્ય કહેવાય. એટલું જ નહિ, પણ તેમની

મૂર્તિના વારંવાર દર્શન, પૂજન અને સેવનથી તેમના ભાવ નિક્ષેપા ઉપરનો આદર અને પ્રેમ દિવસે દિવસે અધિક ને અધિક અવશ્ય વધતો જાય.

જે વસ્તુના ભાવ નિક્ષેપા ઉપર પ્યાર હોય છે, તેની સ્થાપના આદિ ઉપર પણ પ્રેમ આવે છે: તેમ જેના ભાવ નિક્ષેપા પર દ્વેષ હોય, તેનાં નામ, સ્થાપના વિગેરે ચારે નિક્ષેપા પર દ્વેષબુદ્ધિ પણ આવે જ છે. સાક્ષાત્ શત્રુને જોઇને જેમ વૈર ભાવ પેદા થાય છે, તેમ તેની મૂર્તિ જોવાથી કે નામ વિગેરે સાંભળવાથી પણ શું દ્વેષ ભાવ પ્રગટતો નથી ? અવશ્ય પ્રગટે છે. જેઓ તીર્થંકરના ભાવ નિક્ષેપા પર ભક્તિ રાખે છે અને તેમની મૂર્તિ વિગેરે પર દ્વેષ ધરાવે છે, તેઓને પૂછવાનું કે-તમારી માન્યતા પ્રમાણે તો તમારા મિત્ર આદિને સાક્ષાત્ જોતાં પ્રેમ થવો જોઇએ, પરંતુ તેમની મૂર્તિ તથા નામ વિગેરે જોવા અને સાંભળવાથી પ્રેમ ન થવો જોઇએ, કિન્તુ ઉલટો દ્વેષ પેદા થવો જોઇએ. અથવા-સાક્ષાત્ શત્રુની મુલાકાત થતાં ચિત્તમાં ક્રોધાગ્નિ પ્રગટ થવો જોઇએ, પરંતુ તેની સ્થાપના તથા નામથી દ્વેષ ન ઉત્પન્ન થવો જોઈએ કિંતુ આનંદ ઉત્પન્ન થવો જોઇએ. પરંતુ આવો ઉલટો ક્રમ કોઈ પણ જગ્યાએ જોવામાં આવતો નથી. કદાચ કહેવામાં આવે કે-'શત્રુ અને મિત્ર ઉભયમાં સમભાવ રાખવો જોઇએ કિંતુ રાગદ્વેષ ન કરવો જોઈએ' પરંતુ આ કથન માત્ર કહેવા પુરતું છે. મોટા મોટા યોગીશ્વરો પણ, જ્યાં સુધી ઘાતી કર્મોના યોગથી ન છૂટ્યા ત્યાં સુધી રાગ-દ્વેષથી સર્વથા છૂટી શક્યા નથી, તો

સંસારની અનેક જંજાળના મોહમાં ફસી પડેલા ગૃહસ્થો રાગદ્વેષરહિત સમભાવવાળી અવસ્થામાં રહી શકે—એમ કહેવું કે માનવું, એ વંચના માત્ર છે. એક તરફ શ્રી તીર્થંકરદેવના ભાવ નિક્ષેપા પર રાગ રાખવાની વાત કરવી અને બીજી તરફ સમભાવમાં રહેવાની વાત કરવી, એમાં પ્રત્યક્ષ મૃષાવાદ છે. ભાવ નિક્ષેપા પર રાગ અને મૂર્તિ પર દ્વેષ, એ રાગ–દ્વેષ–રહિતપણાનું લક્ષણ શી રીતે ગણાય ? એક નિક્ષેપા પર દ્વેષ રાખવાથી, બીજા નિક્ષેપાઓ ઉપર પણ દ્વેષ સ્વતઃ સિદ્ધ થઈ જાય છે. સ્થાપના નિક્ષેપા પર દ્વેષ ધારણ કરીને ભાવ નિક્ષેપા ઉપર રાગ હોવાનું બતાવવું, એમાં આત્મવંચના સિવાય બીજું કાંઇ નથી. નિયમ તો તે છે કે—જે જીવ પ્રત્યક્ષ વિદ્યમાન ન હોય, તેના ઉપર શુદ્ધ ભાવ પેદા કરવા માટે તેની સ્થાપનાના સેવન સિવાય, તેના જેવો અન્ય કોઇ સરળ ઉપાય છે નહિ. વિના સ્થાપનાએ અવિદ્યમાન વસ્તુ પ્રત્યે શુદ્ધ ભાવ પ્રગટ કરી શકાતો જ નથી. ચારે નિક્ષેપા આ રીતે પરસ્પર સંબંધ ધરાવનારા છે. એક વિના બીજો નિક્ષેપો ટકી શકતો જ નથી. સ્થાપનાનો નિરાદર કરનારને પૂછવાનું કે—'વર્તમાન સમયમાં જે નોટોનું ચલણ છે તેવી એક હજાર રૂપીઆની એક નોટ તમારી પાસે હોય, તેને તમે હજાર રૂપીઆ માનો છો કે કાગલનો કટકો માનો છો ?' જો કહેશો કે—'અમે તો તેને કાગળના કટકા તુલ્ય માનીએ છીએ, તો તેને સાધારણ કાગલના કટકાની જેમ એકાદ પૈસામાં કે મફતમાં બીજાને આપી કેમ દેતા નથી ?' તેના ઉત્તરમાં કહેશો કે—'એવો

મૂર્ખ કોણ હોય કે હજાર રૂપીઆને એક પૈસામાં કે મફતમાં આપી દે?' તો પછી જરા હૃદયચક્ષુને ખોલી વિચારવું જોઇએ કે-જેમ એક હજાર રૂપીઆની ગેરહાજરીમાં તેટલી રકમનું કામ એક નોટથી કાઢી શકાય છે, તેમ શ્રી જિનેશ્વરદેવની અનુપસ્થિતિમાં તેમની મૂર્તિ દ્વારાએ સાક્ષાત્ ભગવાનને પૂજવાનું ફળ કેમ ન મેળવી શકાય? અવશ્ય મેળવી શકાય.

— દ્રવ્ય નિક્ષેપો —

જે વસ્તુ ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં અમુક કાર્યના કારણ રૂપે નક્કી થઈ ચૂકી છે, તે કારણભૂત વસ્તુમાં કાર્યનું આરોપણ કરવું, તેનું નામ દ્રવ્ય નિક્ષેપો છે. જેમ મૃતક સાધુમાં તથા કોઇ સાધુ થનાર હોય તેમાં, વર્તમાન સમયે સાધુપણું ન હોવા છતાં, સાધુપણાનો આરોપ કરી સાધુ કહેવામાં આવે છે, તે દ્રવ્ય-નિક્ષેપાને આશ્રયીને 'સાધુપણું' સમજવાનું છે. અને એજ કારણે સાધુ થયા પહેલાં સાધુ થનારને દ્રવ્ય સાધુ માનીને તેની દીક્ષાનો મહોત્સવ મોટી ધામધૂમથી ઉજવવામાં આવે છે તથા સાધુના મૃત કલેવરને દહન ક્રિયા વખતે પાલખીમાં બેસાડી, પૈસાને ઉછાળતાં, ઠાઠમાઠથી લઈ જવામાં આવે છે અને લોકો પણ તેનાં દર્શન કરવા માટે દોડાદોડી કરે છે. શ્રી તીર્થંકરદેવોને જન્મ તથા નિર્વાણ સમયે વંદન-નમસ્કાર કરવાનો પાઠ, શ્રી **જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ** આદિ શાસ્ત્રોમાં છે, તો તે નમસ્કાર શ્રી તીર્થંકરદેવના દ્રવ્ય નિક્ષેપાને થયો ગણાય;

નહિ કે–ભાવ નિક્ષેપાને થયો ગણાય. કારણ કે–જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય, ત્યાં સુધી ભાવ નિક્ષેપો કહેવાય નહિ. ભગવાન **શ્રી ઋષભદેવસ્વામિના** જન્મ વખતે **શક્રેન્દ્રે** નમસ્કાર કર્યાનો ઉલ્લેખ શ્રી **જંબૂદ્વીપ–પ્રજ્ઞપ્તિ**માં નીચે મુજબ જણાવેલો છેઃ–

"नमोत्थुणं भगवओ तीत्थगरस्स आइगरस्स जावसंपाविउकामस्स, वंदामि एहं भगवंतं तत्थगयं इहगयं, पासउ मे भयवं तत्थगए इहगयं तिकट्टु वंदइ णमंसइ।"

તથા તે જ સૂત્રમાં કહ્યું છે કે–**શક્રેન્દ્રે** શ્રી **હરીણુગમેષી** દેવની મારફત હિતને વાસ્તે અને સુખને વાસ્તે, શ્રી તીર્થંકરદેવનો જન્મમહોત્સવ કરવાને માટે પોતે જવા વિષેનો અભિપ્રાય દેવતાઓને જણાવ્યો છે. તે સાંભળી મનમાં હર્ષિત થઇ કેટલાક દેવતા વંદન કરવા સારૂ, કેટલાક પૂજા કરવા સારૂ, કેટલાક સત્કાર કરવા સારૂ, કેટલાક સન્માન કરવા સારૂ, કેટલાક કૌતુક જોવા સારૂ, કેટલાક શ્રી જિનેશ્વરદેવના પ્રત્યે ભક્તિરાગ નિમિત્તે, કેટલાક **શક્રેન્દ્ર**ના વચનની ખાતર, કેટલાક મિત્રોની પ્રેરણાથી, કેટલાક દેવીઓના કહેવાથી, કેટલાક પોતાનો આચાર સમજીને (જેમ કે–'સમ્યગ્દૃષ્ટિ દેવોએ શ્રી જિનેશ્વરદેવના જન્મમહોત્સવમાં અવશ્ય ભાગ લેવો જોઈએ.')–એ વિગેરે કારણોને સ્વચિત્તમાં સ્થાપન કરી, ઘણાં દેવદેવીઓ **શક્રેન્દ્ર**ની પાસે હાજર થયાં. જો દ્રવ્ય નિક્ષેપો અપૂજનીક કે નિરર્થક હોત, તો સૂત્રમાં 'સુખને વાસ્તે તથા ભક્તિ નિમિત્તે' ઈત્યાદિ શબ્દો વંદનાના અધિકારમાં કદાપિ ન આવત.

તથા **શ્રી ઋષભદેવસ્વામિના નિર્વાણ સમયે પણ,** શક્રેન્દ્રનું આસન કંપાયમાન થતાં અવધિજ્ઞાનથી ભગવાનનો નિર્વાણસમય જાણી, શક્રેન્દ્રે ભગવાનને વંદન–નમસ્કાર કર્યો અને સર્વ સામગ્રી સહિત **શ્રી અષ્ટાપદ** તીર્થ પર જ્યાં ભગવાનનું શરીર હતું, ત્યાં આવી ઉદાસીનતા પૂર્વક અશ્રુવાળી આંખો સમેત શ્રી તીર્થંકરદેવના શરીરને ત્રણ પ્રદક્ષિણા દઈ, મૃતકને યોગ્ય સર્વ વિધિ કર્યો,–ઈત્યાદિ વિગતના જે પાઠો છે, તેય દ્રવ્ય નિક્ષેપાની પણ વંદનીયતાને સિદ્ધ કરે છે.

એ સિવાય બીજી રીતે પણ દ્રવ્ય નિક્ષેપ અને તેની પૂજનીયતાની સિદ્ધિ થાય છે. શ્રી **ઋષભદેવસ્વામિના** વખતમાં તથા વર્તમાનકાળમાં આવશ્યક ક્રિયા કરતી વખતે સાધુ–શ્રાવક તમામ **ચતુર્વિંશતિ સ્તવ** યાને (**લોગસ્સ** સૂત્ર) નો પાઠ બોલે છે. શ્રી **ઋષભદેવ**સ્વામિના વખતમાં બીજા ત્રેવીસ તીર્થંકરોના જીવ ચોરાશી લાખ જીવયોનિમાં ભટકતા હતા; તેથી તેમને તે વખતે કરેલો નમસ્કાર ભાવ નિક્ષેપથી થયો ગણી શકાય નહિ, કિંતુ દ્રવ્ય નિક્ષેપથી જ કર્યો ગણાય. વર્તમાનકાળમાં તો તેઓમાંના એક પણ ભાવનિક્ષેપે નથી, કારણ કે–બધા સિદ્ધિગતિમાં ગએલા હોવાથી, ભાવ નિક્ષેપે અરિહંત તરીકે નહિ પણ સિદ્ધ તરીકે વિરાજમાન છે. જો એક ભાવનિક્ષેપને માની બીજા નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપને માનવાના ન હોત, તો ' **લોગસ્સ** ' દ્વારાએ કોને નમસ્કાર થાય ? ' **લોગસ્સ** 'ની અંદર પ્રગટપણે '**अरिहंते कित्तइस्सं।**' અને ' **चउवीसंपि केवली।** ' કહીને ચોવીસે તીર્થંકરોને

આહ્ કર્યા છે. તીર્થંકરોનું એ સ્મરણ ભાવનિક્ષેપે છે જ નહિ, કિન્તુ નામ તથા દ્રવ્ય નિક્ષેપે જ માનવાનું છે. જેઓ એ બે નિક્ષેપાને માનવા તૈયાર નથી, તેઓના મતે '**લોગસ્સ**'ને માનવાનું રહેતું નથી. અને '**લોગસ્સ**'ને નહિ માનવાથી આજ્ઞાભંગનો મહાદોષ કપાળે ચોંટ્યા સિવાય પણ રહે નહિ.

વળી સાધુ–સાધ્વીના પ્રતિક્રમણસૂત્રમાં પણ કહ્યું છે કે–

" नमो चउवीसाए तीत्थयराणं उसभाइ महावीरपज्जवसाणाणं।"

અર્થાત્—**શ્રી ઋષભદેવસ્વામિથી શ્રી મહાવીર**-સ્વામી પર્યંત ચોવીસે તીર્થંકરોને નમસ્કાર થાઓ.

આમાં પણ તે નામના તીર્થંકરો ભાવનિક્ષેપે વર્તમાનમાં કોઈ નથી, કિંતુ દ્રવ્ય નિક્ષેપે છે. દ્રવ્ય નિક્ષેપ નહિ માનનારને પ્રતિક્રમણ–આવશ્યક પણ માનવાનું રહેતું નથી અને એથી પણ આજ્ઞાભંગનો મહા દોષ લાગે છે.

ભાવ નિક્ષેપનો વિષય અમૂર્ત હોવાથી, અતિશયજ્ઞાનિઓ સિવાય બીજા કોઈથી પણ સાક્ષાત્ જાણી કે સમજી શકાતો નથી. એ કારણે શ્રી જૈન સિદ્ધાંતમાં સઘળી ક્રિયાઓનું–'નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર'–એ ચાર દ્રવ્યપ્રધાન નયોની મૂખ્યતાથી જ વર્ણન કરાએલું છે. દ્રવ્ય નિક્ષેપાના પ્રાધાન્યવાળી ક્રિયાઓને જો નકામી માનવામાં આવે, તો જૈન મતનો લોપ જ થાય છે. જૈન સિદ્ધાંતને માન્ય રાખનાર આત્માઓએ દ્રવ્યાર્થિક ચાર નયોને માન આપી દ્રવ્ય ક્રિયાનો આદર કરવો યોગ્ય

છે. દ્રવ્ય નિક્ષેપાના પ્રાધાન્યવાળી ક્રિયાઓ પરિણામની ધારાને વધારનારી છે, તેથી ભાવનો પરિપૂર્ણ નિશ્ચય થયા વિના પણ વ્રત–પચ્ચક્ખાણ આદિ કરાવવાની રીતિ શ્રી જૈનશાસનમાં ચાલી રહી છે. શ્રી **અનુયોગદ્વાર**, **શ્રી ઠાણાંગ**, શ્રી **ભગવતીજી** તથા શ્રી **સૂત્રકૃતાંગ** વિગેરે અનેક સૂત્રોમાં દ્રવ્ય નિક્ષેપાની સિદ્ધિ કરેલી છે અને દ્રવ્ય વિના ભાવ કદાપિ ન સંભવે, એમ સપ્રમાણ સાબીત કરી આપ્યું છે.

પરમોપકારી મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ સ્વોપજ્ઞ વૃત્તિ સમેત રચેલા શ્રી 'પ્રતિમાશતક' મહા ગ્રન્થમાં ફરમાવ્યું છે કે–

" नामादित्रयमेव भावभगवत्तादूप्यधीकारणम् ।
शास्त्रात्स्वानुभवाच्च शुद्धहृदयैरिष्टं च दृष्टं मुहुः ।
तेनार्हत्प्रतिमा मनादृतवतां, भावंपुरस्कुर्वता,–
मन्धानामिव दर्पणे निजमुखालोकार्थिनां का मतिः ॥१॥"

ભાવ ભગવંતના તદ્રૂપપણાની બુદ્ધિનું કારણ–' નામ, સ્થાપના અને દ્રવ્ય '–એ ત્રણ જ છે. શુદ્ધ હૃદયવાળાઓને એ વાત શાસ્ત્રપ્રામાણ્યથી તથા સ્વાનુભવના નિશ્ચયથી વારંવાર પ્રતીત થયેલી છે. તે કારણ માટે શ્રી અરિહંત પરમાત્માની પ્રતિમાનો આદર કર્યા વિના જ, શ્રી અરિહંત પરમાત્માના ભાવને આગળ કરનારાઓની બુદ્ધિ, આંધળાઓ દર્પણમાં પોતાના મુખને જોવાની ચેષ્ટા કરે, તેની જેમ હાસ્યાસ્પદ છે.

આથી પણ સિદ્ધ થાય છે કે–ભગવાનની ભાવાવસ્થા

અતીન્દ્રિય હોઈ, ઇન્દ્રિયો અને મનને અગોચર છે. તેને ઇન્દ્રિય અને માનસગોચર કરવા માટે તેમના નામ, આકાર અને દ્રવ્યનું આલંબન, એ જ એક સાધન છે. નામ, આકાર અને દ્રવ્યની ભક્તિ છોડીને કેવળ ભાવની ભક્તિ કરવી કે થવી, એ અસંભવિત છે.

– ભાવ નિક્ષેપો –

જે જે નામવાળી વસ્તુમાં જે જે ક્રિયાઓ સિદ્ધ છે, તે તે ક્રિયાઓમાં તે તે વસ્તુઓ વર્તે, તે ભાવ નિક્ષેપો છે: જેમ કે–ઉપયોગસહિત આવશ્યક ક્રિયામાં પ્રવૃત્તિ કરી રહેલ સાધુ, એ ભાવ નિક્ષેપે આવશ્યક ગણાય છે. હરેક વસ્તુનું સ્વરૂપ આ રીતે ચારે નિક્ષેપાથી જાણી શકાય છે. તેમાંથી જો એક પણ નિક્ષેપો ન માનવામાં આવે, તો તે વસ્તુ વસ્તુપણે ટકતી જ નથી.

જે વસ્તુને જેવા ભાવથી માનવામાં આવે છે, તેના ચારે નિક્ષેપા તેવા ભાવને જ પ્રગટ કરે છે. શત્રુભાવવાળી વસ્તુના ચારે નિક્ષેપા શત્રુભાવને પ્રગટ કરે છે અને મિત્રભાવવાળી વસ્તુના ચારે નિક્ષેપા મૈત્રીભાવને ઉત્પન્ન કરે છે. કલ્યાણકારી વસ્તુના ચારે નિક્ષેપા કલ્યાણભાવને પેદા કરે છે અને અકલ્યાણકારી વસ્તુના ચારે નિક્ષેપા અકલ્યાણભાવને પેદા કરે છે. આ સંસારમાં સામાન્ય રીતે તમામ વસ્તુઓ હેય, જ્ઞેય અને ઉપાદેય–એ ત્રણે ભેદમાંથી કોઇ ને કોઈ એક ભેદની હોય છે. દાખલા તરીકે–સ્ત્રીસંગ. સાધુઓને સ્ત્રીઓના સાક્ષાત્ સંગનો નિષેધ કરવામાં આવ્યો છે. સાક્ષાત્ સંગ એ હેય છે,

તેથી સ્ત્રીઓના નામ, આકાર અને દ્રવ્યનો પણ નિષેધ થઈ જાય છે. સાધુપુરૂષોને સ્ત્રીઓનો ભાવનિક્ષેપો જેમ વર્જ્ય છે, તેમ નામ નિક્ષેપાથી સ્ત્રીકથાનો પણ નિષેધ છે, સ્થાપના નિક્ષેપાથી સ્ત્રીની ચીતરેલી મૂર્તિને જોવાનો પણ નિષેધ છે તથા દ્રવ્ય નિક્ષેપાથી સ્ત્રીની પૂર્વાપર બાલ્ય અવસ્થા તથા મૃતાવસ્થા આદિના સંઘટ્ટને પણ નિષેધ્યો છે. એ રીતે હેય રૂપ વસ્તુના ચારે નિક્ષેપા હેય રૂપ બને છે. માત્ર ભાવ નિક્ષેપો માનનારાઓ સ્ત્રીના ભાવ-નિક્ષેપાને વર્જે, શું બાકીના ત્રણે નિક્ષેપાનો આદર કરી શકશે ? કદી જ નહિ. એ રીતે જ્ઞેય વસ્તુનો ભાવ નિક્ષેપો જેમ જ્ઞાનપ્રાપ્તિમાં નિમિત્ત બની શકે છે, તેમ ચારે નિક્ષેપા જ્ઞાનપ્રાપ્તિમાં નિમિત્ત બની શકે છે. **જંબૂદ્વીપ, ભરતક્ષેત્ર, મેરૂપર્વત**, હાથી, ઘોડા ઇત્યાદિ જ્ઞેય વસ્તુઓ છે. તેઓને જેમ સાક્ષાત્ જોવાથી બોધ થાય છે, તેમ તેના નામ, અકાર આદિ જોવા-સાંભળવાથી પણ તે વસ્તુઓનો બોધ થાય છે. હેય અને જ્ઞેયની જેમ ઉપાદેય વસ્તુ પણ ચારે નિક્ષેપાથી ઉપાદેય બને છે. શ્રી તીર્થંકરદેવ જગતમાં પરમ ઉપાદેય હોવાથી, તેમના ચારે નિક્ષેપા પણ પરમ ઉપાદેય બને છે. સમવ-સરણમાં વિરાજેલ સાક્ષાત્ શ્રી તીર્થંકરદેવ ભાવ નિક્ષેપે પૂજનીક છે, માટે '**મહાવીર**' ઈત્યાદિ તેમના નામને પણ લોકો પૂજે છે: વૈરાગ્ય મુદ્રાએ યુક્ત, ધ્યાનારૂઢ અવસ્થામાં રહેલી તેમની પ્રતિમાને પણ લોકો પૂજે છે: તથા દ્રવ્ય નિક્ષેપે તેમની બાલ્યપણાની પૂર્વ અવસ્થા તથા નિર્વાણદશાની ઉત્તર અવસ્થા, તેને પણ ઇંદ્રાદિક

દેવો ભક્તિભાવથી નમે છે, પૂજે છે અને તેનો સત્કાર વિગેરે કરે છે. આથી ઉલટું, અન્ય દેવોનો ભાવ નિક્ષેપો ત્યાજ્ય હોવાથી, તેઓના બાકીના ત્રણ નિક્ષેપા પણ સમ્યગ્દૃષ્ટિ આત્માઓને છોડવા લાયક બને છે અને એજ કારણે **આનંદાદિક** દશ શ્રાવકોએ **હરિહરાદિ** અન્ય દેવોને વંદન-નમસ્કાર નહિ કરવાની પ્રતિજ્ઞા કરી હતી. તે વખતે હરિહરાદિ દેવો ભાવનિક્ષેપે વિદ્યમાન નહિ હતા, માત્ર તેમની મૂર્તિઓ હતી, તેથી **આનંદાદિક** શ્રાવકોની નહિ નમવાની પ્રતિજ્ઞા તેઓની મૂર્તિને ઉદ્દેશીને હતી, એ આપોઆપ સિદ્ધ થાય છે. એજ રીતે હરિહરાદિ દેવોની મૂર્તિઓને નમવાનો નિષેધ, એ શ્રીજિનમૂર્તિને નમસ્કાર કરવાના વિધાનને પણ સ્વતઃ સિદ્ધ કરી આપે છે. જેમ કોઇએ રાત્રિભોજનનો ત્યાગ કરવાનો નિયમ અંગીકાર કર્યો, તેથી તેની દિવસે ભોજન કરવાની વાત આપોઆપ સિદ્ધ થઈજ જાય છે. એ મુજબ ચારે નિક્ષેપાનો પરસ્પરનો સંબંધ સમજી લેવાનો છે. તેમાં વિશેષ એટલો છે કે-જેનો ભાવનિક્ષેપો શુદ્ધ અને વંદનીય છે, તેનાજ બાકીના નિક્ષેપા વંદનીય અને પૂજનીય છે. બીજાના નહિ. તેથી કોઈ એમ પ્રશ્ન કરે કે-'મરેલા બળદને જોઇને કોઈ પ્રતિબોધ પામે તેથી શું તે પૂજવા યોગ્ય બની જાય છે?' તો તેનો ઉત્તર સ્પષ્ટતયા મળી રહે છે. શાસ્ત્રકારો, જેનો ભાવ નિક્ષેપો વંદન-પૂજન કરવા લાયક છે, તેના જ બાકીના ત્રણ નિક્ષેપા પૂજવા માટે ફરમાવે છે. સાક્ષાત્ બળદને કોઇએ પૂજવા લાયક માન્યો નથી, તેથી તેનાં નામાદિક પણ પૂજનીક ઠરતાં

નથી. રાજા કરકંડુ વિગેરે પ્રત્યેકબુદ્ધ મહર્ષિઓ મરેલા બળદને જોઇને પ્રતિબોધ પામ્યા હતા, પણ ભાવ બળદ વંદનીય નહિ હોવાથી તેમના પ્રતિબોધમાં કારણભૂત બળદનાં નામાદિક વંદન કરવા લાયક ગણાયાં નથી.

૩ પ્રશ્ન૦ સ્ત્રીના ચિત્રામણવાળા મકાનમાં સાધુ ન રહે, એવું કયા સૂત્રમાં ફરમાન છે?

ઉત્તર૦ શ્રુતકેવલી આચાર્યભગવાન શ્રીમદ્ **શય્યંભવસૂરિ** મહારાજા વિરચિત શ્રી **દશવૈકાલિક** સૂત્રના આઠમા અધ્યાયનમાં ફરમાવ્યું છે કે–

" चित्तभित्तिं णइ णिज्झाए, नारी वा सुअलंकिअं।
भक्खरं पिव दट्ठूणं, दिट्ठिं पडिसमाहरे ॥ १ ॥"

જેમાં સ્ત્રીની મૂર્તિ હોય તેવી ચિત્રામણની ભીંત ન જોવી તેમજ અલંકારવાળી કે અલંકાર વિનાની સ્ત્રીને પણ ન જોવી. અકસ્માત્ દૃષ્ટિ પડી જાય, તો સૂર્યને જોઇને જેમ દૃષ્ટિ ખેંચી લઈએ છીએ તેમ ખેંચી લેવી. સ્ત્રીનું ચિત્રામણ જોવાથી મોહ ઉત્પન્ન થાય છે, તેથી તેનો જેમ નિષેધ કરેલો છે; તેમ શ્રી વીતરાગ પરમાત્માની પ્રતિમાને દેખીને વીતરાગ દશાનો સાક્ષાત્કાર થાય છે તેથી વીતરાગ અવસ્થાની પ્રાપ્તિની અભિલાષાવાળાને શ્રી વીતરાગ પરમાત્માનાં હંમેશાં દર્શન આદિ કરવાની જરૂરીયાત દર્શાવેલી છે.

૪ પ્રશ્ન૦ સ્ત્રીની મૂર્તિ જોવાથી પ્રત્યેકને કામવિકાર ઉત્પન્ન થતો દેખાય છે, પણ પ્રતિમા જોઈને વિરાગભાવ ઉત્પન્ન થતો બધાને દેખાતો નથી, તેનું શું કારણ?

ઉત્તર૦ જેઓને મૂર્તિ પર દ્વેષ કે દુર્ભાવ છે, તેઓને વીતરાગની મૂર્તિ જોવા છતાં શુભ ભાવ પ્રગટ થવો મુશ્કેલ છે, પરંતુ જેઓ હલુકર્મી જીવો છે તેમને તો શ્રી વીતરાગદેવની શાંત મુદ્રાનાં દર્શન થવાની સાથે જ રોમેરોમ પ્રેમ ઉભરાયા સિવાય રહેતો નથી. કોઈ પાપી આત્માને મુનિની શાંત મૂર્તિ દેખીને પણ જેમ મનમાં ભક્તિભાવ ઉત્પન્ન ન થાય, તેમ જેણે મૂર્તિ પ્રત્યે દ્વેષ કે દુર્ભાવ કેળવેલ હોય, તેવા આત્માને મૂર્તિના દર્શનથી પણ ભક્તિ ઉત્પન્ન ન થાય એ બનવાજોગ છે. જગતનો સામાન્ય નિયમ તો એવો છે કે–ગુણવાનની મૂર્તિ દેખીને તેના જેવા ગુણો પ્રાપ્ત કરવા સહેજે ઉત્કંઠા થયા સિવાય રહે નહિ, છતાં તેમાં પણ અપવાદ હોય છે.

શ્રી આચારાંગ સૂત્રમાં ફરમાવ્યું છે કે–

“जे आसवा ते परिसवा, जे परिसवा ते आसवा।”

અર્થાત્–પરિણામના વશથી જે આશ્રવનું કારણ હોય, તે સંવરનું કારણ બને છે અને જે સંવરનું કારણ હોય, તે આશ્રવનું કારણ બને છે.

ઈલાચિપુત્ર પાપના ઇરાદાથી ઘેરથી નીકળ્યા હતા, છતાં પરિણામની વિશુદ્ધિથી વાંસના દોરડા ઉપર નાચ કરતાં કેવળજ્ઞાન ઉપાર્જન કરી લીધું હતું. **ભરત-ચક્રવર્તિનું** આરીસા–ભુવનમાં રૂપ જોવા જવું તે આશ્રવનું કારણ હતું, પણ મુદ્રિકાના પડવાથી શુભ ભાવનામાં આરૂઢ થતાં તેમણે કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું. તે જ રીતે સાધુમુનિરાજો સંવર અને નિર્જરાનું કારણ છે,

છતાં તેમને દુઃખ દેવાથી, તેમનું બુરૂં ચિંતવવાથી તથા તેમની નિંદા આદિ કરવાથી જીવ અશુભ કર્મનો આશ્રવ કરે છે, પણ તેથી સાધુ મુનિરાજનું પૂજનિકપણું નષ્ટ થઈ જતું નથી. સાક્ષાત્ ભગવાન શ્રી **મહાવીરદેવને** જોઈને પણ, **સંગમ દેવ** અને ગોવાળાઆ વિગેરેને માઠા ભાવ થયા. તેમાં કારણુ તેઓનો અશુભ ભાવ છે. એક કવિએ કહ્યું છે કે—

'पत्रं नैव यदा करीरविटपे, दोषो वसंतस्य किम्।
उलूको न विलोक्यते यदि दिवा, सूर्यस्य किं दूषणम्।
वर्षा नैव पतन्ति चातकमुखे, मेघस्य किं दूषणम्,
यद् भाग्यं विधिना ललाटलिखीतं, दैवस्य किं दूषणम् ॥१॥'

કરીરના ઝાડ ઉપર પાંદડાં ન આવે, તેમાં વસંત ઋતુનો શો દોષ? ઘુવડ પક્ષીને દિવસે ન દેખાય, તેમાં સૂર્યનો શો અપરાધ? જલની ધારા ચાતકપક્ષિના મુખમાં નથી પડતી, તેમાં મેઘનો શો દોષ? અને એ જ પ્રકારે લલાટે લખાએલ ભાગ્યાનુસાર ફળ ભોગવવું પડે, તેમાં દૈવનો પણ શો દોષ ગણાય?

એજ રીતે શ્રી દેવાધિદેવની મૂર્તિ તો શુભ ભાવનું જ કારણ છે, તથાપિ તેના દ્વેષી, દુષ્ટ-પરિણામી અને હિનભાગી જીવોને ભાવ પેદા ન થાય, તે ખરેખર તેમની જ કમનશિબી છે. સૂર્યની સામે કોઈ ધૂળ ફેંકે કે સુગંધી પુષ્પ ફેંકે, તો તે બન્ને ફેંકનાર તરફ જ પાછાં ફરે છે. અથવા—વજ્રમયી દીવાલ પર કોઈ મણિ કે પત્થર ફેંકે, તો તે વસ્તુઓ ફેંકનાર તરફ જ પાછી આવે

છે. અથવા—ચક્રવર્તી રાજાની કોઈ નિંદા કે સ્તુતિ કરે તેથી તેનું કાંઈ બગડતું કે સુધરતું નથી, પણ નિંદક આત્મા પોતે જ દુઃખનો પાત્ર બને છે અને સ્તુતિ કરનાર પોતે જ ઉત્તમ ફળને મેળવે છે. અથવા—બીજી રીતે જોઇએ તો, જેમ પથ્ય આહાર કરવાથી ખાનાર મનુષ્યને સુખ મળે છે અને અપથ્ય ભોજન કરવાથી ભોજન કરનારને જ દુઃખ પ્રાપ્ત થાય છે, પણ આહારમાં વપરાએલી વસ્તુને કંઈ થતું નથી: તેજ પ્રમાણે પરમાત્મમૂર્તિની સ્તુતિ, ભક્તિ કે નિંદા—હીલના કરવાથી અલિપ્ત પરમાત્માને કાંઈ થતું નથી, પરંતુ નિંદક પોતે જ દુર્ગતિનું કર્મ ઉપાર્જન કરે છે અને પૂજક શુભ કર્મોપાર્જન કરી સ્વયમેવ સુગતિનું ભાજન બને છે.

બીજી વાત વિચારવાની એ છે કે—બ્રહ્મચારી મહાત્માઓને સ્ત્રીની મૂર્તિ જોવાનો નિષેધ કર્યો, પરંતુ સાક્ષાત્ સ્ત્રીના હાથે આહાર—પાણી લેવાનો નિષેધ કર્યો નહિ: સ્ત્રીઓ દર્શન કરવા કે વંદન કરવા આવે, કલાકો સુધી વ્યાખ્યાન સાંભળવા બેસી રહે, ધર્મચર્ચા સંબંધી પૂછપરછ કે વાર્તાલાપ કરે—ઇત્યાદિ કાર્યોમાં સ્ત્રીનો સાક્ષાત્ પરિચય હોવા છતાં નિષેધ ન કર્યો અને સ્ત્રીના ચિત્રામણવાળા મકાનમાં વસવાનો નિષેધ કર્યો, તેનું શું કારણ ? ચિત્રામણની સ્ત્રીની આકૃતિ માત્રથી કાંઈ આહારપાણી મળી શકતાં નથી કે બોલવું—ચાલવું થઈ શકતું નથી. ચિત્રામણની સ્ત્રી ઉઠીને સ્પર્શ કરી શકતી નથી. છતાં શાસ્ત્રકારોએ તેનો નિષેધ કર્યો. કારણ એટલું જ કે—ચિત્ર કે મૂર્તિ તરફ જેવી ચિત્તની એકાગ્રતા થાય,

મનમાં ખરાબ સંકલ્પ વિકલ્પ ઉઠે, ધર્મધ્યાનમાં બાધા પહોંચે તથા કર્મબંધન થવાના પ્રસંગો ઉપસ્થિત થાય, તેવા ધર્મ નિમિત્તે સાક્ષાત્ પરિચયમાં આવનાર સ્ત્રીપ્રસંગમાં સંભવતા નથી : કારણ કે–ત્યાં અશુભ માર્ગે ચિત્તની એકાગ્રતા કરવાનો અવસર સાધુને ભાગ્યે જ મળે છે. જ્યારે મકાનમાં સ્ત્રીની મૂર્તિ હોય, તો તે તરફ વારંવાર ધારી–ધારીને નિહાળવાનું અને તેમાં ચિત્તની એકાગ્રતા તથા મનની લીનતા થવાનું અવશ્ય બની આવે તથા પરિણામે દીલમાં કામવિકારો જાગૃત થઈ આવે, એ વિગેરે અનિષ્ટોનો પુરેપુરો ભય છે. સૂત્રકાર–મહર્ષિઓની આજ્ઞા નિષ્પ્રયોજન કે વિના વિચારે હોઈ શકે નહિ. એ ઉપરથી નિશ્ચય થાય છે કે–મનને સ્થિર કરી શુભ ધ્યાનમાં લાવવા માટે, શુભ એવા સ્થિર આલંબનની ખાસ જરૂર છે. તેવું સ્થિર અને શુભ આલંબન શ્રી જિનરાજની શાંત મૂર્તિ સિવાય બીજું એક પણ નથી. આથી બીજી વાત એ પણ સિદ્ધ થાય છે કે–ઉત્તમ ધ્યાન અને મનની એકાગ્રતા કરવાની અપેક્ષાએ, શ્રી જિનમૂર્તિનો દરજ્જો સાક્ષાત્ જિનરાજ કરતાં પણ વધી જાય છે. અને એવા જ કારણે–શ્રી **રાયપસેણી** આદિ શાસ્ત્રગ્રંથોમાં સાક્ષાત્ તીર્થંકરદેવને વંદન–નમસ્કાર કરતી વેળા–' **देवयं चेइयं** ' ઇત્યાદિ પાઠો છે. અર્થાત્–જેવી હું જિનપ્રતિમાની ભક્તિ કરૂં છું, તેવી જ અંતરંગ પ્રીતિથી આપની (સાક્ષાત્ અરિહંતની) ભક્તિ કરૂં છું. વળી સાક્ષાત્ ભગવાનને નમસ્કાર કરતી વખતે–

' सिद्धिगइ नामधेयं, ठाणं संपाविउ कामस्स । '

અર્થાત્–સિદ્ધિગતિ નામના સ્થાનને મેળવવાની ઈચ્છાવાળા, એમ બોલવામાં આવે છે અને શ્રી જિન-પ્રતિમાની સામે–

'सिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं ।'

અર્થાત્–સિદ્ધિગતિ નામના સ્થાનને પ્રાપ્ત થઈ ચૂકેલા, એમ કહેવામાં આવે છે. એ વિગેરે પાઠોનું ખરૂં રહસ્ય સમજી, પૂર્વાચાર્યોએ અત્યંત બહુમાન પૂર્વક પ્રમાણિત કરેલ શ્રી જિનપ્રતિમાનો, અંતરંગ આદર કરવો જોઈએ.

૫ પ્રશ્ન૦ શું એવું કોઇ શાસ્ત્રીય પ્રમાણ છે કે–સ્થાપના સ્થાપન કર્યા સિવાય, કોઇ પણ ધર્મક્રિયા થઇ શકે જ નહિ?

ઉત્તર૦ શ્રી જૈનધર્મમાં તમામ ધર્મક્રિયાઓ સ્થા-પના સન્મુખ જ કરવી જોઈએ, એ માટે અનેક સૂત્રોનાં પ્રમાણો છે. જેમ દેવના અભાવે દેવની મૂર્તિ જોઇએ, તેમ ગુરુના અભાવે ગુરુની સ્થાપના કરવી જોઇએ. દુઃષમાર રજનીમાં દિનકર તુલ્ય પૂર્વધર આચાર્યભગવાન શ્રી **જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ** મહારાજા, સ્વરચિત શ્રી **વિશેષાવશ્યક** મહાભાષ્યમાં, ગુરુ–અભાવે ગુરુની સ્થાપના કરવા નીચેની ગાથા દ્વારાએ ફરમાવે છે–

" **गुरुविरहंमिअ ठवणा, गुरुवएसोवदंसणत्थं च ।**
जिणविरहंमिअ जिणबिंब, सेवणामंतणं सहलं ॥१॥"

શ્રી **ઠાણાંગ** સૂત્રમાં પણ દશ પ્રકારની સ્થાપના બતાવેલી છે. તેનું સ્થાપન કરી, '**पंचिंदिय**' સૂત્રથી તેમાં ગુરુમહારાજના ગુણોનું આરોપણ કરી, તેની

સન્મુખ ધર્મકરણી કરવી યોગ્ય છે. સ્થાપનામાં મુખ્ય સ્થાપના 'અક્ષ' એટલે ગોળાકાર કોડાની કરવામાં આવે છે. તે ત્રણ, પાંચ, સાત કે નવ આવર્ત્તવાળા હોય, તો ઉત્તમ ગણાય છે. તેનું ફળ શ્રી **ભદ્રબાહુ-સ્વામિકૃત 'સ્થાપના કુલક'**માં વિસ્તારથી વર્ણવેલું છે. ઉપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજાએ પણ 'સ્થાપનાની સજ્ઝાય' બનાવી છે. તેમાં પણ તેનું ફળ તથા વિધિ બતાવેલ છે. પૂર્વોક્ત 'અક્ષ'નો યોગ ન બને, તો જ્ઞાન-દર્શન-ચારિત્રનાં ઉપકરણો: જેવાં કે-પુસ્તક, નવકારવાળી ઇત્યાદિની સ્થાપના કરવી, એવું વિધાન કરવામાં આવ્યું છે.

આવશ્યક આદિ ધર્મક્રિયાઓમાં સ્થાન સ્થાન પર ગુરુમહારાજની આજ્ઞા માગવી પડે છે, તો તે ક્રિયા કરતી વખતે સાક્ષાત્ ગુરુ ન હોય તેવી દશામાં, તેમની સ્થાપના વગર કેવી રીતે કામ ચાલવાનું હતું?

શ્રી **સમવાયાંગ** સૂત્રના બારમા સમવાયમાં ગુરુ-વંદનના પચીસ બોલ પૂરા કરવાનું ફરમાવ્યું છે. તેનો પાઠ નીચે મુજબ છે-

"दुवालसावत्ते कित्तिकम्मे पन्नते, तं जहा-

'दुओणयं जहाजायं, कित्तिकम्मं बारसावयं।
चउसिरं तिगुत्तं, दुप्पवेसं पगनिक्खमणं ॥१॥"

અર્થાત્-વંદનક્રિયામાં બાર આવર્ત્ત ફરમાવ્યા છે, તે આ પ્રમાણે:-બે અવનત એટલે બે વખત મસ્તક નમાવવું અને એક યથાજાત એટલે જન્મ તથા દીક્ષા

ગ્રહણ કરવાના સમયની મુદ્રા ધારણ કરવી. બાર આવર્ત્ત એટલે પ્રથમના પ્રવેશમાં છ તથા બીજા પ્રવેશમાં છ. એ-

'अहो कायं कायसंफासं।'

ઇત્યાદિ પાઠથી કરવા. ચાર શિર એટલે પ્રથમના તથા બીજા પ્રવેશમાં બબ્બે વાર મસ્તક નમાવવું, ત્રણ ગુપ્ત એટલે મન-વચન-કાયા એ ત્રણેથી વંદના સિવાય બીજો વ્યાપાર ન કરવો, બે પ્રવેશ એટલે ગુરુમહારાજની હદમાં પ્રવેશ કરવો અને એક નિષ્ક્રમણ એટલે ગુરુમહારાજની હદમાં પ્રવેશ કરવા રૂપ અવગ્રહથી બહાર નીકળવું-એ રીતે કુલ પચીસ બોલ થયા. તેમાં ગુરુમહારાજના પ્રવેશમાં બે વાર પ્રવેશ કરવો અથવા એક વાર નીકળવું, એ પ્રત્યક્ષ ગુરુના અભાવે તેમની સ્થાપના વિના કેવી રીતે શક્ય બને છે?

એ જ વંદનાના પાઠમાં ગુરુમહારાજની આજ્ઞા માગી અંદર પ્રવેશ કરવાનું સ્પષ્ટ ફરમાન છે. જેમકે-

"इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहिआए अणुजाणह मे मिउग्गं निसीहि. अहो कायं कायसंफासं खमणिज्जो मे किलामो।"

ઈત્યાદિ. અર્થાત્-હું ઈચ્છું છું કે, હે ક્ષમાશ્રમણ! વંદન કરવાને, પાપવ્યાપારથી રહિત શરીરની શક્તિ વડે, મિત્ત અવગ્રહ એટલે સાડા ત્રણ હાથ પ્રમાણ જે ક્ષેત્ર-તેમાં પ્રવેશ કરવાની મને આજ્ઞા આપો. તે વખતે ગુરુની આજ્ઞા લઈ શિષ્ય 'निसीहि' એટલે 'ગુરુવંદના સિવાય

બીજી ક્રિયાનો નિષેધ' કરી, અવગ્રહમાં પેસે અને બે હાથ લલાટે લગાડી, ગુરુના ચરણે સ્પર્શ કરતાં-

'अहो कायं कायसंफासं ।'

ઈત્યાદિ પાઠ કહે. જેનો અર્થ એવો છે કે-'હે ભગવંત! આપની અધો કાયા એટલે ચરણકમલને મારી ઉત્તમ કાયા એટલે મસ્તક વડે સ્પર્શ કરતાં, આપને જે કાંઈ ખેદ ઉપજાવ્યો હોય, તેની ક્ષમા કરો!'

આ રીતે અનેક સ્થાને ગુરુ મહારાજની આજ્ઞા માગીને ક્રિયા કરવાની હોય છે. તેમાં ગુરુના વિરહે ગુરુની સ્થાપના વિના કેવી રીતે ચાલી શકે? જો કહેશો કે-'ગુરુ અવસ્થાની આકૃતિ મનમાં કલ્પીને આજ્ઞા આદિ માગીશું'-ત્યારે તો સ્થાપના નિક્ષેપાનો બળાત્કારે પણ સ્વીકાર થઇ ચૂક્યો. વળી કાળ કરીને અન્ય ગતિમાં ચાલ્યા ગએલા ગુરુઓને યાદ કરી, તેમના ગુણગ્રામ કરવામાં આવે છે, તે કયા નિક્ષેપાને આશ્રયી સમજવા? ગુરુપણાનો ભાવ નિક્ષેપો તો તે વખતે હયાત છે નહિ. ભાવ નિક્ષેપે ગુરુ અન્ય ગતિમાં છે. તેમ છતાં પણ-'ગુરુપણાની પૂર્વ અવસ્થાને મનમાં કલ્પીને ગુણગ્રામાદિ કરવામાં આવે છે'-એમ કહેવાથી, સ્થાપના નિક્ષેપો અને દ્રવ્ય નિક્ષેપો ઉભય માનવા લાયક સિદ્ધ થઇ જાય છે.

૬ **પ્રશ્ન૦** શ્રી **ઋષભદેવ**સ્વામિના વખતમાં બાકીના ત્રેવીસ તીર્થંકરોના જીવ સંસારમાં ભટકતા હતા, છતાં તે સમયે તેમને વંદન કરવામાં ધર્મ કેવી રીતે સંભવે?

ઉત્તર૦ શ્રી ઋષભદેવસ્વામિના વખતમાં બાકીના ત્રેવીસ તીર્થંકરોને વંદના કરવાનો વિષય દ્રવ્ય નિક્ષેપાને આશ્રયી છે. દ્રવ્ય વગર ભાવ, સ્થાપના કે નામ કશું યે ન હોઈ શકે. શ્રી ઋષભદેવભગવાને જે જીવોને મોક્ષગામી બતાવ્યા, તે સર્વે પૂજવા લાયક છે. જેમ–કોઈ ધનાઢય શાહુકારના હાથે લખાએલી તેના સહી–સિક્કાવાળી અમુક મુદતની હુંડી હોય, તો તેની રકમથી મુદત પૂરી થયા પહેલાં પણ કામ કાઢી શકાય છે: તેવી રીતે મોક્ષગામી ભવ્ય જીવોની શ્રી ઋષભદેવસ્વામિજીએ આપેલી ખાતરી રૂપી હુંડી, તેનો કોણ વિચારવંત પુરૂષ અસ્વીકાર કરશે? ભગવાનની ખાતરી રૂપ પ્રબળ કારણને લઈને, બાકીના ત્રેવીસ તીર્થંકરો તે સમયને આશ્રયીને વંદનીય હતા. વળી એ સંબંધમાં શ્રી આવશ્યકસૂત્રમાં મૂળ પાઠ પણ છે કે—

'चत्तारि–अट्ठ–दस–दोय, वंदिआ जिगवरा चउव्वीसं ।'

અર્થાત્—'ચારે દિશામાં અનુક્રમે ચાર, આઠ, દસ તથા બે, એમ ચોવીસે તીર્થંકરોનાં બિંબ શ્રી **ભરત** મહારાજાએ **અષ્ટાપદ** પર્વત પર સ્થાપન કરેલાં છે.' એ બાબતમાં નિર્યુક્તિકાર શ્રુતિકેવલી આચાર્યભગવાન શ્રીમદ્ **ભદ્રબાહુસ્વામિજી** મહારાજાએ ખૂલાસો કર્યો છે કે–'**ભરત** રાજાએ શ્રી **ઋષભદેવસ્વામિને** આ ચોવીસીમાં થનારા તીર્થંકરોનાં નામ, લંછન, વર્ણ, શરીરનું પ્રમાણ વિગેરે પૂછીને, તે પ્રમાણે શ્રી **અષ્ટાપદગિરિ** ઉપર શ્રી જિનમંદિર બનાવી, સર્વે તીર્થંકરોની પ્રતિમા

આબેહુબ આકારની સ્થાપન કરી.' આથી સિદ્ધ થાય છે કે–ત્રેવીસ તીર્થંકરો થયા પહેલાં પણ, તેમની પૂજા તથા મૂર્તિઓ–મંદિરો વિગેરે દ્વારા ભક્તિ કરવાનો રિવાજ સનાતન કાળથી ચાલ્યો આવે છે; અને તેને મહાન્ જ્ઞાની પુરૂષોએ પણ સ્વીકારેલો છે.

૭ **પ્રશ્ન૦** '**सिद्धायतन**' શબ્દનો શો અર્થ ?

ઉત્તર૦ '**सिद्धायतन**' એ ગુણનિષ્પન્ન નામ છે. તેનો અર્થ જિનમંદિર થાય છે. '**सिद्ध**' એટલે સિદ્ધ ભગવાનની પ્રતિમા અને '**आयतन**' એટલે ઘર. અર્થાત્–જિનઘર યા જિનમંદિર, એ 'સિદ્ધાયતન'નો અર્થ છે. **વૈતાઢ્ય** પર્વત, **ચુલ્લહિમવંત** પર્વત, **મેરૂ** પર્વત, **માનુષોત્તર** પર્વત, શ્રી **નંદીશ્વર દ્વીપ**, શ્રી **રૂચક દ્વીપ**, વિગેરે પર્વતો તથા દ્વીપો ઉપર સંખ્યાતીત શાશ્વતી જિનમૂર્તિઓવાળાં સિદ્ધાયતનો વિદ્યમાન હોવાનું, શ્રી **જીવાભિગમ** તથા શ્રી **ભગવતી** આદિ સૂત્રોમાં સ્પષ્ટ ફરમાવેલું છે, જે સૂત્રોને તમામ જૈનો માન્ય રાખે છે.

૮ **પ્રશ્ન૦** કેટલાક શ્રી જિનપ્રતિમાથી જિનબિંબ નહિ લેતાં, શ્રી વીતરાગદેવના નમુના તુલ્ય સાધુને ગ્રહણ કરે છે, તે વ્યાજબી છે ?

ઉત્તર૦ તેમની તે માન્યતા મનઃકલ્પિત અને જૂઠી છે. સૂત્રોમાં સ્થળે સ્થળે શ્રી જિનપ્રતિમા શ્રી જિનવર તુલ્ય કહેલી છે. શ્રી **જીવાભિગમ** આદિ સૂત્રોમાં જ્યાં જ્યાં શાશ્વતી પ્રતિમાનો અધિકાર છે, ત્યાં ત્યાં 'સિદ્ધા-

યતન' અર્થાત્ 'સિદ્ધ ભગવાનોનું મંદિર' એમ કહ્યું છે, પણ 'મૂર્તિ-આયતન' કે 'પ્રતિમા આયતન' કહ્યું નથી: તેથી પણ શ્રી સિદ્ધની પ્રતિમા સિદ્ધ સમાન છે, એમ સાબીત થાય છે. શ્રી **રાયપસેણીસૂત્ર** તથા શ્રી **જીવાભિગમસૂત્ર**માં, શ્રી **સૂર્યાભ**દેવતા તથા શ્રી **વિજય-પોલિઆની** દ્રવ્ય પૂજાના અધિકારે "**धुव्वं दाऊणं जिणवराणं ।**" **અર્થાત્**-'શ્રી જિનેશ્વરદેવને ધૂપ કરીને' એમ કહ્યું છે, તેથી પણ શ્રી જિનપ્રતિમાને જિનવર સમાન ગણેલ છે, એ વાત સાબીત થાય છે. વળી શ્રી **રાયપસેણી**, શ્રી **દશાશ્રુતસ્કંધ** અને શ્રી **ઉવવાઈ** આદિ ઘણાં સૂત્રોમાં ભાવ તીર્થંકરને વંદના કરવા જતી વખત શ્રાવકોના અધિકારે કહ્યું છે કે-'**देवयं चेइयं पज्जुवासामि ।**' અર્થાત્-'દેવ સંબંધી ચૈત્ય એટલે શ્રી જિનપ્રતિમા, તેની પેઠે હું પર્યુપાસના કરીશ.' ઈત્યાદિ અનેક સ્થળોએ ભાવ તીર્થંકર તથા સ્થાપના તીર્થંકરની એક સરખી પર્યુપાસના કરવાનો પાઠ છે, જેથી બંનેમાં કંઈ તફાવત નથી. ભાવ કે સ્થાપના, બેમાંથી ગમે તેની ભક્તિ અને પૂજા જેવા જેવા ભાવથી કરવામાં આવે છે, તે તે પ્રમાણે એક સરખું ફળ મળે છે. શ્રી **જ્ઞાતા-સૂત્ર**માં **દ્રૌપદી**ના પૂજનના અધિકારે શ્રી 'જિનમંદિર'ને શ્રી 'જિનગૃહ' કહ્યું છે, પણ 'મૂર્તિગૃહ' કહ્યું નથી: તેથી પણ શ્રી જિનમૂર્તિને જ જિનની ઉપમા ઘટે છે, નહિ કે-સાધુને. સાધુ વસ્ત્ર, પાત્ર, રજોહરણ અને મુહપત્તિ આદિ ઉપકરણોએ સહિત છે, જ્યારે ભગવાનને તેમાંનું કશું હોતું નથી. ભગવાન રત્નજડિત સિંહાસન

પર બેસે છે, બે બાજુ ચામરો વીંજાય છે, પાછળ ભામંડળ રહે છે, આગળ દેવદુંદુભી વાગે છે, દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરે છે,–ઈત્યાદિ અતિશયોએ સહિત હોય છે. સાધુને આમાંનું કશું હોતું નથી. તો પછી સાધુ તેવા શ્રી વીતરાગની બરાબરી કેવી રીતે કરી શકે ? પર્યંકાસને રહેલી સૌમ્ય દૃષ્ટિવાળી વીતરાગ અવસ્થાની પ્રતિમા તે શ્રી અરિહંત ભગવાન તુલ્ય છે. વીગતરાગનો નમુનો વીતરાગની મૂર્તિને કહેવાય, પણ સાધુને નહિ. સાધુના નમુનાને જ સાધુ કહેવાય. શ્રી **અંતગડદશા** સૂત્રમાં કહ્યું છે કે–'**હરિણગમેષી**ની પ્રતિમાને આરાધવાથી તે દેવ આરાધ્ય થયો.' તેમ શ્રી વીતરાગની મૂર્તિને આરાધવાથી શ્રી વીતરાગદેવ આરાધ્ય થાય છે.

૯ પ્રશ્ન૦ શ્રી જિનપ્રતિમાને જિનરાજ સમજી નમસ્કાર કરો તો તે નમસ્કાર મૂર્તિને થયો, ભગવાનને નહિ : કારણ કે–ભગવાન તો મૂર્તિથી અલગ છે. મૂર્તિને નમસ્કાર કરવાથી ભગવાનને નમસ્કાર નહિ થાય અને ભગવાનને નમસ્કાર કરવાથી મૂર્તિને નમસ્કાર નહિ થાય, તેનું શું સમાધાન છે ?

ઉત્તર૦ મૂર્તિ અને ભગવાન સર્વથા જૂદાં નથી. એ બેમાં કથંચિત્ અભેદ છે. શ્રી જિનમૂર્તિને નમસ્કાર કરતી વખતે શ્રી જિનેશ્વર ભગવાનનો ભાવ લાવીને નમસ્કાર કરવામાં આવે છે, માટે જૂદા ન કહેવાય. જેમ અહીં બેઠાં મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજેલ શ્રી **સીમંધર**-સ્વામિને સર્વે જૈનો વંદન–નમસ્કાર કરે છે, ત્યારે માર્ગમાં લાખો ઘર, વૃક્ષો, પર્વતો આદિ અનેક વસ્તુઓ આડી આવે છે, તો નમસ્કાર તે વસ્તુઓને થયો કે શ્રી **સીમંધર**-

સ્વામિને? જો કહેશો કે–'નમસ્કાર કરવાનો ભાવ ભગવાનને હોવાથી ભગવાનને જ નમસ્કાર થયો; બીજી વસ્તુને નહિ: તથા કેવળજ્ઞાનથી ભગવાન પણ તે વંદનાને તેમજ જાણે છે.'–તો પછી તેવી રીતે મૂર્તિ દ્વારા પણ ભગવાનનો ભાવ લાવી, વન્દન–પૂજન કરવામાં આવે, તેને શું ભગવાન નથી જાણતા? એ રીતે સાધુને વંદન–નમસ્કાર કરતાં પણ, તેમના શરીરને વંદન થાય છે કે જીવને? જો શરીરને નમસ્કાર કરવામાં આવે છે, તો જીવ તો શરીરથી જૂદી વસ્તુ છે અને જો જીવને નમસ્કાર કરવામાં આવે છે, તો વચમાં કાયાની આડ રહેલી છે અને કાયા એ જીવથી જૂદું પુદ્ગલદ્રવ્ય છે. જો કહેશો કે–'એ પુદ્ગલદ્રવ્ય સાધુનું જ છે ને?'–તો પછી–'મૂર્તિ પણ દેવાધિદેવ શ્રી વીતરાગ પ્રભુની જ છે.'–એમ કેમ વિચારી શકતા નથી? મુનિની કાયાને વંદન કરવાથી જેમ મુનિને વંદન થાય છે, તેમ શ્રી વીતરાગ પ્રભુની મૂર્તિને વંદન કરવાથી સાક્ષાત્ શ્રી વીતરાગ પ્રભુને જ વંદન થાય છે.

૧૦ પ્રશ્ન૦ નિરાકાર ભગવાનની ઉપાસના ધ્યાન દ્વારા થઇ શકે છે, તો પછી મૂર્તિપૂજા માનવાનું શું કારણ?

ઉત્તર૦ મનુષ્યના મનમાં એ તાકાત નથી કે–તે નિરાકારનું ધ્યાન કરી શકે. ઇન્દ્રિયોથી ગ્રહણ થઇ શકે તેટલી જ વસ્તુઓનો વિચાર મન કરી શકે છે. તે સિવાયની વસ્તુઓની કલ્પના પણ મનને આવી શકતી નથી. જેટલા રંગ જોવામાં આવે, જે જે વસ્તુનો સ્વાદ લેવામાં આવે, જેનો જેનો સ્પર્શ કરવામાં આવે કે ગંધ સુંઘવામાં આવે અગર જે જે શબ્દોનું શ્રવણ કરવામાં

આવે, તેટલાનો જ વિચાર મન કરી શકે છે. તે સિવાયના રંગ, રૂપ કે ગંધ આદિનું ધ્યાન, સ્મરણ કે કલ્પના કરવી, તે પણ મનુષ્યશક્તિની બહારની વાત છે. કોઇએ 'પુરનચંદ' નામના માણસનું ફક્ત નામ સાંભળ્યું છે, તેને નજરે જોએલ નથી તેમ તેની છબી પણ દેખી નથી, તો શું નામ માત્રથી 'પુરનચંદ' નામના માણસનું ધ્યાન થઇ શકવાનું હતું? નહિ. તેમ ભગવાનને પણ સાક્ષાત્ અથવા તેમની મૂર્તિ દ્વારા જેમણે જોયા નથી, તેઓ તેમનું ધ્યાન કેવી રીતે કરી શકવાના હતા? જ્યારે જ્યારે ધ્યાન કરવું હશે, ત્યારે ત્યારે કોઇ ને કોઇ વસ્તુ દૃષ્ટિસન્મુખ રાખવી જ પડશે. ભગવાનને જ્યોતિસ્વરૂપ માની તેમનું ધ્યાન કરનાર, તે જ્યોતિને શુક્લ, શ્યામ આદિ કોઇ ને કોઈ વર્ણવાળી માનીને જ તેનું ધ્યાન કરી શકશે. સિદ્ધ ભગવંતોમાં એવું કોઈ પણ પૌદ્‌ગલિક રૂપ છે નહિ. સિદ્ધોનું રૂપ અપૌદ્‌ગલિક છે, જેને સર્વજ્ઞ કેવળજ્ઞાની મહારાજ સિવાય બીજું કોઈ જાણી શકતું નથી. શ્રી **સિદ્ધચક્ર યંત્ર**માં શ્રી સિદ્ધભગવંતોની લાલ વર્ણ તરીકે કલ્પના કરવામાં આવી છે,–તે કેવળ ધ્યાનની સગવડતા માટે છે, પરંતુ વાસ્તવિક નથી. નિરાકાર સિદ્ધનું ધ્યાન અતિશયજ્ઞાની સિવાય બીજા કોઈ પણ કરવાને સમર્થ નથી.

કોઈ કહેશે કે–'અમે મનમાં માનસિક મૂર્તિને કલ્પીને સિદ્ધ ભગવાનનું ધ્યાન કરીશું, પરંતુ પત્થરની જડ મૂર્તિને નહિ માનીએ'–તો તેઓનું આ કથન પણ વગર વિચાર્યું જ છે. કારણ કે–તેઓને પૂછવામાં આવે કે–'તમારી માનસિક મૂર્તિનો રંગ કેવો છે? લાલ, કાળો કે

સફેદ ? '–તો તેઓ શું જવાબ આપશે ? જો કહેશે કે–'તેને રૂપ નથી, રંગ નથી કે વર્ણ નથી, માટે તેને કેવી રીતે બતાવી શકીએ ? '–તો તેઓને કહેવાનું કે–'જેના રૂપ, રંગ કે વર્ણ નહિ, તેનું ધ્યાન કરવાની તમારી તાકાત પણ છે નહિ.' આ રીતે પ્રગટપણે મૂર્તિ માનવાની વાતમાંથી છટકવા માટે માનસિક મૂર્તિ માનવા જતાં, અંતે ધ્યાનરહિત દશા આવીને ઉભી રહે છે. જો મૂર્તિ વગર ધ્યાન બનતું જ નથી, તો પછી તેને પ્રગટપણે માનવામાં હરકત શું છે ? માનસિક મૂર્તિ અદૃશ્ય અને અસ્થિર છે, જ્યારે પ્રગટ મૂર્તિ દૃશ્ય અને સ્થિર છે, તેથી ધ્યાનાદિ માટે અત્યંત અનુકૂળ છે.

વળી ભગવાન શ્રી તીર્થંકરદેવના સમવસરણમાં પણ ભગવાન પૂર્વાભિમુખે બેસે છે અને બાકીની ત્રણ બાજુ ભગવાનની ત્રણ મૂર્તિઓનું દેવતાઓ સ્થાપન કરે છે,–એમ શ્રી **સમવસરણ પ્રકરણ**, શ્રી **સમવાયાંગ સૂત્રટીકા**, શ્રી **તત્ત્વાર્થ સૂત્રટીકા** વિગેરે પ્રાચીન ગ્રંથો સાક્ષી પૂરે છે. કેટલાક કહે છે કે–'ભગવાનના અતિશયથી ચાર મુખ દેખાય છે, પણ ત્રણ તરફ મૂર્તિ છે એમ નહિ.' આ વાત પણ જુઠ્ઠી છે : કારણ કે–કોઈ પણ શાસ્ત્રોમાં એ રીતે કહ્યું નથી. સમવસરણની રચનાથી પણ ચિત્તની એકાગ્રતાને માટે મૂર્તિની આવશ્યકતા સિદ્ધ થાય છે. ભગવાનની ભવ્ય મૂર્તિના દર્શનથી તેમના ગુણો યાદ આવતાં, શ્રદ્ધાવાળા મનુષ્યને સાક્ષાત્ ભગવાન મળ્યા જેટલો આનંદ થાય છે અને મૂર્તિને સાક્ષાત્ ભગવાન સમજી ભાવયુક્ત ભક્તિ થાય છે. તે વખતે ભક્તિ

કરનારના મનના અધ્યવસાયો કેટલા નિર્મળ થતા હશે તથા તે વખતે તે જીવ કેવા શુભ કર્મને ઉપાર્જતો હશે, તેનો સાચો અને પરિપૂર્ણ ખ્યાલ, સર્વજ્ઞ સિવાય બીજાને આવી શકવો અશક્ય છે. જેઓ સ્વકલ્પેલ કલ્પનાથી પરમાત્માનું માનસિક ધ્યાન કરવાનો આડંબર કરે છે, તેઓ શા માટે સેંકડો કે હજારો કોશ વાહન વિગેરેમાં બેસી, પંચેન્દ્રિય સુધીના જીવોનો વિનાશ કરી, સ્વગુરુ વિગેરેને વંદનાદિ કરવા જતા હશે ? શું ગુરુનું માનસિક ધ્યાન ઘેર બેઠાં નથી થઈ શકતું ?, કે જેથી ગુરુના મૂર્તિમય શરીરને વાંદવા માટે આરંભ (હિંસા) કરીને હજારો કોશ જવાની જરૂર પડે છે ? આ સંસારમાં મનુષ્યો અનેક પ્રકારની ચિંતા, જંજાળ અને ઝઘડાઓમાં હંમેશાં અટવાએલા રહે છે. કોઈ ધનની ચિંતામાં, કોઈ પુત્રની ચિંતામાં, તો કોઈ એશઆરામમાં અને કોઈ ટંટાબખેડાઓમાં–એમ જગતના જીવો અનેક ઉપાધિઓથી ગ્રસ્ત થઇ રહેલા હોય છે. આલંબન વિના તેઓને શુભ ધ્યાનની પ્રાપ્તિ થવી શું રસ્તામાં પડી છે ? અસ્થિર મન અને ચંચળ ઈંદ્રિયોને કાબુમાં રાખવી, એ બચ્ચાંઓના ખેલ નથી. કોઇ વાજા, સિતાર કે તંબુરાના સુરવાળું મધુર ગાયન કાને પડ્યું કે તરત જ ચંચળ મન તે તરફ ચાલ્યું જાય છે. તેવે સમયે ધ્યાનની વાતો ક્યાંએ ઉડી જાય છે. એવી ચંચળ મનોવૃત્તિવાળા મનુષ્યોને શ્રી જિનની પૂજામાં લીન થવું, એ જ એક પરમ ધ્યાન છે. અનેક ઉપાધિવાળા ગૃહસ્થપણામાં શ્રી જિનપૂજાનો અનાદર કરવો, તે લાભને બદલે કેવળ

હાનિ ઉઠાવવા બરાબર છે. દુનિયાદારીની અનેક વિટંબણાઓથી ઘેરાએલા ગૃહસ્થોને, મૂર્તિના આલંબન વગર માનસિક ધ્યાન થવું સર્વથા અસંભવિત છે. શ્રી જિનપૂજાના આદરથી તથા મૂર્તિ દ્વારા શ્રી જિનેશ્વરદેવના ગુણગ્રામ વિગેરે કરવાથી ચંચળ મન સ્થિર થાય છે અને સ્થિર થયેલા મનમાં સંસારની અસારતા આદિકનું ભાન સહેલાઈથી કરાવી શકાય છે. સુખ–દુઃખમાં જ્યાં સુધી સમાન ભાવ નથી આવ્યો, ત્યાં સુધી મોટા યોગિરાજની જેમ નિરાલંબન ધ્યાનની વાતો કરવી નિરર્થક છે. જે વખતે તે સમભાવવાળી સ્થિતિ આવશે, તે વખતે આલંબન પોતાની મેળે છૂટી જશે. શ્રી જૈનધર્મના મર્મને જાણનાર પૂર્વાચાર્ય મહર્ષિઓએ, દરેક જીવોને પોતપોતાના ગુણસ્થાનક મુજબ ક્રિયા અંગીકાર કરવાનું ફરમાવ્યું છે. વર્તમાનમાં કોઇ પણ જીવ સાતમા ગુણસ્થાનક ઉપરાન્ત ચઢી શકતો નથી. સાતમા ગુણસ્થાનકનો કુલ સમય એકત્ર કરતાં, તેનો સરવાળો એક અંતર્મુહૂર્તથી અધિક બનતો નથી. તેથી મૂખ્ય રીતે ઉંચ્ચામાં ઉંચ્ચું છઠ્ઠુંજ ગુણઠાણું વર્તમાનના જીવોને સમજવાનું છે. તે ગુણસ્થાનક પ્રમાદવાળું હોવાથી, તે ગુણસ્થાનકે રહેલો જીવ પણ નિરાલંબન ધ્યાન કરવાને અશક્ત છે. આમ છતાં, જેઓ છઠ્ઠા ગુણસ્થાનકની હદે પણ પહોંચ્યા નથી અને અનેક સાંસારિક ખટપટોમાં રચ્યાપચ્યા રહેલા છે, તેઓ નિરાલંબન ધ્યાનની વાતોથી દેખાવ કરે, તે કેવળ આડંબરસ્વરૂપ છે. શ્રાવક ચોથે–પાંચમે ગુણસ્થાનકે હોવાથી, દ્રવ્ય–ભાવ બંને પ્રકારની પૂજા

કરવાના અધિકારી છે, જ્યારે સાધુ તેનાથી ઉંચે દરજ્જે એટલે છઠ્ઠે ગુણસ્થાનકે હોવાથી, માત્ર ભાવ પૂજાના અધિકારી છે. જેમ વ્યવહારિક શિક્ષણમાં પ્રથમ કક્કો, પછી બારાક્ષરી, તત્ પશ્ચાત્ શાસ્ત્રાભ્યાસ–એમ અનુક્રમ છે, તેમ ગુણસ્થાનકની ઉંચી દશાએ પહોંચતાં ક્રિયામાં પણ ફેરફાર થતો જાય છે. પગથીઆં છોડી એકદમ કૂદકો મારી મેડા ઉપર ચડવાનો અવિચારી પ્રયત્ન કરવાથી, મેડો તો ઘણો દૂર રહી જાય છે, પણ ઉલટો હેઠો પડવાથી વધારામાં હાથ–પગને તોડનારો થાય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે–'સંસાર પર રાગ ઘટાડ્યો અને પ્રભુ પર વધાર્યો, તો પણ રાગ તો કાયમ રહ્યો ને? જ્યાં સુધી રાગ–દ્વેષ–રહિત ન બનાય, ત્યાં સુધી મુક્તિ કેવી રીતે મળે?' આ પ્રશ્ન પણ સમજણ વિનાનો છે. સર્વથા રાગરહિત થવાની શક્તિ ન આવે, ત્યાં સુધી પ્રભુ પર રાગ કેળવવાથી સંસારના અશુભ રાગથી અને તેનાથી બંધાતા ખોટા કર્મથી બચી જવાય છે. ઘરમાં બેઠાં અનેક પ્રકારની વૈભાવિક વર્તણુંક થાય છે, તેટલી જિનમંદિરમાં થઈ શકતી નથી. પ્રભુની શાંત મૂર્તિના દર્શનથી અને તેમના ગુણગ્રામમાં લીન થવાથી, ચિત્તમાં દુષ્ટ ભાવ તથા દુર્વિચારો ટકી શકતા નથી. એટલું જ નહિ, પણ તેને દૂર હઠાવવાનું એક પરમ સાધન મળી જાય છે. જ્યાં સુધી પૂર્ણ વિશુદ્ધિ થઈ નથી, ત્યાં સુધી જીવને ઉંચે ચઢવાનો ફક્ત આ જ માર્ગ ઉત્કૃષ્ટ છે. જેઓ આ માર્ગને માનતા નથી, પણ પોતાને પૂરા વિશુદ્ધ થએલા માની સમભાવને ધારણ કરનારા ગણે

છે, તેઓને પૂછવાનું કે–' જો તમો ખરેખર જ રાગ-દ્વેષ-રહિત છો, તો પછી તમે તમારા ગુરુ અગર અન્ય નેતાઓનું બહુમાન કરી તેમના પર રાગ કેમ રાખો છો? તેમનાં આહાર, વસ્ત્ર અને પાત્રાદિ વડે ભક્તિ-સન્માનાદિ કેમ કરો છો? તે શું રાગરહિતપણાનું ચિહ્ન છે? સમભાવમાં લીન રહેનારને સદા સામાયિક છે, તો પછી ગુરુ પાસે જઈ સામાયિક અને પ્રતિક્રમણાદિ કરવાનું શું પ્રયોજન છે? પોતાના ધર્મનું મંડન અને અન્ય મતનું ખંડન તથા એ માટે પુસ્તકો છપાવવાં કે ભાષણો આપવાં, એ શું સમભાવનાં કાર્યો છે? સ્ત્રીપુત્રાદિ પ્રિય વસ્તુના સંયોગથી હર્ષ અને તેમના વિયોગથી શોક: લક્ષ્મી, માલ, મિલ્કત, મકાન, હાટ વિગેરેના લૂંટાવાથી સંતાપ અને તેની પ્રાપ્તિથી હર્ષ: તેમજ કોઈ દુષ્ટ પુરૂષો ગાળો તથા કષ્ટ દે ત્યારે ક્રોધ અને સન્માન દે તો આનંદ: ઈત્યાદિ પ્રકારે રાગ-દ્વેષ તો પ્રત્યક્ષ દેખાય છે. ત્યાં વળી–' કારણ ' કે ' આલંબન ' વિના સમતા-ભાવ પેદા કરવાની વાત કરવી, એ શું ઢોંગ નથી? 'મારૂં ઘર, મારી સ્ત્રી, મારૂં ધન, મારો પુત્ર, મારો નોકર '–ઈત્યાદિ મારૂં-તારૂં કરવાનો સ્વભાવ નિર્મૂળ થયો નથી, તેને સમાન દૃષ્ટિવાળા શી રીતે કહેવાય? જેઓ સંપત્તિ તથા વિપત્તિમાં, શત્રુ કે મિત્રમાં, સુવર્ણ કે પત્થરમાં, સ્ત્રીઓમાં કે તૃણસમૂહમાં કાંઇ પણ ભિન્ન ભાવ રાખતા નથી, તેઓ જ ખરેખરા સમભાવશાળી, આત્મજ્ઞાની અને ઉચ્ચ દરજ્જે ચઢેલા છે. હાલના સમયમાં એવા મહાન આત્માઓ કેટલા છે?' મોટા

ભાગની દુનિઆ દુનિઆદારીની ખટપટોમાં ફસાએલી છે. તેઓએ પોતે આધ્યાત્મિક હોવાનો ડોળ કરવો અને પોતાને ઉચિત કાર્યનો નિરાદર કરવો, એ યોગ્ય નથી. યોગ્યતા વિના મિથ્યાભિમાન રાખવાથી કાંઇ પણ સ્વાર્થ સિદ્ધ થઇ શકતો નથી. આખો લાડુ એક જ કોળીએ ખાવાની તૃષ્ણા કરનાર જેમ વમન કરી લોભના ફળને ચાખનારો બને છે, તેવી સ્થિતિ તેવાઓની થાય છે. ઈંદ્રિયો તથા મનને અંકુશમાં લાવ્યા સિવાય, નિરાલંબન ધ્યાનની વાતો કરનારાઓને, શાસ્ત્રકારો કેવી ઉપમા આપે છે,–તે નીચેના શ્લોકથી સમજાશે.

" सम्राज्यैर्ज्वलनैर्विना रसवती, पाकं चिकीर्षुः कुधी-
स्त्यक्त्वा पोतमगाधवार्धितरणं, दोर्भ्यां विधित्सुश्च सः ।
बीजानां वपनैर्विनेच्छति स च, क्षेत्रेषु धान्योद्गमं,
योऽक्षाणां विजयैर्विना स्पृहयति, ध्यानं विधातुं शुभम् ॥१॥"

જે માણસ ઇન્દ્રિયોને જીત્યા વિના જ શુભ ધ્યાન ધરવાને ઇચ્છે છે, તે કુબુદ્ધિ માણસ દેદીપ્યમાન અગ્નિ વિના રસોઈ પકવવાને ઇચ્છે છે, વહાણને છોડીને બે હાથ વડે અગાધ સમુદ્રને તરવાને ઇચ્છે છે તથા બીજ વાવ્યા વિના જ ક્ષેત્રમાં ધાન્યની ઉત્પત્તિ કરવાને ઇચ્છે છે.

૧૧ પ્રશ્ન૦ મૂર્તિ તો એકેન્દ્રિય પાષાણની હોવાથી પ્રથમ ગુણસ્થાનકે છે. તેને ચોથા–પાંચમા ગુણસ્થાનકવાળા શ્રાવક તથા છટ્ઠા–સાતમા ગુણસ્થાનકવાળા સાધુ કેમ વંદન–પૂજન કરે ?

ઉત્તર૦ પ્રથમ તો મૂર્તિને એકેન્દ્રિય કહેનાર પુરૂષ જૈન શાસ્ત્રોથી અજ્ઞાત છે. ખાણમાંથી ખોદી જૂદા કાઢેલ

પત્થર શસ્ત્રાદિ લાગવાથી સચિત્ત રહેતો નથી, એમ શાસ્ત્રકારો ફરમાવે છે. અચિત્ત વસ્તુમાં ગુણસ્થાનક ન હોય. હવે જો ગુણસ્થાનકરહિત વસ્તુને માનવાનો સર્વથા નિષેધ કરશો, તો પણ મહાદોષના ભાગી થવાશે: કારણ કે–સિદ્ધભગવાન સર્વથા ગુણસ્થાનક–રહિત છે, છતાં તેઓ શ્રી અરિહંતદેવ પછી સર્વથી પ્રથમ નંબરે પૂજવા લાયક છે. ગુણઠાણું સંસારી જીવોને હોય છે, સિદ્ધના જીવોને નહિ. બીજી વાત એ છે કે–જેમ પત્થરની મૂર્તિને ગુણસ્થાનક નથી, તેમ કાગળ આદિથી બનેલાં પુસ્તકોને પણ કયું ગુણસ્થાનક છે? છતાં પ્રત્યેક મતના અનુયાયિઓ પોતપોતાના ગ્રંથોનું બહુમાન કરે છે, ઉંચે આસને મૂકે છે તથા મસ્તકે ચઢાવે છે. તેની સર્વ પ્રકારની આશાતનાઓ વર્જે છે. થૂંકના છાંટા કે પગની ઠોકર તેને લાગી જાય, તો તેને પણ મહાદોષ રૂપ ગણે છે. જગતમાં કોઈ પણ એવો મત નહિ નીકળે, કે જે પોતાના ઈષ્ટ દેવની વાણી રૂપ શાસ્ત્રને મસ્તકે ચઢાવી, તેનો બહુમાનપૂર્વક આદર–સત્કાર ન કરતો હોય! શ્રી જૈન મતના શ્રી **ભગવતી** સૂત્રમાં પણ '**नमो बंभीए लिवीए** ।' કહી શ્રી ગણધર ભગવંતોએ અક્ષર રૂપ બ્રાહ્મી લીપીને નમસ્કાર કર્યો છે. તો તેમાં કયું ગુણસ્થાનક હતું? મૃતક સાધુનું શરીર પણ અચેત હોવાથી ગુણસ્થાનકરહિત છે, છતાં લોકો બીજાં કામ પડતાં મૂકી તેનાં દર્શન કરવા કેમ દોડી જાય છે? તથા તે મૃત શરીરને પણ ધામધૂમથી ચંદનના લાકડે કેમ બાળવામાં આવે છે? એ કાર્યને ગુરૂભક્તિનું કાર્ય ગણી

શકાય કે કેમ ? જો ગણી શકાય, તો પ્રતિમાને વંદન-પૂજન આદિ જિન ભક્તિનું કાર્ય કેમ ન ગણી શકાય ?

૧૨ પ્રશ્ન૦ મૂર્તિ તો પાષાણુમય છે. તેને પૂજવાથી શું ફળ મળે ? મૂર્તિને કરેલી સ્તુતિ મૂર્તિ થોડી જ સાંભળવાની હતી ?

ઉત્તર૦ લોકોને ઉન્માર્ગે દોરી જવાને માટે, આ જાતિના કૂટ પ્રશ્નો, મૂર્તિપૂજાના વિરોધી વર્ગ તરફથી ઉભા કરવામાં આવે છે: પરંતુ તેની પાછળ ભારોભાર અજ્ઞાન અને કુટિલતા છૂપાયેલી છે. મૂર્તિપૂજક લોક જો પત્થરને જ પૂજતા હોત, તો સ્તુતિ પણ તેઓ પત્થરની જ કરતા હોત કે-'હે પાષાણુ ! હે અમૂલ્ય પત્થર ! તું બહુ કિંમતી તથા ઉપયોગી છે. તારી શોભા પાર વિનાની છે. તું અમૂક સ્થળની ખાણુમાંથી નીકળ્યો છે. તને ખાણુમાંથી કાઢનાર કારીગર બહુ હોંશીયાર છે. અમે તારી સ્તુતિ કરીએ છીએ.' પણુ આ રીતે પત્થરના ગુણગ્રામ કરતું કોઈ દેખાતું નથી અને સર્વે લોક પત્થરની મૂર્તિમાં આરોપિત શ્રી વીતરાગદેવની સ્તુતિ કરતું જ નજરે પડે છે કે-'હે નિરંજન ! નિરાકાર ! નિર્મોહિ ! નિષ્કાંક્ષિ ! અજર ! અમર ! અકલંક ! સિદ્ધસ્વરૂપિ ! સર્વજ્ઞ ! વીતરાગ !' ઈત્યાદિ ગુણો વડે એ ગુણવાળા પરમાત્માની જ સૌ કોઈ સ્તુતિ કરે છે. શું પત્થરમાં આ ગુણો રહેલા છે, કે જેથી પત્થરની ઉપાસના કરવાનો ખોટો દોષ ચઢાવી લોકોને આડે માર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવે છે ? જ્યારે પૂજક પુરુષ મૂર્તિમાં પૂજ્ય-પણાના ગુણોનું આરોપણ કરે છે, ત્યારે તેને મૂર્તિ એ સાક્ષાત્ વીતરાગ જ હોય-એમ પ્રતિભાસિત થાય છે;

અને જે જેવા ભાવથી મૂર્તિને જૂએ છે, તેને તે તેવા ફળને આપનારી થાય છે. સાક્ષાત્ ભગવાન પણ તરણ–તારણ હોવા છતાં, તેમની આશાતના કરનાર બૂરા ફળને ચાખે છે: તેમ મૂર્તિ પણ તારક હોવા છતાં, તેની આશાતના કરનારને સંસારમાં ડૂબાવનારી પણ થાય છે.

શંકા૦ મૂર્તિને ભગવાન કેવી રીતે માની શકાય? શું લૂખ્ખા રોટલાને મીઠાઈ માની લેવાથી, તે મીઠાઈ બની જાય છે?

સમાધાન૦ સંતોષી અને શુભપરિણામી જીવોને તો જેટલું કામ મીઠાઈથી નીકળી શકે છે, તેટલું જ કામ લૂખ્ખા રોટલાથી પણ નીકળી શકે છે. જ્યારે અસંતોષી અને અશુભપરિણામી પુરૂષોને તો મીઠાઈથી પણ જ્યાં ફાયદો પહોંચતો નથી, ત્યાં વળી લૂખ્ખા રોટલાથી તો તેમનું શું વળવાનું હતું? દૃષ્ટાંતનો ઉપનય એ છે કે–શુભપરિણામી જીવો મૂર્તિથી પણ સાક્ષાત્ ભગવાનના દર્શન જેટલો જ લાભ ઉઠાવી શકે છે, જ્યારે દુષ્ટપરિણામી જીવો સાક્ષાત્ પરમેશ્વરના દર્શનથી પણ અશુભ કર્મનો બંધ કરે છે. અમૃતને પણ ઝેર રૂપે પરિણમાવે છે.

વળી એક ઘડી પહેલાં સામાન્ય સાધુ હોય, છતાં આચાર્ય મહારાજની પાટ પર બેસે તેની સાથે જ, બીજા સાધુ તથા શ્રાવકો છત્રીસ ગુણોનું આરોપણ કરી વંદના કરે છે. તથા એક પળ પહેલાં ગૃહસ્થ હોવા છતાં, દીક્ષા લીધી તેની સાથે જ તેનામાં સાધુના સત્તાવીસ ગુણોનું આરોપણ કરી વંદન–નમસ્કાર કરવામાં આવે

છે. જેવી રીતે આરોપિત અવસ્થામાં કોઈ આચાર્યે તથા સાધુ અનુક્રમે આચાર્યે તથા સાધુ તરીકે પૂજવા લાયક બને છે, તેવી જ રીતે મૂર્તિમાં પણ, અંજન શલાકા અને પ્રતિષ્ઠા થઈ ગયા બાદ, શ્રી અરિહંતના સમાન પૂજનિકપણું ઉત્પન્ન થાય છે.

વળી 'મૂર્તિ સ્તુતિને સાંભળે છે કે નહિ?'—તે સવાલ જ અયોગ્ય છે: કારણ કે—તે પત્થર રૂપ મૂર્તિના ગુણગ્રામ કરવામાં આવતા નથી, કિંતુ જેની તે મૂર્તિ છે, તે દેવની સ્તુતિ અને પ્રાર્થના કરવામાં આવે છે. તે દેવ જ્ઞાની હોવાથી સેવકે કરેલ સ્તુતિ આદિને સંપૂર્ણ રીતિએ જાણી શકે છે, તેથી મૂર્તિની સમક્ષ સ્તુતિ કરવી તે પણ ઉચિત જ છે.

૧૩ પ્રશ્ન૦ શ્રી જિનપ્રતિમાની સ્તુતિ કરવાની કયી રીતિ સર્વોત્તમ છે?

ઉત્તર૦ પ્રતિમામાં ભગવાનના નામ તથા ગુણોનું આરોપણ કરી, પ્રતિમા સમક્ષ ભગવાનની સ્તુતિ કરવી, એ સર્વોત્તમ રીતિ છે. જેમ પોતાના પૂર્વજોની છબી જોઈ જે કોઈ તેમની તારીફ કરે છે, તેને સાંભળી ચિત્ત પ્રસન્ન થાય છે અને પોતાના પૂર્વજને આદર મળતો હોય તેવો પ્રતિભાસ થાય છે; તેમ ભગવંતની પ્રતિમાનો આદર કરવાથી ભગવાનનો જ આદર થાય છે તેમ લાગવું જોઈએ. ભગવાનને આદર આપવાનું મન થયું, તે પણ પરમ શુભ અધ્યવસાયનું લક્ષણ છે અને તેનાથી જીવ ભારે પુણ્ય ઉપાર્જન કરે છે. ગૃહ-

વાસમાં રહેલા શ્રાવકોને ભગવાનના ગુણગ્રામ કરવાની અનુકૂળતાવાળું સ્થાન, શ્રી જિનમંદિર સિવાય બીજું એક પણ નથી. ભગવાનના ગુણોનું સ્મરણ તથા ધ્યાન કરવા માટે, શ્રી જિનમંદિરમાં શ્રી જિનપ્રતિમાની સ્થાપના (પ્રતિષ્ઠા) કરવામાં આવી છે. તેને દેખતાંની સાથે જ ભગવાનના ગુણો યાદ આવે છે.

શ્રી જિનમૂર્તિની મુખાકૃતિ જોઈ, વિચાર પેદા થાય છે કે–'અહો! આ મુખ કેવું સુંદર છે?, કે જેના વડે–કોઈના પણ અવર્ણવાદ બોલાયા નથી અને હિંસક, કઠોર કે મૃષાવચન જેમાંથી કદી નીકળ્યું નથી. તેમાં રહેલી જીહ્વાથી રસનેન્દ્રિયના વિષયોનું કદી પણ રાગ–દ્વેષથી સેવન કરાયું નથી, કિંતુ તે મુખ દ્વારા ધર્મદેશના આપીને અનેક ભવ્ય જીવોને આ સંસાર–સમુદ્રથી પાર ઉતારેલા છે. માટે તે મુખ સહસ્રશઃ ધન્યવાદને પાત્ર છે.

'ભગવાનની આ નાસિકા દ્વારા સુરભી કે દુરભી ગંધ રૂપ ઘ્રાણેંદ્રિયના વિષયોનો રાગ અગર દ્વેષથી સહિતપણે ઉપભોગ કરાએલો નથી.

'આ ચક્ષુ દ્વારા પાંચ વર્ણ રૂપ વિષયોનો ક્ષણવારને માટે પણ, રાગ અગર દ્વેષથી સહિતપણે ઉપભોગ થયેલો નથી: કોઇ સ્ત્રીની તરફ મોહની દૃષ્ટિથી કે કોઈ દુશ્મનની તરફ દ્વેષની દૃષ્ટિથી જોવાએલ નથી: માત્ર વસ્તુસ્વભાવ તથા કર્મની વિચિત્રતાનો વિચાર કરી, ભગવાનની ચક્ષુઓ સદા સમભાવે રહેલ છે. એવાં ભગવાનનાં નેત્રોને કોટિશઃ ધન્ય છે.

'આ કાનો વડે વિચિત્ર પ્રકારનાં રાગરાગણીઓનું સરાગપણે શ્રવણ કરવાના વિષયોનું સેવન થયેલ નથી, પણ સારા કે નરસા, ભલા કે બુરા, જેવા શબ્દો કાને પડ્યા તેવા રાગ–દ્વેષ–રહિતપણે સંભળાયા છે.

'આ શરીરથી કોઇ પણ જીવની હિંસા કે અદત્ત-ગ્રહણ આદિ દોષ લાગ્યો નથી. કેવળ જીવરક્ષા માટે સર્વેને સુખ ઉપજે તેમ વર્તવામાં આવ્યું છે. ગ્રામાનુગ્રામ વિહાર કરી અનેક જીવોનાં સંસારબંધન તોડાવ્યાં છે તથા સર્વ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન કે કેવળદર્શન પ્રગટાવ્યાં છે.

'એવા પ્રભુ નિષ્પ્રયોજન ઉપકારી તથા સમસ્ત જગ-તના નિષ્કારણ બંધુ હોવાથી, તેમને અસંખ્ય વાર ધન્ય છે. મારાથી એમની બને તેટલી ભક્તિ કરવી, એ મારૂં પરમ કર્તવ્ય છે.'

આ વિગેરે શુભ ભાવના તથા વિચારણાઓ પ્રભુની શાંત મુદ્રા દેખવાથી અંતઃકરણમાં ઉદ્ભવે છે. ઉત્તમ જીવો અકારણવત્સલ એવા આ ભગવાનની જળ, ચંદન, કેસર, બરાસ, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, ફળ, નૈવેદ્ય વિગેરેથી પૂજા કરે છે, કિંમતી અલંકારો ચઢાવે છે, ભક્તિ માટે યથાશક્તિ દ્રવ્ય ખરચે છે અને વિચારે છે કે–'જો હું પ્રભુની ભક્તિ કરીશ, તો હું તરવા સાથે અન્યોના નિસ્તા-રમાં પણ નિમિત્ત બનીશ : કારણ કે–મારી ભક્તિ જોઈ બીજા માણસો તેની અનુમોદના કરશે તથા અનેક ભવ્ય પુરૂષો પ્રભુની સેવા કરવામાં તત્પર થશે. તેમાં નિમિત્ત હું બનીશ.'

દ્રવ્ય પૂજા સમાપ્ત થયા બાદ ભાવપૂજા કરે, તે વખતે ભગવાનના ગુણોને વિચારી, પોતાના આત્માની સાથે સરખામણી કરે કે–' અહો ! પ્રભુ નિરાગી છે અને હું રાગી છું : પ્રભુ અદ્વેષી છે અને હું દ્વેષી છું : પ્રભુ અક્રોધી છે અને હું ક્રોધી છું : પ્રભુ અકામી છે અને હું કામી છું : પ્રભુ નિર્વિષયી છે અને હું વિષયી છું : પ્રભુ અમાની છે અને હું માની છું : પ્રભુ અમાયી છે અને હું માયી છું : પ્રભુ અલોભી છે અને હું લોભી છું : પ્રભુ આત્માનંદી છે અને હું પુદ્ગલાનંદી છું : પ્રભુ અતીન્દ્રિય સુખના ભોગી છે અને હું વિષયસુખનો ભોગી છું : પ્રભુ સ્વભાવી છે અને હું વિભાવી છું : પ્રભુ અજર છે અને હું સજર છું : પ્રભુ અક્ષય છે અને હું ક્ષય પામ્યા કરનારો છું : પ્રભુ અશરીરી છે અને હું શરીરસહિત છું : પ્રભુ અનિંદક છે અને હું નિંદક છું : પ્રભુ અચળ છે અને હું ચંચળ છું : પ્રભુ અમર છે અને હું મરણસહિત છું : પ્રભુ નિદ્રારહિત છે અને હું નિદ્રાસહિત છું : પ્રભુ નિર્મોહી છે અને હું મોહવાળો છું : પ્રભુ હાસ્યરહિત છે અને હું હાસ્યસહિત છું : પ્રભુ રતિરહિત છે અને હું રતિસહિત છું : પ્રભુ અરતિરહિત છે અને હું અરતિસહિત છું : પ્રભુ શોકરહિત છે અને હું શોકસહિત છું : પ્રભુ ભયરહિત છે અને હું ભયસહિત છું : પ્રભુ દુગંછારહિત છે અને હું દુગંછાસહિત છું : પ્રભુ નિર્વેદી છે અને હું સવેદી છું : પ્રભુ અક્લેશી છે અને હું ક્લેશસહિત છું : પ્રભુ અહિંસક છે અને હું હિંસક છું : પ્રભુ વચનરહિત છે અને હું મૃષાવાદી છું :

પ્રભુ અપ્રમાદી છે અને હું સપ્રમાદી છું: પ્રભુ આશા વિનાના છે અને હું આશાવંત છું: પ્રભુ સર્વ જીવોને સુખ દેનાર છે અને હું ઘણા જીવોને દુઃખ દેનારો છું: પ્રભુ અવંચક છે અને હું વંચક છું: પ્રભુ આશ્રવરહિત છે અને હું આશ્રવથી બચેલો નથી: પ્રભુ નિષ્પાપ છે અને હું સપાપ છું: પ્રભુ કર્મરહિત છે અને હું કર્મ-સહિત છું: પ્રભુ સર્વના વિશ્વાસપાત્ર છે અને હું અવિ-શ્વાસપાત્ર છું: પ્રભુ પરમાત્મપદને પ્રાપ્ત થએલા છે અને હું બહિરાત્મપણે પ્રવર્તુ છું! ઇત્યાદિ. એમ પ્રભુ તો અનેક ગુણોએ કરી ભરપૂર છે અને હું સર્વ પ્રકારના દુર્ગુણોથી પરિપૂર્ણ છું. એ જ કારણે હું આ સંસારરૂપ અટવીમાં અનંતકાળ થયાં ભટકયા કરૂં છું. આજ પૂર્ણ ભાગ્યોદયે મને ભગવાનની મૂર્તિનાં દર્શન થયાં. અને તેના આલંબનથી મને પ્રભુના ગુણોનું અને મારા અવ-ગુણોનું સ્મરણ થયું: પ્રભુના ગુણો તથા મારા અવગુણો સમજવામાં આવ્યા. હવે હું મારા દુર્ગુણોને છોડવાનો પ્રયત્ન કરૂં અને જે માર્ગ ભગવાને દર્શાવ્યો છે તે જ માર્ગે હું ચાલું. સુખ અને કલ્યાણને માટે જેવી વર્તણુંકે વર્તવાનું તેઓએ ફરમાવ્યું છે, તેવી વર્તણુંક હું કરૂં.'

એ પ્રમાણે ભાવના ભાવતાં અને સ્તુતિ કરતાં જીવ પોતાનાં અશુભ અને કિલષ્ટ કર્મોનો નાશ કરે છે, એથી સમકિતની શુદ્ધિ થાય છે અને પરંપરાએ મોક્ષનાં અનંત સુખોની પ્રાપ્તિ થાય છે.

શ્રી જિનપ્રતિમાની પૂજા તથા સ્તુતિમાં આ પ્રકા-રના સાક્ષાત્ તથા પરંપરાએ અનેક લાભો હોવાથી,

પ્રત્યેક ભવ્ય આત્માઓએ તેને વિષે પ્રયત્ન પૂર્વક અતિશય આદર કરવો જોઇએ.

૧૪-પ્રશ્ન૦ પૂજા અને પ્રતિષ્ઠા મહા મંગળકારી છે, તો પછી મૂર્તિની પ્રતિષ્ઠામાં શુભાશુભ મૂહૂર્ત જોવાનું શું પ્રયોજન?

ઉત્તર૦ કોઈ યોગ્ય શિષ્યને દીક્ષા આપવાની હોય છે, ત્યારે પણ શુભ મૂહૂર્ત કેમ જોવામાં આવે છે? શું દીક્ષા અમંગળકારી છે, કે જેથી શુભ મુહૂર્તની જરૂર પડી? શુભ નક્ષત્ર તથા શુભ ગ્રહ વિગેરે શુભસૂચક છે અને અશુભ ગ્રહ તથા અશુભ નક્ષત્ર આદિ અશુભસૂચક છે, માટે પ્રત્યેક શુભ કાર્યમાં શુભ મુહૂર્ત જોવાની જરૂર છે.

ભગવાન પોતે તો વીતરાગ છે અને તેમની મૂર્તિ પણ સર્વ જીવોનું ભલું કરનારી છે, તો પણ કોઇ દુષ્ટ આત્મા તેમની આશાતના, નિંદા કે આજ્ઞાનો લોપ કરે અને તેથી તેનું અહિત થાય, તેમાં ભગવાન કે મૂર્તિનો દોષ નથી. શાસ્ત્રકારોએ ફરમાવેલી સામાયિક, પ્રતિક્રમણ, પોષધ, તપ, જપ, નિયમ, ધ્યાન આદિ પ્રત્યેક ક્રિયા, જે વિધિ બતાવ્યો છે તે પ્રમાણે કરવાથી, લાભ કરે છે તથા પ્રતિકૂલપણે કરવાથી ગેરલાભ કરે છે. તે જ વસ્તુ મૂર્તિની પ્રતિષ્ઠા માટે પણ સમજી લેવી. શાસ્ત્રાભ્યાસ પણ અવેળા અને અવિધિએ કરવાની મનાઇ છે. તેમ મૂર્તિપૂજા વિગેરે પણ સઘળી હિતકરણી, જેટલા પ્રમાણમાં ભાવ તથા વિધિને માન આપીને કરવામાં આવે, તેટલા પ્રમાણમાં જ ફળને દેનારી થાય છે. મુનિરાજો સદા સર્વના હિતકારી હોવા છતાં, જેવા ભાવથી તેમની તરફ જોવામાં આવે છે, તેવા પ્રકારના ફળને જીવો પામે છે.

જેમ કોઇ મહાસતી સાધ્વીને રૂપવતી જોઇ કોઇ વિષયી પુરુષને કામવિકાર ઉત્પન્ન થાય અથવા ખૂબસુરત બ્રહ્મચારીને જોઈ કોઈ દુષ્ટ સ્ત્રી મોહિત થઇ જાય, તો તેથી શું તે સાધુ કે સાધ્વી અવંદનીક ઠરશે ? ઓગણીસમા તીર્થંકરભગવાન શ્રી **મલ્લીનાથજીની** સ્ત્રી રૂપ પ્રતિમા જોઇ છ રાજા કામાતુર થઈ ગયા, તો તેથી શું ભગવાન શ્રી **મલ્લીનાથજીનો** મહિમા ચાલ્યો ગયો ? કામિઓના મોહનીય કર્મના ઉદયથી કામિઓની માઠી ગતિ થાય, તેમાં કારણભૂત–તેમનાં ક્લિષ્ટ કર્મો છે, કિન્તુ તે તે મહાસરુષો નથી.

'અનાર્ય લોકોને શ્રી જિનમૂર્તિથી ફાયદો કયાં થાય છે ?'–તેવો સવાલ કરનારે સમજવું જોઇએ કે–સત્ય દેવનું યથાર્થ સ્વરૂપ જેમણે જાણ્યું નથી અને તેમની પ્રતિમાને પોતાના ઇષ્ટ દેવ તરીકે જેમણે સ્વીકારી નથી, તેવા આત્માઓને શ્રી જિનમૂર્તિ ફાયદો ન કરે, તો તેમાં કારણ તેઓની અયોગ્યતા છે. જેઓ પરમાત્મસ્વરૂપને યથાતથ્ય જાણીને તથા સમજીને પરમાત્માની પ્રતિમાને વંદન કે પૂજન કરે, તેઓને **આર્દ્રકુમારની** પેઠે અવશ્ય શુભધ્યાન પેદા થાય તથા અચિંત્ય લાભ મળે, તેમાં લેશ માત્ર સંદેહ નથી.

૧૫–પ્રશ્ન૦ શ્રી જિનપ્રતિમાને કોઇ અન્યમતી પોતાના મંદિરમાં સ્થાપન કરે, તો તે વંદનીક ગણાય કે કેમ ?

ઉત્તર૦ અન્યદર્શનિએ ગ્રહણ કરેલી તથા પોતાના દેવ તરીકે સ્વીકારેલી શ્રી જિનમૂર્તિને શ્રાવક નમે નહિ : કારણ કે–તેઓ પોતાના ઇષ્ટ દેવ તરીકે તે મૂર્તિને માની

સ્વમતના વિધિથી પૂજા કરે અને તે વિધિ જૈનોને માન્ય હોય નહિ, તેથી અવિધિએ પૂજનાદિ થતું હોય તેવાં અન્યમતીએ ગ્રહણ કરેલાં શ્રી જિનબિંબોને માનવા-પૂજવાનો શાસ્ત્રોએ નિષેધ કર્યો છે. શાસ્ત્રોની બાબતમાં એવો નિયમ છે કે-' સમ્યગ્દૃષ્ટિએ ગ્રહણ કરેલું મિથ્યાશ્રુત પણ સમ્યક્શ્રુત છે અને મિથ્યાદૃષ્ટિએ ગ્રહણ કરેલું સમ્યક્શ્રુત પણ મિથ્યાશ્રુત છે.' તે જ નિયમ શ્રી જિનમૂર્તિને લાગુ પડે છે. અન્યધર્મિઓએ ગ્રહણ કરેલી પ્રતિમામાંથી પ્રતિમાપણું જતું રહેતું નથી, તો પણ અવિધિપૂજનના કારણથી તથા અન્ય જીવોને મિથ્યાત્વની વૃદ્ધિમાં હેતુભૂત થવાતું હોવાથી, સમ્યગ્દૃષ્ટિ આત્માઓ તે પ્રતિમાનું પૂજન કરવાનું વર્જન કરે છે. અહીં કોઇને સવાલ થાય કે-' જિનમૂર્તિની જેમ સાધુ મિથ્યાત્વીના મઠમાં ઉતરે, તો તે પૂજનીક ખરા કે નહિ ? '-તો તેનો ઉત્તર એ છે કે-અન્યતીર્થિના મકાનમાં ઉતરવા માત્રથી સાધુનું સાધુપણું ચાલ્યું જતું નથી. જ્યાં સુધી પોતાનું લિંગ અને ક્રિયા છોડી અન્યલિંગી કે અન્ય લિંગની ક્રિયા કરનાર થયા નથી, ત્યાં સુધી તે સાધુ સાધુ તરીકે પૂજવા લાયક છે. શ્રી જિનપ્રતિમા માટે તેમ નથી : કારણ કે-અન્યમતીઓએ ગ્રહણ કરેલી શ્રી જિનપ્રતિમાના પૂજનનો વિધિ અન્યમતીઓ શ્રી જિનમત મુજબ કરતા નથી, પણ પોતાના શાસ્ત્ર મુજબ કરે છે. તેવા વિપરીત વિધિને માન્ય રાખવાથી, મિથ્યાત્વની પ્રત્યક્ષ રીતે વૃદ્ધિ થાય છે.

૧૬ પ્રશ્ન૦ જો સમ્યગ્દષ્ટિના હાથમાં રહેલાં મિથ્યાદષ્ટિનાં શાસ્ત્રો સમ્યક્શ્રુત બની જતાં હોય, તો પછી વેદ, કુરાન,

બાઈબલ, આદિ તમામ ધર્મગ્રંથો વંદનીય નહિ બની જાય ?

ઉત્તર૦ સમ્યગ્દૃષ્ટિના હાથમાં રહેલાં નહિ, પણ હૈયામાં રહેલાં શાસ્ત્રો, તે સમ્યગ્દૃષ્ટિ આત્માને માટે સમ્યક્શ્રુત બની જાય છે. એ પ્રભાવ તે મિથ્યાદૃષ્ટિનાં શાસ્ત્રોનો નહિ, પણ સમ્યગ્દૃષ્ટિના વિવેકશીલ હૃદયનો છે. નિરપેક્ષ વાણી મિથ્યા હોવા છતાં, તેને સાપેક્ષ રૂપે વિચારી શકનાર તેમાંથી સમ્યક્ વિચારોને જ ઉપજાવે છે. વળી, શ્રી **નંદિસૂત્રમાં** અક્ષરને શ્રુતજ્ઞાન કહ્યું છે તેથી **કુરાન** વિગેરેમાં અક્ષર રૂપ જે જ્ઞાન છે, તે અવશ્ય વંદનીય છે; પરંતુ તેનો ભાવાર્થ વંદનીય નથી. કેટલાક શ્રી જિનવાણીને ભાવશ્રુત કહે છે અને અન્ય મતનાં શાસ્ત્રોને દ્રવ્યશ્રુત કહે છે, પણ તે ખોટું છે. શ્રી **નંદી-સૂત્રમાં** શ્રી જિનવાણીને દ્રવ્યશ્રુત તથા તેના ભાવાર્થને ભાવશ્રુત કહ્યું છે. શ્રી ગણધર ભગવંતોએ '**नमो सुय-देवयाए।**' કહીને શ્રી જિનવાણી રૂપ દ્રવ્યશ્રુતને વંદન કર્યાનો પાઠ શ્રી **ભગવતી** સૂત્રમાં છે તથા તે જ સૂત્રમાં "**नमो बंभीए लीवीए।**" એમ કહીને બ્રાહ્મી લીપિને પણ નમસ્કાર કર્યો છે. શ્રી જિનવાણી ભાષાવર્ગણાના પુદ્‌ગલ રૂપ હોવાથી દ્રવ્ય છે અને બ્રાહ્મી લીપિ પણ અક્ષર રૂપ હોવાથી દ્રવ્ય છે. તેથી શાસ્ત્રોમાં કહેલા અક્ષરો તે દ્રવ્યશ્રુત છે અને તે પણ વંદનીય છે. તથા મિથ્યાશાસ્ત્રોમાં રહેલા અક્ષરો પણ દ્રવ્યશ્રુત રૂપે વંદનીય છે. મિથ્યાદૃષ્ટિએ ગ્રહણ કરેલો તેનો ભાવાર્થ મિથ્યા હોવાથી વંદનીય નથી અને સમ્યગ્દૃષ્ટિએ ગ્રહણ કરેલો તેનો ભાવાર્થ સમ્યગ્ હોવાથી વંદનીય છે.

૧૭ પ્રશ્ન૦ પ્રભુનું નામ માને, પણ આકૃતિ ન માને તો ચાલે કે કેમ ?

ઉત્તર૦ સ્વ-ઈષ્ટ દેવ-ગુરુના નામને માની, જેઓ તે નામવાળી આકૃતિને માનતા નથી, તેઓ એક અપેક્ષાએ સ્વ દેવ-ગુરુનો અનાદર કરવાનું ઘોર પાતિક આચરે છે. જો બે અક્ષરના નામ માત્રથી દેવ-ગુરુના સ્વરૂપનો બોધ થતાં કલ્યાણ થશે, તો પછી નામ તથા તાદૃશ આકારવાળી પ્રતિમાથી બમણો લાભ કેમ નહિ થાય ? વળી સમજવું જોઈએ કે-એકલો આત્મા અરૂપી, અવિનાશી અને નિરંજન હોવાથી, તેનું નામ-નિશાન હોય નહિ. નામ-નિશાન દેહ આશ્રી જ હોય છે. જેનું નામ છે, તેની આકૃતિ હોવી જોઇએ. જેની આકૃતિ ન હોય, એવી નિરાકાર વસ્તુનું નામ હોતું જ નથી. શાસ્ત્રોમાં અરૂપી આકાશનો પણ આકાર માનેલો છે. એથી સ્પષ્ટ થાય છે કે-આકાર વિનાની વસ્તુ અવસ્તુ છે. નામ અને આકૃતિ દ્વારા ગુણનો બોધ થાય છે. નામની સાથે આકૃતિ લાગેલી જ છે, તેથી જ્યાં સુધી નામ માનવાની જરૂર સ્વીકારાએલી છે, ત્યાં સુધી આકૃતિ માનવાની જરૂર પણ સ્વીકારાએલી છે. આકૃતિ માનવાની જરૂર ત્યારે જ છૂટી જાય છે, કે જ્યારે નામ માનવાની જરૂર પણ છૂટી ગયેલી હોય છે. 'નામ ગુણનું હોય છે, પણ આકારનું નહિ'-એમ કહેનારે વિચારવું જોઈએ કે-ગુણથી તો શ્રી **ઋષભદેવ** અને **વર્ધમાનસ્વામી** સમાન છે, તો પછી શ્રી **વર્ધમાનસ્વામીનું** નામ લેતાં ભગવાન **ઋષભદેવ** કેમ યાદ

આવતા નથી? જો ગુણનું જ નામ '**મહાવીર**' કે '**વર્ધમાન**' હોત, તો એ ગુણવાળી સઘળી વ્યક્તિઓ '**મહાવીર**' કે '**વર્ધમાન**' નામ લેતાં યાદ આવી જવી જોઇએ: પરન્તુ '**મહાવીર**' કે '**વર્ધમાન**' નામથી એકલા ભગવાન '**મહાવીર**' જ યાદ આવે છે, તેનો હેતુ શો? તેનું કારણ એક જ છે કે–'**મહાવીર**' નામ એ '**મહાવીર**'ના એકલા ગુણનું નથી, પણ '**મહાવીર**'ના આકારનું પણ છે. ભગવાન '**મહાવીર**'-નો આકાર અને ભગવાન '**ઋષભદેવ**'નો આકાર એક નથી, માટે જ એકનું નામ લેતી વખતે બીજા યાદ આવતા નથી. આથી માનવું જ જોઈએ કે–નામ ગુણપ્રધાન નહિ, પણ આકારપ્રધાન જ હોય છે. છતાં જેઓ નામને માને છે અને આકારને માનવાની ના પાડે છે, તેઓ અજ્ઞાન છે. જ્યાં આકૃતિ નહિ, ત્યાં નામ નહિ અને જ્યાં નામ નહિ ત્યાં આકૃતિ નહિ,–એમ બંનેને પરસ્પર સમવ્યાપ્તિ છે: પણ નામ અને ગુણને તેવી **સમવ્યાપ્તિ** નથી. માટે નામ અને તેના સ્મરણનું ફળ માનનારે, આકાર અને તેની ભક્તિનું ફળ પણ અવશ્ય માનવું જ જોઇએ.

૧૮ પ્રશ્ન૦ વસ્તુની અનુપસ્થિતિમાં તેનું યથાર્થ સ્વરૂપ જાણવાનો ઉપાય, તેનું નામ કે આકાર?

ઉત્તર૦ પ્રત્યેક અનુપસ્થિત વસ્તુનું યથાર્થ સ્વરૂપ કેવળ તેના નામ દ્વારા જાણી શકાતું નથી, કિંતુ આકાર દ્વારા જ જાણી શકાય છે. સિંહ કે વાઘનું નામ જાણી જંગલમાં જાય, તેટલા માત્રથી સિંહ કે વાઘને ઓળખી

શકે નહિ. તેનું નામ જાણવા ઉપરાંત, તેના આકારનું પણ જ્ઞાન થયું હશે તો જ તે સિંહ કે વાઘને તુરત જ ઓળખી શકશે. એ કારણે અનુપસ્થિત વસ્તુનો બોધ કરાવવા માટે, એકલું નામ સમર્થ થઇ શકતું નથી. વળી આકૃતિ જાણી હોય અને નામ ન જાણ્યું હોય તો પણ વસ્તુનો બોધ થઇ શકે છે, જ્યારે નામ જાણ્યું હોય પણ આકૃતિ ન જાણી હોય, તો તે વસ્તુનો બોધ થવો સર્વથા અશક્ય છે. માટે બોધક શક્તિ નામ કરતાં આકારમાં વિશેષ છે.

૧૯ પ્રશ્ન૦ જડને ચેતનની ઉપમા આપી શકાય ?

ઉત્તર૦ વસ્તુના ધર્મ અનંત છે. પ્રત્યેક ધર્મને આશ્રીને વસ્તુને જૂદી જૂદી અનંત ઉપમાઓ આપી શકાય છે. એક લાકડી ઉપર બાળક સવારી કરે, ત્યારે લાકડી જડ હોવા છતાં તેને ચેતન એવા ઘોડાની ઉપમા અપાય છે. પુસ્તક અચેતન હોવા છતાં, તેને જ્ઞાન કે વિદ્યાની ઉપમા અપાય છે. એ રીતે સમ્યગ્જ્ઞાન તથા ધર્મ—એ આત્મિક વસ્તુ હોવા છતાં, તેને જડ એવા કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્નની ઉપમા અપાય છે. વસ્તુના અનંત ધર્મ આશ્રી, કોઈ પણ ધર્મ લેઈ, તેના વડે જે જે પ્રકારનું કાર્ય સાધી શકાય, તે તે પ્રકારની ઉપમાઓ આપવાનો વ્યવહાર જગપ્રસિદ્ધ છે. પરમાત્માની મૂર્તિથી પરમાત્માનું જ્ઞાન થાય છે, તેથી તે મૂર્તિને પણ પરમાત્મા કહી શકાય છે. પાંચસો રૂપીઆની હુંડી કે નોટને લોકો પાંચસો રૂપીઆ જ કહે છે. વાસ્તવિક રીતે જોતાં રૂપીઆ એ તો ચાંદીના કટકા છે અને નોટ—

હુંડી એ તો કાગળ અને શાહી સ્વરૂપ છે. પરંતુ બંનેથી કામ એક સરખું થતું હોવાથી, જેમ બંનેને રૂપીઆ જ કહેવાય છે, તેમ પરમાત્માની મૂર્તિ પણ પરમાત્માનો બોધ કરાવનાર હોવાથી, તેને પણ પરમાત્માની ઉપમા આપી શકાય છે.

૨૦ પ્રશ્ન૦ આત્માની ઉન્નતિ માટે પંચેન્દ્રિય સાધુનું અવલંબન સ્વીકારવું સારૂં કે એકેન્દ્રિય પાષાણની મૂર્તિનું ?

ઉત્તર૦ પ્રથમ વાત તો એ છે કે-મૂર્તિ અચેતન હોવાથી એકેન્દ્રિય નથી. સાધુનું અવલંબન સાધુના શરીર આશ્રી નથી, કિન્તુ તે શરીર આશ્રી રહેલા સાધુના ઉત્તમ સત્તાવીસ ગુણોનું છે. જો એમ ન હોય, તો શરીર તો અચેતન છે. તેના અવલંબનથી શું ગુણ થવાનો છે ? મૂર્તિ પણ પાષાણની હોવા છતાં, તેને પૂજતી વખતે પાષાણનું અવલંબન લેવાતું નથી, પણ તે મૂર્તિ જેની છે તે પરમાત્માનું અને તે પરમાત્મામાં રહેલા અનંતા ગુણોનું જ અવલંબન લેવાય છે. એ દૃષ્ટિએ સાધુના અવલંબન કરતાં પણ પરમાત્માની મૂર્તિનું અવલંબન ચઢી જાય છે, તેથી તેને શ્રી જિનાજ્ઞાનુસાર સ્વીકારનાર, વિશેષ આત્મકલ્યાણ સાધી શકે છે.

૨૧ પ્રશ્ન૦ પત્થરની મૂર્તિમાં પ્રભુના ગુણોનું આરોપણ શી રીતે થાય ?

ઉત્તર૦ જેમ શણ વિગેરે હલકી વસ્તુઓને સ્વચ્છ કરી, તેના સફેદ કાગળો બને છે અને તે કાગળો ઉપર પ્રભુની વાણીનાં શાસ્ત્રો લખાય છે, ત્યારે તે શાસ્ત્રોને

તમામ મતના લોકો પ્રભુ તુલ્ય પૂજનીય ગણે છે: તેમ ખાણના પત્થરોમાંથી મૂર્તિ બને છે અને તે મૂર્તિમાં ગુરુઓ સૂરિમંત્રના જાપ વડે પ્રભુના ગુણોનું આરોપણ કરે છે, તે વખતે એ મૂર્તિ પણ પ્રભુ તુલ્ય પૂજનીય બને છે. કોઈ ગૃહસ્થને દીક્ષા આપતી વખતે ગુરુ તેને દીક્ષાનો મંત્ર (**કરેમી ભંતે સૂત્ર**) સંભળાવે છે કે તુરત લોકો તેને સાધુ માની વંદના કરે છે. જો કે—તે વખતે તે નવદીક્ષિત સાધુમાં સાધુના સત્તાવીસ ગુણો પ્રગટી નીકળેલા જ હોય તેવો નિયમ નથી, છતાં તે ગુણોનું તેનામાં આરોપણ કરીને તેને વંદના થાય છે. તેમ મૂર્તિ પણ ગુણારોપણ બાદ પ્રભુ તુલ્ય વંદનીય બને છે, તેથી લોકો તેને વાંદે, પૂજે અને નમસ્કારાદિ કરે, તે તદ્દન વ્યાજબી છે.

૨૨ પ્રશ્ન૦ શું સદાકાળ પ્રભુમૂર્તિ માન્યા જ કરવી ?

ઉત્તર૦ હા, જ્યાં સુધી આત્મા પ્રમાદી અને ભૂલકણો છે, ત્યાં સુધી તેણે પ્રભુગુણોના સ્મરણાદિને માટે પ્રભુમૂર્તિને માનવી જ જોઇએ. જ્ઞાનાભ્યાસમાં ચૂકી જવાના ભયથી જેઓને અચેતન પુસ્તકોનો આધાર લેવો પડે છે, પ્રભુના જાપ કરતાં ભૂલી જવાના ભયથી જેઓને અચેતન જપમાળાનો આશ્રય લેવો પડે છે, ચારિત્રના પરિણામથી પતિત થઈ જવાના ડરથી જેઓને અચેતન રજોહરણ–મુહપત્તિ આદિનો આશ્રય લેવો પડે છે, ટાઢ–તાપ અને વરસાદ આદિના ભયથી જેઓને અચેતન વસ્ત્ર અને મકાન વિગેરેનો આશ્રય લેવો પડે છે, તથા હિંસક પશુ–પક્ષી કે ધાડપાડુ આદિના ભયથી જેઓને

શસ્ત્ર-ઈત્યાદિનું શરણુ શોધવું પડે છે, તેઓને ત્યાં સુધી પ્રભુગુણુની સ્મૃતિ માટે અચેતન મૂર્તિના આલંબન વિના છૂટકો જ નથી. બીજાં બધાં અચેતન આલંબનો સ્વીકારવા છતાં, જેઓ માત્ર પરમાત્માની મૂર્તિના આલંબનની અચેતનાના નામે ના પાડતા હોય, તેમને તો પરમાત્મ-ધ્યાનની કિંમત, દુનિયાદારીના પદાર્થો જેટલી પણુ હૃદયમાં વસી નથી, એમ જ કહી શકાય. જ્ઞાનાભ્યાસાદિમાં પુસ્તકાદિના આલંબન વિના ચૂકી જનાર આત્માઓ, મૂર્તિ આદિના આલંબન વિના પરમાત્મ-ધ્યાનથી નહિ ચૂકે, એમ શી રીતે માની લેવું ? પરમાત્મ-ધ્યાનને ચૂકાવનાર પ્રતિપક્ષી વસ્તુઓના સંગથી જેઓ મૂક્ત થયા નથી, તેઓ મૂર્તિના આલંબન વિના પરમાત્મ-ધ્યાનને ચૂકયા વિના રહે નહિ: પરંતુ પરમાત્મ-ધ્યાનથી જીવ ચૂકી જાય તેનું કેટલું નુકશાન છે, એ સર્વ સામાન્ય જગત્‌ના ખ્યાલમાં હોતું નથી, એથી જ પરમાત્મ-મૂર્તિના આલંબન માટે કોઈ કુતર્ક કરે તો તુરત મન ચળ-વિચળ બને છે. કિન્તુ શાસ્ત્રો કહે છે કે-સાંસારિક બીજાં કાર્યો ભૂલી જતાં જીવને તેટલી હાનિ નથી, કે જેટલી હાનિ પરમાત્મ-ધ્યાનને ચૂકી જવાથી છે. પરમાત્મ-ધ્યાનથી ચૂકી જતાં, બીજા તેવા પ્રતિબોધક આલંબનનો આ જગતમાં અભાવ હોવાથી, જીવ આર્ત્ત-રૌદ્ર ધ્યાનમાં ચઢી જાય છે અને અનંત સંસારને વધારનારો થાય છે. કોઈ પણુ માણુસ આખી ઉંમર સુધી કમાયેલું ધન તાળા વગરની ત્રિજોરીમાં રાખે, તો કોઈ ને કોઈ વખતે ચોરો વડે લૂંટાઈ ગયા સિવાય રહે નહિ:

તેમ—આત્મા રૂપી તિજોરીમાં એકત્રિત થયેલ શુભ ધ્યાન રૂપી અમૂલ્ય ધનને, પ્રતિમાના આલંબન રૂપી તાળું લગાડીને સુરક્ષિત બનાવવામાં ન આવે, તો પ્રમાદ રૂપી ચોરો વડે તેનો નાશ થયા સિવાય ન જ રહે. શુભ ધ્યાન રૂપી ધન નાશ પામ્યું, એટલે આત્માને અનંત સંસાર—સાગરમાં રઝળવાનું જ બાકી રહ્યું. એ કારણે શ્રી જિનપ્રતિમાનું આલંબન, એ પ્રમાદી જીવોને પાણી પહેલાં પાળ બાંધવાની જેમ અત્યંત હિતકારક છે. અથવા—જેમ વાડ વગરના ખેતરની ખેડુત ગમે તેટલી સંભાળ રાખે, છતાં પશુ—પક્ષીઓ તેમાં પેસી ધાન્યનો નાશ કર્યા વિના રહેતાં નથી, તેમ શ્રી જિનપ્રતિમાના આલંબન રૂપી વાડ વિના, દુર્ધ્યાન રૂપી પશુ—પક્ષીઓ શુભ ધ્યાન રૂપી પકવ ધાન્યનો નાશ કર્યા સિવાય રહેતાં નથી. આત્મા અનાદિ કાળથી પુદ્ગલના સંબંધમાં રાચ્યો—માચ્યો રહે છે. તેને પુદ્ગલના સંગની આસક્તિથી છોડાવનાર શુભાલંબન વિના બીજું કોઈ નથી. ઉચ્ચ કોટિનાં શુભાલંબનો અને જ્ઞાન—ધ્યાન આદિ દ્વારા પુદ્ગલનો રાગ છૂટી જતાં, ભૂખની તૃપ્તિ થતાં જેમ અનાજની અને રોગની શાંતિ થતાં જેમ દવાની ઇચ્છા છૂટી જાય છે, તેમ તમામ જાતનાં આલંબનો આપોઆપ છૂટી જાય છે: પણ તે પહેલાં સંસારલુબ્ધ પ્રાણિઓને પ્રતિમાદિ શુભ આલંબનો છોડવાં એ હિતકર નથી. ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત થતાં, સાપ જેમ કાંચળીનો ત્યાગ કરે તેમ, આલંબનો આપમેળે જ છૂટી જાય છે.

૨૩ પ્રશ્ન૦ જડ પ્રતિમા મોક્ષદાયક શી રીતે બને?

ઉત્તર૦ શાસ્ત્રો, કે જે શાહી અને કાગળ રૂપ હોવાથી જડ છે, છતાં તે મોક્ષને આપનારાં છે-એમ સૌ કોઈ સ્વીકારે છે: તો પછી પરમેશ્વરની મૂર્તિ પણ તેનું આરાધન કરનારને મોક્ષનાં સુખ કેમ ન આપે? શાસ્ત્રો, એ ભગવાનનાં વચનોની પ્રતિમા છે અને મૂર્તિ, એ ભગવાનના આકારની પ્રતિમા છે. વચનોની પ્રતિમાથી જેમ જ્ઞાન થાય છે, તેમ આકારની પ્રતિમાથી પણ ભવ્ય આત્માઓને ઇશ્વરના સ્વરૂપનું જ્ઞાન થાય જ છે.

૨૪ પ્રશ્ન૦ અક્ષરાકારને જોવા માત્રથી જ્ઞાન થાય છે, તેમ મૂર્તિને જોવા માત્રથી જ્ઞાન થતું કેમ દેખાતું નથી?

ઉત્તર૦ અક્ષરાકારને જોવા માત્રથી જ્ઞાન થાય છે, એમ કહેવું એ ખોટું છે. અક્ષરાકારથી જ્ઞાન થવા પહેલાં, શિક્ષક દ્વારા તે અક્ષરોને ઓળખવા પડે છે. અક્ષરોને ઓળખ્યા પછી જ વાંચતાં કે લખતાં શીખી શકાય છે. તેમ-ગુર્વાદિક દ્વારા-" **આ દેવાધિદેવ શ્રી વીતરાગ દેવની મૂર્તિ છે. એમના અજ્ઞાનાદિ દોષો નાશ પામ્યા છે. તેઓ અનંત ગુણોએ સહિત છે. દેવેન્દ્રોથી પણ પૂજિત છે. તત્ત્વોનો ઉપદેશ કરનારા છે. મોક્ષને પામેલા છે. સંસારસાગરથી તરી ગએલા છે. સર્વજ્ઞ છે. સર્વદર્શી છે. દયાના સાગર છે. પરીષહ અને ઉપસર્ગોની ફોજોને હઠાવનારા છે અને રાગાદિથી રહિત છે.**"-એવું જેમ જેમ જ્ઞાન થતું જાય છે, તેમ તેમ મૂર્તિનાં દર્શનાદિ કરતી વખતે, તે તે ગુણોનું જ્ઞાન અને સ્મરણ દૃઢતર થતું જાય છે.

૨૫ પ્રશ્ન૦ મૂર્તિના દેખવાથી દેવનું સ્મરણ થાય છે—એ વાત બરાબર છે, પણ તેની ભક્તિથી શું લાભ ?

ઉત્તર૦ શાસ્ત્રનું શ્રવણ અગર વાંચન કરવાથી પરમેશ્વરનાં વચનોનો બોધ થાય છે, તો પણ શાસ્ત્રના ઉપકારને જાણનાર ભક્ત લોકો તેને ઉંચા સ્થાન પર મૂકે છે, પગ લાગવા દેતા નથી, મલ–મૂત્રવાળી અશૂચિ જગ્યાથી દૂર રાખે છે, સારા કપડામાં વીંટી સિંહાસન પર મૂકે છે અને વંદન–નમસ્કાર કરે છે. એ રીતે શાસ્ત્રની ભક્તિ કરવાથી શાસ્ત્રનાં વચનો ઉપરનો પ્રેમ વધે છે, શ્રદ્ધા સુદૃઢ થાય છે તથા સન્માર્ગે પ્રવૃત્તિ કરવાનું બળ પ્રાપ્ત થાય છે. તેમ પ્રતિમાની પણ વંદન–નમસ્કાર–પૂજનાદિ વડે ભક્તિ કરવાથી, ભગવાનના ઉપર પ્રેમ વધે છે, શ્રદ્ધા સતેજ થાય છે અને ગુણ-પ્રાપ્તિ તરફ આગળ વધવા આત્મા ઉત્સાહવંત થાય છે. ગુણ પ્રાપ્ત કરવાના ઉત્સાહથી શુભ ધ્યાનની વૃદ્ધિ થાય છે, શુભ ધ્યાનની વૃદ્ધિથી કર્મ–રજનો નાશ થાય છે અને તેમ થતાં મોક્ષમાર્ગની અત્યંત સુગમતા થાય છે.

૨૬ પ્રશ્ન૦ પત્થરની ગાયને દોવાથી જેમ દૂધ આપે નહિ, તેમ પત્થરની મૂર્તિ પૂજવાથી પણ શું કાર્ય સિદ્ધ થાય ?

ઉત્તર૦ પ્રથમ વાત તો એ છે કે—ગાયનું દૃષ્ટાંત અહીં લાગુ કરવું અઘટિત છે. ગાય પાસેથી જેમ દૂધ લેવાનું હોય છે, તેમ મૂર્તિ પાસેથી કાંઈ લેવાનું હોતું નથી. ગાય જેમ દૂધ આપે છે, તેમ મૂર્તિ કાંઇ આપતી નથી. પૂજક પોતે પોતાના આત્મામાં છૂપાએલા વીતરાગતાદિ ગુણોને, મૂર્તિના આલંબનથી પ્રગટ કરે છે.

બીજી વાત એ છે કે-જેમ પત્થરની ગાય દૂધ આપતી નથી, તેમ સાચી ગાય પણ-' હે ગાય ! તું દૂધ દે. '-એમ ઉચ્ચારણ કરવા માત્રથી દૂધ આપતી નથી. તો પછી સાક્ષાત્ પરમેશ્વરના નામથી કે જાપથી પણ કાર્યસિદ્ધિ થવી જોઇએ નહિ અને પરમાત્માનું નામ પણ લેવું જોઇએ નહિ : પરંતુ જે શુભ ઉદ્દેશથી ઇશ્વરના નામનું સ્મરણ કરવામાં આવે છે, તે જ શુભ ઉદ્દેશથી પરમાત્માની મૂર્તિની ઉપાસના પણ કર્ત્તવ્ય થઈ પડે છે. પરમાત્માનું નામ લેવાથી જેમ અંતઃકરણની વિશુદ્ધિ થાય છે, તેમ પરમાત્મા (મૂર્તિ)ના દર્શનાદિથી પણ અંતઃકરણની વિશુદ્ધિ થાય જ છે.

એજ રીતે કેટલાક કહે છે કે-' જેમ સિંહની મૂર્તિ આવીને મારતી નથી, તેમ ભગવાનની મૂર્તિ પણ આવીને તારતી નથી. ' આવું કથન પણ અયોગ્ય છે: કારણ કે-' સિંહ! સિંહ! '-એવું નામ લીધાની સાથે જ શું સિંહ આવીને મારે છે ? નહિ જ. તો પછી ભગવાનનું નામ લેવું પણ નિરર્થક ઠરશે. વળી સિંહની મૂર્તિ મારતી નથી, તેનું કારણ એ છે કે-મારવામાં સિંહને પોતાને પ્રયત્ન કરવો પડે છે, મરનારને નહિ. જ્યારે ભગવાનની મૂર્તિથી તરવામાં મૂર્તિને કાંઈ પણ પ્રયત્ન કરવાનો હોતો નથી, કિન્તુ તરનારને કરવાનો હોય છે. મુક્તિ મેળવવા માટે વ્રત, નિયમ, તપશ્ચર્યા, સંયમ, આદિની આરાધના પુરુષને કરવી પડે છે, પરમાત્માને નહિ. પરમાત્માના પ્રયત્નથી જ જો તરવાનું હોત, તો પરમાત્મા તો અનેક શુભ ક્રિયાઓ કરી ગયા છે, છતાં તેનાથી બીજાઓ કેમ ન તર્યા ?

પરન્તુ તેમ બનતું નથી. એકે ખાધાથી જેમ બીજાની ભૂખ મટતી નથી, તેમ ભગવાનના પ્રયત્ન માત્રથી ભક્ત વર્ગની મુક્તિ થતી નથી. ભક્ત વર્ગની મુક્તિ માટે તો ભક્ત વર્ગ પોતે પ્રયત્ન કરે તો જ સિદ્ધિ થાય છે. છતાં ભગવાનની મૂર્તિના આલંબનથી જીવને તપ–નિયમાદિ કરવાનો ઉલ્લાસ જરૂર થાય છે અને તે આધારે–'ભગવાનની મૂર્તિ તારે છે'–એમ ઉપચારથી કહેવામાં કોઈ પણ જાતની હરકત નથી.

એથી આગળ વધીને વિચાર કરતાં–'પત્થરની ગાય દૂધ નથી જ આપતી'–એમ કહેવું, એ પણ ખોટું છે. જેમ કે–ગાયના આંચળ તથા તેને દોહવાની ક્રિયાના અજાણ પુરૂષને તેની સમજણ આપવા પણ ગાયની જરૂર છે અને સાક્ષાત્ ગાયના અભાવમાં તેની મૂર્તિ દ્વારા તે દોહવાની ક્રિયાનું જ્ઞાન આપી શકાય છે. એ જ્ઞાન કરાવ્યા સિવાય પ્રત્યક્ષ ગાય મળી જાય, તો પણ તેનાથી દૂધની આશા રાખવી વ્યર્થ છે. એ કારણે પણ ગાયની મૂર્તિ જ દૂધ આપનારી ઠરી, એમ કોઈને પણ સ્વીકારવું જ પડશે. તે જ રીતે ભગવાનના અભાવમાં ભગવાનની ભક્તિ અને ધ્યાન કરવાનું જ્ઞાન મેળવવા માટે, ભગવાનની મૂર્તિની જરૂર નથી? અવશ્ય છે. મૂતિના અભાવે ભક્તિ અને ધ્યાન કરવાનું યથાર્થ અનુષ્ઠાન અને વિધિ જાણી શકાતાં નથી. ધ્યાન અને ભક્તિ વિના મોક્ષફળ મેળવવાની ઈચ્છા, વાંઝણીને પુત્રની જેમ, વાંઝણી જ રહે છે. એ રીતે પત્થરની ગાય જેમ દોહવાની ક્રિયા શીખવાડે છે, તેમ પત્થરની મૂર્તિ ભક્તિ–

ધ્યાનાદિ કરવાની રીતિ શીખવાડે છે અને તેના અનુષ્ઠાનને જીવનમાં અમલી બનાવે છે.

૨૭ પ્રશ્ન૦ પરમેશ્વરના નામ માત્રથી જ તેમના સ્વરૂપનો બોધ થતો હોય અને તેથી અંતઃકરણની શુદ્ધિ થતી હોય, તો પછી તેમની પ્રતિમા પૂજવાનો આગ્રહ શા માટે ?

ઉત્તર૦ પ્રતિમાના દર્શનાદિથી જેવી આત્મશુદ્ધિ થાય; તેવી નામ માત્રથી કદી થઈ શકે નહિ. નામ કરતાં આકારમાં ઘણી વિશેષતાઓ છે. જેવા આકારનું નિરીક્ષણ કરવામાં આવે, મોટે ભાગે તેવા જ આકાર સંબંધી ધર્મનું મનમાં ચિન્તવન થાય છે. સંપૂર્ણ શુભ અવયવોવાળી પત્થરની પુતળી જોતાં, તેવા જ પ્રકારનો મોહ ઉપજે છે. કોકશાસ્ત્રમાંનાં સ્ત્રી-પુરૂષના વિષયસેવનને અંગેનાં આસનો વિગેરે જોવાથી, જોનાર કામી આત્માને તત્કાળ વિકાર ઉત્પન્ન થાય છે. યોગાસનોની આકૃતિઓ જોવાથી, યોગી પુરુષોના યોગાભ્યાસમાં ત્વરિત વૃદ્ધિ થાય છે. ભૂગોળના અભ્યાસિઓને નકશા વિગેરે જોવાથી, સહેલાઇથી વસ્તુઓનું જ્ઞાન થાય છે. મકાનો વિગેરેના પ્લાનો જોવાથી, તેના જાણકારોને તે વસ્તુઓનો તુરત ખ્યાલ આવે છે. કેવળ નામ માત્રથી એ બધો ખ્યાલ આવી શકતો નથી. એ રીતે પરમેશ્વરના નામ કરતાં પરમેશ્વરના આકારવાળી મૂર્તિથી પરમાત્માના સ્વરૂપનો વધારે સ્પષ્ટ બોધ થાય છે અને પરમાત્માનું ધ્યાન કરવા માટે ઘણી જ સરળતા પ્રાપ્ત થાય છે. મૂર્તિનો આદર-સત્કાર અને વંદન-પૂજન વિગેરે જે રીતે થઈ શકે છે, તે રીતે નામનું થઈ શકતું નથી. મૂર્તિની ભક્તિમાં ત્રણે યોગ

તથા અન્ય પણ સઘળી સામગ્રીઓની સારતા ગ્રહણ કરી શકાય છે, જ્યારે નામકીર્ત્તનાદિમાં તે સઘળું થઈ શકતું નથી.

૨૮ પ્રશ્ન૦ નિરાલંબન ધ્યાન ક્યાં સુધી ન થઈ શકે ?

ઉત્તર૦ શ્રી જૈનશાસનમાં મોક્ષ રૂપી મહેલમાં ચઢવા માટે ચૌદ પગથીયાં રૂપી ચૌદ ગુણસ્થાનકો વર્ણવ્યાં છે. તેમાં પ્રથમનાં પાંચ ગુણસ્થાનકો ગૃહસ્થોના અંગે છે અને બાકીનાં નવ ગુણસ્થાનકો સાધુના અંગે છે. છઠ્ઠા ગુણસ્થાનકનું નામ પ્રમત્ત અને સાતમાનું નામ અપ્રમત્ત છે. આખા આયુષ્ય દરમ્યાનનો સાતમા ગુણસ્થાનકનો કાળ એકત્ર કરવામાં આવે, તો પણ અંતર્મુહૂર્ત્ત માત્રનો છે. સાતમાથી ઉપરનું ગુણસ્થાનક આ કાળમાં વિદ્યમાન નથી. મૂખ્યતયા પ્રથમનાં છ ગુણસ્થાનકો આ કાળના જીવો માટે વિદ્યમાન છે. સાધુના છઠ્ઠા ગુણસ્થાનકને પણ પાંચ પ્રકારના પ્રમાદનો સંભવ હોવાથી, નિરાલંબન ધ્યાન હોઈ શકે જ નહિ. ગૃહસ્થ તો વધુમાં વધુ પાંચમે ગુણસ્થાનકે છે. તે તો અવશ્ય પ્રમાદી છે. પ્રમાદી પુરૂષોને નિરાલંબન ધ્યાન માટે અયોગ્ય કહ્યા છે. શ્રી **ગુણસ્થાનક્રમરોહમાં પૂજ્યપાદ શ્રી રત્નશેખરસૂરીશ્વરજી** મહારાજાએ ફરમાવ્યું છે કે–

" प्रमाद्यावश्यकत्यागात्, निश्चलध्यानमाश्रयेत् ।
योऽसौ नैवागमं जैनं, वेत्ति मिथ्यात्वमोहितः ॥ १ ॥ "

પોતે પ્રમાદી હોવા છતાં પણ, જે:અવશ્ય કરણીનો ત્યાગ કરે છે અને નિશ્ચલ એવા નિરાલંબન ધ્યાનનો

આશ્રય કરે છે, તે વિપરીત જ્ઞાનથી મૂઢ થયેલો આત્મા, શ્રી સર્વજ્ઞ ભગવાનનાં આગમોને જાણતો નથી.

આ કાળમાં સાતમા ગુણસ્થાનકથી જીવ ઉંચો ચઢી શકતો નથી અને સાતમા ગુણસ્થાનકનો કાળ તો અતિશય અલ્પ છે, તેથી જીવને છટ્ઠું કે તેથી ઉતરતું ગુણસ્થાનક જ હોવાથી, નિરાલંબન ધ્યાન સંભવી શકતું નથી. આ કાળના મોટા અને સમર્થ પુરુષોએ પણ નિરાલંબન ધ્યાનના મનોરથ માત્ર કર્યા કરે છે, તો પછી અલ્પ શક્તિવાળા અને વિષય–કષાયમાં રચ્યા–પચ્યા રહેનારા અન્ય આત્માઓ માટે તો નિરાલંબન ધ્યાન હોય જ ક્યાંથી ?

૨૯ પ્રશ્ન૦ કોઈ વિધવા પોતાના મરણ પામેલા પતિની મૂર્તિ બનાવી પૂજા–સેવા કરે, તો શું તેથી તેને કામની શાંતિ કે પુત્રની ઉત્પત્તિ થાય ? ન થાય, તો પછી પરમાત્માની મૂર્તિથી પણ શું ફાયદો થવાનો ?

ઉત્તર૦ આ એક કુતર્ક છે. તેનો ઉત્તર તેવી જ રીતે આપવો જોઇએ. પતિના મરણ બાદ, તેની સ્ત્રી એક આસન પર બેસી હાથમાં જપમાળા લેઈ પતિના નામનો જાપ કરે, તો શું તે સ્ત્રીની ઇચ્છા પુરી થશે ? અથવા તેને સંતાનની પ્રાપ્તિ થશે ? નહિ જ થાય. તો પછી પ્રભુના નામની જપમાળા ગણવી પણ નિરર્થક સિદ્ધ થશે. પ્રભુના નામથી કાંઈ પણ લાભ ન થાય, એમ તો કોઈ પણ કહી શકે તેમ નથી. ઉલટું, તે જ વિધવા સ્ત્રીને પતિનું નામ સાંભળવાથી જે આનંદ અને સ્મરણાદિ થશે, તેના કરતાં બમણો આનંદ અને સ્મર-

બુદ્ધિ તેની મૂર્તિ કે ચિત્ર જોવાથી થશે, તેથી નામ કરતાં મૂર્તિમાં વિશેષ ગુણ રહેલો જ છે.

વળી કોઇ પુરુષે કદી સર્પને જોયેલ નથી. માત્ર તેનું નામ સાંભળ્યું છે. એટલા માત્રથી તે પુરુષને કોઇ સ્થળે સર્પ જોવામાં આવે, તો–" આ સર્પ છે "–એવું જ્ઞાન થશે? નહિ થાય. પરન્તુ સર્પનો આકાર જેણે જાણ્યો હશે, તે તો સર્પને પ્રત્યક્ષપણે જોતાંની સાથે જ ઓળખી કાઢશે. એ રીતે જે પુરુષે અમૂક માણસને પ્રત્યક્ષ જોયો નથી અને તેની છબી પણ જોઈ નથી, માત્ર નામ જ સાંભળ્યું છે, તે પુરુષની પાસે થઇને પણ કોઈ વખત તે માણસ નીકળશે, તો પણ નહિ જ ઓળખી શકે: પરન્તુ જેણે તે માણસની છબી જોઈ હશે, તે તો તુરત જ ઓળખી લેશે કે–' આ અમૂક માણસ છે.' આથી પણ સિદ્ધ થાય છે કે–પ્રત્યેક વસ્તુનું સ્વરૂપ ઓળખવા માટે નામ જેટલું ઉપયોગી છે, તેના કરતાં મૂર્તિ અથવા આકાર વિશેષ ઉપયોગી છે.

૩૦ પ્રશ્ન૦ જો કારીગરની બનાવેલી પ્રતિમાઓ પૂજનિક છે, તો તેને બનાવનારા કારીગરો વિશેષ પૂજવા યોગ્ય કેમ નહિ?

ઉત્તર૦ કારીગર પ્રતિમાને બનાવનારો છે, પણ જેની તે પ્રતિમા છે તે વ્યક્તિનો બનાવનારો નથી. બીજને જમીનમાં વવાય, ખાતર નખાય અને ખેડુતની મહેનતથી જ તે બીજમાંથી ધાન્ય નિપજાવી શકાય: છતાં ધાન્યને ખાનારાઓ માટી કે ખાતર આદિને

ખાવાનું પસંદ કરતા નથી. શ્રી જિનપ્રતિમા બને છે પત્થર આદિમાંથી અને બનાવે છે કારીગર, પણ તેનું મૂળ બીજ તો શ્રી વીતરાગ–પરમાત્મા છે. જો કારીગર શ્રી વીતરાગ પરમાત્માનો જ સર્જક હોય, તો તે જરૂર પૂજનિક બને, પણ તેમ નથી. પતિવ્રતા સ્ત્રી પતિના ફોટાનો આદર કરે છે, પણ ફોટો પાડનારનો તેવો આદર કરે છે ખરી? વળી શાસ્ત્રોને લખનાર લહીયાઓ છે, છતાં તેઓ પૂજનિક ગણાય છે ખરા? નહિ જ, કારણ કે–શસ્ત્રોનું ઉદ્ભવસ્થાન લહીયાઓ નથી. તે તો નકલ કરનારા માત્ર છે. શાસ્ત્રો પૂજનિક હોવાના કારણે શાસ્ત્રકાર–મહાત્માઓને પૂજનિક મનાય અને શાસ્ત્રકાર–મહાત્માઓ પૂજનિક હોવાના કારણે તેઓશ્રીએ રચેલાં શાસ્ત્રો પૂજનિક મનાય, એ બરાબર છે. એજ રીતિએ શ્રી જિનેશ્વરદેવો પૂજનિક હોવાના કારણે તે તારકોની પ્રતિમાઓ પૂજનિક ગણાય, પણ પ્રતિમાઓને ઘડનાર કારીગરો નહિ. જો કે–કોઈ પૂજ્ય કે પ્રિય વ્યક્તિના ફોટા વિગેરેને જેમ બને તેમ વધુ યથાર્થતાનો ખ્યાલ આપે તેવા બનાવી આપનાર આદમી, આનંદ પમાડનાર અગર ઇનામને પાત્ર બને છે, તેમ શ્રી જિનમૂર્તિને પણ શ્રી વીતરાગતાની સુન્દર છાયા રૂપે ઘડી આપનાર કારીગર, આનંદ પમાડનાર અને ઇનામને પાત્ર બને છે. જેઓ શ્રી વીતરાગ પરમાત્માની મૂર્તિને માનવા–પૂજવા આદિનો નિષેધ કરવાને માટે–'મૂર્તિ પૂજનિક, તો તેને ઘડનારા કારીગરો વિશેષ પૂજનિક કેમ નહિ?'–આવા કુતર્કો ઉઠાવે છે, તેઓને પૂછવું

જોઇએ કે–'તમે જે શાસ્ત્રોને પૂજનિક માનો છો, તે શાસ્ત્રોની નકલ કરનારા લહીયાઓને અગર છાપી આપનાર છાપખાનાંવાળાઓને શાસ્ત્રોથી ય વધુ પૂજનિક માનો છો ખરા? સાધુમહાત્માઓનાં વસ્ત્રાદિ ઉપકરણોને તમે બહુમાનપાત્ર માનો છો, તો તે વસ્ત્રાદિને તૈયાર કરનાર વણકરો તથા કારીગરો આદિને તેથી પણ વધુ બહુમાનપાત્ર માનો છો ખરા?' જો ના, તો પછી શ્રી જિનમૂર્તિના સંબંધમાં જ આવા કુતર્કો કેમ કરો છો? શ્રી જિનમૂર્તિની પૂજનિકતા શ્રી જિનેશ્વરદેવોની ગુણમયતાના જ પ્રતાપે છે, એ વાતને સમજનારા આત્માઓ તો કદિ જ આવા કુવિકલ્પોમાં ફસાય નહિ.

૩૧ પ્રશ્ન૦ પ્રતિમા અજીવ છે, તો તેને કેમ પૂજાય?

ઉત્તર૦ જે દ્રવ્ય પૂજનિક હોય છે, તે સજીવ હો કે અજીવ હો, પણ પૂજનીય છે જ. દક્ષિણાવર્ત્ત શંખ, કામકુંભ, ચિન્તામણિ રત્ન, ચિત્રાવેલી વિગેરે પદાર્થો અજીવ અને જડ હોવા છતાં, લોકમાં પૂજાય જ છે અને તેમને પૂજનારાઓના મનનું ધાર્યું સિદ્ધ પણ થાય જ છે. જેમ એ અજીવ વસ્તુઓ પોતાના સ્વભાવથી પૂજનારાઓનું હિત કરે છે, તેમ શ્રી જિનપ્રતિમા પણ પૂજનાર આત્માઓને સ્વભાવથી જ શુભ ફળ આપે છે.

૩૨ પ્રશ્ન૦ જિનપ્રતિમા તો સામાન્ય કિંમતમાં વેચાય છે, તેને ભગવાન કેમ માની શકાય?

ઉત્તર૦ શ્રી આચારાંગ, શ્રી ભગવતી આદિ ભગવાનની વાણી પણ પુસ્તકો દ્વારા થોડી થોડી કિંમ-

તમાં વેચાય છે, તો પછી તેને પણ પૂજનીય કેમ માની શકાય ? પુસ્તકો દ્વારા જ્ઞાનનો પ્રચાર થાય છે માટે તે વંદનીક છે, તો પ્રતિમા દ્વારા પણ ભવ્યાત્માઓને પરમાત્મ—સ્વરૂપનું જ્ઞાન થાય જ છે તેથી તે પણ પૂજનીક જ છે. શાસ્ત્રો કે જે કાગળો ઉપર શાહીથી લખાએલાં છે, તેને પણ શાસ્ત્રોમાં પૂજ ગણધર મહર્ષિઓએ 'ભગવાન્' કહી વંદન—નમસ્કાર કરેલ છે, તો પછી પ્રતિમા વંદન—નમસ્કાર કરવા લાયક હોય, તેમાં શંકા જ શી છે ? શાસ્ત્રોમાં કહ્યું છે કે—

'**नमो बंभीलीविए।**' બંભી લિપિને નમસ્કાર થાઓ !

'**आयरस्सणं भगवओ।**' ભગવાન્ શ્રી 'આચારાંગ' ઇત્યાદિ.

સુલભ અને કિંમતી વસ્તુઓ પણ કેટલીક વખત પંચના સ્વીકારથી દુર્લભ અને કિંમતી બને છે, તેમ થોડી કિંમતમાં મળતી પ્રતિમાઓ પણ અંજન શલાકા અને પ્રતિષ્ઠા વિગેરે શુભ ક્રિયાઓ વડે અમૂલ્ય અને પરમ પૂજનીક બને છે. રાજ્યાભિષેક થવાથી જેમ સામાન્ય માણસ પણ રાજા ગણાય છે અને વિવાહોત્સવ થયા બાદ સામાન્ય ઘરની કન્યાને પણ રાજરાણી કે મોટા ઘરની શેઠાણી ગણી શકાય છે, તેમ અલ્પ મૂલ્યે મળતી પ્રતિમાઓ પણ, શ્રીસંઘ દ્વારા વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થવાથી, સાક્ષાત્ પરમાત્મા તુલ્ય પૂજનીક બને છે.

૩૩ પ્રશ્ન૦ મૂર્તિ પરમાત્મા તુલ્ય હોય, તો તેને સ્ત્રીનો સંઘટ્ટો કેમ ? તથા તાળાકુંચીમાં શા માટે રાખવામાં આવે છે ?

ઉત્તર૦ સ્ત્રીના સંઘટ્ટાનો દોષ, ભાવ અરિહંતને

આશ્રી છે. પ્રતિમા તો શ્રી અરિહંતદેવની સ્થાપના છે. સ્થાપના અરિહંતને સ્ત્રીના સંઘટ્ટાથી કાંઈ પણ દોષ ન લાગે. અગર કોઈ સ્થાપના અરિહંત તથા ભાવ અરિહંત બન્નેમાં એક સરખા દોષોનું આરોપણ કરવા માગતો હોય, તો તે અસંભવિત છે. સૂત્રોમાં સુવર્ણ, રજત તથા સ્ત્રી, પુરુષ અને નપુંસક આદિ ઘણી વસ્તુઓનાં નામો લખેલાં હોય છે. તે બધાં તે તે નામોના અક્ષરોની સ્થાપના છે. તથા તેમાં ચિત્રો પણ હોય છે. જો સ્થાપના અને ભાવમાં સમાન દોષ લાગવાની કલ્પના કરાય, તો તેને હાથમાં લેવાથી સાધુ–સાધ્વીનાં મહાવ્રતો ચાલ્યાં જવાં જોઇએ, પણ તેમ નથી. શાસ્ત્રો તો તમામ મુનિગણ હાથમાં લઇને વાંચે છે. તેમાં દેવલોકનાં દેવ–દેવીઓનાં ચિત્રો, નારકીઓનાં ચિત્રો વિગેરેનો સૌ કોઈ સ્પર્શ કરે છે તથા વર્તમાનપત્રો અને પુસ્તકોમાં સ્ત્રી–પુરુષોના ફોટાઓ તથા ચિત્રો પાને પાને ભરેલા હોય છે, તેને બ્રહ્મચારી મુનિવરો આદિ પણ સ્પર્શ કરે છે. તો તમામનાં શીલવ્રત રહે કે ભાગી જાય? ચિત્રો વિગેરેને અડકવાથી શીલવ્રત નષ્ટ થઈ જતું હોય, તો પછી જગતમાં શુદ્ધ બ્રહ્મચર્ય પાળનાર કોઈ જડશે જ નહિ. માટે જેમ ચિત્રો પુરુષાદિની સ્થાપના છે, તેનો સ્પર્શ કે સંઘટ્ટો થવાથી બ્રહ્મચારીને દોષ નથી, તેમ મૂર્તિ એ શ્રી અરિહંતદેવની સ્થાપના છે. તેને સ્ત્રી આદિનો સંઘટ્ટો થવાથી દોષ કેમ લાગે? સાધુ લીલી વનસ્પતિને હાથ ન લગાવે, છતાં ગ્રન્થો તથા પુસ્તકોમાં ઠેર ઠેર ઝાડી કે વનસ્પતિઓનાં ચિત્રો આવે છે, તો તેને સ્પર્શ કરતાં

વનસ્પતિના સંઘટ્ટાનો દોષ લાગે ? ન જ લાગે.

આથી સિદ્ધ થાય છે કે—ભાવ અરિહંત અને સ્થાપના અરિહંત આશ્રી એક સરખા દોષનું આરોપણ થઈ શકે નહિ—તેમ કરવા જતાં મહા અનર્થ થાય.

બીજી વાત—તાળાકુંચીની. પ્રતિમાજીએ ભગવાનની સ્થાપના હોવાથી, તેની રક્ષા માટે મંદિરાદિને તાળાં લગાવવામાં આવે, તેથી તો ઉલટી ભક્તિ થાય છે, નહિ કે—દોષ લાગે છે : અને ભક્તિનું પરમ ફળ મોક્ષ છે. જેમ ભગવાનની વાણીની સ્થાપના જેમાં છે તે સૂત્રોની રક્ષા માટે ઉત્તમ વસ્ત્ર વીંટી, કબાટમાં મૂકી, તાળું દેવામાં આવે છે તથા સાધુ—સાધ્વીઓની છબીઓને સુંદર ફ્રેમમાં મઢાવી આલીશાન દિવાનખાનાંઓમાં ટીંગાડવામાં આવે છે, તેમ ભગવાનની પ્રતિમાઓનું પણ રક્ષણ કરવા માટે શ્રી જિનમંદિર અને તેના ગર્ભદ્વારે તાળાં લગાવવામાં આવે કે રક્ષા માટે બીજા પણ પ્રબંધો કરવામાં આવે, તેથી શો દોષ છે ? જો તેમ ન કરવામાં આવે, તો દુષ્ટ પુરુષો આશાતનાદિક કરે અને તેનો દોષ રક્ષા નહિ કરનારને અવશ્ય લાગે.

૩૪ પ્રશ્ન૦ મૂર્તિમાં શું વીતરાગના ગુણો છે ?

ઉત્તર૦ એક અપેક્ષાએ છે અને એક અપેક્ષાએ નથી. પૂજક પુરુષ તેનામાં વીતરાગભાવનું આરોપણ કરીને પૂજા કરે છે, ત્યારે તે મૂર્તિ વીતરાગ સદૃશ જ બને છે અને વીતરાગની ભક્તિ જેટલું જ ફળ આપે છે. એ અપેક્ષાએ શ્રી જિનમૂર્તિ શ્રી જિનવર સમાન છે.

દુષ્ટ પરિણામવાળા પુરુષને મૂર્તિનાં દર્શનાદિથી કાંઇ ફાયદો થતો નથી : ઉલટો, અશુભ પરિણામથી કર્મનો બંધ થાય. એ અપેક્ષાએ મૂર્તિ વીતરાગ સદૃશ નથી એમ કહેવું હોય તો કહી શકાય, પણ તેથી તેનામાં તારવાની શક્તિ છે તે ચાલી જતી નથી. સાકર મીઠી છતાં ગર્દભને ભાવતી નથી, ઉલટું નુકશાન કરે છે, તેથી કાંઇ સાકરનો સ્વાદ નષ્ટ થઇ જતો નથી : તેમ મૂર્તિ પણ મિથ્યાદૃષ્ટિ જીવોને ન રુચે, તો તેથી તેની મોક્ષદાયકતા ચાલી જતી નથી.

૩૫ પ્રશ્ન૦ મૂર્તિ જો ‘ જિનરાજ ’ તુલ્ય છે, તો આ પાંચમા આરામાં તીર્થંકરનો વિરહ કેમ કહ્યો ?

ઉત્તર૦ ભરતક્ષેત્રમાં પાંચમા આરામાં તીર્થંકરનો વિરહ કહ્યો છે, તે ભાવ તીર્થંકરને આશ્રી કહ્યો છે : સ્થાપના અરિહંતને આશ્રી નહિ ! જેમ કોઇ ગામમાં સાધુ ન હોય પણ તેમની છબી હોય, છતાં એમ કહેવાય છે કે–‘ આ ગામમાં હાલ કોઇ સાધુ વિચરતા નથી. ’ તો તે વિરહ, ભાવ સાધુનો જ સમજાય છે. કોઈ એમ નથી માનતું કે–‘ આ ગામમાં સાધુની છબીનો પણ વિરહ છે. ’

૩૬ પ્રશ્ન૦ એક ક્ષેત્રમાં બે તીર્થંકરો એકઠા ન થાય, છતાં એક જ મકાનમાં અનેક મૂર્તિઓ કેમ એકત્રિત કરવામાં આવે છે ?

ઉત્તર૦ આ વિષય પણ સ્થાપના સંબંધી છે અને જે નિષેધ છે તે ભાવ અરિહંત સંબંધી છે. જેમ સર્વે તીર્થંકરો સિદ્ધિગતિને પ્રાપ્ત થાય છે, ત્યારે અનંતી

ચોવીસીના તીર્થંકરો એક જ ક્ષેત્રે (દ્રવ્ય નિક્ષેપે) રહે છે, તેમ (સ્થાપના નિક્ષેપે) એક જ મંદિરમાં ચોવીસો આઠ કે તેથી પણ અધિક પ્રતિમાઓને રહેવામાં કાંઇ બાધ નથી. સ્થાપનાને પણ એક સાથે રહેવામાં જો બાધ હોત, તો શ્રી જંબૂદ્વીપમાં સેંકડો પર્વતો, નદીઓ, દ્રહો વિગેરે જૂદે જૂદે સ્થળે આવેલ છે, તેને એક જ નકશામાં સંગ્રહિત કરી લોકોને કેમ સમજાવવામાં આવે છે? વળી સૂત્રોમાં સર્વ તીર્થંકરોના નામની સ્થાપના જેમ એક જ પાના પર કરવામાં આવે છે તથા નામ અરિહંત અને દ્રવ્ય અરિહંતને એકત્ર રહેવામાં જેમ કોઈ પણ જાતનો બાધ નથી, તેમ સ્થાપના અરિહંતને પણ એક જ મકાનમાં રહેવામાં બાધ નથી. જે બાધ છે, તે ભાવ અરિહંતને આશ્રીને જણાવેલો છે.

૩૭ પ્રશ્ન૦ શું ગુરુની છબી જોઇ શિષ્ય તથા પિતાની છબી જોઈ પુત્ર ઉભો થશે? આદર આપશે? સસરાની તસબીર જોઇ પુત્રવધૂ લાજ કાઢશે? જો ના, તો પછી મૂર્તિ માનવાનો આગ્રહ શા માટે?

ઉત્તર૦ શિષ્ય પોતાના ગુરુની તથા પુત્ર પોતાના પિતાની તસબીરને માન અને આદર નહિ આપે, તો શું અપમાન કરશે? તે પર થૂંકશે? અથવા કોઈ શત્રુ તે છબીઓનાં મુખ કાજળ કે શાહીથી કાળાં કરવા માગશે, તો કરવા દેશે? તેને સહન કરશે? અથવા છબીઓને કાગળ તથા શાહી રૂપ સમજી, રસ્તામાં લોકોના પગ તળે આવે તે રીતે રઝળતી મૂકશે? આવાં બેઅકુફીભર્યાં કાર્યો કોઇએ કર્યાં નથી અને કરે તો વિવેકિ-

ઓની દૃષ્ટિએ હાંસિપાત્ર અને કપૂત ગણાયા સિવાય રહે પણ નહિ. એ જાતિનું વર્તન સાક્ષાત્ ગુરુ અને સાક્ષાત્ પિતાનું અપમાન કર્યા તુલ્ય જ લેખાય. આથી ઉલટું, તે તસબીરોને સારી ફ્રેઇમમાં મઢાવી, મેજ કે સિંહાસન પર ઉંચા સ્થાને સ્થાપન કરે અથવા દિવાલ પર ટાંગી સ્વચ્છતાથી રાખે, તો તેથી ગુરુ કે પિતાનું બહુમાન કર્યું જ ગણાય છે તથા તેને જોઇને પોતાના ગુરુ કે પિતા યાદ આવ્યા સિવાય પણ રહેતા નથી.

બીજી વાત. શિષ્ય કે પુત્ર, ગુરુ કે પિતાના નામનો આદર કરે કે નહિ? જો કરે, તો નામ કરતાં છબીથી તો વિશેષ સમૃતિ થઈ આવે છે, તો તેનો વિનયાદિ તો વિશેષ કરવો જોઇએ.

વળી પુત્રવધૂ સસરાની છબી જોઇને લાજ નહિ કાઢે, એ તર્ક પણ નકામો છે. જેમ છબી જોઈને લાજ નહિ કાઢે, તેમ નામનું શ્રવણ કરતાં પણ લાજ કાઢશે નહિ : તો પછી પરમાત્માનું નામ પણ નિરર્થક સમજવું? ઉલટું, સસરાની છબીથી વહુએ સસરાને પ્રથમ નહિ જોયેલ હોય, તો બોધ થશે કે–'આ મારો સસરો છે.' તેમ જેઓએ ભગવાનને નહિ જોયા હોય, તેઓને મૂર્તિથી ઓળખાણ થશે કે–' આ મારા ભગવાન છે.' સસરાની ઓળખાણ થતાં વહુને લાજ કાઢવાની ગુંચવણ કે શંકા રહેતી નથી. લાજ. કાઢવા–નહિ કાઢવાનું કામ સુગમ થઈ જાય છે. સસરાને ઓળખી લઇને તુરત જ લાજ કાઢે છે અને બીજાઓને જોઇને લાજ કાઢતી નથી, તેમ મૂર્તિ દ્વારા પ્રભુની પણ પીછાણ થતાં, અસે-

વ્યનો પરિત્યાગ કરવાનું તથા સેવ્યની સેવા–ભક્તિ કરવાનું કાર્ય સુગમ થઈ જાય છે અને કોઇ પણ જાતની ભ્રમ–જાલમાં પડવાનું રહેતું નથી. મૂર્તિનો એ પણ એક મહાન ઉપકાર છે.

૩૮ પ્રશ્ન૦ ભગવાનની મૂર્તિ એજ ભગવાન હોય, તો તેમના અલંકાર પાપી ચોરો કેમ ચોરી જાય છે? તેમની હજારોની રકમો લોકો હજમ કેમ કરી જાય છે? તથા તેમની મૂર્તિને દુષ્ટ લોકો ખંડિત કેમ કરી નાખે છે? વળી ભગવાન સર્વજ્ઞ છે, તો તેમની મૂર્તિને જમીનમાંથી ખોદીને કેમ કાઢવી પડે છે? શાસનદેવો એ કાર્ય કેમ કરતા નથી?

ઉત્તર૦ આ સવાલ જ બેવકુફીથી ભરેલો છે. શ્રી વીતરાગના ગુણોનું આરોપણ કરીને, ભક્તિ માટે જડ વસ્તુની બનાવેલી મૂર્તિ જમીનમાંથી એની મેળે કેમ ન નીકળે કે તેમના અલંકારો આદિને ચોરી જોતાં પાપી લોકોને શાસનદેવતા કેમ ન અટકાવે?–એ પ્રશ્ન જ ઉદ્ધતાઈભર્યો છે. જડ સ્થાપનામાં એ સામર્થ્ય ક્યાંથી આવે? અને શાસનદેવ હરેક પ્રસંગે આવીને ઉભા રહે, એવો નિયમ ક્યાં છે? ભગવાન શ્રી મહાવીરદેવ વિદ્યમાન હતા તે વખતે તેમની સેવામાં અનેક લાખ દેવો હાજર રહેતા હતા, છતાં મંખલિપુત્ર ગોશાળાએ તેજોલેશ્યા વડે ભગવાનની સમક્ષ તેમના બે શિષ્યોને બાળી નાખ્યા અને ભગવાનને તેથી લોહીખંડ ઝાડાનો વ્યાધિ થયો. તે વખતે શાસનદેવોએ કાંઇ કર્યું નહિ, તેથી શું તેઓની ભક્તિમાં ફરક પડી ગયો? કેટલાક ભાવો એવા હોય છે, કે જેને દેવતાઓ પણ ફેરવી

શકતા નથી. જે કાળે જે બનવાનું હોય, તે કોઇ કાળે પણ મિથ્યા થતું નથી. ખૂદ શ્રી તીર્થંકર મહારાજા પાસે અનેક સ્ત્રી-પુરુષોએ દીક્ષા ગ્રહણ કરીને વિરાધી છે, અનેક પ્રકારના પાખંડ મત સ્થાપન કર્યા છે અને ભગવાનની નિન્દા કરી છે: તો શું સર્વજ્ઞભગવાન નહોતા જાણતા કે-'આ પાખંડીઓ ચારિત્ર વિરાધશે અને મિથ્યાત્વ પ્રરૂપશે?' જાણતા જ હતા, છતાં કેમ દીક્ષા આપી? એજ માટે કે-તેવા ભાવીભાવ આદિને પણ એ તારકો જાણતા હતા.

વળી હાલમાં શ્રી વીતરાગનો ધર્મ અતિ અલ્પ પ્રમાણમાં રહી ગયો છે. તેમાં પણ અનેક પ્રકારની જૂદી જૂદી શાખાઓ પડી છે અને ચાળણીની માફક ચળાઈ રહ્યો છે. ઉત્સૂત્રભાષણો કરવામાં મિથ્યાત્વ અને દુરાગ્રહને અધીન થયેલા આત્માઓ કાંઈ બાકી રાખતા નથી. તો પછી આવા નિંદકો અને પ્રત્યનીકોને રોકીને શાસનદેવ સત્ય માર્ગ કેમ ઉપદેશતા નથી? લોકોને શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી **સીમંધરસ્વામી**ની પાસે લઈ જઈને, તેમનાં દર્શન કરાવી, શુદ્ધ ધર્મનો પ્રતિબોધ કેમ કરાવતા નથી? માટે દેવતાઓના હાથે પણ જે જે ચમત્કારી થવા નિર્મિત થયા હોય, તેટલા જ થાય છે-વધારે નહિ, એમ માનવું જ જોઇએ. વળી હાલમાં પણ ઘણી મૂર્તિઓ, જેવી કે-શ્રી **ભોયણીજીમાં શ્રી મલ્લીનાથ** ભગવાન અને શ્રી **પાનસરજી**માં શ્રી **મહાવીરસ્વામી** ભગવાન આદિ માટે શાસનદેવો સ્વપ્ન આપી, અનેક પ્રકારના ચમત્કાર પણ દેખાડે છે. અસંખ્યાતાં

વર્ષોની મૂર્તિઓની રક્ષા પણ કરે છે. એ સિવાય કેટલાક ઉપસર્ગાદિનું નિવારણ પણ કરે છે અને કેટલાકનું નથી પણ કરતા: કારણ કે-હરેક વખતે શાસનદેવો સહાય કરે જ, એવો નિયમ નથી. તો પછી હાલના વખતમાં કેટલાક હરામખોરો શ્રી જિનમંદિરની ચોરી વિગેરે દુષ્ટ કાર્યો કરતા હોય, તો તેનું ફળ તેઓ અવશ્ય ભોગવશે. તેથી શાસનદેવતાઓને કલંક લાગી જતું નથી. અથવા તેથી સ્થાપના અરિહંતનો મહિમા પણ ઘટી જતો નથી. સ્થાપના અરિહંતનો મહિમા તો તો જ ઘટે કે-સ્થાપના અરિહંતની ભક્તિ કરનાર આત્માઓને, એ ભક્તિથી વીતરાગ પરમાત્માના ગુણો આદિનું સ્મરણ ન થતું હોય કે વીતરાગભાવ, દેશવિરતિ કે સર્વવિરતિના પરિણામ, સંયમ અને તપને વિષે વીર્યોલ્લાસ, ભવભ્રમણનું નિવારણ કે મોક્ષસુખની નિકટતા આદિ ન થતું હોય. તે વિગેરે ફાયદાઓનો કોઈથી પણ ઇન્કાર થઈ શકે તેમ નથી.

૩૯ પ્રશ્ન૦ નિરંજન નિરાકારની મૂર્તિ કેવી રીતે બની શકે?

ઉત્તર૦ તમામ મતના દેવ તથા શાસ્ત્રોના રચનાર નિરાકાર નથી થયા, પણ સાકાર જ થયા છે. દેહધારી સિવાય કોઈથી શાસ્ત્રો રચી શકાય જ નહિ કે મોક્ષ-માર્ગ બતાવી શકાય જ નહિ. તમામ શાસ્ત્રો અક્ષરસ્વરૂપ છે. અક્ષરનો સમૂહ તાલુ, ઓષ્ઠ, કંઠ, દંત વિગેરે સ્થાનોથી ઉત્પન્ન થાય છે અને તે સ્થાનો દેહધારિને જ હોય છે, તેથી તે દરેકની મૂર્તિ અવશ્ય હોઈ શકે છે.

મોક્ષમાં ગયા પછી તેઓ અવશ્ય નિરાકાર હોય

છે, તો પણ તેમને ઓળખાવવા માટે પણ મૂર્તિની આવશ્યક્તા રહે છે. જેમ કે–શાસ્ત્રના રચનારા દેહધારિઓના મુખથી નીકળેલો અક્ષરોનો સમૂહ ખાસ કોઈ આકારનો હોતો નથી, છતાં તેનો આકાર કલ્પી શાસ્ત્રનાં પાનાંઓ ઉપર દાખલ કરવામાં આવ્યો છે અને તો જ તેનો બોધ થાય છે: તેમ નિરાકાર એવા સિદ્ધ–ભગવાનનો આકાર પણ આ દુનિયામાં તેમનો જે છેલ્લો ભવ થયો–તે મુજબ કલ્પી, મૂર્તિમાં ઉતારવામાં આવે છે. તેથી નિરાકાર સિદ્ધ ભગવાનનું સ્વરૂપ પણ સમજી શકાય છે અને સાક્ષાત્ સિદ્ધની પેઠે તેનું ધ્યાન કરનારનાં સઘળાં ઇચ્છિતો પણ પૂર્ણ થાય છે. એવો એક નિયમ છે કે–કોઈ પણ નિરાકાર વસ્તુને ઓળખાવવી હોય, તો તેને સાકાર બનાવીને જ ઓળખાવી શકાય છે. એ માટે પ્રસિદ્ધ દૃષ્ટાંત સર્વ પ્રકારની લિપિઓનું છે. પોતાના મનનો આશય બીજાને શબ્દો દ્વારા જ સ્પષ્ટપણે સમજાવી શકાય છે અને એ શબ્દો જે વર્ણના બનેલા છે, તે વર્ણને જૂદા જૂદા આકાર આપવાથી જ, પોતાના અર્થોનું સ્પષ્ટ ભાન કરાવાય છે. વર્ણોને क, ख, ग, घ કે A, B, C, D આદિ આકારો ન આપવામાં આવે અગર સર્વની આકૃતિ એક સરખી કરી દેવામાં આવે, તો કોઇને બોધ થઈ શકે ખરો કે? નહિ જ. માટે નિરાકાર વસ્તુનો સ્પષ્ટ બોધ, તેને આકાર આપ્યા સિવાય કરી શકાતો જ નથી.

૪૦ પ્રશ્ન૦ આ કાળના બુદ્ધિમાન લોકો મૂર્તિને માનતા નથી: માત્ર જડ લોકો જ માને છે,–એ વાત શું બરોબર છે?

ઉત્તર૦ સાવ ખોટી છે. કોઈ પણ કાળના બુદ્ધિમાન પુરુષોને મૂર્તિ માન્યા સિવાય ચાલતું જ નથી. કોઈ પ્રત્યક્ષ રીતિએ માને છે, તો કોઈ પરોક્ષ રીતિએ માને છે. સૌ પોતપોતાના મતના ઉપદેશકને માને છે. તેઓ દેહધારી હોય છે. તેથી તેમને આકાર હોય જ છે. પોતાના મતના ઉપદેશકને ઓળખવા માટે શું તેઓને તેમના દેહાકારનો ઉપયોગ કર્યા સિવાય ચાલે છે ? નહિ જ. વળી **યુરોપ, અમેરીકા, એશીયા** અને **આફ્રિકા** વિગેરે ભિન્ન ભિન્ન ખંડો અને તેમાં આવેલાં શહેરો, નદીઓ અને પર્વતો વિગેરેની સમજણ આપવા માટે, દરેક મનુષ્યને તે તે દેશના નકશાઓ વિગેરેનું આલંબન લેવું જ પડે છે. કોઇ પણ નવું ઘર, હાટ, હવેલી, દુકાન, મહેલ કે કિલ્લાઓ બનાવતાં પહેલાં, તેનો પ્લાન તૈયાર કરવો જ પડે છે. તે મૂર્તિ નથી તો શું છે ? પ્રત્યેક દેશના બુદ્ધિમાન માણસોને એ આકારોનો આશ્રય લેવો જ પડે છે, છતાં માત્ર દેવમૂર્તિ સંબંધી વાંધો ઉઠાવવામાં આવે છે, તે માત્ર અજ્ઞાનતા અથવા ધર્મ-દ્વેષનું જ પરિણામ છે. આપણે જોઇ આવ્યા કે—સઘળુંયે જ્ઞાન નિરાકાર શ્રુત અને તેના અક્ષરોની આકૃતિથી જ મેળવી શકાય છે. પ્રત્યેક મતવાળાઓ શાસ્ત્ર તથા માળાને તો અવશ્ય માને છે. શાસ્ત્ર જેમ વચનની સ્થાપના છે, તેમ માળા પણ પોતે માનેલી ઇષ્ટ વસ્તુ-ઓની કે તેના ગુણોની સ્થાપના જ છે. અન્યથા ' અમૂક સંખ્યાના મણકાની જ માળા હોવી જોઇએ '—એવો નિયમ ન હોઈ શકે.

હવે દરેક મતવાળા પોતાના ઇષ્ટ દેવને પૂજવા માટે કોઈ ને કોઈ પ્રકારના આકારને માને જ છે, એ વાત બીજી રીતે સ્પષ્ટ કરીએ.

ખ્રીસ્તીઓમાં, રોમન કેથોલિકો ઈસુની મૂર્તિને માને છે. **પ્રોટેસ્ટંટો ઈસુની** યાદગીરી અને તેના પરની શ્રદ્ધા કાયમ ટકાવવા માટે **ઈસુને** અપાયેલી શૂલીનું નિશાન જે ક્રોસ (+), તેને હંમેશાં પોતાની પાસે રાખે છે. જ્ઞાનની સ્થાપના રૂપ **બાઈબલનો** આદર કરે છે. પોતાના પૂજ્ય પાદરીઓની છબીઓ પાસે રાખે છે તથા તેમનાં બાવલાં, પૂતળાં તથા કબરોને બરાબર માન આપે છે.

મુસલમાન લોકો નિમાજ પઢતી વેળા પશ્ચિમમાં '**કાબા**' તરફ મુખ રાખે છે. શું ખુદા પશ્ચિમ સિવાય બીજી કોઇ દિશામાં નથી ? છે, તો પછી પશ્ચિમમાં મુખ રાખવાની શી જરૂર ? 'કાબા'ની યાત્રા પશ્ચિમ દિશામાં છે, માટે પશ્ચિમ તરફ નજર રાખે છે. તો પછી તે પણ ખુદાની સ્થાપના જ માની ગણાય. **મક્કા મદિના** હજ કરવા જાય છે અને ત્યાં કાળા પત્થરને ચુંબન કરે છે, વાંકા વળી વળીને નમસ્કાર કરે છે, પ્રદક્ષિણા આપે છે અને તે તરફ દૃષ્ટિ સ્થિર રાખી નિમાજ પઢે છે. તેની યાત્રા માટે હજારો રૂપીઆ ખર્ચે છે. તે પત્થરને પાપનો નાશ કરનાર માની, તેનું ખૂબ સન્માન કરે છે. જો વગર ઘડેલો તે પત્થર પણ ઇશ્વર તુલ્ય સન્માન કરવા યોગ્ય છે અને તેના સન્માનથી પાપ નાશ પામે છે,

તો પરમેશ્વરના સાક્ષાત્ સ્વરૂપની બોધક પ્રતિમાઓ ઇશ્વર તુલ્ય કેમ નહિ? અને તેનું સન્માન, તેનો આદર અને તેની ભક્તિ કરનારનાં પાપ નાશ કેમ ન પામે? વળી શું પરમેશ્વર હરેક સ્થાને નથી, કે જેથી મક્કા મદીના જવું પડે છે? માટે કહો કે-મનને સ્થિર કરવા માટે મૂર્તિ સ્વરૂપે કે અન્ય સ્વરૂપે સ્થાપનાને માનવાની અવશ્યકતા પડે જ છે. વળી મુસ્લીમો તાબુત બનાવે છે, તે પણ સ્થાપના જ છે. તેને લોબાનનો ધૂપ તથા પુષ્પના હાર વિગેરે ચઢાવી, પૂરી રીતે આદર આપે છે. શુક્રવારે શુભ દિવસ જાણી મસ્જીદમાં તથા ઇદના દિવસે મોટી મસ્જીદમાં જઈને નિમાજ પઢે છે. તે મસ્જીદો પણ સ્થાપના જ છે. **કુરાને શરીફને ખુદાનાં** વચનો સમજી માથે ચઢાવે છે, તે પણ સ્થાપના જ છે. ઓલીયા, ફકીર, મીરાં સાહેબ, ખ્વાજા સાહેબ વિગેરેની દરગાઓની યાત્રાઓ કરે છે અને ત્યાં રહેલી કબરો પર ફુલહાર-મેવા-મીઠાઈ વિગેરે ચઢાવી વંદન-પૂજન આદિ કરે છે, તો તે પણ સ્થાપના-સન્માન નથી, તો બીજું શું છે? મસ્જીદો તથા **મક્કા મદિના** વિગેરેના ફકીરોની છબીઓ પડાવીને પોતાની પાસે રાખે છે, તે પણ સ્થાપના જ છે.

એ રીતે ઘણા પ્રકારે મુસલમાનો પણ **પોતે માનેલ પૂજ્ય વસ્તુઓની** મૂર્તિ(આકાર)ને એક સરખું માન આપે છે.

પારસી લોકો અગ્નિને માને છે અને એ પણ એક પ્રકારની સ્વ-ઇષ્ટ દેવની સ્થાપના જ છે.

નાનકપંથીઓ ગુરુ નાનક પછી તેની પાટ ઉપર જેટલા ગાદીપતિઓ થયા, તે બધાઓએ બનાવેલાં પુસ્તકોને પરમેશ્વર તુલ્ય માની ભક્તિ કરે છે. ગ્રન્થની પધરામણી વખતે મોટી મોટી સવારીઓ કાઢે છે, સુશોભિત મકાનોમાં ઉંચે આસને પધરાવી તેની સન્મુખ નાટારંગ ઇત્યાદિ કરે છે અને તેના અહોનિશ ગુણગ્રામ ગાય છે. પુસ્તકો, એ પણ અક્ષરોની સ્થાપના જ છે.

કબીરપંથીઓ કબીરની ગાદિને પૂજે છે. કોઈ તેની પાદુકાઓને પૂજે છે અને બધા જ તેનાં બનાવેલાં પુસ્તકોને મસ્તકે ચઢાવે છે.

દાદુપંથીઓ દાદુજીની સ્થાપના તથા તેમની વાણી રૂપ ગ્રન્થને પૂજે છે. દેરીઓ બંધાવી તેમાં ગુરુનાં ચરણો પધરાવે છે અને પૂજે છે.

વેદમાં પણ મૂર્તિપૂજાના સંખ્યાબંધ પાઠો છે, છતાં આર્યસમાજીઓ મૂર્તિનું ખંડન કરે છે, તે તદ્દન જૂઠું છે. તેઓના સ્વામી **દયાનંદ** શરીરધારી મૂર્તિમય હતા, **વેદ** શાસ્ત્રના અક્ષરો રૂપ સ્થાપનાને માનતા હતા તથા પોતે બનાવેલાં **સત્યાર્થ પ્રકાશ** આદિ પુસ્તકોમાં પોતાની વાણીની આકૃતિઓ દ્વારા જ બોધ કરતા અને કરાવતા હતા. એ આકૃતિઓનો આશ્રય લીધો ન હોત, તો પોતાનો મત જ શી રીતે સ્થાપી શકત? જે મૂર્તિ યા આકૃતિનો આશ્રય લઈ પોતાનું કાર્ય સાધ્યું, તે મૂર્તિનો જ અનાદર કરવો, એ બુદ્ધિમાનનું કામ તો ન જ ગણાય. **દયાનંદ** મૂર્તિને ન માનતા

હોત, તો પોતાના **સત્યાર્થ પ્રકાશ** ગ્રન્થમાં અગ્નિ-હોત્ર સમજાવવા માટે થાલી, ચમચા વિગેરેનાં ચિત્રો કાઢી, પોતાના ભક્ત વર્ગને સમજાવવા શું કરવા પ્રયાસ કરત? જે વાત એક સાધારણ ચિત્રકાર પણ સમજી શકે, તે સમજવાને તેમના વિદ્વાન કહેવાતા શિષ્યો પણ શું અસમર્થ હતા? તો પછી મહાન્ ઇશ્વર અને તેનું સ્વરૂપ, ઇશ્વરની મૂર્તિ વગર તેઓ શી રીતે સમજી શકવાના હતા? વળી સ્વામિજીની તસબીર તેમના ભક્તો તરફથી ઠેકાણે ઠેકાણે રાખવામાં આવે છે. જો તેવા સંસારસ્થિત પુરુષની પણ તસબીર રૂપે રહેલી મૂર્તિના દર્શનથી સ્વાર્થ સાધી શકાય–એમ માનો છો, તો સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને ગુરુના પણ ગુરુ એવા પરમેશ્વરની મૂર્તિના દર્શન વિગેરેથી સ્વ–ઇષ્ટ ન સાધી શકાય, એમ કેમ માની શકાય?

વળી **આર્યસમાજીઓ** પણ અગ્નિને પૂજે છે. તેમાં ઘી વિગેરે નાખી હોમ કરે છે, તો તે અગ્નિ શું જડ નથી? વળી સૂર્યની સામે ઉભા રહી 'ઇશ્વર પ્રાર્થના' કરે છે, તો તે સૂર્ય વિગેરે જડ નથી? છે, તો પછી પરમેશ્વરની મૂર્તિથી દૂર કેમ ભાગે છે? 'મૂર્તિ કૃત્રિમ છે અને સૂર્ય, અગ્નિ વિગેરે કૃત્રિમ નથી–' એમ કહેતા હોય, તો તેઓના ગુરૂઓનો વેશ કૃત્રિમ છે કે અકૃત્રિમ? શાસ્ત્ર કૃત્રિમ છે કે અકૃત્રિમ? તેને આદર કેમ આપે છે? માટે જે વસ્તુ પૂજનિક હોય, તે કૃત્રિમ હોય કે અકૃત્રિમ, પણ તેને પૂજવી જ જોઈએ, એમ સર્વનું અંતર પોકારી ઉઠે છે.

એ રીતે દરેક પંથના અનુયાયિઓ પોતપોતાને પૂજનીય વસ્તુના આકારને કોઈ ને કોઈ રીતે પૂજે જ છે, તેથી મૂર્તિપૂજા આબાલ-પંડિત સર્વ કોઇને માન્ય છે. છતાં-'અમે નથી માનતા'-એમ જેઓ કહે છે, તેઓ ખરેખર **'माता मे वन्ध्या'** ની જેમ અસત્ પ્રલાપ કરનારા છે.

૪૧ પ્રશ્ન૦ ગુરુ સાક્ષાત્ ઉપદેશ આપે છે, તેમ મૂર્તિ કદી ઉપદેશ આપતી નથી કે આપવાની નથી, તો પછી સાક્ષાત્ ગુરુને છોડી જડ મૂર્તિની ઉપાસના કરવાથી શું લાભ?

ઉત્તર૦ સૌથી પહેલાં એ સમજવું જોઇએ કે-ગુરુઓ પણ ઉપદેશ કોને આપી શકે છે? જેઓ શૂન્ય હૃદયવાળા છે, તેને ગુરુઓ પણ ઉપદેશ શી રીતે આપવાના? ગુરુનો ઉપદેશ સમજવા માટે જેમ પહેલાં શાસ્ત્રાભ્યાસ કરવો પડે છે તથા સમજવાની શક્તિ પ્રાપ્ત કરવી પડે છે અને પછી જ સમજાય છે, તેમ મૂર્તિપૂજા માટે પણ જેની મૂર્તિ પૂજવી છે તેના ગુણોનું સ્વરૂપ સમજી, પછી તેની પૂજા કરવામાં આવે તો લાભ કેમ ન થાય? અવશ્ય થાય.

વળી-'ગુરુઓ ઉપદેશ આપે છે અને મૂર્તિ ઉપદેશ આપતી નથી'-એ કારણે જ જો ગુરુઓ પૂજનીય હોય અને મૂર્તિ પૂજનીય ન હોય, તો મર્હુમ ગુરુઓ બધા અપૂજનીય જ બનવાના: કારણ કે-તેઓ શું ઉપદેશ આપે છે? નહિ, તો પછી તેમને પણ હાથ જોડવા કે નમસ્કારાદિ કરવા છોડી દેવા પડશે!

આગળ વધીને કહીએ તો, ગુરુઓ શા માટે ઉપદેશ આપે છે? ઉપદેશ આપવા દ્વારા સ્વપર–હિત સાધી મોક્ષ મેળવવા! જો ઉપદેશ આપવામાં ગુરુઓનું એ જ ધ્યેય હોય, તો મોક્ષ થયા પછી અશરીરી અવસ્થામાં તેઓ કેવી રીતે ઉપદેશ આપી શકવાના? તેથી તમારા મતે મોક્ષમાં ગયા બાદ ફેર તેઓ અપૂજનીક ઠરશે અને પૂજનીક તેટલા જ રહેશે કે જેટલા મોક્ષના ઇરાદે એટલે અશરીરી બનવાના ઇરાદે ઉપદેશ ન આપે અને કેવળ આ ચતુર્ગતિ રૂપ સંસારમાં સદા કાળ ભટકવાનું કાયમ રહે એ ઇરાદે ઉપદેશ આપે: કારણ કે–તે વિના તેમનાથી સદા કાળ બોધ ન આપી શકાય અને જેઓ બોધ ન આપે તેઓ તમારા મતે પૂજનીક ન ગણાય. વળી બોધ આપવા માટે આહાર લેવો પડે, નિહારાદિ કરવા પડે, તે પણ તમારા મતે પૂજનીય, પણ મોક્ષમાં ગયા પછી અનાહારી બનનારા પૂજનીય નહિ!

'ઉપદેશ કરે તે જ ઉત્તમ'–એમ માનવા જતાં, આખરે–'આહાર કરે તે ઉત્તમ અને આહાર ન કરે તે ઉત્તમ નહિ.'–એમ માનવાનો પ્રસંગ પણ આવી લાગશે: માટે સદુપદેશાદિ કરે તે તો ઉત્તમ છે જ, પરન્તુ જેઓ કૃતકૃત્ય બની તે કાર્યથી નિવર્ત્યા છે, તેઓ તો તેનાથી પણ ઉત્તમ છે–એમ માનવું જ જોઇએ. 'મૂર્તિ ઉપદેશ નથી આપતી માટે પૂજનિક નહિ અને ગુરુ ઉપદેશ આપે છે માટે પૂજનીક'–એવી અજ્ઞાન વાત કરનારા તત્ત્વને સમજતા નથી. ઉપદેશાદિ આપીને કૃતકૃત્ય બનેલા સિદ્ધભગવંતોની મૂર્તિ તો, ઉપદેશ આપનારા

ગુરુઓથી પણ વિશેષ પૂજનીય છે : કારણ કે–ગુરુઓ તેમનું અવલંબન લેવાથી જ ગુરુ બની શક્યા છે. તે સિદ્ધભગવંતોની પૂજા કરવાની જેઓ ના પાડે છે, તેઓના જેવા કૃતઘ્ની આ જગતમાં બીજા એક પણ નથી.

૪૨ પ્રશ્ન૦ કેટલાક કહે છે કે–માત્ર મૂલ સૂત્રને માનવાં જોઇએ, ટીકા વિગેરે પછીથી થયેલ છે, માટે તેને નહિ માનવાં જોઇએ; તો તેમાં તથ્ય શું છે?

ઉત્તર૦ મૂલ સૂત્રોમાં કહ્યું છે કે–" **गणहरा गुंथइ, अरिहा भासइ।**" શ્રી ગણધર ભગવંતો સૂત્રને ગૂંથે છે અને શ્રી અરિહંત ભગવંતો અર્થને કહે છે. કેવલ મૂલ સૂત્રને માનવાનું કહેનાર, છદ્મસ્થ એવા ગણધર ભગવંતોનું વચન માનવાનું કહે છે અને કેવલજ્ઞાનિઓએ કહેલા અર્થ જેમાં ભરેલા છે એવાં ટીકા, ચૂર્ણિ, ભાષ્ય અને નિર્યુક્તિ વિગેરે શાસ્ત્રોને માનવાની ના પાડે છે! છદ્મસ્થ ગણધરોનું કહેલું માનવું અને કેવળજ્ઞાની ભગવાનનું કહેલું ન માનવું, એ શું વ્યાજબી છે? એ કારણે શાસ્ત્રોમાં ઠેર ઠેર નિર્યુક્તિ આદિને માનવા માટે ઉપદેશ આપ્યો છે. કહ્યું છે કે–

" **सुत्तत्थो खलु पढमो, बीओ निजुत्तिमिसीओ भणिओ।**
तइयोय निरवसेसो, एस विही होइ अणुओगो ॥ ३ ॥"

અનુયોગ એટલે વ્યાખ્યાનના ત્રણ પ્રકાર છે : સૌથી પહેલાં કેવળ સૂત્ર અને તેનો અર્થ, બીજો અનુયોગ નિર્યુક્તિથી મિશ્ર અને ત્રીજો ભાષ્ય–ચૂર્ણિ આદિ સમસ્ત. એ રીતે 'અનુયોગ' એટલે 'અર્થ કહેવાનો વિધિ' ત્રણ પ્રકારનો છે.

સૂત્ર તો માત્ર સૂચના રૂપ હોય છે. તેનો વિસ્તૃત ખૂલાસો તો પંચાંગીથી જ મળી આવે છે. જેઓ પંચાંગીને માનવાની ના પાડે છે, તેઓ પણ ગુપ્તપણે ટીકાઓ વિગેરે દેખે છે ત્યારે જ તેમને અર્થનો પત્તો લાગે છે. વળી શાસ્ત્રો કહે છે કે–' દશ પૂર્વધરનાં વચનો સૂત્ર તુલ્ય હોય છે.' નિર્યુક્તિઓ રચનાર શ્રી **ભદ્રબાહુસ્વામિજી** ચૌદ પૂર્વધર છે. ભાષ્યકાર શ્રી **ઉમાસ્વાતિજી** વાચક પાંચસો પ્રકરણોના રચનારા દશ પૂર્વધર છે. શ્રી **જિનભદ્ર ગણિ** ક્ષમાશ્રમણ પણ પૂર્વધર છે. તેથી તેઓનાં વચનો સર્વ પ્રકારે માનવા લાયક છે. ચૂર્ણિકારો પણ પૂર્વધર છે. ટીકાકાર **શ્રી હરિભદ્રસૂરિ** મહારાજ તથા **શ્રી અભયદેવસૂરિ** મહારાજ આદિ પણ ભવભીરૂ, બુદ્ધિનિધાન અને દેવસાન્નિધ્યવાળા છે, તેથી તેમનાં વચનોને અપ્રમાણ માનવાં એ ભયંકર ગુન્હો છે. પ્રત્યેક ભવભીરૂ આત્માની ફરજ છે કે–એ પ્રમાણિક મહાપુરુષોના એક પણ વચન પ્રત્યે અજ્ઞાનતાથી પણ દુર્ભાવ ન આવી જાય, તેની સંપૂર્ણ કાળજી રાખવી.

૪૩ **પ્રશ્ન૦** આગમો પીસ્તાલીસ કહેવાય છે, છતાં કેટલાક બત્રીસ જ માને છે, તો તે વ્યાજબી છે?

ઉત્તર૦ નહિ જ. બત્રીસ આગમો માનનારા પણ **શ્રી નંદીસૂત્રને** માને છે. તેમાં તમામ સૂત્રોની નોંધ આપી છે. તેમાં ગણાવેલાં અનેક સૂત્રોમાંથી માત્ર બત્રીસ જ માનવાં અને બીજાંને નહિ માનવાં, એના જેવું અનુચિત કાર્ય બીજું કર્યું હોઈ શકે? ' બત્રીસ સિવાયનાં બીજાં નવાં લખાએલાં છે'–એમ કહે, તો એ બત્રીસ

પણુ નવાં નથી લખાયેલાં, એમાં શું પ્રમાણુ છે? જો પરંપરા પ્રમાણુ છે, તો એ જ પ્રામાણિક પરંપરાના આધારે બીજાં સૂત્રોને પણુ માનવાં જ જોઇએ. વલી બત્રીસ સૂત્રો માનનારને એ બત્રીસમાં નહિ કહેલી એવી પણુ બીજી ઘણી વાતો માનવી પડે છે. વીસ વિહરમાનના અધિકાર, ધન્ના–શાલિભદ્રચરિત્ર, નેમ–રાજુલના ભવ, રામાયણુ વિગેરે ઘણી વસ્તુઓ બત્રીસ આગમોમાં નથી, છતાં તેઓને માનવી પડે છે: તો પછી પોતાને ફાવતી વાતોને માનવી અને નહિ ફાવતીને છોડી દેવી–એના જેવું અયોગ્ય બીજું શું ગણુાય? 'બત્રીસ સિવાયનાં બીજાં સૂત્રો માંહામાંહે મળતાં નથી, માટે માનતા નથી'–એમ કહેતા હોય, તો બત્રીસમાં પણુ ઘણે સ્થળે વિરોધ દેખાય છે, તેનું કેમ? એ વિરોધ નિર્યુક્તિ, ભાષ્ય અને ટીકાદિકને માન્યા સિવાય ટળી શકતો જ નથી. કેટલાંક વચનો ઉત્સર્ગનાં હોય છે અને કેટલાંક અપવાદનાં હોય છે. કેટલાંક વિધિવાક્યો હોય છે અને કેટલાંક અપેક્ષાવાક્યો હોય છે. વળી કેટલાક પાઠાંતરો હોય છે, કેટલાંક ભય-સૂત્રો હોય છે અને કેટલાંક વર્ણુનસૂત્રો હોય છે. એમ અનેક ભેદવાળાં સૂત્રો હોય છે. તેના ગંભીર આશયને સમુદ્ર સમાન બુદ્ધિના ધણી ટીકાકારો વિગેરે જ સમજી શકે–બીજાઓને એ વિષયનો સ્પર્શ પણુ ન હોય. આમ છતાં, તુચ્છ બુદ્ધિને ધરનારા આત્માઓ સ્વમતિ-કલ્પનાએ ગમે તેમ કહે છે, પણુ તેવાઓ જે કાંઈ કહે, તેને અસત્ય અને અપ્રમાણિક જ સમજવું જોઈએ.

૪૪ પ્રશ્ન૦ શ્રી જિનપ્રતિમા સંબંધી ઉલ્લેખો ક્યા ક્યા સૂત્રમાં છે ?

ઉત્તર૦ સૂત્રોમાં સેંકડો ઉલ્લેખો શ્રી જિનપ્રતિમા અને તેની પૂજાના મળી આવે છે.

(૧)

શ્રી **મહાકલ્પ** સૂત્રમાં કહ્યું છે કે–

"से भयवं तहारुवं समणं वा माहणं वा चेइयघरे गच्छिज्जा? हंता गोयमा! दिणे दिणे गच्छिज्जा। से भयवं! जइ दिणे दिणे न गच्छिज्जा तओ पायच्छित्तं हविज्जा? हंता गोयमा! पायच्छित्तं हविज्जा। से भयवं किं पायच्छित्तं हविज्जा? गोयमा! पमाय तहारुवं समणं वा माहणं वा जई जिणहरे न गच्छिज्जा, तओ पायच्छित्तं छट्ठं उवदंसजज्झा अहवा दुवालसम पायच्छित्तं उवदंसेज्झा। से भयवं! केणटेणं गच्छिज्जा? गोयमा! नाणदंसण-चरणरक्खणट्ठाणं गच्छिज्जा। जे केइ भयवं! समणो वा सया पोसहसालाए पोसह बंभधारी जो जिणघरे न गच्छिज्जा, तओ पायच्छित्तं हविज्जा? हंता गोयमा! हविज्जा। गोयमा! जहा साहू तहा भाणियव्वा छट्ठं अहवा दुवालसम पायच्छित्तं हविज्जा।"

ભાવાર્થ—શ્રી **ગૌતમસ્વામી** પૂછે છે–"હે ભગવન્! તથારૂપ શ્રમણ અથવા માહણ તપસ્વી ચૈત્યઘર અર્થાત્ જિનમંદિરે જાય ?" ભગવાન્ કહે છે–"હા **ગૌતમ**! હંમેશાં નિત્યપ્રતિ જાય." **ગૌ૦** "હે ભગવન્! જો નિત્યપ્રતિ નહિ જાય, તો પ્રાયશ્ચિત્ત આવે ?" **ભ૦** "હા **ગૌતમ**! પ્રાયશ્ચિત્ત આવે." **ગૌ૦** "હે ભગવન્!

શું પ્રાયશ્ચિત્ત આવે?" ભ૦ "હે ગૌતમ! પ્રમાદને વશે કરી તથારૂપ શ્રમણ અથવા માહણ જો જિનમંદિરે ન જાય, તો છઠ્ઠ (બે ઉપવાસ)નું પ્રાયશ્ચિત્ત આવે અથવા પાંચ ઉપવાસનું પ્રાયશ્ચિત્ત હોય." ગૌ૦ "હે ભગવન્! શા વાસ્તે જિનમંદિર જાય?" ભ૦ "હે ગૌતમ! જ્ઞાન, દર્શન અને ચારિત્રની રક્ષા વાસ્તે જાય." ગૌ૦ "હે ભગવન્! જે કોઈ શ્રમણોપાસક શ્રાવક પૌષધશાલામાં પૌષધમાં રહ્યો થકો પૌષધ બ્રહ્મચારી જો જિનમંદિરે ન જાય, તો પ્રાયશ્ચિત્ત આવે?" ભ૦ "હા, ગૌતમ! પ્રાયશ્ચિત્ત આવે. હે ગૌતમ! જેમ સાધુને પ્રાયશ્ચિત્ત, તેમ શ્રાવકને પ્રાયશ્ચિત્ત જાણવું. તે પ્રાયશ્ચિત્ત છઠ્ઠ અથવા પાંચ ઉપવાસનું હોય."

(૨)

"તુંગીયા, સાવત્થી આદિ નગરીઓના શ્રાવકો શંખજી, આનંદ, કામદેવાદિ અનેક શ્રાવકોએ ત્રિકાલ શ્રી જિનમૂર્તિની દ્રવ્યપૂજા કરી છે તથા જિનપૂજા કરનાર સમ્યગ્દૃષ્ટિ છે, નહિ કરનાર મિથ્યાદૃષ્ટિ છે તથા પૂજા મોક્ષને અર્થે છે."—એવું જણાવનારો પાઠ શ્રી મહાકલ્પ સૂત્રમાં નીચે પ્રમાણે છે:—

"तेणं कालेणं तेणं समएणं जाव तुंगीयाए नयरीए बहवे समणोवासगा परिवसंति। संखे, सयगे, सिलप्पवाले, रिसिदत्ते, दमगे, पोक्खली, निविट्ठे, भाणुदत्ते, सुपइट्ठे, सोमिले, निरवमे, आनंदकामदेवाईणो जे अन्नत्थ गामे परिवसंति अड्ढा दित्ता विच्छिन्ना विपुलबलवाहणा जाव लद्धट्ठा, गहिअट्ठा, चाउद्दसठ मी पुण्णमासणीसु पडि-

पुन्नं पोसह पालेमाणा निग्गंथाण वा निग्गंथीण वा फासुएणं एसणिज्जेणं असणं पाणं खाइमं साइमं जाव पडिलामेमाणा विहरंति जाव चेइयालेसु जिणपडिमाणं तिसंझं गंधपुप्फ-वत्थाएहिं अच्चणं कुणमाणा जाव विहरंति से केणट्ठेणं भंते जिनपडिमा पूएई? गोयमा! जिणपडिमाणं पूएइ से सम्मद्दिट्ठि, अण्णे पुण मिच्छदिट्ठि, मिच्छदिट्ठियस्स नो नाणं नो चरणं नो मोक्खोत्ति। सम्मदिट्ठिस्स नाणं चरणं मोक्खोत्ति। से तेणट्ठेणं गोयमा चेइयालेसु जिणपडिमाणं गंधपुप्फवत्थाएहिं पूआ कायव्वा ॥"

ભાવાર્થ-તે કાળે અને તે સમયે **તુંગીયાનગરીમાં** ઘણા શ્રાવકો વસે છે. ૧ **શંખ**, ૨ **સતક**, ૩ **સિલપ્પવાલ**, ૪ **ઋષિદત્ત**, ૫ **દ્રમક**, ૬ **પુષ્કલી**, ૭ **નિવિષ્ટ**, ૮ **ભાનુદત્ત**, ૯ **સુપ્રતિષ્ઠ**, ૧૦ **સોમિલ**, ૧૧ **નિરુપમ**, ૧૨ **આણંદ** અને ૧૩ **કામદેવ** પ્રમુખ જેઓ બીજા ગામમાં રહે છે: ધનવાન, તેજવાન, વિસ્તીર્ણ બલવાન્ છે: ઘણા પ્રાપ્ત કર્યા છે અર્થ, ગ્રહણ કીધા છે અર્થ, ચૌદશ-આઠમ-અમાવાસ-પૂનમ-જિનકલ્યાણકની તિથિઓમાં પ્રતિપૂર્ણ પોસહ પાલતા થકા સાધુ-સાધ્વીને પ્રાસુક, એષણીય, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, યાવત્ પ્રતિલાભતાં થકાં વિચરે: જિન-મંદિરોને વિષે, જિનપ્રતિમાને ત્રિકાલ ચંદન, પુષ્પ, વસ્ત્રાદિકે કરીને પૂજા કરતાં થકાં યાવત્ વિચરે. તે શા અર્થે, હે પૂજ્ય! પ્રતિમા પૂજે? હે **ગૌતમ**! જિન-પ્રતિમાને પૂજે તે સમ્યગ્દૃષ્ટિ, ન પૂજે તે મિથ્યાદૃષ્ટિ. મિથ્યાદૃષ્ટિને જ્ઞાન નહિ, ચારિત્ર નહિ, મોક્ષ નહિ. સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન, ચારિત્ર તથા મોક્ષ છે. તે એટલા

વાસ્તે, હે ગૌતમ! જિનમંદિરમાં જિનપ્રતિમાની ચંદન, પુષ્પ, વસ્ત્રાદિએ કરી પૂજા કરવી.

(શ્રી નંદીસૂત્રમાં આ મહાકલ્પ સૂત્રની નોંધ આપેલી હોવાથી માનવા લાયક છે, છતાં ન માને તેને શ્રી **નંદીસૂત્ર**ની આજ્ઞાભંગનો વજ્રપ્રહાર પડે.)

(૩)

શ્રી ભગવતી સૂત્રમાં **તુંગીયા** નગરીના શ્રાવકોના અધિકારે કહ્યું છે કે–

" **ण्हाया कय बलिकम्मा।** "

અર્થાત્–" સ્નાન કરી દેવપૂજા કરી."

(૪)

શ્રી ઉવવાઇ સૂત્રમાં **ચંપા**નગરીના વર્ણનમાં કહ્યું છે કે—

" **बहुलाइं अरिहंतचेइआइं** "

અર્થાત્–' ઘણાં અરિહંતનાં જિનમંદિર છે. '

તથા બાકીની નગરીઓના વર્ણનમાં જિનમંદિર સંબંધી **ચંપા**નગરીની ભલામણ કરી છે, તેથી સાબીત થાય છે કે—આગલના વખતમાં **ચંપા**નગરીની પેઠે બીજાં શહેરોમાં પણ ગલીએ ગલીએ દહેરાસરો હતાં.

(૫)

તથા શ્રી **આવશ્યકના** મૂળ પાઠમાં કહ્યું છે કે—

" **तत्तो पुरिमताल वग्गुर, ईसाण अच्चए पडिमं।**
मल्लिजिणायणपडिमा, उन्नाए वंसिबहुगोठी ॥१॥ "

ભાવાર્થ–વગ્ગુર નામનો શ્રાવક, **પુરિમતાલ** નગરનો રહેવાસી, તેણે શ્રી **મલ્લિનાથ**સ્વામિનું દહેરાસર બંધાવ્યું.

(૬)

શ્રી **ભગવતી** સૂત્રમાં જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓએ શ્રી જિનપ્રતિમા વાંદ્યાનો અધિકાર **વીશમા** શતકને **નવમે** ઉદ્દેશે કહ્યો છે.

" नंदीसरदीवे समोसरणं करेइ, करेइत्ता तहिं चेइयाइं वंदइ, वंदइत्ता इहमागच्छइ, इहमागच्छइत्ता, इह चेइआइं वंदइं ॥ "

ભાવાર્થ–(જંઘાચારણ વિદ્યાચારણ મુનિઓ) શ્રી **નંદીશ્વર** દ્વીપમાં સમવસરણ કરે, કરીને ત્યાંનાં શાશ્વતાં ચૈત્યો (જિનમંદિરો)ને વાંદે, વાંદીને અહીં **ભરતક્ષેત્રમાં** આવે અને આવીને અહીંનાં ચૈત્યો (અશાશ્વતી પ્રતિમાઓ)ને વાંદે.

(૭)

શ્રી **ભગવતી** સૂત્રમાં **ચમરેંદ્રને** અધિકારે ત્રણ શરણાં કહ્યાં છે. તે નીચે પ્રમાણે—

' अरिहंते वा अरिहंतचेइयाणि वा भावीअप्पणो अणगारस्स ।'

ભાવાર્થ–(૧) શ્રી અરિહંતદેવ, (૨) શ્રી અરિહંતદેવના ચૈત્ય (પ્રતિમા) અને (૩) ભાવિત આત્મા સાધુ –એ ત્રણ શરણાં જાણવાં.

(૮)

શ્રી આચારાંગના પ્રથમ ઉપાંગ શ્રી ઉવવાઇ સૂત્રમાં અંબડ શ્રાવકે તથા તેના સાતસો શિષ્યોએ અન્ય દેવ–ગુરુને વંદનનો નિષેધ કરી શ્રી જિનપ્રતિમા તથા શુદ્ધ ગુરૂને નમસ્કાર કરવાનો નિયમ કર્યો છે. તે સૂત્રપાઠ નીચે પ્રમાણે છેઃ–

“ अंबडस्स णं नो कप्पइ अण्ण उत्थियपवाअण उत्थिय देवयाणिवाअन्न उथ्थिय परिग्गहियाइं अरिहंत चेइयाइं वा वंदित्तए वा नमंसित्तए वा नन्नत्थ अरिहंते वा अरिहंतचेइयाणि वा । ”

ભાવાર્થ—અંબડ સંન્યાસીને ન કલ્પે. અન્ય તીર્થી પ્રત્યે અથવા અન્ય પ્રત્યે અથવા અન્ય તીર્થીના દેવ પ્રત્યે અથવા અન્ય તીર્થીએ ગ્રહણ કર્યા એવા અરિહંતના ચૈત્ય (પ્રતિમા) પ્રત્યે (શ્રી જિનપ્રતિમાને અન્ય દર્શનીએ પોતાના દેવ તરીકે માની હોય તે અત્રે સમજવી) વંદના, સ્તવના નમસ્કાર કરવા ન કલ્પે, પરંતુ અરિહંત અથવા અરિહંતની પ્રતિમાને નમસ્કાર કરવા કલ્પે.

(૯)

છઠ્ઠા અંગ શ્રી જ્ઞાતાસૂત્રમાં દ્રૌપદી શ્રાવિકાએ સત્તર ભેદે દ્રવ્ય તથા ભાવપૂજામાં **“नमोत्थुणं अरिहंताणं”** કહ્યાનો પાઠ આ રીતે છેઃ–

“ तपणं सो दोवइ रायवर कन्ना. जेणेव मज्जनघरे तेणेव उवागच्छइ मज्जणघरमणुप्पविसइ न्हाया कय-

बलिकम्मा, कय कोउयमंगल पायच्छित्ता, सुद्ध पावेसाइं वत्थाइं परिहियाइं मज्जणघराओ पडिणिक्खमइ, जेणेव जिणघरे तेणेव उवागच्छइ, उवागच्छइत्ता जिणघरं अणुप्पविसंति, पविसइत्ता जिणपडिमाणं आलोए पणामं करेति वंदति नमंसति लोमहत्थयं परामुसति एवं जहा सुरियामे जिण पडिमाओ अच्चेइ तहेव भाणियव्वं जावधुवं डहइ वामं जाणु अंचेइ अंचेइता दाहिणजाणुं धरणितलंसि निहट्टु तिक्खुत्तो मुद्धाणं धरणितलंसि निवेसेइ निवेसइत्ता इसिं पच्चुन्नमइ करियल जावकट्टु एवं वयासि-नमोत्थुणं अरिहंताणं भगवंताणं जावसंपत्ताणं वंदइ नमंसइ जिनघरओ पडिणिक्खमइ ।"

ભાવાર્થ-ત્યાર પછી તે **દ્રૌપદી** નામની રાજકન્યા, જ્યાં સ્નાન-મજ્જન કરવાનું ઘર છે ત્યાં આવે. આવીને મજ્જન ઘરમાં પ્રવેશ કરે. પ્રવેશ કરીને પ્રથમ નાહી પછી બલી કર્મ અર્થાત્ ઘરદહેરાસરની પૂજા કરીને કૌતુકમંગલ કર્યા છે મનની શુદ્ધિ માટે જેણીએ એવી. રાજવરકન્યા **દ્રૌપદી** શુદ્ધ, દોષરહિત, પૂજન યોગ્ય, મોટા જિનમંદિરમાં જવા યોગ્ય, પ્રધાન વસ્ત્ર પહેરી મજ્જન ઘરમાંથી નીકળે. નિકળીને જ્યાં જિનમંદિર છે ત્યાં આવે. આવીને જિનઘરમાં પ્રવેશ કરે. કરીને મોર પીંછી વડે પ્રમાર્જન કરે. બાકી સર્વ વિધિ જેમ **સૂર્યાભ** દેવે પ્રતિમા પૂજી તે પ્રમાણે સત્તર ભેદે પૂજા કરે. ધૂપ ઉખેવે. ધૂપ કરીને ડાબો ઢીંચણ ઉંચો રાખે, જમણો જમીનપર સ્થાપન કરે, ત્રણ વાર મસ્તક પૃથ્વી પર નમાવે, પછી થોડી નીચે નમીને હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તક પર અંજલી કરી એમ કહે-'નમ-

સ્કાર થાઓ અરિહંત ભગવાન પ્રત્યે,' યાવત્ સિદ્ધિ-ગતિને પામ્યા છે ત્યાં સુધી. અર્થાત્—સંપૂર્ણ શક્રસ્તવ બોલે. વંદન-નમસ્કાર કર્યા પછી દહેરાસરમાંથી બહાર નીકળે.

(મજ્જન-ઘરમાં દ્રૌપદીએ ઘર-દહેરાસરની પૂજા કરી છે. ત્યાર પછી ઉમદા વસ્ત્રો પહેરી બહાર દહેરાસર ગઈ છે. જેમ હાલમાં પણ ઘણા શ્રાવકો કરે છે.)

(૧૦)

શ્રી ઉપાસકદશાંગ સૂત્રમાં આનંદ શ્રાવકે જિન-પ્રતિમા વાંદ્યાનો પાઠ છે. તે નીચે પ્રમાણે–

" **णो खलु मे भंते कप्पइ अज्जप्पभिइणं अन्नउत्थिया वा अन्नउत्थिय देवयाणि वा अन्नउत्थिए परिग्गहियाइं अरिहंतचेइयाइं वा वंदित्तए वा नमंसित्तए ।** "

ભાવાર્થ–હે ભગવન્! મારે આજથી લઈને અન્યતીર્થી (ચરકાદિ), અન્યતીર્થીના દેવ (હરિહરાદિ) તથા અન્યતીર્થીએ ગ્રહણ કરેલાં અરિહંતનાં ચૈત્ય (જિન-પ્રતિમા), તેમને વંદના–નમસ્કાર કરવા ન કલ્પે.

અન્ય દેવ તથા ગુરુનો નિષેધ થતાં, જૈનધર્મના દેવ–ગુરુ સ્વયમેવ વંદનીય ઠરે છે, છતાં કોઈ કુતર્ક કરે તો તેને પૂછવાનું કે–' આણંદે અન્ય દેવને ચારે નિક્ષેપે વંદણા ત્યાગી કે માત્ર ભાવનિક્ષેપે?' જો કહેશો કે–'અન્યદેવના ચારે નિક્ષેપાનો નિષેધ કર્યો છે' ત્યારે તો સ્વતઃ સિદ્ધ થયું કે–અરિહંતદેવના ચારે નિક્ષેપા તેને વંદનીય છે. જો અન્ય દેવના ભાવનિક્ષેપાને જ નિષેધ ક્યાનું કહેશો, તો તે દેવના બાકીના ત્રણે નિક્ષેપા

અર્થાત્ અન્ય દેવની મૂર્તિ, નામ વિગેરે આણંદને વંદનીય રહેશે, જે કરવાથી વ્રતધારી શ્રાવકને દૂષણ લાગે જ. તથા અન્ય દેવ હરિહરાદિ કોઈ આણંદના વખતમાં સાક્ષાત્ વિદ્યમાન હતા નહિ. તેમની મૂર્તિઓ હતી. તો બતાવો કે-તેણે કોનો નિષેધ કર્યો? જો કહેશો કે-'અન્ય દેવની મૂર્તિનો' તો પછી અરિહંતની મૂર્તિ સ્વતઃ સિદ્ધ થઈ. જેમ કોઈએ રાત્રિભોજનનો ત્યાગ કર્યો, તેથી તેને દિવસે ખાવાની છૂટ આપોઆપ રહે છે.

આ પાઠમાં "ચૈત્ય" શબ્દનો અર્થ "સાધુ" કરી, કેટલાક લોકો ઉત્સૂત્ર-ભાષણ કરે છે. તેમને પૂછવાનું કે-'સાધુને અન્યતીર્થી ગ્રહણ શી રીતે કરે? જો જૈન સાધુને અન્ય દર્શનીએ ગ્રહણ કર્યો અર્થાત્ ગુરુ કરી માન્યો અને વેષ પણ બદલી નાખ્યો, તો પછી તે સાધુ અન્યદર્શની થઈ ગયો. પછી તે જૈન સાધુ કોઈ પ્રકારે ન ગણાય. જેમ શુકદેવ સંન્યાસીએ થાવચ્ચાપુત્ર પાસે દીક્ષા લીધી, તેથી તે જૈન સાધુ કહેવાયા, પણ જૈનપરિગ્રહિત સંન્યાસી ન કહેવાયા: તેમ સાધુ પણ અન્યતીર્થી-પરિગ્રહિત ન કહેવાય. માટે ચૈત્ય શબ્દનો અર્થ સાધુ કરવો, એ સર્વથા વિરૂદ્ધ છે.

તર્ક-ચૈત્ય શબ્દનો અર્થ પ્રતિમા કરે, તો તે પાઠમાં આણંદે કહ્યું છે કે-"અન્ય તીર્થીને, અન્ય દેવને તથા અન્ય તીર્થીએ ગ્રહણ કરેલ જિનપ્રતિમાને વાંદું નહિ, બોલાવું નહિ, દાન દઉં નહિ. ઇત્યાદિ પ્રતિમા સાથે બોલવાનું, દાન દેવાનું કેમ સંભવે?

સમાધાન-સૂત્રનો ગંભીર અર્થ ગુરુગમ વગર સમ-

જમાં આવવો મુશ્કેલ છે. સૂત્રની શૈલી એવી છે કે-જે શબ્દનો જેની જેની સાથે સંભવે તેની તેની સાથે જોડીને તેનો અર્થ કરવો, નહિ તો અનર્થ થઈ જાય. તેથી બોલવાનો તથા દાન દેવાનો નિષેધ અન્યદર્શની ગુરુ આશ્રી જાણવો અને વાંદવાનો નિષેધ પ્રતિમા આશ્રયી સમજવો. અગર ત્રણે પાઠની અપેક્ષા સાથે લેશો, તો તમારા કરેલા અર્થ પ્રમાણે આણંદનું કહેવું મળશે નહિ: કારણ કે-અન્ય દેવ હરિહરાદિ કોઇ સાક્ષાત્ વિદ્યમાન તે વખતે નહોતા. તેમની મૂર્તિઓ હતી. તેમની સાથે બોલવાનો તથા દાન દેવાનો અર્થ તમારા હિસાબે શી રીતે બેસશે?

(૧૧)

સિદ્ધાર્થ રાજાએ દ્રવ્ય પૂજા કર્યાનું કથન શ્રી કલ્પ-સૂત્રમાં છે, તે આ પ્રમાણે-

" तपणं से सिद्धत्थे राया सइपय साहस्सिपय सय-साहस्सिपय लंभे पडिच्छमाणेय पवं विहरइ। "

ભાવાર્થ-હવે તે સિદ્ધાર્થ રાજા જેમાં સો સોનૈયા લાગે, હજાર સોનૈયા લાગે, લાખ સોનૈયા લાગે એવા લંભયજ્ઞ કરતા અને કરાવતા થકા વિચરે.

શંકા-સિદ્ધાર્થ રાજાએ યજ્ઞ કર્યો. પૂજા ક્યાં કરી હતી?

સમાધાન-સિદ્ધાર્થ રાજા શ્રી **પાર્શ્વનાથ** સ્વામિના બાર વ્રતધારી શ્રાવક હતા, એમ શ્રી **આચારાંગ** સૂત્રમાં કહ્યું છે. તો વિચાર કરો કે-બોડા, બકરા, આદિ પશુવધનો યજ્ઞ તેઓ કદી કરે-કરાવે? લંભ એટલે યજ્ઞ.

વ્યાકરણના આધારે **यज्** શબ્દ **देवं पूजयामीति वचनात्**, દેવપૂજાવાચી છે. શ્રાવક તો જિનયજ્ઞ–પૂજા કરે. પરમ સમ્યકત્વધારી શ્રાવક **સિદ્ધાર્થ** રાજા, શ્રી જિન-મંદિરમાં દ્રવ્ય પૂજા કરાવતાં થકાં બારમે દેવલોકે (કોઇ મતે ચોથે દેવલોકે) ગયાનું સૂત્રમાં કહ્યું છે, તો હિંસક યજ્ઞ કરનાર હોત તો નિશ્ચે કરીને નરકમાં જવા જોઇએ, પરંતુ **સિદ્ધાર્થ** રાજા તો મોક્ષગામી જીવ હોવાનું શ્રી **વીરપરમાત્માએ** ફરમાવ્યું છે. ચોવીસ તીર્થંકરનાં માતા–પિતા, નિશ્ચે મોક્ષગામી જીવો જ હોય છે.

(૧૨)

શ્રી **વ્યવહારસૂત્રમાં** કહ્યું છે કે–સાધુ શ્રી જિન-પ્રતિમાની સન્મુખ આલોયણ લે.

(૧૩)

શ્રી **મહાનિશીથ** સૂત્રમાં ચોથે અધ્યયને શ્રી જિનમંદિર કરાવનારને બારમો દેવલોક, અર્થાત્–દાન, શીલ, તપ ને ભાવના આરાધનથી જે ફળ મળે, તે ફળ પ્રાપ્ત થાય–એમ ફરમાવ્યું છે.

“काउंपि जिणाययणेहिं, मंडिय सव्व मेयणी वट्टं ।
दाणाइ चउक्केण सड्ढो, गच्छेज्ज अच्चुयं जाव न परं॥१॥”

ભાવાર્થ–શ્રી જિનમંદિરોથી પૃથ્વીતળને મંડિત કરીને અને દાનાદિ ચારે (દાન, શીલ, તપ અને ભાવ) કરીને શ્રાવક અચ્યુત–બારમા દેવલોક સુધી જાય. તે ઉપર નહિ.

(૧૪)

વળી તેજ સૂત્રમાં અષ્ટ પ્રકારી પૂજા વિગેરેનું વિસ્તારથી વર્ણન છે. તેના ખપી પુરૂષોએ ત્યાંથી જોઇ લેવું.

(૧૫)

શ્રી **આવશ્યક** સૂત્રમાં **ભરત** ચક્રવર્તિએ શ્રી જિનપ્રાસાદ કરાવ્યાનો અધિકાર છે.

"**थुभसयमाउग्गाणं, चउव्विसं चेवजिणघरे कासि ।**
सव्वे जिणाण पडिमा, वणेण पमाणेहिं नियएहिं ॥१॥"

અર્થ–એકસો ભાઇના સો સ્થંભ તથા ચોવીસ તીર્થંકર મહારાજનાં જિનમંદિર, તેમાં તમામ તીર્થંકરોની પ્રતિમા, તેમના વર્ણ તથા શરીરના પ્રમાણવાળી **ભરત**-રાજાએ શ્રી **અષ્ટાપદ** પર્વત ઉપર સ્થાપન કરી.

(૧૬)

શ્રી **આવશ્યક** સૂત્રમાં કહ્યું છે કે—

"**अंतेउरे चेइयहरंकारियं, पभावति ण्हाताति ।**
संज्झं अच्चेइ अन्नया,देवी णच्चइ राया वीणं वायेइ ॥१॥"

ભાવાર્થ–પ્રભાવતી રાણીએ અંતઃપુરમાં ચૈત્યઘર (જિનભુવન) બનાવ્યું. તે દહેરાસરમાં, રાણી સ્નાન કરીને પ્રાતઃકાલ, મધ્યાન્હકાલ અને સાયંકાલ એમ ત્રિકાલ પૂજન કરે છે. કોઇ એક સમયે રાણી નૃત્ય કરે છે ને રાજા પોતે વીણા વગાડે છે.

(૧૭)

શ્રી "**શાલીભદ્ર ચરિત્ર**" કે જેને પ્રાયઃ તમામ જૈનો માને છે, તેમાં કહ્યું છે કે—

“ **શાલીભદ્રના** ઘરમાં તેમના પિતાએ જિનમંદિર તથા રત્નોની પ્રતિમા કરાવી હતી. તે મંદિર અનેક દ્વારો સહિત દેવવિમાન જેવું બનાવવામાં આવ્યું હતું.”

(૧૮–૧૯–૨૦)

શ્રી **ભગવતી**, શ્રી **રાયપસેણી** અને શ્રી **જ્ઞાતા**-સૂત્રાદિ અનેક સૂત્રોમાં શ્રાવકોના વર્ણનમાં “ **न्हाया कय-बलिकम्मा ।** ” અર્થાત્–“ સ્નાન કરી દેવપૂજા કરે. ” એવા ઉલ્લેખો છે. શ્રી **ભગવતીજીમાં તુંગીયા** નગરીના શ્રાવકને અધિકારે કહ્યું છે કે–“ **શ્રાવક યક્ષ, નાગ,** વિગેરે અન્ય દેવને પૂજે નહિ ” તથા શ્રી **સૂયગડાંગ** સૂત્રમાં પણ કહ્યું છે કે–‘ **नागभूतयक्षादि ।** ’ તેર જાતના અન્ય દેવની પ્રતિમાને પૂજવાથી મિથ્યાત્વીપણું પ્રાપ્ત થાય અને બોધિબીજનો નાશ થાય. એથી સિદ્ધ થયું કે–‘ શ્રી અરિહંતદેવની પ્રતિમા પૂજ્યાથી સમકિતની પ્રાપ્તિ થાય અને બોધિબીજની રક્ષા થાય ’ એ કારણે “ **कयबलीकम्मा ।** ” પાઠથી શ્રાવકોએ શ્રી જિનપ્રતિમાની પૂજા કરી, એમ અર્થ થયો.

કેટલાક “ **न्हाया कयबलीकम्मा** ”નો “ સ્નાન કરીને પછી પાણીના કોગળા કર્યા ” એવો તદ્દન શાસ્ત્રથી વિપરીત અર્થ કરે છે, તે અસત્ય છે. સ્નાન કરતી વખત શું કોગળા નહિ કર્યા હોય કે ન્હાયા પછી પાછા કોગળા કર્યા ? તથા સૂત્રમાં એવી નજીવી વાતોનું ઠેકાણે ઠેકાણે વર્ણન હોય, એ શું સંભવિત છે ?

તથા શ્રી **રાયપસેણી** સૂત્રમાં લખ્યું છે કે–**સૂર્યાભ**-

દેવે પૂજાનો વધેલો સામાન બલીપીઠ પર મૂક્યો. હવે આ બલીપીઠનો અર્થ તેઓ શો કરશે ?

ભાવનિક્ષેપે શ્રી તીર્થંકર ખૂદને વંદન–પૂજનનું જે ફળ છે તેમજ સમ્યક્ત્વ અને જ્ઞાને સહિત ચારિત્ર પાળવાનું જે ફળ સૂત્રમાં છે, તેજ ફળ શ્રી જિનપ્રતિમાના વંદન–પૂજનથી કહ્યું છે. યાવત્–મોક્ષ પર્યંતનું ફરમાવ્યું છે.

(૨૧)

શ્રી દશાશ્રુતસ્કંધના દશમા અધ્યયને કહ્યું છે કે–શ્રી **મહાવીરસ્વામી રાજગૃહી** નગરીમાં સમોસર્યા ત્યારે **શ્રેણિકરાજા** વાંદવા જવાની સર્વે તૈયારીઓ કરી **ચેલ્લણા** રાણી પાસે આવી, જે કહેવા લાગ્યા, તે પાઠ નીચે પ્રમાણે છે

" **चिल्लणादेवी एवं वयासी तं महाफलं देवाणुप्पिये समणं भगवं महावीरं वंदामो नमंसामो सक्कारकम्मे सम्माणेमो कल्लाणमंगलं देवयंचेइयं पज्जुवासेमो तेणं इह भवेयं परभवेयं हियाए सुहाये खेमाए निस्सेयस्साए जाव अणुगामियत्ताए भविस्सई** ॥"

ભાવાર્થ–નિશ્ચે કરી, હે **ચિલ્લણાદેવી** ! તેનું મહાફલ છે. કોનું ? તે કહે છે–હે દેવાનુપ્રિય ! શ્રમણભગવંત શ્રી **મહાવીર**સ્વામિને વંદણા કરવાનું, નમસ્કાર કરવાનું, સત્કાર કરવાનું, સન્માન કરવાનું. કલ્યાણકારી, મંગલકારી દેવ સંબંધી ચૈત્ય (જિનપ્રતિમા)ની પેઠે પર્યુપાસના કરવાથી, આ ભવ તથા પરભવમાં હિતને

વાસ્તે, સુખને વાસ્તે, ક્ષેમને વાસ્તે, નિઃશ્રેયસ્ જે મોક્ષ–તેને વાસ્તે થાય છે તથા ભવોભવમાં સાથે આવનાર થાય છે.

(૨૨)

તેવો જ પાઠ શ્રી ઉવવાઈ સૂત્રમાં ચંપાનગરીના કોણીક રાજાને અધિકારે છે. સાક્ષાત્ ભગવાનને વાંદવા જવાને વખતે આવા પાઠ ઘણે ઠેકાણે આવે છે.

(૨૩)

શ્રી રાયપસેણી સૂત્રમાં સૂર્યાભદેવના અધિકારે કહ્યું છે, તે આ પ્રમાણે પાઠ છે—

“ तएणं तस्स सूरियाभस्स देवस्स पंचविहाए पज्जत्तीए पज्जति भावंगयस्स समाणस्स इमेयारूवे अब्भत्थिए चिंतिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था किं मे पुव्विं करणिज्जं किं पच्छा करणिज्जं किं मे पुव्विसेयं किं मे पच्छासेयं किं मे पुव्वि पच्छामि हियाए सुहाए खेमाए निस्सेसाए अणुगामित्ताए भविस्सइ तएणं तस्स-सूरियाभस्स देवस्स सामाणिय परिसोववण्णगा देवा सूरियाभस्स देवस्स इमेयारुव मज्झत्थियं जाव समुप्पन्नं समभिजाणित्ता जेणेव सूरियाभदेवे तेणेव उवागच्छइ उवागच्छित्ता सूरियाभं देवं करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धावेंति वद्धावेत्ता एवं वयासि एवं खलु देवाणुप्पियाणं सुरियामे विमाणे सिद्धाययणं अट्ठसयं जिणपडिमाणं जिणुस्सेहप्पमाणमेत्ताणं अट्ठसयं संन्निखित्ते चिट्ठंति सभाएणं सुहमाएणं मण्णेवए चेइए खंभेवइरामए सुगोलवट्टसमुग्गए सुबहुओ जिणस्सकहाओ सण्णिखित्ताओ चिट्ठंति नाउणं देवाणु-

प्पिआणं अन्नेसिं च बहुणं वेमाणियाणं देवाणय देवीणय अच्चणिज्जाओ जाव वंदणिज्जाओ नमंसणिज्जाओ पूयणिज्जाओ समाणणिज्जाओ कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासणिज्जाओ तं पयणं देवाणुप्पिआणं पुव्विं करणिज्जं तं पयणं देवाणुप्पियाणं पच्छा करणिज्जं तं पयणं देवाणुप्पियाणं पुव्विसेयं तं पयणं देवाणुप्पियाणं पच्छासयं तं पयणं देवाणुप्पियाणं पुव्विं पच्छाविहियाए सुहाए खेमाए णिस्सेसाए अणुगामियत्ताए भविस्संति. । ”

ભાવાર્થ—ત્યારે તે **સૂર્યાભ દેવ** પાંચ પ્રકારની પર્યાપ્તિએ પર્યાપ્તિભાવ પામ્યા. તે **સૂર્યાભ દેવ**ના મનને વિષે આવા પ્રકારનો વિચાર થયો કે—“ મારે પહેલાં શું કરવું જોઇએ તથા પછી શું કરવું જોઈએ ? વળી મારે પ્રથમ કલ્યાણકારી શું છે ? ને પછી કલ્યાણકારી શું છે ? પ્રથમ તથા પાછળથી શ્રેયઃકારી શું છે ? વળી આત્માને હિત ભણી, સુખ ભણી, ક્ષેમ ભણી, મોક્ષ ભણી એટલે સર્વથા દુઃખથી મુક્ત થવા ભણી અને પરંપરાએ શુભાનુબંધી શું છે ? તે વારે **સૂર્યાભ દેવ**ની સામાનિક સભાના અન્ય દેવતાઓ **સૂર્યાભ દેવ**તાના ઉપર મુજબના વિચારોને જાણી, જ્યાં **સૂર્યાભદેવતા** છે ત્યાં આવે. આવીને **સૂર્યાભ દેવ** પ્રત્યે કરસંપુટ એકઠા કરી, મસ્તકમાં આવર્ત્ત કરી અંજલિ જોડીને, સ્વપક્ષનો જય તે જય તથા પરપક્ષનો જય તે વિજય—એવા જય અને વિજય વડે વધાવે. વધાવીને તેને એમ કહે કે—‘ હે દેવાનુપ્રિય ! આપના **સૂર્યાભ** વિમાનને વિષે સિદ્ધાયતન (જિનમંદિર) છે. તે જિનમંદિરને વિષે એકસો આઠ જિન-

પ્રતિમા છે. તે જિનરાજની અવગાહના પ્રમાણે ઉંચાઈમાં છે. તથા **સુધર્મા** સભાને વિષે **માણવક** નામે ચૈત્ય-સ્તંભ છે. તે સ્તંભને વિષે વજ્રમય ગોળવટ દાબડાઓ છે. તેમાં ઘણા જિનેશ્વર ભગવાનનાં દાઢા વિગેરે અસ્થિઓ રૂડી રીતે સ્થાપન કર્યાં છે. તે જિનપ્રતિમાઓ તથા દાઢાઓ, હે દેવાનુપ્રિય! આપને તથા બીજા પણ સમ્યગ્દૃષ્ટિ વૈમાનિક દેવ-દેવીઓને અર્ચન કરવા યોગ્ય, વંદન કરવા યોગ્ય, નમસ્કાર કરવા યોગ્ય, પૂજન કરવા યોગ્ય અને સન્માન કરવા યોગ્ય છે. વળી કલ્યાણકારી-મંગળકારી છે, માટે આપને પ્રથમ કરવા યોગ્ય એહીજ છે તથા પછી કરવા યોગ્ય પણ એહીજ છે ને વળી એ જ પહેલાં શ્રેય છે ને પાછળ શ્રેય છે. આપને પહેલાં અને પછી પણ હિત ભણી, સુખ ભણી, ક્ષેમ ભણી, મોક્ષ ભણી અને પરંપરાએ શુભાનુબંધી થશે.

(૨૪)

તથા તે જ શ્રી **રાયપસેણી** સૂત્રમાં સમ્યગ્દૃષ્ટિ **સૂર્યાભ દેવતાએ** શ્રી જિનપ્રતિમાને નમસ્કાર કરી, ફૂળ પ્રમુખ ચઢાવી, અષ્ટ માંગલિક આલેખી, અનેક પ્રકારના ધૂપાદિકે કરી સ્તુતિમાં શક્રસ્તવ "**नमोत्थुणं अरिहंताणं**।" કહી સત્તર પ્રકારે પૂજા કરી છે; જેનું વર્ણન વિસ્તારથી હોવાને લીધે અત્રે આપેલ નથી. તેમાં **શ્રી મહાવીર** ભગવાને તે પૂજાનું જે ફળ બતાવ્યું છે, તે આ પ્રમાણે છે—

"**हियाए सुहाए खेमाए निस्सेयस्साए अणुगामित्ताए भविस्सइ**।"

અર્થ—શ્રી જિનપ્રતિમા પૂજ્યાનું ફળ પૂજકને હિતને વાસ્તે, સુખને વાસ્તે, મોક્ષને વાસ્તે તથા જન્માંતરમાં પણ સાથે આવનારૂં છે.

(૨૫)

શ્રી **જીવાભિગમ** સૂત્રમાં **વિજયપોલીએ** તથા બીજા અનેક સમ્યગ્દૃષ્ટિ દેવોએ સત્તર ભેદે પૂજા કરી છે. તેનું ફળ યાવત્ મોક્ષ સુધીનું કહ્યું છે.

(૨૬)

શ્રી **જ્ઞાતાસૂત્રમાં** તીર્થંકરગોત્ર બાંધવાનાં વીસ સ્થાનકો કહ્યાં છે. તેમાં "સિદ્ધપદ આરાધવું" એમ ફરમાવ્યું છે. તે અરૂપી સિદ્ધ ભગવાનનું ધ્યાન—આરાધન તેમની મૂર્તિ સિવાય બની શકે જ નહિ.

(૨૭)

શ્રી. **વ્યવહારસૂત્રમાં** કહ્યું છે કે—

"**सिद्धवेयावच्चेणं महानिज्जरा महापज्जवसाणं चेवत्ति ।**"

અર્થાત્—સિદ્ધ ભગવાનની વેયાવચ્ચ કરવાથી મહાનિર્જરા થાય યાને મોક્ષ મળે.

તર્ક—સિદ્ધ ભગવાનની વૈયાવચ્ચ તો નામસ્મરણથી થઈ શકે, તો પછી મૂર્તિથી શું પ્રયોજન ?

ઉત્તર—નામસ્મરણ કરવું તેને તો ગુણગ્રામ, કીર્ત્તન, ભજન, સ્વાધ્યાય વિગેરે કહે છે, પણ વેયાવચ્ચ નહિ. જો વેયાવચ્ચનો અર્થ એવો કરશો, તો શ્રી **પ્રશ્નવ્યાકરણમાં** બાલકની, વૃદ્ધની, રોગીની અને કુલગણાદિની

દશ પ્રકારે વૈયાવચ્ચ સાધુએ કરવી કહી છે, તો શું નામ યાદ કરવાથી જ વૈયાવચ્ચ થઈ જશે? કે આહાર-પાણી, ઔષધિ, અંગમર્દન, શય્યા, સંથારા વિગેરે કરવાથી થશે? નામાદિ યાદ કરવાથી વૈયાવચ્ચ નહિ ગણાય, પણ પૂર્વોક્ત પ્રકારે સેવા-ચાકરી કરવાથી જ ગણાશે. સિદ્ધ ભગવાનની વૈયાવચ્ચ તો તેમનું મંદિર બંધાવી, તેમાં તેમની મૂર્તિ સ્થાપન કરી, વસ્ત્રાભૂષણ, ગંધ, પુષ્પ, ધૂપ, દીપે કરી અષ્ટ પ્રકારી, સત્તર પ્રકારી આદિ પૂજા કરવી, તેને જ કહી શકાય.

(૨૮)

શ્રી **પ્રશ્નવ્યાકરણમાં** ફરમાન છે કે-નિર્જરાના અર્થી સાધુ " **चेइयट्ठे** " અર્થાત્ જિનપ્રતિમાની હીલના, તેના અવર્ણવાદ તથા તેની બીજી પણ આશાતનાઓનું ઉપદેશ દ્વારા નિવારણ કરે.

(૨૯)

શ્રી **આવશ્યક** મૂલ સૂત્રપાઠમાં—

" **अरिहंत चेइयाणं करेमि काउस्सग्गं ।** "

—એમ કહી, સાધુ અને શ્રાવક, સર્વલોકમાં રહેલી શ્રી અરિહંતની પ્રતિમાનો કાઉસ્સગ્ગ, બોધિબીજના લાભ વાસ્તે કરે એમ ફરમાવ્યું છે.

(૩૦)

" **थइथुइ मंगलं ।** "

સ્થાપનાની સ્તુતિ કરવાથી જીવ સુલભબોધિ થાય છે, એમ શ્રી **ઉત્તરાધ્યયન** સૂત્રમાં લખ્યું છે.

(૩૧-૩૨)

શ્રી **અનુયોગદ્વાર** તથા શ્રી **ઠાણુાંગ** સૂત્રમાં ચારે નિક્ષેપા તથા ચાર પ્રકારનાં તથા દસ પ્રકારનાં સત્યોનું વર્ણન કરેલું છે. તેમાં સ્થાપના નિક્ષેપ તથા સ્થાપના સત્ય પણ આવી જાય છે. તેનાથી પણ સ્થાપના એટલે મૂર્તિ માનવી સિદ્ધ થઈ જાય છે.

(પાઠ માટે જૂઓ પૃ. ૮૫)

કદાગ્રહરહિત બુદ્ધિમાન પુરૂષોને માત્ર ઈસારો જ બસ છે. સૂત્રના સેંકડો પાઠોમાંથી માત્ર આટલા જ પાઠો આપવા ઉચિત સમજીએ છીએ. બીજાં પણ કેટલાંક પ્રમાણો પ્રસંગોપાત કહેવાશે. તે ઉપરથી વિદ્વાન વાંચકવર્ગ યથાર્થ નિર્ણય કરી શકશે. અગર જૈનોમાં મૂર્તિપૂજા પરંપરાથી ન હોત, તો મૂળ સૂત્રોમાં ક્યાંથી આવી ? દુનિઆમાં હરેક નામવાળી વસ્તુ પોતપોતાના અમૂક ગુણે કરીને સંયુક્ત હોય છે, તેમ "મૂર્તિ" નામ ધરાવનારી વસ્તુ પણ કોઈ રીતે નિરર્થક નથી. 'મૂર્તિ' શબ્દ પણ તેમાં રહેલ વસ્તુનો યથાર્થ બોધ કરાવે છે. તે વસ્તુ સ્થાપના સિવાય બીજી કોઈ પણ સિદ્ધ થતી નથી.

૪૫ પ્રશ્ન૦ દ્રૌપદીએ પૂર્વ ભવમાં ખોટાં કર્મો કર્યા હતાં, તો તેની કરેલ પૂજા કેમ માન્ય કરાય ?

ઉત્તર૦ આગલા જન્મમાં કરેલ કુકર્મોની અપેક્ષા વર્તમાન જન્મમાં ગણુશો, તો શ્રી **મહાવીર** પરમાત્માએ અનેક ભવોમાં મિથ્યાત્વનો ઉપદેશ કરી, હિંસક યજ્ઞો કરાવ્યા તથા તે પ્રમાણે અનેક તીર્થંકર કેવલીએ

પૂર્વભવમાં ખોટાં કામો કર્યાં જ હશે, તો તમારા હિસાબે તો કોઈ માનવા–પૂજવા લાયક નહિ રહે; તથા તમારા વર્તમાન ગુરુઓ પણ વંદન કરવા યોગ્ય નહિ રહે, કારણ કે–તેઓએ પણ પૂર્વ જન્મમાં ઘણાં અયોગ્ય કાર્યો કર્યાં હશે, જેથી તેના ફલ રૂપે આ સંસારચક્રમાં ભ્રમણ કરવા ઉપરાંત અનેક પ્રકારની કાયકલેશાદિ મહાન વ્યથાઓ સહન કરવી પડે છે. જો શુભ કામો કર્યાં હોત, તો ભવભ્રમણ મટી જઈ મુક્તિ જરૂર પામત. પૂર્વ જન્મનો વિચાર તો બાજુ પર રહ્યો, પણ આ જન્મમાં પણ ગૃહસ્થપણામાં આજીવિકા આદિ માટે કેઈ પાપો કર્યાં હશે, માટે સૌ પહેલાં તમારા ગુરુઓ જ અવંદનીય ઠરશે. પરંતુ કર્મના પ્રભાવથી જીવને અનેક વિટંબનાઓ ભોગવવી પડે છે, તેથી ભવચક્રમાં પૂર્વે કરેલ અનુચિત કામથી આ ભવના મહિમામાં લેશમાત્ર ક્ષતિ પહોંચતી નથી.

૪૬ **પ્રશ્ન૦** પાંચ પતિ કરનારી **દ્રૌપદી** શ્રાવિકા કેમ ગણાય ?

ઉત્તર૦ તીર્થંકર, વાસુદેવ, ચક્રવર્તી, અન્ય રાજા–મહારાજાઓ–અને શેઠ શાહુકારોને હજારો રાણીઓ અને સ્ત્રીઓ હોવા છતાં, શાસ્ત્રકારોએ તેમને સ્વદારાસંતોષી, પરમ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકો ગણેલા છે તથા ઘણા તો તે જ ભવે મોક્ષે ગયા છે. તે ન્યાયે **દ્રૌપદીએ** પૂર્વકૃત નિયાણાના પ્રભાવથી, પંચની સાક્ષીએ, ઇચ્છારહિતપણે પાંચ પુરુષો સાથે વિવાહ કર્યો, તેથી તેના શીયલવ્રતને કોઈ નુકશાન પહોંચી શકતું નથી: કારણ કે–શાસ્ત્રકારોએ તેણીને મહાસતી કહી છે. **દ્રૌપદીનો** દાખલો નિયાણાના પ્રતાપે એક અપવાદ રૂપ હોઈ, અન્ય સ્ત્રીઓ

તેનું અનુકરણ કરી શકે નહિ.

૪૭ પ્રશ્ન૦ વિવાહ પ્રસંગે **દ્રૌપદીએ** યોગ્ય વર મળવા સારૂ કામદેવની પૂજા કરી છે, જિનપ્રતિમાની નહિ–એમ કેટલાક કહે છે તે બરાબર છે?

ઉત્તર૦ એવી વાત કહેનારા તદ્દન મૃષાવાદી છે. વિચારવાનું એ છે કે–મહાન ઋદ્ધિમાન, નિર્મળ સમ્યક્ત્વનો ધણી અને એકાવતારી એવો જે **સૂર્યાભ દેવ,** તેણે કરેલી શ્રી જિનપ્રતિમાની પૂજાના વિધિની ભલામણ **દ્રૌપદીની** પૂજાના અધિકારમાં કરવામાં આવી છે: તો જેમ **સૂર્યાભ દેવ સમ્યગ્દૃષ્ટી,** તેમ **દ્રૌપદી** પણ **સમ્યગ્દષ્ટિ** જ સિદ્ધ થાય છે. તથા **સૂર્યાભ દેવે** જેમ શ્રી જિનમૂર્તિની સત્તર ભેદે પૂજા કરી, તે પ્રમાણે **દ્રૌપદીએ** પણ શ્રી જિનપ્રતિમાની જ સત્તર ભેદે પૂજા કરી એમ જાણવું: કારણ કે–સમ્યગ્દૃષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિના સ્વદેવ–પૂજનના વિધિ તથા ભાવનામાં ઘણો તફાવત છે, તેથી ભલામણવાળી બંને વ્યક્તિઓ એક જ ધર્મને પાલનારી હોય તો જ ભલામણ થઈ શકે. અન્યથા, એક બીજાની ભલામણ ઘટે જ નહિ. **દ્રૌપદીએ** કામદેવાદિ જેવા કોઈ મિથ્યાત્વી દેવની પૂજા કરી હોત, તો ભલામણ તેવા મિથ્યાત્વી પુરૂષની પૂજાની આપવી જોઇતી હતી, પરંતુ અહીં તો **સૂર્યાભ** જેવા દૃઢ સમકિતધારી દેવની ભલામણ કરી છે, તો પછી **દ્રૌપદીને** પણ સમ્યક્ત્વધારી શ્રાવિકા કહેવામાં શો વાંધો છે?

તથા યોગ્ય વરની પ્રાપ્તિ સારૂ પૂજન કર્યું હોય, તો સ્તુતિ આ પ્રમાણે કરવી જોઈએ કે–"હે કામદેવ!

મને તમારી સેવાથી ખૂબસૂરત અને ગુણી વર મળશે તો અમૂક કિંમતની મીઠાઈ આદિનો ભોગ ચઢાવીશ" આમ તો તેણીએ કહ્યું નથી, પણ તેણીએ તો "**नमुत्थुणं अरिहंताणं भगवंताणं।**" અર્થાત્ "નમસ્કાર થાઓ શ્રી અરિહંત ભગવંતોને" એમ શ્રી અરિહંત ભગવાનનું નામ લઈને સ્તુતિ કરી છે, છતાં કામદેવનું ખોટું નામ દેવું એ શું વ્યાજબી છે? વળી "નમુત્થુણં"માં તેણીએ શી માગણી કરી છે?–"**तिन्नाणं तारयाणं बुद्धाणं बोहयाणं, मुत्ताणं मोयगाणं, सव्वन्नूणं सव्वदरिसीणं।**" અર્થાત્–હે ભગવન્! તમે તર્યા છો ને મને તારો, તમે કેવળજ્ઞાનને પામ્યા છો ને મને પમાડો, તમે કર્મથી છૂટેલા છો ને મને છોડાવો–વિગેરે પ્રાર્થનાથી તો તેણીએ મોક્ષફળની જ યાચના કરી છે. તે શું અરિહંત સિવાય બીજો કોઈ મિથ્યાત્વી દેવ આપવા સમર્થ છે? તથા એવા અનુપમ ગુણે કરી બીજો કોઈ દેવ યુક્ત છે, કે જેની એ મુજબ સ્તુતિ કરી શકાય? છેવટે તેણીએ કહ્યું છે કે–'**सिद्धिगईनामधेयं ठाणं संपत्ताणं।**' સિદ્ધિગતિ છે નામ જેનું, એવા સ્થાનકને આપ પામ્યા છો. તો વિચારી જૂઓ કે–શ્રી અરિહંતદેવ સિવાય બીજા કયા દેવ સિદ્ધિગતિ નામના સ્થાનને પામી શક્યા છે? લાયક પતિ માગવા સંબંધી પ્રાર્થનાનું સૂત્રમાં નામ-નિશાન પણ નથી, છતાં પરમ સમ્યગ્દૃષ્ટિ શ્રાવિકાના ઉપર ખોટું કલંક ચઢાવવું, એના જેવું ભયાનક પાપ બીજું કયું છે?

૪૮ પ્રશ્ન૦ "**नमोत्थुणं**" નો પાઠ બીજા દેવ પાસે ન

કહેવાય, તો પછી **અંબડ શ્રમણોપાસક**ના સાતસો શિષ્યોએ પોતાના ગુરૂને તે પાઠ કેમ કહ્યો ?

ઉત્તર૦ " **नमोत्थुणं।** "માં વર્ણવેલા ગુણો અરિહંત સિવાય અન્ય દેવમાં હોઇ શકે જ નહિ, તેથી શાસ્ત્રમાં ક્યાંય પણ બીજા દેવ પાસે કહ્યાનો ઉલ્લેખ છે જ નહિ. **અંબડ** સંન્યાસી શ્રાવકના સાતસો શિષ્યોએ કેવી રીતે કર્યું હતું, તેનો પાઠ શ્રી **ઉવવાઇ** સૂત્રમાં નીચે મુજબ છે—

"नमोत्थुणं अरिहंताणं भगवंताणं जावसंपत्ताणं, णमोत्थुणं समणस्सभगवओ महावीरस्स जाव संपाविउकामस्स, नमोत्थुणं अंबडस्स परिवायगस्स अम्ह धम्मायरियस्स धम्मोवएसगस्स ।"

અર્થ—(તે સાતસો શિષ્ય બે હાથ જોડીને એમ કહે છે કે—) નમસ્કાર થાઓ—શ્રી અરિહંત ભગવંતોને, યાવત્ મોક્ષને પ્રાપ્ત થયા છે તેમને. નમસ્કાર થાઓ, શ્રમણભગવાન શ્રી **મહાવીર** પરમાત્માને યાવત્ મુક્તિ પામવાના કામીને ! નમસ્કાર થાઓ, **અંબડ** પરિવ્રાજકને, અમારા ધર્માચાર્યોને અને ધર્મોપદેશકને !—

વાંચકવર્ગ સમજી શકશે કે—ઉપરના પ્રથમ બે નમસ્કારમાં તો " **नमोत्थुणं।** "નો પાઠ મોક્ષગતિ સુધી કહ્યો અને પાછલા નમસ્કારમાં તો પોતાના ગુરુને વંદન કર્યું છે. તેને કંઇ અરિહંતભગવાન કહેલ નથી. તેમ તે ઠેકાણે અરિહંતના ગુણોના વર્ણનવાળું **શક્રસ્તવ** (**नमोत्थुणं**) કહ્યું નથી. માત્ર " **नमोत्थुणं** " (નમસ્કારથાઓ) તે એક પદના કહેવાથી, શું પુરો **શક્રસ્તવ**નો પાઠ આવી

ગયો ? નહિ જ. છતાં એમ કહેનાર તો મૃષાવાદ નામનું ઘોર પાતિક જ આચરે છે.

૪૯ પ્રશ્ન૦ દ્રૌપદીએ તો માત્ર એક જ વાર પૂજા કરી જણાવ્યું છે. તે વળી મિથ્યાદૃષ્ટિપણામાં, કેમ કે–નિયાણું પુરૂં થયા વિના સમ્યક્ત્વ પ્રાપ્ત કેમ થાય ?

ઉત્તર૦ જે સૂત્રમાં **દ્રૌપદીના** નિત્યકર્મની નોંધ આવી હોય, તે જ સૂત્રમાં તેણે નિત્યપ્રતિ પૂજન કર્યાનો લેખ હોઈ શકે. સર્વત્ર ક્યાંથી હોઈ શકે ? શું વારંવાર એકની એક જ વાત શાસ્ત્રકાર સર્વત્ર લખ્યા કરતા હશે ? વિવાહની ધમાલ અને ધામધૂમમાં સેંકડો રાજપુત્રો પોતાના આંગણે આવેલ હોવા છતાં, પોતાનું નિત્યકર્મ જે પૂજા–તેને જે ભૂલી નથી અને જેણીએ અત્યંત વિનય પૂર્વક, શુભ-ભાવયુક્ત બનીને શક્રસ્તવથી પ્રભુની ભક્તિ કરી છે, તે અન્ય શાંતિના સમયે જિનપૂજન ન કરતી હોય, એ શું શક્ય છે ? સૂત્રપાઠથી જ પ્રગટ જણાય છે કે–તેણી રોજ પૂજન કરનારી છે. એ બનવાજોગ છે કે–**પદ્મોત્તર** રાજાને ત્યાં પરાધીનપણે સંકટમાં રહેલ હોવાથી, દેરાસર તથા સામગ્રીના અભાવે કદાચ પૂજા ન બની શકી હોય, તો પણ ત્યાં રહ્યાં છતાં તેવા સંકટના સમયે છઠ્ઠ, અઠ્ઠમ આદિ તપસ્યા કરવી સ્વાધીન હોવાથી, તેણીએ કરી છે.

વળી પૂજન કરવાનું તો એક વખત પણ કહ્યું છે, કિંતુ ભોજનપાન, સુવું, બેસવું એ વગેરેનું તો એક વાર પણ કહ્યું નથી, તેથી શું તે કૃત્યો નહિ કર્યાં હોય ? **તુંગીયા** નગરીના શ્રાવકોએ સાધુને વંદન કરવાનું એક વાર જ કહ્યું છે, તો શું બીજી વાર વંદણા નહિ કરી હોય ?

દ્રૌપદીને પૂજા કરતી વખત સમ્યક્ત્વ હતું–એમ આગળના પ્રશ્નોત્તરમાં સાબીત કરી ગયા છીએ. 'નિયાણું પુરૂં થયા પહેલાં સમ્યકત્વની પ્રાપ્તિ ન થાય'–એ કહેવું સર્વથા પ્રમાણરહિત છે. શ્રી **દશાશ્રુત સ્કંધ**માં નવ પ્રકારનાં નિયાણાં કહ્યાં છે. તેમાં સાત નિયાણાં તો કામ-ભોગનાં છે. તે અગર તીવ્રરસથી બાંધ્યાં હોય, તો સમ્યક્ત્વની પ્રાપ્તિ ન હોય અને જો મંદ રસથી બાંધ્યાં હોય તો સુખેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય. જેમ **કૃષ્ણ**નું વાસુદેવ પદવીનું નિયાણું મંદ રસવાળું હોવાથી, સમ્યક્ત્વને તેઓ પામ્યા હતા. અત્રે જો કહેશો કે–"**કૃષ્ણ**ને વાસુદેવની પદવી મળી એટલે નિયાણું પુરૂં થતાં સમ્યક્ત્વ પ્રાપ્ત થયું, તેમ **દ્રૌપદી**ને પણ પાંચ પતિ મળતાંની સાથે તેનું નિયાણું પુરૂં થયું."–તો આ કહેવું પણ વ્યાજબી નથી. નિયાણું સમસ્ત ભવ આશ્રિત હોવાથી, તેના ફલને જીંદગી પર્યંત ભોગવવું પડે છે. નિયાણા-વાળી વસ્તુ પ્રાપ્ત થતાંની સાથે જ અગર નિયાણું પુરૂં થઈ જતું હોય, તો પછી તે વસ્તુનો તરત જ વિયોગ કે નાશ થવો જોઇએ, પણ તેમ તો બનતું નથી. **કૃષ્ણ વાસુદેવે** તો જીંદગી પર્યંત **વાસુદેવ**ની પદવી ભોગવી છે તથા **દ્રૌપદી** પણ પોતાના પાંચ પતિની હયાતિમાં દેવલોકે ગઇ છે. શ્રી **દશાશ્રુત** સ્કંધમાં નવમું નિયાણું દીક્ષાનું છે, તો દીક્ષા લીધાની સાથે તે જ ઘડીએ નિયાણું પુરૂં થઈ જવું જોઈએ તથા ત્યારપછી તેજ ભવમાં કેવલજ્ઞાન પામી કોઈને મોક્ષ પણ પ્રાપ્ત થવો જોઇએ, પણ શાસ્ત્રકારે તો નિયાણાવાળાને તે જ ભવે મોક્ષ

પામવાને પણ નિષેધ કર્યો છે.

કોઈ તાપસ પોતાની તપસ્યાના પ્રભાવે આવતા ભવમાં રાજ્યલક્ષ્મી મેળવવાનું નિયાણું કરે, તો તે તાપસ મરીને કોઇ રાજાને ત્યાં પુત્ર તરીકે જન્મી યોગ્ય વયે ગાદીએ બેસતાંની સાથે જ નિયાણું પુરૂં થતાં દરિદ્રતા પામશે કે તે રાજ્યને પોતાના આયુષ્ય પર્યંત ભોગવશે?

તાત્પર્ય એ છે કે–મંદ રસના નિયાણાવાળાને સમ્યક્ત્વ પામવામાં બાધ આવતો નથી. અને ઉત્કૃષ્ટ રસના નિયાણાવાળાને તો શ્રી વીતરાગનો ધર્મ કાને પણ સાંભળવાનો અવસર ન મળે: પણ **દ્રૌપદીએ** તો પાછળથી સંયમ પણ લીધું છે.

કૃષ્ણ મહારાજા જેમ સમ્યગ્દૃષ્ટિ શ્રાવક હતા, તેમ **દ્રૌપદી** પણ વિવાહ પહેલાં બાલપણાથી જ સમ્યગ્દૃષ્ટિ શ્રાવિકા હતી, તથા જીવન પર્યંત તેવી દઢ સમ્યગ્દૃષ્ટિ રહી હતી. શ્રી **જ્ઞાતાસૂત્રમાં** લખ્યું છે કે–

"જ્યારે **દ્રૌપદીની** પાસે **નારદ** મુનિ આવ્યા, ત્યારે તેમને અસંયતિ, અવિરતિ, અપચ્ચક્ખાણી જાણી માન ન દીધું, ઉભી થઈ નમસ્કાર પણ ન કર્યો."

તથા તેજ સૂત્રમાં જણાવ્યું છે કે–"**પદ્મોત્તર** રાજાના અંતઃપુરમાં રહી થકી હંમેશાં છઠ્ઠ, આયંબીલ આદિ તપસ્યા કરતી તથા આત્માની ભાવના ભાવતી."

એ પ્રમાણે શુદ્ધ શ્રાવિકા વગર કોણ કરી શકે?

શ્રી ભગવતીજીમાં જઘન્યથી એક પણ વ્રત કરનારને શ્રાવક કહ્યો છે તથા તે સૂત્રમાં પચ્ચક્ખાણને ઉત્તરગુણમાં લખેલ છે. શ્રી **દશાશ્રુતસ્કંધમાં** "**दंसणसावए।**" કહેતાં સમ્યક્ત્વધારી જીવને પણ શ્રાવક ગણ્યો છે તથા શ્રી **પ્રશ્નવ્યાકરણ** સૂત્રની વૃત્તિમાં **દ્રૌપદીને** પરમ શ્રાવિકા કહી છે. કોઈ પણ ઠેકાણે એમ નથી કહ્યું કે– 'વિવાહ પહેલાં તો **દ્રૌપદી** મિથ્યાદૃષ્ટિ હતી અને ત્યાર પછી તે સમ્યગ્દૃષ્ટિ થઈ.' આથી સિદ્ધ થાય છે કે– તેણી બાલપણાથી માંડીને ઠેઠ સુધી દૃઢ શ્રાવિકા તથા ચુસ્ત સમ્યગ્દૃષ્ટિ હતી, તથા નિયાણાથી તેને ધર્મકાર્યમાં કાંઇ બાધા પહોંચી નથી.

શંકા–સ્ત્રીએ કરેલ પૂજા શી રીતે પ્રમાણ કરી શકાય?

સમાધાન–એ માન્યતા કબૂલ રાખવામાં આવે, તો ચારિત્ર પાળનાર સાધ્વી સ્ત્રીની સમ્યક્ત્વની કરણી પણ માનવા લાયક નહિ ગણાય. સ્ત્રીએ ગ્રહણ કરેલ સંયમ પણ નિરર્થક થશે. અને તેમ માનવા જતાં ચતુર્વિધ સંઘનો એક પાયો જ તૂટી જશે. શાસ્ત્રકારોએ તો અનેક સ્ત્રીઓ ઉત્તમ પ્રકારે ધર્મની આરાધના કરીને મોક્ષે ગયાનું લખ્યું છે. **મરૂદેવી** માતા આ અવસર્પિણીમાં સૌથી પહેલાં સિદ્ધ થયાં છે. શ્રી **મલ્લીનાથસ્વામી** સ્ત્રીરૂપે તીર્થંકર થયા છે. **ચંદનબાલાએ** શ્રી **મહાવીર**પ્રભુનો અભિગ્રહ પૂર્ણ કર્યો છે. ઇત્યાદિ અનેક પ્રશંસનીય કાર્યો આ કાલચક્રમાં સ્ત્રીઓએ કરેલાં છે. તથા પુરુષોને તો પૂજાની સામગ્રી મળવી સુલભ છે, પણ સ્ત્રીઓને દુર્લભ હોવા છતાં **દ્રૌપદીએ** પૂજા કરી

છે, તેથી તેના શુભ કાર્યની શાસ્ત્રકર્તાએ વિસ્તારથી પ્રશંસા કરી છે. તે ઉપરથી પુરુષોએ તો પૂજાના કાર્યને અવશ્ય આદરવું જોઇએ, એમ સિદ્ધ થાય છે.

૫૦ પ્રશ્ન૦ દ્રૌપદીની પૂજાને માટે **સૂર્યાભ દેવની** ભલામણ કરી, ત્યારે કોઇ શ્રાવકની કેમ ન કરી?

ઉત્તર૦ શાસ્ત્રકાર મહારાજા શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ મહારાજે શ્રી **રાયપસેણી** સૂત્રમાં **સૂર્યાભ દેવના** અધિકારે શ્રી જિનપ્રતિમાની પૂજાનું સવિસ્તર વર્ણન કર્યું છે. તેની ભલામણ બીજે ઠેકાણે આપી છે, કારણ કે—એક જ વાતનું વિવેચન સ્થળે સ્થળે સૂત્રમાં આપવામાં આવે, તો શાસ્ત્ર વધી પડે. તે ભયથી શાસ્ત્રકાર મહારાજા એક-બીજા સૂત્રની ભલામણ કરે છે. શ્રી **મહાવીર** પરમાત્મા તથા ગણધર ભગવંતોએ તો તમામ જગ્યાએ સંપૂર્ણ વર્ણન કર્યું હતું, પણ શાસ્ત્રકર્તા સૂત્રને સંક્ષેપ કરવાના અભિપ્રાયથી અરસપરસ સૂત્રોની ભલામણ કરે છે.

બીજું કારણ એ છે કે—કેટલાક લોક શાશ્વતી જિન-પ્રતિમાની દેવતા પૂજા કરે એમ તો માને છે, પણ અશાશ્વતી (કૃત્રિમ) મૂર્તિ માનવાનો નિષેધ કરે છે. તેઓનાં અંતર્ચક્ષુ ખોલવા સારૂ **સૂર્યાભ દેવની** ઉપમા આપી છે કે—જેમ શ્રી **રાયપસેણી** સૂત્રમાં કહ્યા મુજબ દેવતાઓ નિરંતર શાશ્વતી મૂર્તિઓ પૂજી, પોતાનું હિત, કલ્યાણ તથા અનુક્રમે મોક્ષની સાધના કરે છે, તેવી જ રીતે શ્રાવકો તથા શ્રાવિકાઓ પણ અહીં રહ્યાં શ્રી જિનપ્રતિમાના પૂજનથી તેમની પેઠે આત્માનું કલ્યાણ

સાધી સંસાર–સમુદ્રનો પાર પામી શકે છે.

વળી શાશ્વતી કે અશાશ્વતી બંને પ્રકારની મૂર્તિના પૂજનથી એક સરખું ફલ પ્રાપ્ત થાય છે, એમ જણાવવાનો પણ શાસ્ત્રકારોનો આશય છે.

શાશ્વતી પ્રતિમાનો આદર કર્યા પછી અશાશ્વતી પ્રતિમાનો નિરાદર કરવો, એ મહામૂર્ખતાનું કામ છે. બન્ને પ્રકારની પ્રતિમા એક સદૃશ સન્માનનીય છે: કેમકે–તેઓ એક જ દેવની છે. જૂદા જૂદા દેવની નથી, કે જેથી એકનું બહુમાન ને બીજીનું અબહુમાન થઈ શકે. એમ કરવું, એ મતિ–અંધતાને સૂચવનારૂં છે.

એક કારણ એ પણ છે કે–દેવતાઓની શક્તિ અચિન્ત્ય હોવાથી જેટલા ભાવથી તેઓ પૂજા કરે, તેટલા ભાવવી પ્રાયઃ મનુષ્ય ન કરી શકે, છતાં **દ્રૌપદીએ** મનુષ્ય અને તેમાં પણ પોતે સ્ત્રી હોવા છતાં મહાન **સૂર્યાભ દેવની** માફક મોટા આડંબર સહિત જિનપૂજા કરી એમ જણાવવું, તે છે તથા જેમ **સૂર્યાભ** નિશ્ચે કરી શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ છે, તેમ **દ્રૌપદી** પણ પરમ શ્રાવિકા છે, એમ જણાવવાનો પણ આશય છે.

તથા જે વિધિથી શાશ્વતી પ્રતિમાઓ પૂજાય છે, તે જ વિધિથી અશાશ્વતી પ્રતિમાઓ પૂજવાથી પણ પોતપોતાના ભાવ પ્રમાણે સમાન ફલ મેળવી શકાય છે, એવું સૂચન છે.

અન્ય કોઈ શ્રાવકની ઉપમા ન આપવાનું કારણ એ પણ જણાય છે કે–**આણંદાદિ** શ્રાવકના વર્ણનમાં

શાસ્ત્રકારે પૂજાવિધિનું **સૂર્યાભના** અધિકારની પેઠે સંપૂર્ણ વિવેચન કર્યું નથી, તેથી બીજાની ભલામણ કેવી રીતે આપી શકાય ? જે સ્થળે વિશેષ ખૂલાસો આપ્યો હોય, તે સ્થળનું નામ જ આપી શકાય.

૫૨ પ્રશ્ન૦ શ્રી **ભગવતી** સૂત્રમાં કહ્યું છે કે-"જે સાધુ **નંદીશ્વરદ્વીપ** જાય, તે પાછા **ભરતક્ષેત્રમાં** આવી આલોયણા કર્યાવિના અર્થાત્ ઇરિયાવહિ પડિક્કમ્યા વિના કાળ કરે તો જિનાજ્ઞા વિરાધક બને અને જો આલોયણા લીધા પછી કાળ કરે તો આરાધક થાય" તથા શ્રી **સમવાયાંગ** સૂત્રમાં કહ્યું છે કે-"જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓ સત્તર હજાર યોજનથી કાંઇક અધિક સીધા આકાશમાં ઉડીને પાછા તીર્છી ગતિ કરે" એ મુજબ મુનિઓનું ત્યાં જવું સાબીત કરનારા ઘણા પાઠો છે પણ **નંદીશ્વર દ્વીપની** જાત્રા કરવા જતાં જો આલોયણા આવે છે, તો પછી તે જાત્રાનું શું પ્રયોજન ?

ઉત્તર૦ જે આલોયણા છે, તે પ્રમાદગતિની છે. લબ્ધિ ફોરવવાથી તે મુનિઓને પ્રમાદગતિ થાય છે, તેથી તેની આલોયણા છે, પણ ચૈત્યવંદનની આલોયણા નથી. વળી તીરના વેગની માફક ચારણ મુનિઓની ગતિનો ઉતાવળો સ્વભાવ હોવાથી, માર્ગમાં શાશ્વતાં-અશાશ્વતાં જિનમંદિરો રહી જાય છે, તેનો મનમાં ખેદ ઉપજે છે. તે પણ પ્રમાદગતિ છે, તેથી તેની આલોયણા આવે છે. શ્રી **દશવૈકાલિક** સૂત્રમાં કહ્યું છે કે-'સાધુ ગોચરી લાવી ગુરુની પાસે સમ્યક્ પ્રકારે આલોવે.' તે આલોયણા ગોચરીની નહિ, પણ તેમાં પ્રમાદે કરી આવવા-જવામાં ઉપયોગ ન રહેવાથી જે કોઈ દોષ લાગ્યો હોય, તેની આલોયણા કહી છે. સાધુને આવતાં-જતાં, પ્રતિ-

ક્રમણ કરતાં કે બીજું હરકોઈ કામ કરતાં આલોચણા તથા ઇરિયાવહી પડિક્કમવાની છે, તે પ્રમાદને આશ્રીને છે : નહિ કે–તે તે શુભ કાર્યોને આશ્રીને !

૫૨ પ્રશ્ન૦ જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓ શ્રી **નંદીશ્વર** આદિ દ્વીપોમાં " **चेइयाइं।** " શબ્દથી જ્ઞાનનું આરાધન કરે છે, પણ પ્રતિમાને વંદન કરે છે એમ નહિ–એ બરાબર છે ?

ઉત્તર૦ શ્રી **ઠાણુંગ** તથા શ્રી **જીવાભિગમ સૂત્રમાં નંદીશ્વરાદિ** દ્વીપોમાં શાશ્વતી પ્રતિમાઓ હોવાનું કથન વિસ્તારપૂર્વક છે. તથા શ્રી **જંબૂદ્વીપ પન્નત્તિ** સૂત્રમાં **માનુષોત્તર** પર્વતના તેર કૂટોનાં નામો ગણાવી હરેક કૂટ પર તથા દેવતાઓનાં તમામ ભુવનોમાં સિદ્ધાયતન (જિનમંદિર) હોવાના પાઠો છે. તેની વંદણા કરવા લબ્ધિવંત મુનિઓ જાય, એમ પ્રાયઃ સર્વે જૈનો માને છે. છતાં " **चेइयाइं।** " શબ્દનો અર્થ મનઃકલ્પિતપણે 'જ્ઞાન' કરી ઉત્સૂત્રપ્રરૂપણા કરવી, એ મહાદોષયુક્ત કાર્ય છે. ચૈત્ય શબ્દનો જ્ઞાન અર્થ કોઈ પણ વ્યાકરણને સમ્મત નથી. વળી જ્ઞાન તો અરૂપી વસ્તુ હોવાથી, તેનું ધ્યાન તો ઘર બેઠાં પણ થઈ શકે. એ માટે શ્રી **નંદીશ્વર દ્વીપે** જવાનું શું કામ ? તથા જ્ઞાન તો એકવચને છે ને " **चेइयाइं।** " શબ્દ બહુવચને છે. " **चेइयाइं।** " બહુવચન છે, એટલે પણ તેનો અર્થ 'પ્રતિમાઓ' સિવાય બીજો થઈ શકતો જ નથી.

પ્રશ્ન૦ દેવતાઓને શ્રી **ભગવતી** સૂત્રમાં "**नो धम्मिआ।**" કહ્યા છે. તેમની કરેલી મૂર્તિપૂજા શી રીતે પ્રામાણિક ગણાય ?

ઉત્તર૦ તે ઠેકાણે તો ચારિત્રની અપેક્ષાએ "**नो धम्मिआ।**" કહ્યા છે. જેમ શ્રી **ભગવતીજી**માં દેવતાઓને "**बाल**" કહ્યા છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર—એ ત્રણ મોક્ષના માર્ગમાંથી દેવતાને સમ્યગ્જ્ઞાન તથા દર્શન હોય છે, પણ ચારિત્રની પ્રાપ્તિ નહિ હોવાથી '**नो-संयति**' પણ કહ્યા છે. શ્રી **ઠાણાંગ** સૂત્રમાં સમ્યક્ત્વને સંવરધર્મ રૂપ કહ્યો છે અને શ્રી જિનપ્રતિમાનું પૂજન એ સમ્યક્ત્વની કરણી છે, તેથી એ હિસાબે સમ્યગ્દૃષ્ટિ દેવોને ચારિત્રની અપેક્ષાએ '**बाल**', '**नो धम्मिआ**' કે '**नो संयति**' કહેલા છે, કિન્તુ સમ્યગ્દર્શન કે જ્ઞાનની અપેક્ષાએ નહિ.

શ્રી **ભગવતી સૂત્ર**ના પાંચમા શતકના ચોથે ઉદ્દેશે કહ્યું છે કે—

"**देवाणं भंते संजयाइ वत्तव्वंसिया? गोयमा! णो इणट्ठे समट्ठे अब्भक्खाणमेयं देवाणं देवाण भंते! असंजया! वत्तव्वंसिया? गोयमा! णो इणट्ठे समट्ठे निट्ठुरवयणमेयं देवाणं। देवाण भंते! संजया संजयाइ वत्तव्वंसिया? गोयमा! नो इणट्ठे समट्ठे असब्भूयमेयं देवाणं। से किं खाइत्तए भंते। देवाइवत्तव्वंसिया? गोयमा! देवाणं नो संजयाइ वत्तव्वंसिया।**"

આથી સિદ્ધ થાય છે કે—દેવતાને અસંયતિ ન કહેવાય ને કોઇ એમ બોલે તો મહાનિષ્ઠુર વચન બોલ્યું ગણાય. દેવતાને સંયતિ કહીએ તો અભ્યાખ્યાન લાગે અને દેવોને સંયતાસંયાતિ કહીએ, તો અસદ્‌ભૂત વચન

કહેવાય માટે દેવતાઓને '**नो संयति**' કહેવા એમ શ્રી જિનેશ્વરદેવનો (ઉપરના પાઠથી) હુકમ છે.

"**नो संयति**" નો અર્થ અધર્મી ગણુશો, તો ઉપર દેવતાઓને અસંયતિ (અધર્મી) કહેવાનો નિષેધ કેમ કર્યો છે? "**नो धम्मिआ**" કે **नो संयति**" નો અર્થ "નહિ ધર્મી" કે "નહિ સંયતિ" એવો કરશો, તો આજ્ઞાભંગના દોષ ઉપરાંત બીજા પણ અનેક દોષો આવી પડશે. સૂત્રોમાં ઠેર ઠેર "**नो कषाय, नो इंद्रिय, नो सन्ना, नो आगम**" ઈત્યાદિ શબ્દો આવે છે, તેનો અર્થ '**अकषाय**', '**अनिन्द्रिय**', '**नहि आगम**' ઈત્યાદિ કરશો, તો શાસ્ત્રવિરુદ્ધ ઉંધા અર્થો થઇ જશે. આવા સ્થળે '**नो**' નો અર્થ સર્વનિષેધ નહિ પણ દેશનિષેધ કરવાનો છે. એ જ ન્યાયે "**नो संयत**" આદિ પદોનો અર્થ "**अधर्मी**" કે "**असंयति**" આદિ કરવાનો નથી, પણ ઇષત્ ધર્મી, ઇષત્ સંયમી આદિ કરવાનો છે.

વળી શ્રી **આચારાંગ**, શ્રી **દશાશ્રુતસ્કંધ** તથા શ્રી **જ્ઞાતા**સૂત્રમાં કહ્યું છે કે–"લોકાંતિક દેવતાઓ અનંતા-કાળથી સ્વયંબુદ્ધ એવા શ્રી તીર્થંકરદેવોને દીક્ષાના કાળનું સ્મરણ કરાવવા પ્રતિબોધે છે કે–'હે ભગવન્! જગતને હિતકર તીર્થ પ્રવર્તાવો!' આવા વિવેકી દેવતાઓને કોણ બુદ્ધિમાન અધર્મી કહી શકે?

શ્રી દશવૈકાલિક સૂત્રમાં દેવતાઓને મનુષ્ય કરતાં મહા વિવેકી અને બુદ્ધિમાન કહ્યા છે.

"धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा-संजमो-तवो ।
देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥१॥"

અર્થ–જેમનું મન ધર્મના વિષયમાં સદા પ્રવર્તમાન છે, તેમને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. (તો મનુષ્ય કરે તેમાં નવાઈ શી ?)

વળી શ્રી ઠાણાંગસૂત્રમાં દેવતાઓ કેવી શુદ્ધ ભાવના ભાવી, પોતાના આત્માને નિંદે છે તથા પોતાના પૂર્વજન્મના ગુરુનું કેટલું બધું સન્માન કરે છે, તે નીચેના પાઠથી સમજાશે.

" अहुणोवन्ने देवे देवलोगेसु दिव्वेसु कामभोगेसु अमुच्छिए अगिद्धे अगढिए अणजोवन्ने तस्स एमेवं भवइ अत्थिणं मम माणुस्सए भवे आयरिएइवा उवज्झाए-इवा थेरेइवा गणीइवा गणहरेइवा जेसि पभावेणं मए इमाएयरुव्वा दिव्वा देवड्ढी दिव्वा देवजुइ दिव्वे देवाणु-भावे लद्धे पत्ते अभिसमण्णागए तं गच्छामिणं तं भयवं वंदामि णमंसामि सक्कारेमि सम्माणेमि कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासेमि ॥ "

અર્થ–દેવલોકમાં નવો ઉત્પન્ન થયેલો દેવતા દિવ્ય કામભોગમાં મૂર્ચ્છિત થતો નથી. કામભોગોને અનિત્ય જાણી અતિ ગૃદ્ધ, અતિ આસક્ત થતો નથી. તે મનમાં વિચારે છે કે–મારા મનુષ્યભવના ધર્મોપદેષ્ટા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણિ, ગચ્છના સ્વામી, જેહના પ્રભાવથી આ પ્રત્યક્ષ દેવતાની ઋદ્ધિ, દિવ્ય કાંતિ, દિવ્ય દેવપ્રભાવ હું સમ્યગ્ભાવે પામ્યો છું, માટે હું જાઉં, તે ઉપકારી ભગવંતને હું વાંદું, નમસ્કાર કરૂં, સત્કાર

કરૂં, સન્માન કરૂં, કલ્યાણકારી—મંગલકારી દેવચૈત્ય એટલે જિનપ્રતિમા, તેની સેવા કરીએ તેમ સેવા કરૂં. ઇત્યાદિ.

વળી કહ્યું છે કે—

" एयसणं माणुस्सए भवे णाणीइवा तवस्सीइवा अइ-दुक्करकारगे तं गच्छामि णं भगवंतं वंदामि णमंसामि जाव पज्जुवासामि ॥"

ભાવાર્થ—(તથા વળી દેવો એવો વિચાર કરે છે કે—) મનુષ્યભવમાં મોટા મોટા જ્ઞાની મહારાજાઓ છે અને તપસ્વીઓ છે, અતિ ઉત્કૃષ્ટ કરણીના કરનાર છે, સિંહગુફા, સર્પબિલે કાઉસ્સગ્ગ કરનારા છે. દુષ્કર બ્રહ્મચર્યને પાળનારા છે, માટે હું જાઉં, એવા ભગવાનને વાંદુ, નમસ્કાર કરૂં, યાવત્—સેવાભક્તિ કરૂં.

ફરી પણ તેઓ ખેદ કરે છે કે—

"અહો હો ! દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્યજન્મ પામી, પૂર્વભવમાં ગુરુમહારાજના યોગે તપસંયમ ગ્રહણ કરી પ્રમાદ છોડ્યો નહિ, તપ સંયમ રૂડી રીતે પાળ્યા નહિ, આળસથી ગુરુ તથા સાધર્મીનો વૈયાવચ્ચ પૂર્ણ રીતે કર્યો નહિ, સિદ્ધાંત પુરૂં ભણ્યો નહિ, ચારિત્રની મર્યાદા લાંબા વખત સુધી ઉત્તમ રીતે પાળી નહિ, હવે એવો સંજોગ ફરી હું ક્યાં પામીશ અને ક્યારે હું હૃદયમાં શુભ ધ્યાનને ધ્યાયીશ ? મોક્ષપદને હું ક્યારે પ્રાપ્ત કરીશ ? જેથી ગર્ભાવાસમાં ફરી આવવું છૂટી જાય."

ઇત્યાદિ શ્રી ઠાણુંગસૂત્રમાં કહ્યા મુજબ ઘણે પ્રકારે શુભ ભાવનામાં લીન થનાર અને શ્રી જિનરાજની

આજ્ઞાનું પાલન કરનાર દેવોને અધર્મી કહેવાને માટે જીભ કેમ જ ઉપડે ?

શ્રી **ઉત્તરાધ્યયન** સૂત્રના સાતમા અધ્યયને દેવ-ગતિનો લાભ મનુષ્યને કહ્યો છે અને આચાર્યભગવાન કહે છે કે—અમે પણ તેમજ સદ્દહીએ છીએ.

" धीरस्सयस्स धीरत्तं, सव्वधम्माणुवत्तिणो ।
चिच्चा अधम्मं धम्मिट्ठे, देवेसु उववज्जइ ॥ १ ॥"

ભાવાર્થ-આ મનુષ્યભવમાં શ્રી વીતરાગપ્રણીત તપ-સંયમ સાધીને દેવલોકને વિષે દેવપણે ઉત્પન્ન થયા.

જો આ દેવોને અધર્મી કહેશો, તો શું જિનરાજના કહેલા તપ અને સંયમની તેઓએ અધર્મી થવા સારૂ સાધના કરી, હાલમાં સાધના કરે છે કે ભવિષ્યમાં સાધના કરશે ? જો સર્વ દેવને અસંયતિ જ ગણુશો, તો તપ-સંયમને સાધવાથી તો ઉલટા વીતરાગના ધર્મને ખોઈ દેવાનું અને મિથ્યાત્વમાં પડી જવાનું થશે તથા તપ-સંયમની ક્રિયા જ દુર્ગતિમાં લઈ જનારી થશે. હાલમાં આ ક્ષેત્રમાં મોક્ષ તો છે જ નહિ, ત્યારે મોટા મોટા ક્રિયાવાદિઓ અને તપ-સંયમ આચનારાઓ શું દેવગતિમાં જઈ ઉલટા મિથ્યાત્વમાં પડી જશે ? માટે સર્વ દેવતાને અધર્મી કહેવા, એ ભયંકર મૂર્ખતા છે.

સમ્યગ્દૃષ્ટિ દેવતાઓએ સાધુ તથા શ્રાવકને ઉપદેશ આપી, જૈનધર્મમાં સ્થિર કરી,દુર્ગતિમાં પડતા કેવી રીતે અટ-કાવ્યા છે, તે નીચેનાં સૂત્રોની વિગતો ઉપરથી સમજાશે:—

શ્રી નિરયાવલી સૂત્રમાં કહ્યું છે કે—મહા મિથ્યાત્વી

સોમીલ તાપસ રાત્રીએ ધ્યાન લગાવી, નેતર જેવા કોમળ કાષ્ઠની મુખમુદ્રા બનાવી, મુખમાં ઘાલી, બંને છેડા કાને ચઢાવી, ઉત્તર દિશામાં મુખ રાખી બેઠો છે. ત્યાં એક દેવે આવી કહ્યું કે–"હે **સોમીલ** ! આ તારી પ્રવ્રજ્યા (દીક્ષા) દુઃપ્રવ્રજ્યા છે, માટે શ્રી જિનેશ્વર ભગવાને કહેલી સુપ્રવ્રજ્યા અંગીકાર કર" પણ **સોમીલે** તે ઉપર કાંઈ લક્ષ્ય ન આપ્યું. દેવ એમ પાંચ દિવસ સુધી કહેતો રહ્યો કે–"હે **સોમીલ** ! આ તારી દીક્ષા જૂઠી છે. આ તારૂં કષ્ટ અજ્ઞાન કષ્ટ છે માટે વારંવાર વિચાર કર !" આવાં હિતનાં વચનો વારંવાર સાંભળી **સોમીલે** શુદ્ધ જૈનધર્મને માન્ય કરી, મિથ્યાત્વનું દુષ્કૃત આલોવી, શુદ્ધ તપ–જપ અને સંયમનું આરાધન કર્યું. અન્તે તે **મહાશુક્ર** દેવવિમાનમાં ઉત્પન્ન થયો તથા આગામી ભવે મોક્ષે જશે. તે દેવે ભગવાન શ્રી **મહાવીર** પરમાત્મા સન્મુખ નાટક પણ કર્યું હતું.

શ્રી **ઉપાસકદશાંગ** સૂત્રમાં **ગોશાલક** મતના ઉપાસક **સદ્દાલપુત્રને** દેવતાએ શ્રી **મહાવીરસ્વામી** પાસે જવાનો ઉપદેશ કરી ધર્મમાં દૃઢ કર્યો, તો વિચારો કે જો તે દેવ સમ્યગ્દૃષ્ટિ ન હોત, તો શ્રી **મહાવીર** પ્રભુ પાસે શા માટે મોકલત ?

શ્રી **જ્ઞાતાસૂત્રમાં** ફરમાવ્યું છે કે–મહા મોહાંધ **તેતલી** પુત્ર મંત્રિને **પોટિલ** નામના દેવે ઘણા ઉપાય કરી ધર્મબોધ આપ્યો, તેથી તેણે જૈન દીક્ષાનો સ્વીકાર કર્યો તથા તે જ વેળા તે કેવળજ્ઞાનને પામ્યો.

ધર્મની આવી ઉંચ્ચ લાગણી ધરાવનાર દેવોના હૃદય-કમલમાં સમ્યક્ત્વ રોમેરોમ વ્યાપેલું હોય, તો જ આમ બની શકે. મિથ્યાત્વી દેવોને આવી સજ્જડ ધાર્મિક લાગણી હોઈ શકે નહિ.

આટલું જોવા અને જાણવા છતાં પણ, દેવતાની કરણીને જો અધર્મ રૂપ માનશો, તો એક દેવતા તો તીર્થંકર, સાધુ, શ્રાવકને ઉપદ્રવ કરે છે ને બીજો દેવતા ભક્તિપૂર્વક તેનું નિવારણ કરે છે—તો તે બંને દેવને એક સરખું ફળ મળશે કે જૂદું જૂદું? તમારા મત પ્રમાણે તો એક સરખું ફળ મળવું જોઈએ; ગોળ ને ખોળ એક જ ભાવે ખપવો જોઇએ. પણ તેમ કદાપિ બને નહિ. વળી ઉપર બતાવેલ દેવોએ ઘણા જણને ધર્મમાં પ્રવર્તાવ્યા છે તેમને તથા કોઇ શિષ્ય દેવપણે ઉપજી પોતાના પૂર્વના ગુરુને ચારિત્રથી પતિત અવસ્થામાં જોઇ પ્રતિબોધ કરે તે દેવને ધર્મી ગણશો કે અધર્મી ?

૫૪ પ્રશ્ન૦ દેવતાઓ તો ચોથે ગુણઠાણે હોવાથી, તેમની કરેલ મૂર્તિપૂજાને પાંચમા—છઠ્ઠા ગુણસ્થાનકવાળા મનુષ્યો કેમ માન્ય કરે? દેવો તો પોતાનો જીત આચાર સમજી પૂજા કરે. તેમાં પુન્ય કેમ હોય ?

ઉત્તર૦ ચોથે ગુણસ્થાનકે જીવ સમ્યક્ત્વને પામે ત્યારથી એટલે ચોથાથી ચૌદમા ગુણસ્થાનક સુધી જીવોની ધર્મશ્રદ્ધા એક સમાન હોય છે. શ્રદ્ધામાં જરા પણ ફેર હોતો નથી. જો કે—તેમાં નિર્મલતા આદિને અંગે તફાવત હોઇ શકે છે, પણ તે તફાવતની વાત અહીં નથી. અહીં

તો વાત એ છે કે-ચોથા ગુણુસ્થાનકે અમૂક દેવાદિ વિષે શ્રદ્ધા અને આગળનાં ગુણુસ્થાનકોમાં તે તે વિષયમાં શ્રદ્ધાભેદ થતો હોય, એમ છે જ નહિ. તે તે સ્થિતિમાં રહેલા જીવો અન્ય દેવ-ગુરુને ચારે નિક્ષેપે ત્યજનારા હોય, તેથી તેમને શ્રી અરિહંતદેવ ચારે નિક્ષેપે પૂજનીક રહે, તેમાં આશ્ચર્ય નથી. ચોથા ગુણુસ્થાનકવાળા જીવને વ્રતપચ્ચકખાણુ હોતાં નથી અને પાંચમા ગુણુસ્થાનકવાળાને હોય છે એ વિગેરે તફાવત છે. બાકી સમકિત તો બન્નેને હોય જ. ભગવાને સમ્યગ્દૃષ્ટિ ઘણુા દેવોને મોક્ષગામી અને એકાવતારી કહ્યા છે. જો તેઓ અધર્મી હોય, તો તેમને મુક્તિની પ્રાપ્તિ આટલી નિકટ કેમ સંભવે ? તપ-સંયમની આરાધનાથી પૂર્વે બાંધેલું નિકાચિત પુણ્ય ભોગવ્યા વિના છૂટકો નહિ તથા દેવતાના ભવે ચારિત્રનો ઉદય ન હોય, તેથી તે જ ભવે મોક્ષે ન જઈ શકે અને એક આદિ વાર મનુષ્યગતિમાં અવશ્ય આવવું જ પડે, પણુ તેથી દેવતાઓ અધર્મી બની જતા નથી.

શ્રી **ઉપાશક** દશાશ્રુતસ્કંધમાં **ગોશાલાના** ભક્ત મિથ્યાત્વી દેવે **કુંડકોલિક** શ્રાવકને જૈનધર્મથી ભ્રષ્ટ કરવા ઘણુા ઉપાય કર્યા. **કુંડકોલિકે** તે દેવને ઘણી યુક્તિથી શુદ્ધ ધર્મનો બોધ કર્યો, છતાં તેણે પોતાની હઠ ન છોડી. આથી સમ્યગ્દૃષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિ દેવોમાં ઘણો ફેર છે, એમ નિશ્ચય થાય છે.

વળી ચોવીસે શ્રી તીર્થંકર મહારાજ ગૃહસ્થાવાસમાં ચોથે ગુણુસ્થાનકે હોય છે. તેઓને ધર્મી કહેવા કે

અધર્મી ? શ્રી **મહાવીર** પરમાત્મા, માતા-પિતાના સ્વર્ગવાસ પછી પણ કેટલોક કાળ ગૃહસ્થીપણે રહ્યા. સર્વ મમતાથી રહિત તથા રાગદ્વેષથી વિરક્ત થયા હતા, છતાં ગુણસ્થાનક તો ચોથું જ હતું. **ભરત ચક્રવર્તી** ગૃહસ્થપણામાં ચોથે ગુણસ્થાનકે હતા, છતાં એકદમ કેવલી થઈ ગયા : માટે જો દેવતાઓને ચતુર્થ ગુણસ્થાનકે હોવા માત્રથી અધર્મી કહ્યા, તો ઉપરના સર્વે મહાત્માઓ અધર્મી જ ઠરશે.

શુદ્ધ ભાવ વડે જ મુક્તિ છે. તે ભાવ જ્ઞાન-દર્શનથી પેદા થાય છે અને જ્ઞાન-દર્શનની શુદ્ધિ માટે મૂર્તિપૂજા કરવી કહી છે, એ કારણે દેવતાની જિનપૂજાદિ શુભ કરણી અધર્મપક્ષમાં નહિ, કિન્તુ ધર્મપક્ષમાં જ ગણાય છે.

દેવતાની શુભ કરણીને જીત આચારમાં ગણીને પણ ઉત્થાપી શકાય તેમ નથી. પ્રથમ તો જીત આચાર કોને કહેવાય, તે સમજવું જોઇએ. જીત એટલે "અવશ્ય કરવા યોગ્ય." અવશ્ય કરવા યોગ્ય કાર્યને જીતાચાર કહેવાય. જેમ કે-શ્રાવકનો જીત વ્યવહાર રાત્રીભોજનનો ત્યાગ, અભક્ષ્ય-અનંતકાયનો ત્યાગ, પ્રતિક્રમણાદિ ક્રિયાનું કરવું, એ વિગેરે છે. તેથી પુન્ય બંધાય કે નહિ ? જો કહેશો કે-'જરૂર બંધાય' તો પછી દેવતાએ જીતાચાર તરીકે કરેલી મૂર્તિપૂજા પણ ધર્મપક્ષમાં તથા પુણ્યબંધનું કારણ જ ગણાશે. ભગવાને પણ તેમજ ફરમાવ્યું છે.

જે વખતે **સૂર્યાભ દેવતા**, આભિયોગિક દેવતાઓની

સાથે ભગનાન શ્રી **મહાવીર** પરમાત્મા પાસે **આવી** વંદણા કરવા પૂર્વક સમવસરણ રચી, ભક્તિ કરવાની ઇચ્છા જાહેર કરે છે, તે વારે શ્રી **વીરપ્રભુએ** શ્રીમુખે ફરમાવ્યું છે કે–

" पोराणमेयं देवा०, जीयमेयं देवा०, कीयमेयं देवा०, करणिज्जमेयं देवा०, आचीन्नमेयं देवा०, अब्भणुन्नायमेयं देवा० । "

ભાવાર્થ–ચિરકાલથી દેવતાઓએ આ કામ કર્યું છે. હે દેવાનુપ્રિય ! તમારો એ આચાર છે, તમારૂં એ કર્તવ્ય છે, તમારી એ કરણી છે, તમને એ આદરવા યોગ્ય છે. મેં તથા બીજા તમામ તીર્થંકરોએ અનુજ્ઞા આપેલી છે. (શ્રી **રાયણપસેણી** સૂત્ર.)

સાક્ષાત્ શ્રી તીર્થંકરદેવ જેની કરણીને આ પ્રમાણે વખાણે છે અને કરવા અનુમતિ આપે છે, તેને નિરર્થક કે પાપની કરણી કહેવા કોણ સમર્થ છે ?

ભગવાનનાં પાંચે કલ્યાણકોએ દેવતાઓ ભારે મહોત્સવ કરે છે, એમ શ્રી **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ** સૂત્રમાં ફરમાવ્યું છે.

શ્રી જિનેશ્વરદેવનાં અસ્થિઓને કેવા ઉત્તમ ભાવથી અનેક અસુરકુમાર દેવ–દેવીઓ તથા ચમર અસુરેંદ્ર વિગેરે પૂજે છે, તેનું વર્ણન તથા ફલ શ્રી **ગૌતમસ્વામિના** પૂછવાથી શ્રી **મહાવીર** પરમાત્માએ શ્રી **ભગવતી** આદિ સૂત્રોમાં નીચે મુજબ ફરમાવ્યું છે.

" चमरस्स असुरिंदस्स असुरकुमारन्नो अन्नेसिं च

बहूणं असुरकुमाराणां देवाणां देवीणयं अच्चणिज्जाओ, वंदणिज्जाओ, नमंसणिज्जाओ, पूयणिज्जाओ, सक्कारणिज्जाओ, समाणिज्जाओ, कल्लाणं मंगलं देवयंचेइयं पज्जुवासणिज्जाओ भवंति ।"

ભાવાર્થ–તે દાઢા (અસ્થિઓ) ચમર અસુરેંદ્ર, અસુરકુમાર દેવતાઓ તથા દેવીઓને અર્ચવા યોગ્ય, વંદન કરવા યોગ્ય, નમવા યોગ્ય, પૂજવા યોગ્ય, સત્કાર કરવા યોગ્ય, સન્માન કરવા યોગ્ય, કલ્યાણકારી મંગલકારી દેવ સંબંધી ચૈત્ય જે જિનપ્રતિમા તેની માફક સેવા કરવા યોગ્ય છે.

શ્રી **જંબૂદ્વીપ પન્નતિ**માં પણ દાઢાને અધિકારે કહ્યું છે કે–"**केइ जिणभत्तीए।**" અર્થાત્–કેટલાક દેવો જિનભક્તિ જાણી તથા કેટલાક ધર્મ જાણી પ્રભુની દાઢા–અસ્થિઓને લે.

આવી ભક્તિ કરનાર દેવોને શી રીતે અધર્મી કહેવાય? શ્રી **ઉત્તરાધ્યયનજીમાં** ભક્તિનું ફલ યાવત્ મોક્ષ તથા શ્રી **રાયપસેણી**ના આધારે જિનપૂજાનું પણ તેટલું જ ફલ સર્વજ્ઞ પરમાત્માઓ ફરમાવે છે. તેને નિરર્થક કેમ ગણાય?

તેમ છતાં જો જીતાચારથી પુન્ય કે પાપ કાંઈ ન થવાનું કહેશો, તો શાસ્ત્રમાં "જીવ સમય સમયમાં સાત આઠ કર્મ બાંધે"–એ કેમ મળતું આવશે? કદાચ કહેશો કે–પાપબંધ થાય, તો તે કહેવું તદ્દન જૂઠું છે: કારણ કે–ભગવાને તો એ કરણીનું મોક્ષફળ બતાવ્યું

છે. વળી પૂજા વખતે દેવતાઓ ઉત્કૃષ્ટ શુભ ભાવમાં વર્તે, તો તેવા શુભભાવનું ફલ ઉલટું અશુભ મળે, એ શું ઘટિત છે? કદી નહિ. ભક્તિ કરતાં મનુષ્યોને તો પુણ્ય થાય અને દેવતાઓને કર્મબંધન થાય, એ કેવલ મનના યથેચ્છ પ્રલાપ સિવાય બીજું કાંઇ નથી.

તર્ક–દેવતાઓ તો એકજવાર આખી જીંદગીમાં મૂર્તિપૂજા કરે છે, પછી નહિ તથા સમ્યગ્દષ્ટિ, મિથ્યાગ્દષ્ટિ બંને વર્ગના દેવો તેમ કરતા હોવાથી તેને જીતાચાર જ કહેવાય. પણ શુભ-કરણી કહેવાય નહિ.

સમાધાન–શ્રી **રાયપસેણી** સૂત્રમાં **સૂર્યાભે** જ્યારે પૂછ્યું કે–"મારે પહેલાં તથા પછી હિતકારી અને કરવા યોગ્ય શું છે?" ત્યારે તેના સામાનિક દેવોએ કહ્યું કે–"તમારે પૂર્વે તથા પછી શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા હિતકારી અને કરવા યોગ્ય છે." આથી **સમ્યગ્દૃષ્ટિ સૂર્યાભાદિ** દેવોએ શ્રી જિનપ્રતિમાની પૂજાને નિત્ય કરણી તથા હિતકારી સમજી નિરંતર કરી છે, એમ સમજવું જોઇએ.

કોઈ પણ મિથ્યાદષ્ટિ દેવે શ્રી જિનપૂજા કરી હોય, એવો ક્યાંય પણ સૂત્રમાં દાખલો નથી, તેથી એ કરણી સમસ્ત દેવોની નહિ પણ ફક્ત સમ્યગ્દૃષ્ટિ દેવોની જ છે. શ્રી **રાયપસેણી** સૂત્રમાં પણ એમ જ લખ્યું છે–

"अन्नेसिं बहूणं वेमाणियाणं देवाण य देवीण य अच्चणिज्जाओ।"

અર્થ–બીજા પણ ઘણા દેવો તથા દેવીઓને પૂજવા લાયક છે.

ઇત્યાદિ પાઠથી સ્પષ્ટ જણાય છે કે–ફક્ત સમ્યગ્-દૃષ્ટિ દેવો જ પૂજે છે. જો તમામ દેવોની એ કરણી હોય, તો “ **सव्वेसिं वेमाणियाणं देवाणयं ॥** ” એમ સર્વે દેવોને ઉદ્દેશીને પાઠ હોવો જોઇએ.

આ રીતે જે દેવોની ભક્તિની ખૂદ શ્રી તીર્થંકર મહારાજા પ્રશંસા કરે છે, જેઓ નિરંતર શુભ ભાવનામાં મગ્ન રહે છે, ગુરુઓનાં દર્શન કરવા તથા પ્રશ્નોત્તર પૂછવા વિનયસહિત આવે છે, એક ચિત્તે ભગવાનની તથા ગુરુઓની દેશના સાંભળે છે, મિથ્યાદૃષ્ટિ દેવોના કરેલ ઉપદ્રવોને દૂર કરે છે, ધર્મભ્રષ્ટ થયેલા જીવોને ઉપદેશ આપી સ્થિર કરે છે અને વિવિધ પ્રકારે શાસનોન્નતિનાં કાર્યો કરે છે–તે તમામ કાર્યોને ધર્મપક્ષમાં ગણશો અને માત્ર મૂર્તિપૂજા કર્યાથી તેઓને અધર્મી ઠરાવવા પ્રયત્ન કરશો, તો તે કાર્ય તો મહા નીચતાભર્યું ગણાશે : કારણ કે–પૂર્વોક્ત તમામ કાર્યોમાં જો દેવતાઓ ભગવાનની સ્તુતિ, ભજન, સ્મરણ, વેયાવચ્ચ આદિ કરી ધર્મના મહિમાને વધારે છે, તો શું સિદ્ધાયતનમાં જઈ જિનપ્રતિમાની સામે તેથી વિપરીત કરતા હશે ? અર્થાત્–ભગવાનની નિંદા કરતા હશે ? અથવા એવાં બીજાં ક્યાં અધમ કૃત્યો કરતા હશે, કે જેથી તેમની કરેલ મૂર્તિપૂજાને નિરર્થક અને અશુભ પક્ષમાં ગણવાનું મન થઇ શકે ? શાસ્ત્રમુજબ તો તેઓ શુભ ભાવયુક્ત ‘ **नमोत्थुणं।** ’ નો પાઠ કહી સ્તુતિ કરે છે. નાટક, ગીતગાન, આદિ કરી પરમોત્કૃષ્ટ ગતિના બંધને બાંધે છે.

શ્રી આવશ્યક સૂત્રમાં '**देवाणं आसायणाए**' એ પાઠ કહી દેવતાની આશાતનાનો '**मिच्छामीदुक्कडं**' દેવામાં આવે છે તે રીતે મિચ્છામિ દુક્કડં દેઇ ફેર આ પ્રમાણે અવર્ણવાદ બોલવા, એ ન્યાય ક્યાંનો ગણાય? **શ્રી ઠાણાંગ** સૂત્રના પાંચમા ઉદ્દેશે કહ્યું છે કે—સમ્યગ્દૃષ્ટિ દેવોની આશાતના કે નિંદા કરવાથી જીવ ચીકણા કર્મ બાંધે છે અને દુર્લભબોધિ એટલે જિનધર્મની પ્રાપ્તિ તેને જન્માંતરમાં દોહિલી થાય છે.

"**पंचहि ठाणेहिं जीवा दुलभबोहियत्ताए कम्मं पकरेति तं जहा-अरिहंताणमवन्नं वदमाणे (१) अरिहंतपणत्तस्स धम्मस्स अवण्णं वदमाणे (२) आयरिय उवज्झायाणं अवण्णं वदमाणे (३) चाउवण्णसंघस्स अवण्णं वदमाणे (४) विविक्त बंभचेराणं देवाणं अवन्नं वदमाणे (५)॥**"

ભાવાર્થ—પાંચ સ્થાનકે જીવ દુર્લભબોધિપણાનું કર્મ બાંધે અને જૈનધર્મની પ્રાપ્તિ દોહિલી કરે છે તે પાંચ સ્થાનકના નામ કહે છે—(૧) અરિહંત ભગવાનના અવર્ણવાદ-નિંદા કરવાથી, (૨) અરિહંત ભગવાને પ્રરૂપેલ ધર્મના અવર્ણવાદ બોલવાથી, (૩) આચાર્ય ઉપાધ્યાયના અવર્ણવાદ બોલવાથી, (૪) ચતુર્વિધ સંઘનો અવર્ણવાદ બોલવાથી, તથા (૫) પાછલા ભવમાં પરિપૂર્ણ તપ તથા બ્રહ્મચર્ય શુદ્ધપણે પાળવાથી, દેવતાપણું પામ્યા એવા સમ્યગ્દૃષ્ટિ દેવોની નિંદા અવર્ણવાદ બોલવાથી જીવ દુર્લભબોધિપણાને ઉપાર્જન કરે. શ્રદ્ધા પૂર્વક જૈનધર્મની પ્રાપ્તિ ફરી મુશ્કેલ થઈ જાય.

તથા તે જ સૂત્રમાં કહ્યું છે કે-તેમના ગુણગ્રામ કરવાથી જીવ સુલભબોધિ અર્થાત્ જિનભાષિત ધર્મને સુખે કરી પામવાવાળો થાય.

આ રીતે સમ્યગ્દૃષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિ દેવ વચ્ચે રાત અને દિવસનું અંતર છે. તેને યથાર્થ રીતે સમજી સમ્યગ્દૃષ્ટિ અને ઉપકારી દેવોને વિપરીત કે સામાન્ય કોટિમાં મૂકવાના પાપથી બચી જવું જોઇએ.

૫૫ પ્રશ્ન૦ કહેવાય છે કે શ્રી **મહાનિશીથ** સૂત્રના અમુક પાના નષ્ટ થવાથી કેટલાક આચાર્યોએ મળી ફરીથી તે તૈયાર કર્યા છે, તો પછી તેને માનવામાં શંકા કેમ ન રહે?

ઉત્તર૦તો પછી બાકીનાં સૂત્રો માનવામાં પણ શંકા રાખવી જોઇએ, કેમકે તે પણ આચાર્યોનાં જ બનાવેલાં છે, પણ આવો તર્ક શ્રી જિનપૂજા નહિ માનવાની મનોવૃત્તિમાંથી જ ઉત્પન્ન થએલો છે.

શ્રી **મહાનિશીથ** સૂત્રમાં સ્થળે સ્થળે મૂર્તિપૂજાની પુષ્ટિ કરેલ હોવાથી, શ્રી **નંદીશ્વરદ્વીપ**માં આ સૂત્રની નોંધ હોવા છતાં તેનો અનાદર કરવા માટે આ વાતને આગળ ધરવામાં આવે છે પરંતુ શ્રી **મહાનિશીથ** ઉપરાંત બીજા અનેક સૂત્રોમાં શ્રી જિનપ્રતિમા અને તેની પૂજાના પાઠો આવે છે, તેનું શું? શ્રી **દેવર્દ્ધિગણિ** ક્ષમાશ્રમણ મહારાજે લાખો ગ્રન્થો પુસ્તકારૂઢ કર્યા તેમાંના શ્રી **નંદીસૂત્ર**માં સર્વ સૂત્રોની નોંધ આપી છે. એ જ નોંધમાંનું આ શ્રી **મહાનિશીથ** છે. શ્રી તીર્થંકર ગણધર મહારાજાની પરંપરાથી ચાલતી આવેલી પ્રણા-

લિકા મુજબ આ આચાર્યોએ તે સૂત્રનો પાછળનો ભાગ લોપ થઇ જવાથી પોતાને જેટલું મળી આવ્યું તેટલું શ્રી જિનાજ્ઞા મુજબ લખી દીધું. તેઓ આત્માર્થી ભવ-ભીરૂ ગીતાર્થ હોવાથી, પોતાની મનઃકલ્પનાથી એક અક્ષરની પણ નવીન રચના કરી નથી. તેઓશ્રી લખે છે કે—"શ્રી **મહાનિશીથ** સૂત્રના અમુક પાનાનો નાશ થઈ જવાથી તે વિષે ગુરુપરંપરાથી જિનાજ્ઞાનુસાર જેટલો અધિકાર મલ્યો તેટલો અત્રે સ્થાપન કરેલો છે. અમારી બુદ્ધિથી કાંઈ પણ નવીન લેખ દાખલ કર્યો નથી. આથી સાબીત થાય છે કે જે અધિકાર ચાલ્યો જવાથી તેઓ પ્રાપ્ત ન કરી શકયા, તે અધિકારને સર્વથા છોડી દીધો. જો તેઓ પક્ષપાતી હોત તો યદ્વા તદ્વા ખરાખોટાં ગપ્પાં મારીને પુરૂં કેમ ન કરત ? પણ શુદ્ધ અંતઃકરણવાળા મહાત્માઓ એવું ઉત્સૂત્ર ભાષણ કદી ન કરે. પ્રાયઃ તમામ સૂત્રો ગણધરદેવોએ રચ્યાં હતાં તેટલા શ્લોકોની સંખ્યા પ્રમાણ આજ રહ્યા નથી. આચાર્યોને જેટલા જેટલા શ્લોકો યાદ હતા તેટલા તો લખી લઈ બાકીના છોડી દીધાં છે, તો પછી જ્યારે શ્રી **મહાનિશીથ**માં શંકા ઉત્પન્ન થાય છે તેવી શંકા બાકીના અંગસૂત્રોમાં પણ થવી જોઈએ. અહીં એટલું સમજવું અગત્યનું છે કે સમુદ્ર જેવા અગીયાર અંગ એક લોટામાં સમાઇ જાય તેવા રહી ગયા છે પણ પાણી તો એ જ સ્યાદ્વાદમય દ્વાદશાંગી રૂપ સમુદ્રનું જ છે તેમાં જરા પણ ફેરફાર નથી. શ્રી **મહાનિશીથ** સૂત્ર પણ બાકીના સૂત્રોની માફક અક્ષરશઃ સત્ય છે.

સમુદ્ર સમાન ગંભીર બુદ્ધિના ધણી પરોપકાર રત મહાન્ આચાર્યોને શ્રી જિનપ્રતિમાના દ્વેષથી મૃષાવાદી ગણી કલંક લગાડવું, એ મહા અનુચિત છે. એક અક્ષર પણ સૂત્ર વિરુદ્ધ પ્રરૂપવાથી અનંત સંસારી થવાય, તો શું આ આચાર્યોને પરભવનો ડર મુદ્દલ નહોતો ? વળી શ્રી **મહાનિશીથ**ને લખાયાને આજ લગભગ ચૌદસો વર્ષ થઇ ગયાં અને તેમાં શંકા કરનારાઓને તો આજ સો બસો વરસ થયાં છે ત્યારે વચલા હજાર બારસો વરસ સુધી કોઈ એવા કુતર્કો કરનાર પેદા કેમ ન થયા ? એ દરમ્યાન સેંકડો આચાર્યો અને સાધુઓ થઇ ગયા, જેઓએ નિ:શંકપણે એ સૂત્ર માન્ય કરી મસ્તકે ચઢાવ્યું છે. માટે તેની પ્રમાણિકતામાં સંદેહ ઉભો કરનારા જ અપ્રમાણિક સિદ્ધ થાય છે.

૫૬ પ્રશ્ન૦ શ્રી જિનેશ્વર ભગવાનને વંદન-નમસ્કાર કરવા રૂપ ભાવ પૂજાથી લાભ છે, તો પછી પુષ્પ-ફલાદિ ચઢાવવાથી શો ફાયદો ?

ઉત્તર૦ સાધુ લોકોની પૂજા પણ ભાવથી જ કરવી જોઇએ. સેંકડો કોસ ગાડી, ઘોડા, રેલ પ્રમુખ પર ચઢીને વંદન કરવા જવામાં શો ફાયદો છે ? મન થકી ઘેર બેઠાં જ ભાવના ભાવી લેવી જોઇએ. તથા આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધ, ભેષજ, બાજોઠ, પાટ વિગેરેથી દ્રવ્ય પૂજા શા સારૂ કરવી જોઇએ ? તેમાં તો પ્રત્યક્ષ હિંસા દેખાય છે. સાધુ આહાર કરે, ઠલ્લે જાય, પેશાબ કરે, વરસાદની મોસમમાં વરસતા વરસાદમાં મળમૂત્રને પરઠવે, એમ કરતાં અસંખ્યાતા જીવો યાવત્ પંચેન્દ્રિય

સુધીની હિંસા થાય, કદાપિ સાધુને અજીર્ણ સંબંધી રોગ પેદા થતાં તેઓ દુઃખ પામે, પેટમાં બેઇન્દ્રિયાદિ જીવો ઉત્પન્ન થાય અને નાશ પામે, એ સઘળું પાપ આહાર દેનારને કેમ નહિ લાગે ? વળી વસ્ત્ર મેલું થાય, જૂ તથા લીખ વિગેરે પડી જાય, માટે એવી સાવદ્ય દ્રવ્યપૂજા છોડીને નિરવદ્ય વંદન ભાવથકી કેમ નથી કરવામાં આવતું ?

જો કહેશો કે-' સાધુને દાન દીધાથી તો એકાંત નિર્જરા બતાવી છે '-તો પછી શ્રી જિનમૂર્તિની દ્રવ્યપૂજામાં કર્મબંધ થાય, એમ કયા સૂત્રમાં કહ્યું છે ?

વળી પૂજામાં વપરાતાં પુષ્પ વિગેરેના જીવ તો માત્ર એકેન્દ્રિય અવ્યક્ત ચૈતન્યવાળા છે. તેમાં તો તમે દોષ બતાવો છો અને સાધુને ઉષ્ણ અને મિષ્ટ ભોજન વહોરાવતાં, ઉઠ-બેસ કરતાં, સામે જતાં, પહોંચાડતાં વિગેરે ક્રિયામાં ઉપર કહ્યા મુજબ અનેક ત્રસ જીવોની હિંસા થઈ જાય છે, છતાં તેમાં તમે નિર્જરા બતાવો છો, એ ક્યાંનો ન્યાય ગણાય ? એકેન્દ્રિયની હિંસા કરતાં બેઇન્દ્રિયને મારવામાં વિશેષ પાપ છે, એમ અનુક્રમે પંચેન્દ્રિયને મારવામાં અનંતગુણું પાપ છે, તો વિચાર કરો કે-સાધુને દ્રવ્ય દાન દેતાં વધારે પાપ કે શ્રી તીર્થંકરની દ્રવ્યપૂજામાં વધારે પાપ ? જેમ સાધુને દાન દેવાનો હુકમ અનેક સૂત્રોમાં છે, તેમ શ્રી જિનેશ્વરની દ્રવ્યપૂજાનો હુકમ પણ અનેક સૂત્રોમાં છે. જે વાતનો નિષેધ નહિ તેનો હુકમ જ સમજવો.જેવી રીતે ગૃહસ્થપણે રહ્યા થકાં મુનિને દાન દેવાનું છૂટે નહિ, તેમ દ્રવ્યપૂજા પણ ન છૂટે. એકનો આદર કરવો

ને બીજાનો અનાદર કરવો, તે સ્પષ્ટ પક્ષપાત સિવાય બીજું કાંઈ નથી: કારણ કે-સમ્યકૃત્વની કરણીમાં સુપાત્રદાન અને જિનપૂજા, એ બન્ને કાર્યોનો સમાવેશ થાય છે. વળી એ પણ વિચારવા જેવું છે કે-'ઈચ્છા રહિતને દાન આપવું ઉત્તમ છે કે ઇચ્છાવાનને દાન આપવું શ્રેષ્ઠ છે? સકર્મીને દાન આપવું યોગ્ય છે કે અકર્મી એટલે કર્મ-રહિતને દાન આપવું વિશેષ યોગ્ય છે?' વિચાર કરતાં સહેજે માલુમ પડશે કે-ઇચ્છાવાન સકર્મી સાધુની દ્રવ્ય-પૂજા કરતાં પણ ઇચ્છારહિત અને કર્મમલથી સર્વથા દૂર એવા શ્રી વીતરાગદેવની દ્રવ્યપૂજા કરવી, ફૂળ-નૈવેદ્યાદિ વડે યથાયોગ્ય ભક્તિ કરવી, એ વિશેષ ફલદાયક છે. એ કારણે, **શ્રી પ્રશ્નવ્યાકરણ**માં દ્રવ્યપૂજાને 'દયા' શબ્દથી પણ સંબોધી છે તથા શ્રી **આવશ્યકસૂત્ર**માં પુષ્પાદિથી પૂજા કરતાં સંસારનો ક્ષય થાય, એમ કહ્યું છે.

૫૭ પ્રશ્ન૦ શ્રી પ્રશ્નવ્યાકરણમાં આઠ નામ દયાનાં આપ્યાં છે, તેમાં પૂજા પણ દયામાં કહી છે, પરંતુ તે ભાવપૂજા કેમ ન સમજવી?

ઉત્તર૦ અહીં ભાવપૂજા શું વસ્તુ છે, તે સમજવા જેવું છે. જે વખત દ્રવ્યપૂજા કરવામાં આવે છે, તે વખતે દ્રવ્યપૂજા કરતાં કરતાં મનમાં જે શુભ પરિણામ ઉત્પન્ન થાય છે, તેનું જ નામ ભાવપૂજા છે. દ્રવ્ય વિના કોઈ કાળે ભાવ હોઈ શકે જ નહિ. જેમ રસોઈ કરી હોય તો જ તે આહાર રૂપ દ્રવ્યથી સાધુને દાન દેવાની ભાવના ભાવી શકાય છે અને તેને જ ભાવ કહેવાય છે. ખાલી ભાવના કોઈ પદાર્થ જ નથી. બાર ભાવના જે છે, તે

પણ અમુક અમુક દ્રવ્ય પર છે. શ્રી જિનેશ્વરના ગુણની પ્રશંસા કરવી તે સ્તુતિ કહેવાય, પરંતુ પૂજા નહિ : અને દ્રવ્યપૂજા કરનારની અનુમોદના કે પ્રશંસા કરવી, તે ભાવપૂજા કહેવાય.

અગર કોઈ સ્ત્રી રસોઈની સામગ્રી તૈયાર કર્યા સિવાય સાધુને દૂરથી આવતા જોઈ બારણું વાસી મેડીના ગોખે ચઢી મનમાં ભાવના ભાવે કે–" સાધુને આહારપાણી વહોરાવ્યાથી જીવ મુક્તિએ જાય."–તો આ ભાવના સાચી કે ખોટી ? સાર્થક કે નિરર્થક ? દ્રવ્ય–પદાર્થ વિનાની હોવાથી આ ભાવના ફોકટ છે. જ્યાં ચિત્ત, વિત્ત અને પાત્ર–એ ત્રણેનો જોગ મળે, ત્યાં જ અનુપમ લાભ થવાનો સંભવ છે. વિત્ત અને પાત્ર વિનાનું કેવળ ચિત્ત શાસ્ત્રકારોએ વખાણ્યું નથી : કારણ કે–મોટે ભાગે તે દંભ રૂપ બની જાય છે.

શ્રી **આવશ્યકસૂત્રમાં** " લોગસ્સ "ના પાઠમાં જે " **कित्तिय वंदिय महिया** " આવેછે, તેમાં " **कित्तिय** "નો અર્થ કીર્તિ અથવા સ્તુતિ કરી અને " **वंदिय** "નો અર્થ વંદણા કરી;–એ બે શબ્દો ભાવપૂજા વાચી છે, પરંતુ " **महिया** " શબ્દનો અર્થ " **महिताः पुष्पादिभिः** " અર્થાત્–પુષ્પાદિકે પૂજા કરી, એટલે એ વચન દ્રવ્યપૂજા આશ્રી છે : છતાં કેટલાક ભાવપૂજાનો ખોટો અર્થ કરી ભ્રમમાં પાડે છે, તે અસત્ય છે. કોઈ પણ ટીકાકાર અથવા ટબ્બાકારે એકલો ભાવપૂજાનો અર્થ કર્યો નથી, કિન્તુ ભાવપૂજા અને દ્રવ્યપૂજા ઉભય અર્થ જ કરેલ છે.

૫૮ પ્રશ્ન૦ મૂર્તિને સ્નાન જ કરાવવું છે, તો પછી કાચા પાણી કરતાં અચિત્ત ગુલાબજલાદિ વડે કરાવવું શું ખોટું ? ફૂલને બદલે કાગલનાં ફૂલો તથા એલાયચી, લવીંગ વિગેરે અચિત્ત વસ્તુઓ વાપરવી શી ખોટી ?

ઉત્તર૦ ભદ્રિક આત્માઓને સન્માર્ગથી ખસેડી દેવાનો આ એક કુટિલ તર્ક છે. આ જાતિનો કુતર્ક કરનાર આત્માઓએ પોતાને ઘેર આ તર્ક શીખવનાર પોતાના ગુરુઓ ગોચરી માટે આવે ત્યારે કાગળ તથા કપડાની અચિત્ત રોટલીઓ વહોરાવવી, ગરમ પાણીને બદલે અચિત્ત ગુલાબજળ કે કેવડાજલ વિગેરે આપવું, પોતે પણ ઉપવાસ કરે ત્યારે કેવડાજલ કે ગુલાબજળ પીવું તથા એકાસણું કરે ત્યારે કાગલની રોટલીઓ ખાવી: કારણ કે–પાણી ગરમ કરવાથી હિંસા થશે તથા રસોઈ કરતી વખત તો ષટ્કાયજીવનો નાશ થઈ જવાનો. આ તમામ વૃથા તર્ક છે. પૂજાની જે ઉચિત રીતિ છે અને પરંપરાથી ચાલી આવે છે, તેને ફેરવી નાખવાથી ભયંકર અનર્થ સિવાય બીજું પરિણામ આવે નહિ. કાગલના ફૂલ કે ગુલાબજળથી પૂજા કે દાન દેતાં આજ્ઞાભંગનો મહાન દોષ તો લાગે જ છે, પરંતુ તે સિવાય બીજા પણ અનેક દોષોની પરંપરા જન્મે છે. ભક્તિના બદલે કેવળ અભક્તિ અને આશાતના જ થાય છે. જેઓ મોજશોખ કે સાંસારિક કાર્યપ્રસંગોએ ફૂલના હારો, ગજરાઓ વિગેરે બનાવરાવી પાસે રાખે છે અને રખાવે છે તથા તેમાં સેંકડો ફૂલોની હિંસા થઈ જાય તેના પાપનો જરા પણ ખ્યાલ ધરાવતા નથી, તેઓ પૂજામાં વપરાતાં

ફૂલો, કે જે પ્રભુના અંગ ઉપર નિર્ભય સ્થાને ચઢે છે, તેમાં મોટું પાપ લાગી જવાના ભયને આગળ ધરે છે, માટે તેઓની ચતુરાઈ આડે માર્ગે ચઢી ગયેલી છે, એમ સમજવું જોઇએ. એવું કુશિક્ષણ આપનાર ગુરુને સામે લેવા જતાં, તે ગુરુઓના દીક્ષા તથા મરણના મહોત્સવમાં, સેંકડો કોસ વાંદવા જતાં અને વ્યાખ્યાનસભા ભરતાં,—એ વિગેરે કૃત્યોમાં એકેન્દ્રિય ઉપરાંત વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય સુધીના જીવોની પ્રત્યક્ષ હિંસા થાય છે. તે નહિ જોતાં પૂજામાં એકેન્દ્રિય જીવોની હિંસાને આગળ કરવી, તે શ્રી જિનપૂજા રૂપી મહાન ધર્મથી સ્વયં ભ્રષ્ટ થવા સાથે અન્યને ભ્રષ્ટ કરવા માટે છે. પ્રાયઃ એવું કોઈ પણ ધર્મકાર્ય નથી, કે જેમાં હિંસાનો લેશ માત્ર પણ ન હોય. એટલા ખાતર જો ધર્મકાર્ય ત્યાજ્ય હોય, તો જગતમાં એક પણ કાર્યને ઉપાદેય ગણી શકાશે જ નહિ.

૫૯ પ્રશ્ન૦ પ્રતિમાને જિનરાજ તુલ્ય માનવી અને તેને દાગીના—અલંકાર—આભૂષણાદિ ચઢાવવા, પુષ્પ, ધૂપ, સ્નાન, વિલેપનાદિ કરવું, એ શું વ્યાજબી છે? ત્યાગીને ભોગી બનાવવા જેવી એ ક્રિયા નથી?

ઉત્તર૦ ત્યાગી અને ભોગીના ભેદની જેને ખબર હોય, તેનાથી આ પ્રશ્ન થઈ થકે જ નહિ. અર્હંત શબ્દનો વ્યાકરણના આધારે નીચે મુજબ અર્થ છે—

" अरिहंति वंदणनमंसणाइ, अरिहंति पूअसक्कारं ।
सिद्धिगमणं च अरहा, अरहंता तेण वुच्चंति ॥१॥"

અર્થ—જે વંદન—નમસ્કારાદિ (ભાવપૂજા)ને યોગ્ય છે, જેઓ (ઇંદ્રાદિક દેવોએ કરેલ આઠ પ્રાતિહાર્ય રૂપ)

પૂજા અને સત્કારને યોગ્ય છે અને જેઓ સિદ્ધિગતિને પામવાને યોગ્ય છે, તેને અરહંત કહેવાય છે. આ રીતે અર્હંત નામ જ દ્રવ્યપૂજાને સૂચવે છે. જેમના રાગ-દ્વેષ જડમૂળથી ઉખડી ગયા છે, તેઓ બીજાની કરેલ પૂજાથી ભોગી કે રાગી કેવી રીતે બનવાના હતા ? રાગ પેદા થવાનું કારણ જે મોહ-મમતા, તે તો સર્વથા નાશ પામી ગયેલ છે, તો પછી તેઓ કેવી રીતે લેપાય ? જો પૂજાથી ભોગી બની જશે, તો શું નિંદાથી નિંદનીય બનશે ? નહિ જ. પૂજા કે નિંદાથી તેમનો મહિમા વધતો કે ઘટતો નથી. પૂજા તથા નિંદાની સાથે તેમને કાંઈ સંબંધ નથી. પૂજક અગર નિંદક પુરુષને જ તે તે ક્રિયા શુભાશુભ ફળ દેનારી છે. ભગવાનને કેવળજ્ઞાન થયા પછી આઠ પ્રાતિહાર્ય થવાનું શ્રી **સમવાયાંગ** સૂત્રમાં વિગતવાર વર્ણન છે—

(૧) અશોકવૃક્ષ ભગવાનને છાયા કરે છે.

(૨) પંચરંગી જલસ્થલમાં પેદા થએલ ફૂલો જાનુપ્રમાણ દેવતાઓ વરસાવે છે.

(૩) દેવદુંદુભી આકાશમાં વાગે છે.

(૪) ચામરો બંને બાજુ ઢાળાય છે.

(૫) રત્નજડિત સુવર્ણસિંહાસન પ્રભુને બેસવા માટે હરદમ સાથે રહે છે.

(૬) ભગવાનની પાછળ રત્નમય તેજના અંબાર રૂપ ભામંડલ રહે છે.

(૭) દિવ્ય ધ્વનિ રૂપ પ્રાતિહાર્ય વડે મનોહર વીણાના સ્વરો થાય છે.

(૮) એક પર બીજું એમ ત્રણ ત્રણ છત્રો પ્રભુના શિર પર રહે છે.

વળી લાખ્ખો અને કરોડો દેવો જય જય શબ્દથી સ્તુતિ કરતા થકા સાથે રહે છે. દેવો સમોસરણ બનાવે છે, જેમાં–ચાંદીનો ગઢ અને સોનાના કાંગરા, સોનાનો ગઢ અને રત્નના કાંગરા, રત્નનો ગઢ અને મણિમય કાંગરા હોય છે અને વીશ હજાર પગથીયાં એકેક તરફ હોય છે; ભગવાન રત્નમય સિંહાસન ઉપર બેસી, ઇશાન કોણમાં મુખ રાખી દેશના દે છે. બાકીની ત્રણ દિશાઓમાં દેવતાઓ ભગવાનની ત્રણ મૂર્તિઓ સ્થાપન કરે છે. તે તે દિશાઓમાંથી આવનારા મનુષ્યો અને તીર્યંચો તેને સાક્ષાત્ પ્રભુ જાણી નમસ્કાર કરે છે. પ્રભુ એક પોતાનું મુખ તથા ત્રણ મૂર્તિનાં મુખ એવં ચાર મુખે અતિશય વડે દેશના આપે છે. ચાલતી વખત ભગવાન સુવર્ણ કમલ પર પગ દઇ ગ્રામાનુગ્રામ સમોસરે છે. સુગંધી પવન, સુગંધી જલનો છંટકાવ અને પુણ્યવાન પુરુષોને લાયક એવા અનેક દિવ્ય પદાર્થો પ્રગટ થાય છે. આટલા પદાર્થોનું સેવન કરનાર તીર્થંકરોનું ત્યાગીપણું ગયું નહિ, કર્મ લાગ્યાં નહિ, ભોગી બન્યા નહિ; અને મુક્ત પરમેશ્વરની મૂર્તિ સન્મુખ પૂજકની કરેલી દ્રવ્યપૂજાથી તેમને ભોગી બનવાનો આરોપ કે આક્ષેપ કરવો, તે નરી અજ્ઞાનતા સિવાય બીજું શું છે? ભોગીપણું કાંઇ બાહ્ય પદાર્થોથી થતું નથી. તે તો આંતરિક મોહના પરિણામને આધીન છે. તેવા મોહને તો પ્રભુએ પ્રથમથી જ દેશવટો આપી દીધો છે. અલિપ્ત ભગવાનને જેમ પૂજાથી રાગ નથી,

તેમ નિંદાથી દ્વેષ પણ નથી. જે જેવી રીતે કરે, તે તેવી રીતનું ફલ પોતાના આત્માને જ પ્રાપ્ત કરાવે છે. જેમ સૂર્ય ભણી કોઈ થુંકે અથવા સોનામહોર ફેંકે, તો તે ક્ષેપક તરફ પાછી આવે છે. સૂર્યને તેથી કાંઇ લાગતું નથી. ઈત્યાદિ દૃષ્ટાંતે પરમાત્માની પૂજા કે નિંદાથી પણ, પૂજક કે નિંદકને જ લાભ-હાનિ છે.

શ્રી તીર્થંકરદેવો જન્મથી માંડી યાવત્ નિર્વાણ પર્યંત પૂજનીય અને વંદનીય છે: કારણ કે-નિંદનીય વસ્તુના ચારે નિક્ષેપા જેમ નિંદનીય હોય છે, તેમ પૂજનીય વસ્તુના ચારે નિક્ષેપા પૂજનીય હોય છે. દ્રવ્ય નિક્ષેપથી પ્રથમ જન્માવસ્થાનું આરોપણ કરી, જેમ ઇંદ્રાદિ દેવોએ સ્નાન કરાવ્યું, તેમ પ્રભુને જલથી સ્નાન કરાવી એવી ભાવના ધારણ કરવાની છે કે-"હે પ્રભુ! જેમ જલ-પ્રક્ષાલનથી આ બાહ્ય તાપનો નાશ થાય છે, તેમ ભાવ રૂપ શુચિજલથી મારા આત્મા સાથે રહેલ કર્મમલ નાશ પામો!" તથા યૌવનાવસ્થા કે રાજ્યાવસ્થાનું આરોપણ કરી, વસ્ત્ર-આભૂષણાદિ પહેરાવવામાં આવે છે, તે વારે ચિંતવવું કે-"અહો પ્રભુ! આપને ધન્ય છે કે આ પ્રમાણે વસ્ત્રાભૂષણ, રાજ્યપાટ છોડી, સંયમ ગ્રહણ કરી, અનેક ભવ્ય જીવોને આપે તાર્યા. હું પણ મારી અલ્પ ઋદ્ધિ અને પરિગ્રહને છોડી એવો ક્યારે થઈશ?" એ રીતિએ કેસર, ચંદન, નૈવેદ્યાદિ ચઢાવી સર્વે ઠેકાણે જૂદી જૂદી ભાવના ભાવવામાં આવે છે ને કેવલી અવસ્થાનું આરોપણ કરી નમસ્કાર-સ્તુતિ આદિ કરવામાં આવે છે.

શ્રી વીતરાગદેવ ગૃહસ્થાવાસમાં વસ્ત્રાભૂષણના ભોગી

હતા, છતાં તે અવસ્થામાં પણ મન થકી તો ત્યાગી જ હતા: પરન્તુ તીર્થંકર પદવીનું નિકાચિત પુણ્ય ઉપાર્જન કરીને આવેલા હોવાથી, પ્રાતિહાર્યાદિ બાહ્ય ઋદ્ધિ પણ આવીને પ્રાપ્ત થાય છે અને તેને અલિપ્તપણે ભોગવવી પડે છે. પરન્તુ તે વખતે પણ તેઓ રાગ–દ્વેષરહિત શુદ્ધ ભાવમાં વર્તતા હોવાથી, નવાં કર્મ બાંધતા નથી: કારણ કે–કષાયરહિત શુભ યોગથી કર્મબંધ થાય નહિ, રાગ–દ્વેષની ચોકડી ભળે તો જ કર્મબંધ થાય. વીતરાગ પ્રભુનું ખાવું, પીવું, બેસવું, ઉઠવું વગેરે સઘળું મોહ–મમત્વરહિત હોવાથી બંધના નહિ પણ નિર્જરાના હેતુ છે, જ્યારે અજ્ઞાની જીવો તે તે કાર્યોમાં મોહિત થઇ જવાથી કર્મ બાંધે છે.

પ્રભુ તો વીતરાગ છે, નિરાગી છે, તો પછી તેમની વસ્ત્રાલંકાર વડે પૂજા કરતાં તેમના નિરાગીપણામાં લેશમાત્ર પણ ખામી શી રીતે આવવાની? ભગવાનની ત્રણ અવસ્થામાં પ્રથમ પિંડસ્થ અવસ્થાના ત્રણ ભેદ છે.

(૧) જન્માવસ્થા–નવરાવવું, પ્રક્ષાલન કરવું, અંગ લૂંછવું વિગેરે કરતી વખત જન્માવસ્થા ભાવવાની છે.

(૨) રાજ્યાવસ્થા–કેસર, ચંદન, ફૂલમાલા, ઘરેણાં, અંગરચના, વિગેરે કરતી વેળા રાજ્યાવસ્થા ભાવવાની છે.

(૩) શ્રમણાવસ્થા–ભગવાનનું કેશરહિત મસ્તક, કાયોત્સર્ગાસન વિગેરે જોઈ શ્રમણાવસ્થા ભાવવાની છે.

બીજી પદસ્થ અવસ્થા. પદ કહેતાં શ્રી તીર્થંકર પદ. અહીં કેવલજ્ઞાનથી માંડી મોક્ષ ગયા સુધીની કેવલી અવસ્થા ભાવવાની છે. આ અવસ્થામાં પ્રભુ આઠ પ્રાતિહાર્ય

સહિત હોય છે અને રત્નજડિત સિંહાસન પર બેસે છે. સોનાનો નિરંતર સ્પર્શ કરતાં છતાં, તેમનો વીતરાગ ભાવ જતો રહેતો નથી અને જો જતો રહેતો હોત તો ગણધર મહારાજ તથા ઇંદ્રાદિ દેવો શા માટે વીતરાગ કહીને સ્તુતિ કરત? વીતરાગપણાનો ભાવ, એ કાંઈ બાહ્ય પદાર્થ નથી કિન્તુ અભ્યંતર વસ્તુ છે.

ત્રીજી રૂપાતીત અવસ્થા–તે રૂપ વગરની સિદ્ધપણાની અવસ્થા છે. આ અવસ્થા પ્રભુને પર્યંકાસને, કાઉસગ્ગ ધ્યાને, શાંત મુદ્રાએ બેઠેલા જોઈને ભાવવાની છે. આવી અવસ્થામાં પ્રભુને જોઈને, એ અવસ્થાની ભાવના ભાવતાં આત્મામાં અપૂર્વ શાંતિ પેદા થાય છે.

જેઓ પ્રાતિહાર્યાદિ પૂજાને ન માને, તેઓએ તો માત્ર નિર્વાણ અવસ્થાને જ માનવી જોઈએ: પણ તેમ તો તો જ બની શકે કે–ભગવાનની એકાંત નિર્વાણ અવસ્થા જ પૂજનીય હોય અને બાકીની અવસ્થાઓ અપૂજનીય હોય. પ્રભુની સર્વે અવસ્થાઓ પૂજનીય છે, તેથી તેમને પૂજવાની રીત પણ ઉપરોક્ત ત્રણ પ્રકારે શાસ્ત્રકારોએ ફરમાવી છે.

વળી એક વાત એ પણ સમજવાની છે કે–જે સાધુને લોકો વાંદે છે, પૂજે છે, તે સાધુઓ ત્યાગી છે કે ભોગી? જો ત્યાગી છે, તો પછી આહાર, પાણી આદિને કેમ ભોગવે છે? વંદન–નમસ્કાર શા વાસ્તે લે છે? વસ્ત્ર, પાત્ર વિગેરે લેવાથી તેના ભોગી, અભિલાષી કે તૃષ્ણાવંત સિદ્ધ થાય છે? જો નહિ, તો જેમ સાધુ–

મહાત્માઓ નિરાગીપણે પૂર્વોક્ત વસ્તુને ઉપયોગમાં લઈને સંયમસાધના કરે છે, છતાં ભોગી બની જતા નથી, તેમાં લેપાઈ જતા નથી, માત્ર સેવકપુરુષો યથોચિત ભક્તિ કરીને સ્વઆત્મકલ્યાણ સાધે છે, તેમ શ્રી વીતરાગદેવની પૂજા માટે પણ સમજી લેવું.

૬૦ **પ્રશ્ન૦** ભગવાન તો સાધુ છે. તેમને કાચા પાણી વડે સ્નાન કરાવવામાં ધર્મ કેમ સંભવે ?

ઉત્તર૦ ઉપર જણાવી ગયા તેમ ભગવાન તો જન્મથી માંડી પૂજનિક હોવાથી જન્માવસ્થાને આરોપી સ્નાન તથા યૌવનાવસ્થાને આરોપી વસ્ત્રાલંકાર પહેરાવવામાં આવે છે. જેમ શ્રદ્ધાળુ શ્રાવકસંઘને માલુમ પડે કે–'અમૂક પુરુષ યા સ્ત્રી દીક્ષા ગ્રહણ કરનાર છે'–તો તેને એક બે માસ સુધી ઘરે ઘરે જમાડવામાં આવે છે: સ્નાન કરાવી, વસ્ત્રાભૂષણ પહેરાવી, વરઘોડે ચઢાવી ફેરવવામાં આવે છે: તે કાંઈ સગપણ–સંબંધને અંગે કરવામાં આવતું નથી, માત્ર ભક્તિ નિમિત્તે જ કરવામાં આવે છે, છતાં પણ તે જ જ્યારે સાધુ થઈ જાય છે ત્યારે તેમાંનું કાંઈ કરી શકાતું નથી. અર્થાત્–ભાવનિક્ષેપા આશ્રી કાર્યો અને દ્રવ્યનિક્ષેપા આશ્રી કાર્યો જૂદાં જૂદાં હોય છે. ભગવાનને સ્નાનાલંકારાદિ દ્રવ્ય નિક્ષેપની ભક્તિને આશ્રી છે, કિન્તુ ભાવનિક્ષેપને આશ્રી નહિ. મૂર્તિની ભક્તિ ચારે નિક્ષેપને આશ્રીને કરવાની હોય છે.

વળી શ્રી તીર્થંકર મહારાજાઓએ તો ચાર ઘનઘાતી કર્મોનો ક્ષય કરી નાખ્યો છે, કર્મબંધનનું મૂળ જે મોહ–તેને

બાળીને ભસ્મીભૂત કરી નાખ્યો છે. નવા કર્મનો બંધ પ્રભુને વીતરાગ હોવાથી ન પડે, એમ શ્રી **ભગવતી** તથા શ્રી **પન્નવણા** આદિ સૂત્રોમાં ફરમાવ્યું છે. જ્યારે સાધુને તો ચાર કષાય, છ લેશ્યા અને આઠે કર્મ ખપાવવાનું બાકી છે. તેથી સામાન્ય સાધુ અને ભગવાનની પૂજાનો કલ્પ એક સરખો કેમ હોય ? ભગવાન સોનાના સિંહાસન પર બેસે છે, પણ સામાન્ય સાધુ જો સોનાનો સ્પર્શ કરે તો પણ દોષ લાગે: કારણ કે–સાધુને મોહ પેદા થવાનું તે કારણ છે. પ્રભુને પચીશ ક્રિયામાંથી એક ઇરિયાપથિકી (રસ્તે ચાલવાની) ક્રિયા માત્ર લાગે છે અને તે પણ પ્રથમ સમય લાગે, બીજા સમયે ભોગવે અને ત્રીજા સમયમાં ક્ષય કરે ! માટે ક્યાં કેસરીસિંહ ને ક્યાં હરણ ? ક્યાં રાજા ચક્રવર્તી ને ક્યાં એક ભિક્ષુક ? તેમ શ્રી વીતરાગદેવ તથા છદ્મસ્થ સાધુ વચ્ચે મહાન અંતર છે, એટલે બંનેની પૂજાનો વ્યવહાર પણ એક સરખો ક્યાંથી હોઈ શકે ?

તથા મૂર્તિ એ ભગવાનના ગુણોનું સ્મરણ કરાવવા માટેનું એક આલંબન છે, તેથી કાચા પાણીના સ્નાનનો દોષ તેને કેવી રીતે લાગે ? સાક્ષાત્ પ્રભુની પૂજાનો અને તેમની મૂર્તિપૂજાનો કલ્પ ન્યારો જ રહેવાનો છે. જેમકે–સાક્ષાત્ પ્રભુને કદી રથમાં બેસાડીને ભક્તિ કરવામાં નથી આવતી, જ્યારે પ્રભુની મૂર્તિને ભક્તિ માટે રથમાં સૌ કોઇ બેસાડે છે. ઇત્યાદિ ઘણા પ્રકારે ભાવ અરિહંતની અને સ્થાપના અરિહંતની ભક્તિ કરવાની રીતિમાં ફરક પડે છે.

૬૧ પ્રશ્ન૦ ભગવાન તો આધાકર્મી કે અભ્યાહુત આહાર વહોરતા નહિ, તો પછી તેમની મૂર્તિ પાસે બનાવેલો, વેચાતો લાવેલો કે સામો લાવેલો આહાર કેમ મૂકાય ?

ઉત્તર૦ આધાકર્મી આદિ આહાર ન લેવા સંબંધી વિચાર તો દીક્ષા ગ્રહણ પછીનો છે અને નૈવેદ્યાદિ દ્રવ્ય-પૂજા તો તે પહેલાંની અવસ્થાનો વિષય છે, એ ખૂલાસો ઉપર થઈ ગયો છે. જેમ સાધુ થનાર પુરુષને ઘરે ઘરે જમાડવામાં આવે છે, પણ સાધુ થયા પછી નહિ. અર્થાત્ નૈવેદ્યાદિ પૂજા દ્રવ્યનિક્ષેપા આશ્રી છે, ભાવનિક્ષેપા આશ્રી નહિ. જેમ ઇંદ્ર મહારાજા તથા અન્ય દેવો ભગવાનના જન્મમહોત્સવ વેળા અનેક ઉત્તમ દ્રવ્યોથી પ્રભુનું અર્ચન કરે છે તથા પાછલથી પણ દેવતાઓ વારંવાર આવી ભક્તિ કરે છે, તેમ પ્રભુની છદ્માવસ્થાને આશ્રી ઉપર્યુક્ત ભક્તિનું વિધાન છે, તેથી તેમાં દોષારોપણ કરવું વ્યર્થ છે.

૬૨ પ્રશ્ન૦ નાનકડી મૂર્તિની આગળ નૈવેદ્યના ઢગલે ઢગલા કરવામાં આવે છે, તે શું અયુક્ત નથી ? મૂર્તિને શું ખાવાની જરૂર પડે છે ?

ઉત્તર૦ આ પ્રશ્ન સર્વથા અઘટિત છે. નૈવેદ્ય કાંઈ મૂર્તિને ખાવા સારૂ નથી ધરાવાતું, કિન્તુ પૂજક પુરુષ પોતાની ભક્તિ માટે તે ધરે છે. પૂજ્યને તેમાં કાંઈ પ્રયોજન નથી. મૂર્તિ ખાતી નથી તેથી જ તેની સન્મુખ એ ભાવના ભાવવાની છે કે–"હે પ્રભુ ! આપ નિર્વેદી તથા સદા અનાહારી છો. આપની પાસે હું આ આહાર મૂકું છું તે એવા ભાવથી કે–હું આ આહાર અને નૈવેદ્યનો સર્વથા ત્યાગ કરી સદાને માટે આપના જેવું અનાહારી

(૫૬) મોક્ષને પ્રાપ્ત કરૂં! તથા વળી હે દેવાધિદેવ! આ આહાર અનેક પાપારંભ કરીને તૈયાર કર્યો છે ને તે આહાર હું ખાઈશ તો તેથી વળી તેના આસ્વાદનથી મારામાં રાગ-દ્વેષની પરિણુતી જાગૃત થશે. જેટલો આહાર હું આપને ચઢાવીશ, તેટલા આહાર સંબંધી રાગ-દ્વેષની પરિણુતી કમ થશે, ભક્તિનો લાભ મળશે અને પરંપરાએ મુક્તિફલનો સ્વાદ ચાખવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત થશે.

૬૩ પ્રશ્ન૦ ભગવાન અપરિગ્રહી છે. તેમને પૈસાટકાદિ ધન ચઢાવી પરિગ્રહી બનાવવાની શી જરૂર છે?

ઉત્તર૦ આ કુતર્ક પણ ઉપર્યુક્ત પ્રકારનો જ છે, છતાં તેના ઉપર ફરી વિચાર કરીએ. પ્રથમ પરિગ્રહ કોને કહેવાય? ખાન, પાન, વસ્ત્ર, અલંકાર, ધન, ધાન્ય વિગેરે આઠ ફરસી પુદ્ગલ છે, નજરે જોઇ શકાય છે, એક બીજાના આપ્યા આપી શકાય છે, પણ અઢાર પાપસ્થાનકના પુદ્ગલ ચોફરસી છે, જેને કેવલી ભગવાન સિવાય કોઈ જોઈ શકે નહિ અને તેથી પાપના પુદ્ગલો એક બીજાના આપ્યા આપી શકાય નહિ. પરિગ્રહ, એ પાંચમું પાપસ્થાનક છે. મોહ, મમત્વ, તૃષ્ણા વિગેરે તેના પ્રકાર છે. પરમાત્માનો મોહ-મમતા રૂપ પરિગ્રહ તો સર્વથા બળીને રાખ થઈ ગયો છે તથા બીજાનો આપ્યો હવે આપી શકાતો નથી, તો પછી અપરિગ્રહી અને નિર્મોહી ભગવાન બીજાના કર્યા સપરિગ્રહી કે સમોહી કેવી રીતે થઈ શકવાના?

વળી શ્રી જિનપ્રતિમાની સન્મુખ દ્રવ્ય ચઢાવતાં

પૂજકની ભાવના કેવી હોય છે, તે પણ સમજવા યોગ્ય છે. દ્રવ્ય ચઢાવતી વખતે પૂજક ચિંતવે કે–"હે પ્રભુ! હું જે ધન પેદા કરૂં છું, તેમાં અનેક પ્રકારના કર્મબંધ થાય છે. તથા વળી તે ધનને સાંસારિક કાર્યમાં ખરચવાથી ઉલટી વિશેષ પાપવૃદ્ધિ થાય છે: તો મારા આ ધનમાંથી મારા ભાવ પ્રમાણે જેટલું ધન પ્રભુભક્તિની અંદર ખરચું તો તેથી પાપબંધન રોકાઈ જાય તથા પુણ્યનો બંધ પડે. વળી આ ધન અંતે મારૂં નથી. મારાથી તેનો સ્વભાવ ભિન્ન છે. હું તો ચેતન છું. તે જડ છે. વાસ્તે તે પરથી જેટલો મૂર્છામોહ ઉતરે તેટલો મારે ઉતારવા યોગ્ય છે." આ રીતે પોતાનો પરિગ્રહ અને પોતાની મોહમમતા ઘટાડવા સારૂ પ્રભુભક્તિ આદિ ધાર્મિક કાર્યોમાં દ્રવ્ય ખરચાય છે. જેટલા અંશે સુકૃતમાં દ્રવ્ય વાપરવાની ઈચ્છા થઈ, એટલે અંશે તૃષ્ણા ઓછી થાય છે અને જેટલા અંશે ધનસંચય કરવાની ઇચ્છા કરી, તેટલા અંશે પરિગ્રહ અને લોભસંજ્ઞાની વૃદ્ધિ થાય છે.

મુનિજનો પણ સંયમનિર્વાહાર્થે વસ્ત્ર, પાત્ર, પુસ્તક વિગેરે રૂપી પદાર્થો ગ્રહણ કરે છે. કાયા એ પુદ્ગલ છે, તેને પણ તેઓએ ધારણ કરી છે. આહાર, પાન આદિ પણ તેઓ કરે છે. શિષ્યસમુદાય પણ તેઓને હોય છે. આ સર્વે રૂપી પુદ્ગલો જ છે. તે બધાને જો પરિગ્રહ ગણશો, તો સાધુઓનું પાંચમું વ્રત સર્વથા નષ્ટ થયું જ સમજવું પડશે અને કોઇ પણ સાધુનો મોક્ષ થઇ શકશે જ નહિ. પરંતુ આજ સુધી અનંતા મુનિઓ મોક્ષે ગયા અને જશે, માટે જેમ સાધુપુરુષો પાસે પૂર્વોક્ત વસ્તુઓ

હોવા છતાં પણ તેઓ તેમાં લુબ્ધ અને મમતાવાળા નહિ હોવાથી અપરિગ્રહી જ કહેવાય છે, તેમ શ્રી વીતરાગ પણ અપરિગ્રહી જ છે.

મરૂદેવી માતા હાથીની અસ્વારીએ બેઠાં થકાં, કરોડોનાં ઘરેણાં પહેરેલાં છતાં, આંતરિક મોહ ઉપશમતાંની સાથે જ કેવલજ્ઞાન થયું તથા છ ખંડના ધણી **ભરત** ચક્રવર્તિને પણ ગૃહસ્થાવાસમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તેથી કેવળ બાહ્ય પદાર્થોના યોગને પરિગ્રહ કહી શકાતો નથી. બાહ્ય પદાર્થોના યોગને જ પરિગ્રહ કહીએ, તો એક ભિક્ષુક કે જેની પાસે પહેરવા વસ્ત્ર કે ખાવા અન્ન અથવા ફૂટી કોડી પણ નથી, તેને તો પરમ નિષ્પરિગ્રહી અને મહા ત્યાગી સમજવો જોઈએ. પણ તેમ તો કોઈ માનતું નથી. કારણ એ છે કે-તે ભિક્ષુકો પાસે બાહ્ય પદાર્થો નહિ હોવા છતાં, અભ્યંતર પરિગ્રહ જે તૃષ્ણા, તે તો ભરેલી જ છે. તેથી તેનું કલ્યાણ થઇ શકતું નથી. આથી સિદ્ધ થાય છે કે-ઇચ્છા, તૃષ્ણા વિગેરે પાપના પુદ્‌ગલો સૌ સૌના પોતાની પાસે જ રહે છે, તેની આપ-લે થઈ શકતી નથી. જે નિષ્પરિગ્રહી છે, તે જેમ બીજાના કર્યા પરિગ્રહી થતા નથી, તેમ વીતરાગને ભક્તિ નિમિત્તે દ્રવ્ય ચઢાવવાથી વીતરાગ પરિગ્રહી બની જતા નથી.

૬૪ **પ્રશ્ન૦** દાન, શીલ, તપ ને ભાવના એ ચાર પ્રકારના ધર્મ છે. તેમાં મૂર્તિપૂજા કયા પ્રકારના ધર્મમાં આવે છે?

ઉત્તર૦ મૂર્તિપૂજામાં ચારે પ્રકારના ધર્મ મોજૂદ છે અને તે નીચે મુજબ-

પ્રથમ સુપાત્રદાન ધર્મ. તેના બે ભેદ. (૧) અકર્મી (કર્મરહિત) સુપાત્રદાન. (૨) સકર્મી સુપાત્રદાન. પાત્ર પણ બે પ્રકારનાં છે. એક રત્નપાત્ર તથા બીજું સુવર્ણ-પાત્ર. શ્રી તીર્થંકર અને સિદ્ધ કર્મરહિત, આશા-તૃષ્ણા-રહિત રત્નપાત્ર છે. તેમને ઉત્તમ પદાર્થો અર્પણ કરવા, તે અકર્મી સુપાત્રદાન ગણાય. બીજું સકર્મી સુપાત્ર સુવર્ણપાત્ર, તે સુસાધુ. તેમને દાન દેવાથી પણ સુપાત્ર-દાન કહેવાય. સાધુઓ આઠ કર્મ સહિત છે, લેશ્યા પણ છએ છે, ક્ષુધા-તૃષા શાંત કરવા તથા શીતોષ્ણ-પરીષહ નિવારવા અનેક વસ્તુઓના અભિલાષી પણ છે. સિદ્ધ પરમાત્મા અને કેવલીમહારાજના મુકાબલામાં છદ્મસ્થ સાધુ અત્યંત તુચ્છ છે. છતાં તેમને દાન દેતાં ગૃહસ્થ પુણ્ય-ઉપાર્જનનો મહાન લાભ પ્રાપ્ત કરે છે તથા અનુક્રમે મોક્ષગતિને પણ પ્રાપ્ત કરી શકે છે, તો પછી ઇચ્છારહિત, અકર્મી એવા શ્રી સિદ્ધભગવાનની સન્મુખ ભાવયુક્ત ઉત્તમોત્તમ દ્રવ્ય અર્પણ કરતાં અષ્ટ સિદ્ધિ, નવ નિધિ તથા મુક્તિપદની પ્રાપ્તિ થાય, તેમાં શું શક હતો? એક સ્થળે કહ્યું છે કે—

"**देहीति वाक्यं वचनेषु नेष्टं,**
नास्तीति वाक्यं ततः कनिष्टं।
गृहाण वाक्यं वचनेषु राजा,
नेच्छामि वाक्यं राजाधिराजः ॥ १ ॥"

ભાવાર્થ—અમૂક વસ્તુની યાચના કરવી કે—"મને તે વસ્તુ દ્યો."—એ મહા નીચ વચન છે. વસ્તુ માગવા છતાં ન આપવી અને ના કહેવી, એ તેના કરતાં પણ નીચ

વચન છે. વસ્તુ સન્મુખ કરી કહેવું કે-"આ વસ્તુ લો"-એ રાજવચન યાને ઉત્તમ વચન છે અને લેનાર પુરુષ કહે કે-"મારે ઇચ્છા નથી"-આ વાક્ય તો રાજાધિરાજ અર્થાત્ સર્વોત્તમ છે. માટે ઇચ્છા-તૃષ્ણા-રહિત ભગવાન સર્વપાત્રશિરોમણિ સુપાત્ર છે. તેમની સન્મુખ દ્રવ્ય ચઢાવી પૂજા કરતાં, પ્રથમ "દાનધર્મ" ઉચ્ચ રીતિએ સિદ્ધ થાય છે.

બીજો શીલધર્મ-તે પાંચે ઈંદ્રિયોને વશમાં રાખવી તેને કહેવાય છે. ગૃહસ્થ જ્યારે ભાવયુક્ત દ્રવ્યપૂજા કરે છે, ત્યારે પાંચે ઇંદ્રિયો સંવરભાવને પ્રાપ્ત કરે છે. એથી શીલધર્મ પણ સિદ્ધ થાય છે.

ત્રીજો તપોધર્મ-તે છ બાહ્ય તથા છ અભ્યંતર એમ બાર પ્રકારે છે. તેમાં શ્રી જિનપ્રતિમાને પૂજતી વખતે પૂજનકાળમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ હોવાથી બાહ્ય તપ થયો તથા ભગવાનનો વિનય, વૈયાવચ્ચ, ધ્યાન આદિ કરવાથી અભ્યંતર તપ થાય છે.

ચોથો ભાવધર્મ-તે શુભ ભાવ થવાને લીધે જ શ્રાવક ભક્તિ-પૂજા કરે છે. હજારો, લાખો રૂપીઆ ખરચી દેરાસરો વિગેરે બંધાવવાં, તે ભાવ વિના અશક્ય પ્રાયઃ છે. પૂજન કરતી વખતે શ્રી તીર્થંકરદેવોનાં પાંચે કલ્યાણકોની ભાવના ભાવવી, એ પણ ભાવધર્મ છે.

આવી રીતિએ વિવેકપૂર્વક વિચારવાથી સમજી શકાય તેમ છે કે-શ્રી જિનેશ્વરની મૂર્તિપૂજામાં પણ ચારે પ્રકારના ધર્મ એક સાથે આરાધાય છે.

૬૫ પ્રશ્ન૦ "आरंभे नत्थी दया।" એ સૂત્રવચન છે, તેથી દયામાં જ ધર્મ છે પણ આરંભમાં નહિ. શ્રી જિનપૂજામાં તો આરંભ થાય છે, તેથી ધર્મ કેમ હોઈ શકે ?

ઉત્તર૦ માત્ર એક પદ બોલી બાકીની ગાથા છોડી દેવાથી અર્થનો અનર્થ થાય છે. આખી ગાથાનો પૂર્વાપર સંબંધ મેળવીને અર્થ કરવાથી જ સત્ય પદાર્થનું જ્ઞાન થાય છે. તે આખી ય ગાથા એવા અર્થને જણાવનારી છે કે—" આરંભમાં દયા નથી, આરંભ વિના મહાપુણ્ય નથી, પુણ્ય વિના કર્મની નિર્જરા નથી અને કર્મની નિર્જરા વગર મોક્ષ નથી."

એવું કયું કામ છે, કે જેમાં આરંભ અર્થાત્ દ્રવ્ય-હિંસા ન હોય ? પણ ક્રિયાની પ્રશસ્તતા અને અપ્રશસ્તતા તથા તે સમયનો આત્માનો ભાવ એ વિગેરે ખાસ વિચારવું જોઈએ. શુભ ભાવમાં વર્તતાં થકાં દ્રવ્ય હિંસાનું પાપ ન હોય. એ માટે શ્રી **ભગવતી** સૂત્ર ફરમાવે છે કે—

" **शुभजोगपडुच्च अणारंभ।**"

અર્થાત્—જ્યાં મન, વચન, કાયાના શુભ જોગ હોય, તેવા આરંભને શ્રી તીર્થંકરદેવ અનારંભ કહે છે: તેથી કર્મબંધન હોય નહિ.

સાધુ નદી ઉતરે, વિહાર કરે, ગોચરી કરે, પડિલેહણા કરે, ઇત્યાદિ કાર્યો જાણી જોઇને કરે છે. અગર અજાણપણે કરવાનું કહેશો તો મહાદૂષણ લાગશે, કારણ કે—સાધુને કરવા, નહિ કરવા યોગ્ય કાર્યની ખબર જ નહિ, તો પછી તે શંકારહિત સમ્યગ્દષ્ટિ શી રીતે કહેવાશે ?

જેમ તે કામોમાં ભગવાનની આજ્ઞા છે ને સાધુ શુભ ભાવમાં વર્તતા હોવાથી કર્મ બાંધે નહિ, તેમ શ્રાવકને પણ દ્રવ્યપૂજામાં તથા સાધુને આહાર દેવામાં શ્રી જિનાજ્ઞા છે. તેમાં જો કે-હિંસા દેખાય છે, તો પણ તે સ્વરૂપ હિંસા હોવાથી તથા પરિણામ હિંસાના નહિ પણ શ્રી દેવગુરુની ભક્તિના હોવાથી, અનારંભી છે.

અહીં એમ કહેશો કે-'દ્રવ્યપૂજામાં તો પ્રત્યક્ષ હિંસા જણાય છે, તેથી તેમાં ધર્મ કેમ સંભવે ?' તો તે વચન પણ વ્યાજબી નથી. 'પ્રત્યક્ષ જીવને ન મારવા !'-એને જ જો 'અહિંસક ભાવ' માનશો, તો સૂક્ષ્મ એકેન્દ્રિય (લોકવ્યાપી પાંચે સ્થાવર)માં શુદ્ધ અહિંસકભાવ હોવાનું માનવું જોઇએ: કારણ કે-તેઓ બિચારા હિંસાનું નામ-નિશાન પણ સમજતા નથી અને કોઈ પણ જીવની પીડામાં નિમિત્ત બનતા નથી, તેથી તેઓ જ ખરેખરા અહિંસક સિદ્ધ થશે. અને તેઓ જો અહિંસક સિદ્ધ થાય, તો સૌથી પહેલાં મુક્તિ પણ તે જીવોની થવી જોઇએ. પરન્તુ આવું વિપરીત બનવું ત્રણે કાળમાં સંભવિત નથી. માટે સાચી અહિંસાની વ્યાખ્યા 'જીવને ન મારવા' તેટલી જ નથી, કિન્તુ-'વિષય-કષાય રૂપ પ્રમાદના યોગે જીવને ન મારવા'-તેનું જ નામ સાચી અહિંસા છે. શ્રી જિનપૂજામાં પ્રમાદના અધ્યવસાય નથી, પણ ભક્તિના શુભ અધ્યવસાય છે અને તેથી તેને જૈનશાસ્ત્ર મુજબ હિંસા કદી પણ કહી શકાય નહિ.

આ રીતે જે પુરુષ દ્રવ્ય તથા ભાવ અહિંસાનું સ્વરૂપ જાણી, અહિંસાને આદરે, તે જ ખરો અહિંસક

ગણાય : બાકીના મનુષ્યો તો 'દરવાજા મોકળા અને બાળે સૂયા'ની કહેવતને અનુસરી અહિંસાના સત્ય માર્ગથી ચૂકી જાય છે.

કેટલાંક કાર્યોમાં પ્રત્યક્ષ હિંસા આદિ હોવા છતાં પણ, તે તે કાર્યોને તેવા તેવા પ્રસંગોએ આદરવાની આજ્ઞા, સાધુ મુનિરાજને શાસ્ત્રે ફરમાવી છે. જેમ કે–

(૧) શ્રી **ભગવતીજીમાં** કહ્યું છે કે–શ્રીસંઘનું કારણ પડે તો લબ્ધિવંત સાધુ તલવાર હાથમાં લઈને આકાશમાર્ગે જાય.

(૨) શ્રી **ઠાણાંગસૂત્ર** તથા શ્રી **બૃહત્કલ્પસૂત્રમાં** કહ્યું છે કે–કાદવમાં તથા જલમાં ખૂંચેલી સાધ્વીને બહાર કાઢતાં થકાં, સાધુ શ્રી જિનાજ્ઞાને અતિક્રમે નહિ તથા સાધુ–સાધ્વીના પગમાં કાંટો કે ખીલો વાગે અથવા આંખમાં રજ પડે અને કોઈ કહાડનાર ન હોય, તો તેઓ પરસ્પર પણ કાઢે.

(૩) શ્રી **સૂયગડાંગ** સૂત્રમાં કારણવશાત્ આધાકર્મી આહાર લેતાં સાધુને દોષ ન લાગે, એમ કહ્યું છે.

(૪) શ્રી **આચારાંગસૂત્રમાં** સાધુને નદી ઉતરવાની તથા ખાડામાં પડી જાય તો ઝાડની ડાળી કે ઘાસ વિગેરેને પકડીને બહાર નીકળવાની આજ્ઞા છે.

(૫) શ્રી ઉવવાઈ સૂત્રમાં કહ્યું છે કે–શિષ્યની પરીક્ષા કરવા સારૂ ગુરુ તેના પર ખોટા દોષ આરોપે.

હવે જો પ્રત્યક્ષ જીવ ન મારવા તેને જ અહિંસા કહેશો,

તો પંચમહાવ્રતધારી સાધુને તો ત્રિવિધ ત્રિવિધ હિંસાનાં પચ્ચકખાણુ છે, છતાં તેમને ઉપરનાં કામો કરવાનું કહ્યું છે, તેનું શું? એમાં તમો કહો છો તેવી હિંસા તો સ્પષ્ટપણે રહેલી જ છે: એટલે સાધુ જો ઉપર જણાવ્યા મુજબનાં આજ્ઞાવિહિત કાર્યો કરે, તો તેથી તેમનાં વ્રતોનું ખંડન થશે કે નહિ? તથા ખાતાં, પીતાં, ઉઠતાં, બેસતાં પણ તમે કહો છો તેવી હિંસા તો થાય જ છે, તો તે હિંસાએ તેઓ હિંસક કે અહિંસક? ભગવાને તો, એ પ્રકારે જીવોની ઘાત થવા છતાં પણ, યતનાવાન સાધુઓને આરાધક કહ્યા છે. ધર્મનિમિત્તે શુભ ભાવે કોઈ કામ કરતાં હિંસા થાય, તો પણ શાસ્ત્રે વિરાધકપણું માનેલું નથી. સાધુને જ્યારે આ પ્રમાણે અધિક લાભ જાણીને હિંસાયુક્ત લાગે તેવાં પણ કાર્યો કરવાનો હુકમ છે, તો પછી શ્રાવકને ધર્મનિમિત્તે આરંભ કરતાં પાપ લાગે, એમ કેમ બને? તેવાં કાર્યોને તો ભગવાન શુભાનુબંધી કહે છે. જેમકે—

(૧) **સૂર્યાભ દેવના** સામાનિક દેવોએ ભગવાનને સમવસરણ આદિ રચી ભક્તિ કરવા ઇચ્છા બતાવી, ત્યારે ભગવાને કહ્યું કે–"તમારો એ ધર્મ છે. મેં તથા બીજા તીર્થંકરોએ આજ્ઞા આપેલ છે!" ઇત્યાદિ. એક યોજન પ્રમાણ જમીન સાફ કરવામાં અસંખ્યાતા વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય તથા બીજા જીવજંતુ આદિનો સંહાર થઈ જાય, છતાં ભગવાને તો તેમાં દેવતાઓની ભક્તિને પ્રધાન ગણી આજ્ઞા આપી છે.

(૨) શ્રી **રાયપસેણી** સૂત્રમાં ચિત્ર પ્રધાન, કપટ કરીને ઘોડા દોડાવી, **પ્રદેશી** રાજાને શ્રી **કેશી ગણધર** મહારાજાની પાસે ઉપદેશ પમાડવા લઈ ગયો. તેમાં અનેક જીવોની ઘાત થયા છતાં, શુદ્ધપરિણામી હોવાથી, તેને 'ધર્મની દલાલી' કહી છે, પણ 'પાપદલાલી' કહી નથી.

(૩) તેવી જ રીતે શ્રી **કૃષ્ણમહારાજે** દીક્ષાની દલાલી કરી, તેને પણ 'પાપદલાલી' નહિ કહેતાં 'ધર્મ-દલાલી' જ કહી છે.

(૪) શ્રી **જ્ઞાતાસૂત્રમાં** શ્રી **સુબુદ્ધિ** પ્રધાને શ્રી **જિત-શત્રુ** રાજાને સમજાવવા સારૂ ગંદા પાણીને સાફ કરવા હિંસા કરી. તે પણ ધર્મને વાસ્તે કહી છે.

(૫) કોઈ શ્રાવક સાધુને વંદના કરવા તથા વ્યાખ્યાન સાંભળવા દૂરથી ગાડીમાં બેસી વરસતા વરસાદે અનેક પ્રકારનો આરંભ તથા અજયણા કરતો આવ્યો, સામાયિક કરી સાધુની વાણીનો લાભ ઉઠાવ્યો, તેમાં પાપ કે પુણ્ય ?

(૬) કોઈ દીક્ષા લેવાનો અભિલાષી છે. તેને ઓઘા, મુહપત્તી, વસ્ત્ર, પાત્રની જરૂર છે. તે કોઈ શ્રાવક આપે તેમાં ધર્મ કે અધર્મ ?

(૭) સાધુને આવતા જાણી દૂર સુધી સામો જાય, વિહાર કરતા જાણી વળાવવા જાય, સેંકડો કોસ દૂર વાંદવા જાય, ખપતી વસ્તુનો જોગ મેળવી આપે, દીક્ષા-મહોત્સવ, મરણમહોત્સવ આદિ કરે. ઇત્યાદિ

કાર્યોમાં પંચેન્દ્રિય સુધીના જીવોની પ્રત્યક્ષ હિંસા થાય, છતાં તે કરવાથી ધર્મ થાય કે અધર્મ?

(૮) શ્રી મલ્લિનાથસ્વામિએ છ રાજાને પ્રતિબોધવા સારૂ મોહનઘર બનાવી પોતાના પરનો મોહ હઠાવવા સારૂ પોતાના સ્વરૂપની એક પુતળી ઉભી કરી તથા તેમાં નિત્યપ્રતિ આહારપાણી નાખતાં તેમાં લાખો જીવો ઉત્પન્ન થયા અને નાશ પામ્યા, છતાં તેનું પાપ ભગવાનને લાગ્યું નહિ. તેઓ તો તે જ ભવે મોક્ષે સાધાવ્યા. તેથી જો પાપવૃદ્ધિ થતી હોત, તો તેઓ તેમ કેમ કરે? અને કરવા છતાં મોક્ષ કેમ મળે?

એ પ્રમાણે આજ્ઞાસહિતનાં કાર્યોમાં સ્વરૂપે 'હિંસા' હોય છે, તો પણ પરિણામની વિશુદ્ધિથી અનુબંધે 'દયા' છે, એમ સમજવું જોઇએ.

અહીં કોઈ શંકા કરે કે–

"છ કાયના જીવોને શ્રી તીર્થંકરદેવ પોતાની ભક્તિ નિમિત્તે હણવાનો હુકમ કેવી રીતે દે?"

તેના જવાબમાં કહેવાનું કે–મહાન પુરુષો કદાપિ એમ ન કહે કે–'મારી ભક્તિ કરો' 'મને વાંદો' અગર તો 'મને પૂજો.' પણ શ્રી ગણધર મહારાજાએ બતાવેલા શાસ્ત્રયુક્ત વિધિ મુજબ પૂજન કરતાં સેવકપુરુષનું જરૂર કલ્યાણ થાય. જેમ સાધુ પોતાને ઉદ્દેશીને ન કહે કે–'મારી ભક્તિ–સેવા કરો.' પણ દેશના દ્વારા સામાન્ય રીતે ગુરુભક્તિનું સ્વરૂપ ઓળખાવે, સુપાત્રદાનનો મહિમા સમજાવે અને ભક્તજનો તે પ્રમાણે કરે, તેથી સાધુને

પોતાની ભક્તિનો ઉપદેશ આપનાર તરીકે ન ગણાય: કારણ કે—સમુદાયની ભક્તિના ઉપદેશમાં વ્યક્તિનું પ્રવર્તકપણું ગણાતું નથી.

૬૬ પ્રશ્ન૦ જીવને મારવો, છ કાયનો કુટો કરવો, તે હિંસા છે તથા જીવ પર દયા લાવી ન મારવો, છ કાયની રક્ષા કરવી, તે ધર્મ છે, તો પછી જાણીને જીવહિંસા કરતાં ધર્મ કેમ સંભવે ?

ઉત્તર૦ આ પ્રશ્ન એકાંતવાદિનો છે. પૂર્વે જે કામ સાધુ, સાધ્વી તથા શ્રાવકોને વાસ્તે કરવાની આજ્ઞા હોવાનું બતાવ્યું, તેમાં શું હિંસા નથી ? અવશ્ય છે, પણ એ હિંસા માત્ર દ્રવ્યહિંસા છે, મારવાના દ્વેષ રૂપ પરિણામથી કરેલી હિંસા નથી. તેથી તે હિંસા પાપકારી અર્થાત્ ભાવહિંસા ન ગણાય. બાકી હિંસા તો શ્વાસોશ્વાસ લેતાં, હાથ પગ ઉંચા—નીચા કરતાં અને ચાલતાં—બેસતાં થયા જ કરે છે. કોઇ પણ કાર્ય એવું પ્રાયઃ નથી, કે જેમાં દ્રવ્યહિંસા ન હોય.

હવે ઉપરનાં કાર્યોમાં થએલ હિંસા અજાણતાં થાય છે, એમ કહેવું એ પણ અયોગ્ય છે: કારણ કે—આહાર, નિહાર, વિહાર, આવશ્યક આદિ તમામ ક્રિયા જાણી જોઇને જ કરવામાં આવે છે. તેને અજાણતાં કરવાનું કહેવાથી તો તે ક્રિયા કરનારા સર્વે સાધુ, શ્રાવક અજ્ઞાની ઠરશે કે—તેઓને કૃત્યાકૃત્ય, ગમનાગમનની પણ ખબર નથી ! અને તેમ થાય તો પછી તેઓ સમ્યગ્દૃષ્ટિ કયી રીતે કહેવાય ? માટે ભગવાનની આજ્ઞામાં રહીને આજ્ઞા મુજબ જ હરેક કામ કરનાર માણુસ હિંસક નહિ પણ અહિંસક ગણાય,

પાપી નહિ પણ પુણ્યવાન ગણાય. જો એમ ન માનીએ તો એકેન્દ્રિય જીવો તો જાણતાં કે અજાણતાં લેશ માત્ર હિંસા કરતા નથી. તેઓ તો સૌથી ઉચ્ચ ગતિને પ્રાપ્ત થઈ જવા જોઇએ. અને જો એમ જ બને, તો પછી ક્રિયા, કષ્ટ, તપ, જપનું શું પ્રયોજન ?

માત્ર મુખથી "દયા, દયા"નો પોકાર કરવાથી 'દયા' ઉત્પન્ન થતી નથી. એ માટે–'દયા તથા હિંસાનું પરમાર્થ સ્વરૂપ શું છે ?'–તે પણ સમજવું જોઇએ.

શાસ્ત્રોમાં હિંસા તથા અહિંસા ત્રણ ત્રણ પ્રકારની કહી છે: હિંસાના ત્રણ પ્રકારો છે–

(૧) હેતુહિંસા,

(૨) સ્વરૂપહિંસા, તથા–

(૩) અનુબંધહિંસા.

એ જ રીતે અહિંસાના પણ–

(૧) હેતુ,

(૨) સ્વરૂપ, અને–

(૩) અહિંસા–

એમ ત્રણ ભેદો છે. જેમાં જીવની હિંસા થઈ નથી, પણ જીવરક્ષાના પ્રયત્નનો અભાવ છે, તેને હેતુહિંસા કહેવાય છે. જેમાં જીવરક્ષાનો પ્રયત્ન હોવા છતાં જીવ-વધ થયો છે, તેને સ્વરૂપહિંસા કહેવાય છે અને જેમાં જીવનો વધ પણ છે અને જીવરક્ષાનો પ્રયત્ન પણ નથી, તેને અનુબંધ હિંસા કહેવાય છે.

એ જ રીતે અહિંસા માટે પણ સમજી લેવું.

શ્રી જિનપૂજાદિ ધર્મકાર્યમાં સ્વરૂપથી હિંસા છે, પણ હિંસાનો ભાવ નહિ હોવાથી, અનુબંધ અહિંસાનો પડે છે. જ્યાં સુધી મન, વચન, કાયાના યોગોની સંપૂર્ણ સ્થિરતા થઇ નથી, ત્યાં સુધી બોલતાં, ચાલતાં, બેસતાં, ઉઠતાં-એમ હરેક કાર્ય કરતાં આરંભ અને તેથી અલ્પાધિક કર્મબંધ થયા જ કરે છે: તો પછી સર્વથા અહિંસા કોઇ પણ કાર્યમાં કેવી રીતે હોઈ શકે?

શ્રી **ઠાણાંગસૂત્રને** ચોથે ઠાણે ચોભંગી કહી છે.

(૧) સાવદ્ય વ્યાપાર ને સાવદ્ય પરિણામ.

(૨) સાવદ્ય વ્યાપાર ને નિરવદ્ય પરિણામ.

(૩) નિરવદ્ય વ્યાપાર ને સાવદ્ય પરિણામ.

(૪) નિરવદ્ય વ્યાપાર ને નિરવદ્ય પરિણામ.

તેમાં પહેલો ભાંગો-મિથ્યાત્વી આશ્રી છે: બીજો ભાંગો -સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિ શ્રાવકનો છે, કારણ કે-શ્રાવકને યોગ્ય દેવપૂજા, સાધુવંદન આદિ ધાર્મિક કાર્યોમાં, જોવામાં તો તે સાવદ્ય વ્યાપાર માલૂમ પડે છે, પણ તેમાં શ્રાવકના પરિણામ હિંસાના નહિ હોવાથી તે સ્વરૂપ હિંસા માત્ર છે, જેનું પાપ આકાશ-પુષ્પવત્ આત્માને લાગતું જ નથી: ત્રીજો ભાંગો-શ્રી **પ્રસન્નચંદ્ર** રાજર્ષિ જેવાનો જાણવો: અને ચોથો ભાંગો-સર્વવિરતિ સાધુ સંબંધી છે.

વળી શ્રી **ભગવતીસૂત્રના** તેરમા શતકમાં કહ્યું છે

કે–" **વીતભયપુરના રાજા ઉદાયીને** દીક્ષા આપવા સારૂ **શ્રી મહાવીર** પરમાત્મા સાતસો કોસથી ચાલીને આવ્યા. હવે વિચાર કરો કે–માર્ગમાં અનેક નદીઓ પાર કરી હશે, સાધુઓને પગે અસંખ્યાતા જીવોની હિંસા થઈ હશે તથા **ઉદાયી** રાજાને દીક્ષા દીધાથી તેની રાણીઓ પ્રમુખ અનેક જીવોને દુઃખ ઉપજ્યું હશે: તો ભગવાન જાણી જોઇને આવા પાપમાં કેમ પડચા હશે? તથા સાધુઓ પાસે વિહાર કરાવી પાપ કેમ સેવરાવ્યું હશે?

તે જ પ્રમાણે કેવલી મહારાજ કે સામાન્ય સાધુઓ, ચક્રવર્તી પ્રમુખ રાજાઓ તથા મોટા શેઠ શાહુકારોને દીક્ષા આપી, તેમની સ્ત્રીઓ તથા આશ્રિતજનોને કેમ ચિંતાતુર કરી, વિના કારણ ખટપટ કરતા હશે? કેવલી સર્વજ્ઞની બુદ્ધિ વધે કે આજના માનવીઓની? વસ્તુનું રહસ્ય સમજ્યા વિના કુતર્કો કરવા, એ આત્માર્થિપણાને છાજતું નથી. કેવલી ભગવંતો અને સાધુ મુનિરાજોને તો સર્વ જીવો પર દયાનો જ ભાવ છે, છતાં પોતાના સ્વભાવથી જ કોઇને દુઃખ ઉપજે તેમાં તેમનો શો અપરાધ?

સર્વથા એકાંતવાદિઓને હિસાબે તો, નીચેના દૃષ્ટાંત પ્રમાણે તેઓએ રહેવું ઉચિત છે.

કોઇ બે પુરુષોએ સાધુ પાસે દીક્ષા લીધી. તેમાં એક જણ, કે જે એકાંતદયાવાદી હતો, તે બોલ્યો કે– "શ્રી વીતરાગ પ્રભુએ તો દયામાં જ ધર્મ બતાવ્યો છે, તેથી હું તો સાડા ત્રણ હાથ જમીન મોકળી રાખી, તેમાં જ પડ્યો રહી શુદ્ધ આહારનો જોગ

મળશે તો ત્યાં જ લઇશ : કેમ કે–આહાર, પાણી, ઠલ્લા, માત્રા વાસ્તે બહાર જવાથી તથા ગ્રામાનુગ્રામ વિહાર કરવાથી હિંસા લાગે અને તેથી ભગવાનની આજ્ઞાનો ભંગ થઈ જાય!" એકાન્તદયાવાદી એવા તેને એમ કહેતો જાણીને, તેના સાથી સાધુએ કહ્યું કે– "ભગવાને તો નવકલ્પી વિહાર કરવો, એક જગ્યાએ પડ્યા ન રહેવું, વિધિપૂર્વક ઠલ્લે જવું, ગોચરી લાવવી, વ્યાખ્યાન સંભળાવવું ઇત્યાદિ ઉત્સર્ગ–અપવાદસહિત આજ્ઞામાં ધર્મ પ્રરૂપ્યો છે, માટે આજ્ઞા મુજબ સઘળી પ્રવૃત્તિ કરવી જોઇએ." હવે આ બેમાંથી કયો સાધુ આરાધક ને કયો વિરાધક? વિહારાદિ કરનારો કે હિંસા-અહિંસાના સ્વરૂપનો અનભિજ્ઞ એક ખૂણે પડી રહેનારો? વિહારાદિ કરનારા જ આરાધક ગણાય અને પેલો એકાન્તદયાવાદી તો વિરાધક જ ગણાય.

દ્રવ્યપૂજા કરવાથી હિંસાનું પાપ લાગવાનું કોઈ કારણ નથી. શ્રી **ઠાણાંગસૂત્રના** પાંચમા ઠાણે બીજે ઉદ્દેશે કર્મબંધનનાં પાંચ દ્વાર કહ્યાં છે.

"**पंच आसवदारा पन्नता, तं जहा—(१) मिच्छत्त, (२) अविरई, (३) पमाओ, (४) कषाय, (५) जोग.**"

અર્થ–પાપબંધનાં પાંચ કારણો કહ્યાં છે. (૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ, (૩) પ્રમાદ, (૪) કષાય, (૫) યોગ.

હવે પ્રભુપૂજા શાંત ચિત્તે, સમ્યક્ત્વસહિત, પ્રમાદરહિત, યથાવિધિ કરવાની હોવાથી, તે વખત મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ કે કષાય–એ ચાર પ્રકારે કર્મબંધ થવાનું

બીલકુલ સંભવે નહિ. પાંચમું "યોગ" નિમિત્ત રહ્યું. શ્રી **ભગવતીસૂત્રમાં** (૧) શુભ જોગ તથા (૨) અશુભ જોગ એમ બે પ્રકાર 'યોગ'ના કહ્યા છે. શુભ જોગ, એ પુન્યબંધ તથા અશુભ જોગ, એ પાપબંધનું કારણ છે. શ્રી જિનપૂજામાં કોઈ પણ જાતની કોઈની નિંદા કે અવર્ણ-વાદ આદિ ન હોવાને લીધે, અશુભ જોગ તો કહેવાય જ નહિ. કેવલ શ્રી જિનેશ્વરની ભક્તિ, ગુણગ્રામ, સ્તુતિ વિગેરે કારણો હોવાને લીધે, શુભ જોગ જ કહેવાય ને જેટલે દરજ્જે તે હશે તેટલે દરજ્જે શુભ બંધ પડવાનો. કારણ વિના કાર્ય નિપજે નહિ. દ્રવ્યપૂજામાં અશુભ બંધના કોઈ પણ કારણને અભાવે અશુભ ફલ ન જ હોય.

તર્ક—એમ તો ધર્મનિમિત્તે માંસાહાર કરતાં પણ કોઈ શુભ ભાવ રાખે, તો તેને પણ પાપ લાગતું ન જોઇએ.

સમાધાન—જો માંસાહાર કરવાથી બુદ્ધિ તથા પરિ-ણામ શુદ્ધ રહેતા હોય, તો સર્વજ્ઞ પરમાત્માને ભક્ષ્યા-ભક્ષ્યનો ભેદ બતાવવાની જરૂર પડત જ નહિ. વિદ્વાન્ ડૉકટરો પણ માંસભક્ષણને સુમતિ દેનાર સમજતા નથી. ઉલટો તેનો નિષેધ કરે છે. અન્ન, જલાદિ ભક્ષ્ય પદાર્થો નિર્વિકારી, નિરોગી, પૌષ્ટિક અને શારીરિક તથા માનસિક બલને વધારનારા છે; જ્યારે માંસ, મદિરાદિ અભક્ષ્ય વસ્તુઓ વિકાર કરનારી, રોગ વધારનારી, શરીર તથા મનને બગાડનારી તથા કુબુદ્ધિ અને નિર્દ-યતાના હેતુ રૂપ હોઈ અગ્રાહ્ય છે. તે ખાવાથી શુભ ભાવ કેવી રીતે થવાનો હતો? "અન્ન તેવો ઓડકાર" અને 'જેવું અન્ન ખાય તેવી બુદ્ધિ થાય'—એ વિગેરે

કહેવતોને પણ ભૂલવી જોઇએ નહિ. વળી–

એકેન્દ્રિય તો માત્ર અવ્યક્ત ચેતનાવાળા છે. તેમના કરતાં બેઇન્દ્રિયનું અનંતગુણું પુણ્ય છે. એમ ક્રમશઃ પંચેન્દ્રિય જીવોની પુન્યાઈ તેમના કરતાં અનંતગુણી છે. તો તેમને મારવાથી પાપ પણ અનંતગુણું, એકેન્દ્રિય કરતાં વિશેષ છે. વળી તેમને મારવામાં તીક્ષ્ણ શસ્ત્ર પ્રમુખનો ઉપયોગ કરતાં ક્રોધ, નિર્દયતાદિ ધારણ કરવાં પડે છે, તેથી નિષ્ઠુર પરિણામ તો શરૂઆતમાં જ થઈ ચૂકે છે તથા માંસમાં સમય સમય પર પંચેન્દ્રિય (સમૂર્ચ્છિમ) જીવોની ઉત્પત્તિ તથા વિનાશ થયા કરે છે. તેથી જ અનંતજ્ઞાનના ધણી સર્વજ્ઞ પરમાત્માઓએ તેવી અઘોર હિંસાને સર્વથા નિષેધી છે: અને થોડા પાપનું કારણ અન્ન, વનસ્પતિ આદિ એકેન્દ્રિય પદાર્થોને જ ભક્ષ્ય તરીકે ફરમાવેલા છે. આમ છતાં, શ્રી જિનપૂજાની સાથે માંસભોજનની સરખામણી કરવી, તે અત્યંત અજ્ઞાનતા અને ધર્મદ્વેષને સૂચવનાર છે.

૬૭ પ્રશ્ન૦ પુષ્પપૂજાથી પુષ્પના જીવોને કિલામણા પહોંચે છે, તેનું કેમ ?

ઉત્તર૦ જે ફૂલો ભગવાનને ચઢે છે, તેના જીવોને કાંઈ પણ કીલામણા કે દુઃખ થતું નથી. ઉલટું, અભય સ્થાન મળે છે. તેથી પુષ્પપૂજા કરનારા તો તેમના પર દયા કરનારા છે. તે ફૂલોને કોઇ શોખીન પુરુષો લેઇ જઈ હાર, ગજરા વિગેરે બનાવી સુંઘે, મર્દન કરે, કોઈ વેશ્યા વિગેરે પોતાના પલંગ પર બિછાવે, અત્તરના

વેપારી તેને ચૂલે ચઢાવે, તેલ કાઢવા સારૂ ફૂલોને પીલે, —એમ અનેક પ્રકારે વ્યથા પહોંચાડે. જ્યારે જો ફૂલો પ્રભુના અંગે ચઢે, તેમને તો પુરા આયુષ્ય પર્યંત ઇજા કરવા કે મારવા કોઈ સમર્થ નથી, એટલે તેઓ સુખેથી પોતાનું આયુષ્ય પુરૂં કરે છે. જયણા પૂર્વક ફૂલોને લાવી, જયણા પૂર્વક તેને ગૂંથી, હાર કરી, વિધિ પૂર્વક ભગવાનને ચઢાવનારો, પુષ્પના જીવોને કીલામણા ઉપજાવતો નથી પણ અભય આપે છે.

શ્રી આવશ્યકસૂત્રની બૃહદ્‌વૃત્તિના દ્વિતીય ખંડમાં કહ્યું છે કે—

"जहा नवनगरादि संनिवेसक्के वियभूतजला भावतोत् तपहाप परिगता तदपनो दाण कूवं खणं ति ते संचजइ वित्त पहाइ आवादांसि मट्टि अकहमादी ह्वियमई लिज्झंति तहा वित्त दुष्भवेणं चेव पाणपण तेसिं तत पहादि आसो यमलो पुळोगय क्हिट्टति सेसकालं च ततदन्नेय लोग्य सह भागिणो भवंति पवं दघत्थ वेजइ विअसंजमो तहावित्त ओचे तसा परिणामशुद्धि भवइ जातं असंजमो वज्झिझीयं अन्नं च निरवसेस संखेवे इति तम्हा विरिया विरपहिं पस वघत्थव्वो काययव्वो सुहाणुबंधीय भूततर निज्झरा फलोपत्ति काऊणमिति ।"

ભાવાર્થ—જેમ કોઈ નવા નગરને વિષે જલની વિશેષતાને અભાવે ઘણા મનુષ્યો તરસે મરે, તેના નિવારણાર્થે કુવો ખોદે તે વખત તેમને વધુ તરસ વિગેરે લાગે તથા કાદવ માટીથી શરીર મલિન થાય, તો પણ તે કુવો ખોદ્યા બાદ તેમાંથી નીકળેલ પાણીથી તેમની તરસ

મટે તથા પ્રથમનો લાગેલ કાદવ પણ દૂર થઈ જાય. ત્યાર બાદ હંમેશને વાસ્તે તે ખોદનાર માણસો તથા અન્ય પુરુષો પણ તે પાણીથી સુખ ભોગવે. તેવી જ રીતે દ્રવ્યપૂજામાં જો કે સ્વરૂપમાં જીવવિરાધના જણાય છે, તથાપિ તે પૂજાથી પરિણામની એવી તો શુદ્ધિ થાય છે, કે જેથી અસંયમથી ઉત્પન્ન થએલ એવા બીજા સંતાપો પણ ક્ષય પામે છે. અર્થાત્—સંસાર પાતલો કરવાનું તે સબળ કારણ બને છે, તેથી દેશવિરતિ શ્રાવકને જિનપૂજા શુભાનુબંધી અને અત્યંત નિર્જરાના ફલને આપનારી થાય છે.

અથવા કોઈ દયાળુ, રોગી મનુષ્ય પર દયા લાવી, તેના વ્યાધિને દૂર કરવા સારૂ ઘણી જાતની કડવી ઔષધિઓ આપે છે. અથવા તે દરદી પુરુષના શરીરને ચીરે છે, ફાડે છે, નસ્તર મૂકે છે, જેથી તે રોગીને નાના પ્રકારની પીડા અને વેદના થાય છે. તેથી હેરાન થયો થકો પણ તે, પોતાના પરમોપકારી ડૉકટરને નિન્દતો નથી. તેમજ બીજા લોકો પણ, તેને નિર્દયી કે પાપી કહેતા નથી. કારણ કે—ડૉકટરના પરિણામ તો રોગ દૂર કરવાના જ હોવાથી, તેને કોઈ પણ પ્રકારે હિંસક કે અધર્મી કહી શકાશે નહિ. તેવી જ રીતે સમ્યગ્દષ્ટિ શ્રાવક એકેન્દ્રિય જીવોની અનુકંપા લાવી, તેમના મિથ્યાત્વ રૂપ રોગને દૂર કરવા વાસ્તે ભગવાનનાં ચરણકમલોમાં તેમને પહોંચાડે છે. તેથી પુષ્પાદિ વસ્તુને ધન્ય છે કે—તેઓ આવાં ઉત્તમ કાર્યોમાં વપરાય છે. તે વસ્તુઓનું એવું અહોભાગ્ય ક્યાંથી, કે જેથી તેઓને પરમેશ્વરના

ચરણારવિંદનો સ્પર્શ થાય કે આશ્રય મળે. વળી ધર્મ-દાતા ગુરુમહારાજ પણ શિષ્યના અજ્ઞાન રૂપી અંધારાને હઠાવવા સારૂ તેને અનેક પ્રકારે તાડના કરે, કોપ કરે ઇત્યાદિ પ્રકારે શિષ્યને દેખીતું દુઃખ આપે, છતાં તેમને કોઈ બૂરા કે નિર્દય ન કહે પણ ઉલટી પ્રશંસા જ કરે. તેમ શ્રી જિનપૂજા માટે વપરાતા એકેન્દ્રિય જીવો માટે પણ સમજી લેવું.

૬૮ પ્રશ્ન૦ શ્રી તીર્થંકરદેવના સમવસરણમાં દેવતાઓ ફૂલની વૃષ્ટિ કરે છે. તે સચિત્ત હોય તો સાધુથી તેનો સંઘટ્ટો કેવી રીતે થઈ શકે?

ઉત્તર૦ શ્રી સમવાયાંગ તથા **શ્રી રાયપસેણી** સૂત્રમાં સાફ કહ્યું છે કે–"**जलज थलज**" ઇત્યાદિ શબ્દે કરીને જલમાં ઉત્પન્ન થએલાં કમલાદિ તથા સ્થલ એટલે જમીન ઉપર ઉત્પન્ન થએલાં જાઈ, જુઈ, કેવડો, ચંપા, ગુલાબ એ પાંચ વર્ણનાં ફૂલો, બીટડા નીચે તથા મોઢું ઉપર, એમ જાનુ પ્રમાણ ફૂલોની વૃષ્ટિ થવાનો ઉલ્લેખ છે. તેથી તે ફૂલો અચિત્ત નહિ પણ સચિત્ત જ સાબીત થાય છે.

ઉપરનાં સૂત્રોમાં લખ્યું છે કે–"**पुप्फवद्दलए विउव्वंति**" અર્થાત્–ફૂલોનાં વાદલ વિકૂર્વ્યાં છે, પણ ફૂલોને વિકૂર્વ્યાં નથી. તેથી પણ વૈક્રિય ફૂલો સિદ્ધ થતાં નથી.

હવે સચિત્ત ફૂલનો સંઘટ્ટો સાધુ કેમ કરે? તેના જવાબમાં કહેવાનું કે–જાનુ પ્રમાણ પથરાએલ ફૂલોને સાધુ કે અન્ય મનુષ્યથી જરા પણ બાધા ન પહોંચે,

એવો ભગવાનનો અતિશય છે. જેના પ્રભાવ વડે કરીને સિંહ તથા હરણ, બીલાડી તથા ઉંદર, વાઘ તથા બકરી ઇત્યાદિ જાનવરો પોતાના પરસ્પર જાતિસ્વભાવના વૈરને પણ ભૂલી જઈ ધર્મદેશના સાંભળે છે, તેના પ્રભાવ વડે પુષ્પના જીવોને કીલામણા ન થાય, તેમાં શું આશ્ચર્ય છે ?

શ્રી **સ્થૂલભદ્રજીના** ચરિત્રમાં કહ્યું છે કે–'**કોશ્યા ગણિકાએ** સરસવના ઢગલા પર સોયને ઉભી રાખી, તે પર ગુલાબનું ફૂલ મૂકી, તેના પર નાચ કર્યો, છતાં સોયને કે ફૂલને કાંઈ પણ હરકત ન પહોંચી.' ખ્યાલ કરો કે–સરસવ પર સોય, તે પર ફૂલ ને ફૂલ પર સ્ત્રીનો બોજ હોવા છતાં કોઇને પણ બાધા ન પહોંચી, તો પછી અત્યંત અચિંતનીય અને નિરૂપમ પ્રભાવશાલી શ્રી તીર્થંકરદેવના અતિશયથી ફૂલોને બાધા ન થાય, કિન્તુ ઉલટાં પ્રફુલ્લિત થાય, તેમાં નહિ બનવાજોગ કાંઈ નથી.

જેમના અતિશયથી કોટાનુકોટિ જીવો સમવસરણ ભૂમિમાં એકત્રિત થવા છતાં ભીડ થવાનું કામ જ નહિ, તેમનો પ્રભાવ સામાન્ય માનવીઓની કલ્પના બહારનો હોય, તેમાં નવાઈ શી ?

અકથનીય શક્તિના ધણી દેવતાઓ જલ–થલમાં ઉપજેલ ફૂલોને લાવી, તેનાં વાદલ વિકુર્વી, એવી ખૂબીની સાથે વર્ષાવે, કે જેથી કોઈ મનુષ્યના પગે તેમને કિલામણા ન થાય. વળી સમવસરણમાં મધ્ય ગઢની દીવાલ પાસે ચારે તરફ ફૂલોની પંક્તિ એવી બનાવે, કે જેથી આવનાર–જનાર સાધુના પગ નીચે પણ પુષ્પ આવે

નહિ. જેમ બાગમાં ચારે તરફ લીલી ધરો હોય છે, પણ મધ્યમાં જવા આવવાની સડકો તથા ખુલ્લી જમીન હોય છે અને ત્યાં લોકો બેસે છે, તેમ ફૂલની વર્ષા વરસાવે તો પણ અઘટિત નથી.

૬૯ પ્રશ્ન૦ સમવસરણમાં સચિત્ત વસ્તુ બહાર રાખી જવું અને અચિત્ત વસ્તુ અંદર લઈ જવી–એવી આજ્ઞા છે, તેનો કેમ મેળ મેળવવો ?

ઉત્તર૦ અચિત્ત વસ્તુ બહાર છોડવી, એમ જે કહ્યું છે–તે પોતાના ઉપભોગની વસ્તુ સમજવી, કિન્તુ પૂજાની સામગ્રી નહિ. જો એકાંત સચિત્ત વસ્તુનો નિષેધ કરશો, તો મનુષ્યાદિની કાયા પણ સચિત્ત છે. તે પણ ન લઈ જવી જોઇએ. પણ એમ થવાથી તો સમવસરણમાં કોઈ જઈ શકે જ નહિ. જીવયુક્ત પદાર્થની અંદર જવાની શક્તિ છે, અચિત્તની નહિ તથા સચિત્તને છોડી અચિત્તને અંદર લઈ જવાનું એકાંત માનશો, તો રાજાના છત્ર, ચામર, છડી, તલવાર, મુકુટ તથા તમામ માણસોના જોડા પણ અચિત્ત હોવાથી અંદર લઈ જઈ શકાય, પણ તેની તો મના છે. તેમજ ખાવાની અચિત્ત વસ્તુ પણ બહાર છોડવી પડે છે. તેથી સિદ્ધ થાય છે કે–પૂજાની સામગ્રી સચિત્ત કે અચિત્ત હોય, પણ સમવસરણમાં લઈ જવામાં કાંઈ બાધા ન લાગે. એજ રીતિએ સમજવું જોઇએ કે–પોતાના ખાનપાનની કોઈ પણ વસ્તુ અચિત હોય તો પણ અંદર લઈ જઈ શકાય નહિ.

૭૦ પ્રશ્ન૦ જે દ્રવ્યપૂજાને સાધુ કરે નહિ, તેનો ઉપદેશ આપી બીજા પાસે કરાવવાથી શો ફાયદો ?

ઉત્તર૦ સાધુ તથા શ્રાવકનો માર્ગ એક નથી. સૂત્રોમાં ઘણી વાતો એવી છે, કે જે સાધુ પોતે કરે નહિ પણ ઉપદેશ આપી કરાવે તથા કરતાને ભલો જાણે. શ્રી મહાવીરસ્વામિના વખતમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના સાધુઓ વિચરતા હતા. તેમને શ્રી મહાવીર પ્રભુના શિષ્યો સાધુ સમજતા હતા, પણ માંહે માંહે ચાર મહા-વ્રત તથા પંચરંગી વસ્ત્ર ઇત્યાદિક સામાચારીમાં ભેદને લીધે, તેઓ અરસપરસ આહાર–પાણી લાવી દેતા ન હતા : એક મંડલીમાં બેસી ખાનપાન કરતા નહિ : બીમાર સાધુની વૈયાવચ્ચ ન કરે : તથાપિ શ્રી પાર્શ્વનાથજીના સાધુને ગૃહસ્થો દાન દે, વંદણા કરે, તેની અનુમોદના તો અવશ્ય કરતા. ગૃહસ્થોને ઉપદેશ દેઈ દાન અપા-વતા, વંદણા કરાવતા અને તેમના સાધુઓ અરસપરસ માંહોમાંહે વંદણા, વૈયાવચ્ચ કરતા તેની પણ અનુમોદના કરતા તથા શ્રી પાર્શ્વનાથસ્વામિના સાધુઓને ઉપદેશ આપી, માંહોમાંહે સેવા–ભક્તિ કરાવતા.

બીજી રીતે જોઇએ તો પંચમહાવ્રતધારિણી સાધ્વીને સાધુ નમસ્કાર ન કરે, વૈયાવચ્ચ ન કરે, પણ શ્રાવકો પાસે ઉપદેશ આપી આહાર અપાવે, વંદણા કરાવે, બીજી સાધ્વીને કહી વૈયાવચ્ચ કરાવે તથા કરતાને ભલા જાણે. વળી સાધુ પોતાના દીક્ષિત શિષ્યને વાંદે નહિ, પણ બીજા પાસે વંદાવે.

અન્ય રીતે જોઈએ તો ગરીબોને દાન દેવું, સ્વધર્મી-વાત્સલ્ય કરવું, તપસ્વીઓને પારણાં કરાવવાં, મુનિરાજોને

ખપતી વસ્તુઓ પુરી પાડવી, વિગેરે ધર્મનાં ઘણાં કાર્યો છે: છતાં સાધુનો આચાર ન હોવાથી તેઓ ન કરે, પણ શ્રાવકોને તે કરવાનો ઉપદેશ આપે તથા તેની અનુમોદના કરે. એ ન્યાયે સાધુ સર્વથા દ્રવ્યના ત્યાગી અને નિરારંભી આદિ હોવાને લીધે દ્રવ્યપૂજા ન કરે, પણ ઉપદેશ દ્વારા કરાવે તથા અનુમોદે.

૭૧ પ્રશ્ન૦ શ્રાવકનાં બાર વ્રતોમાંથી શ્રી જિનમૂર્તિની દ્રવ્યપૂજા કયા વ્રતમાં છે ?

ઉત્તર૦ જે વગર સર્વ વ્રતો નિષ્ફલ છે, એવું સમસ્ત શુભ ક્રિયાનું મૂળ જે સમ્યકત્વ, તેની કરણીમાં શ્રાવકને ગૃહસ્થાવાસમાં રહ્યા થકાં શ્રી જિનમૂર્તિની દ્રવ્ય-ભાવ પૂજા કરવી ઉચિત છે. દેવ તે શ્રી અરિહંત દેવ છે, ગુરુ તે શ્રી જૈનધર્મના શુદ્ધ ગુરુ અને ધર્મ તે કેવલિપ્રણીત સત્ય ધર્મ. એ ત્રણે વસ્તુઓ ચારે નિક્ષેપે સર્વને વંદનિક અને પૂજનિક છે. એ માને તે સમ્યગ્દૃષ્ટિ ને ન માને તે મિથ્યાદૃષ્ટિ છે. એ રીતે શ્રી જિનપૂજા, એ સમ્યક્ત્વની કરણી છે અને સમ્યક્ત્વ એ સઘળાં વ્રતોનું મૂળ છે. સમ્યક્ત્વ વિના તમામ કરણી અફળ છે.

૭૨ પ્રશ્ન૦ તપસ્યા કરતાં તો અનેક લબ્ધિઓ ઉત્પન્ન થાય છે, પણ શ્રી જિનપ્રતિમાને પૂજવાથી કોઈને લબ્ધિ કે જ્ઞાન ઉત્પન્ન થયાનું સાંભળ્યું છે ?

ઉત્તર૦ શ્રી **રાયપસેણી**, શ્રી **ભગવતીસૂત્ર**, શ્રી **જીવાભિગમ**, શ્રી **જ્ઞાતાસૂત્ર**, શ્રી **ઉવવાઈસૂત્ર**, શ્રી **આવશ્યકસૂત્રાદિ** ઘણાં સૂત્રોમાં મૂર્તિપૂજા કલ્યાણકારી, મંગલકારી યાવત્ મોક્ષને દેનારી કહી છે. ઉત્કૃષ્ટ

પુણ્ય જે તીર્થંકરગોત્ર, તે પણ શ્રી જિનપૂજાથી બંધાય છે. અન્ય દેવની મૂર્તિના આરાધનથી પણ ઘણાઓએ ધન, ધાન્ય, પુત્ર વિગેરેની લબ્ધિઓ પ્રાપ્ત કર્યાનાં દૃષ્ટાંતો વિદ્યમાન છે, તો શ્રી વીતરાગની મૂર્તિના સેવનથી મનોવાંછિત લબ્ધિ માત્ર પ્રાપ્ત થાય, તેમાં શું આશ્ચર્ય ? એ માટેનાં દૃષ્ટાંતો નીચે મુજબ છે—

(૧) અનાર્યદેશનો રહેનાર શ્રી **આર્દ્રકુમાર** શ્રી જિન-પ્રતિમાના દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન પામી, વૈરાગ્ય દશામાં લીન થયો. જેનું વર્ણન બારસો વર્ષ પહેલાં લખાએલ શ્રી **સુયગડાંગ** સૂત્રના બીજા શ્રુતસ્કંધને છટ્ઠે અધ્યયને ટીકામાં છે. કેટલાક કહે છે કે—**આર્દ્ર-કુમાર** મુહપત્તિ દેખી પ્રતિબોધ પામ્યા છે. આ વાત ગપ્પ છે, કારણ કે—સૂત્રમાં તો "**प्रथमजिनपडिमा।**" એમ સ્પષ્ટ પાઠ છે. પ્રથમ તીર્થંકર શ્રી **ઋષભદેવ**-સ્વામિની પ્રતિમા જોઈને પ્રતિબોધ પામેલ છે.

(૨) શ્રી **મહાવીર**સ્વામિના ચોથા પાટધારી તથા શ્રી **દશવૈકાલિક**સૂત્રના કર્તા શ્રી **શય્યંભવસૂરિ**, શ્રી **શાંતિનાથજી**ની પ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામ્યાનું શ્રી **કલ્પસૂત્ર**ની થિરાવલીની ટીપમાં કહ્યું છે.

(૩) શ્રી **દ્વીપસાગર**પન્નતિ તથા શ્રી **હરિભદ્રસૂરિ-કૃત આવશ્યક**ની મોટી ટીકામાં લેખ છે કે—શ્રી જિનપ્રતિમાના આકારની માછલીઓ સમુદ્રમાં હોય છે. તેમને જોઈ અનેક ભવ્ય જીવ માછલીઓને જાતિ-સ્મરણ જ્ઞાન પ્રાપ્ત થાય છે અને બાર વ્રત ધારણ

કરી સમ્યક્ત્વસહિત આઠમે દેવલોકે જાય છે. આ પ્રમાણે તીર્યંચ જાતિને પણ, જિનપ્રતિમાના આકાર માત્રના દર્શનથીય અલભ્ય લાભ મળે છે, તો મનુષ્યને મળે તેમાં શી શંકા?

(૪) શ્રી **જ્ઞાતાસૂત્રમાં** શ્રી તીર્થંકરગોત્ર બાંધવાનાં વીસ સ્થાનક કહ્યાં છે. તે મુજબ **રાવણ** રાજાએ પ્રથમ અરિહંતપદની આરાધના શ્રી **અષ્ટાપદ** પર રહેલ તીર્થંકરદેવની તેમની મૂર્તિ દ્વારા કરી તીર્થંકરગોત્ર બાંધ્યું, એમ **રામાયણ**માં કહ્યું છે: જે **રામાયણ** શ્રી **હેમચંદ્રાચાર્યે** સત્તરસો વરસ પહેલાં થયેલા શ્રી **જિનસેનાચાર્યકૃત પદ્મચરિત્ર** પરથી બનાવેલ છે અને જેને પ્રાયઃ તમામ જૈનો માને છે.

(૫) તે જ ગ્રંથમાં લખ્યું છે કે–**રાવણે** શ્રી **શાંતિનાથ** પ્રભુની મૂર્તિ સામે બહુરુપિણી વિદ્યા સાધી અને તે સિદ્ધ થઈ ગઈ.

(૬) શ્રી **પદ્મચરિત્ર**માં કહ્યું છે કે–લંકા જતી વેળા શ્રી **રામચંદ્રજી**એ દરીઓ ઉતરવા સારૂ શ્રી જિનમૂર્તિ સન્મુખ ત્રણ ઉપવાસ કર્યા. **ધરણેન્દ્રે** આવી શ્રી **પાર્શ્વનાથસ્વામિ**ની મૂર્તિ આપી. જેના પ્રભાવે કરી દરીઓ સુખેથી ઉતરી ગયા.

(૭) **જરાસંઘ** રાજાએ **કૃષ્ણમહારાજ**ની ફોજ પર ‘જરા’ નાખી, તમામ સૈનિકોને બેભાન કરી નાખ્યા; ત્યારે શ્રી **નેમનાથ**સ્વામિના હુકમથી **કૃષ્ણ**રાજાએ ત્રણ ઉપવાસ કર્યા. **ધરણેન્દ્રે** આવીને શ્રી **પાર્શ્વનાથ**

પ્રભુની મૂર્તિ આપી, જેના સ્નાનજલથી 'જરા' ભાગી ગઇ તથા તમામ સૈનિકો સચેત થયા. આ મૂર્તિ શ્રી **શંખેશ્વર પાર્શ્વનાથ**ના નામથી હાલ પણ **ગુજરાત**માં વિદ્યમાન છે. (આ કથન શ્રી **હરિવંશ** ચરિત્રમાં છે.)

(૮) **નાગાર્જુન** જોગીને ક્યાંય પણ સુવર્ણસિદ્ધિ ન થઈ. છેવટે શ્રી **પાદલિપ્તાચાર્ય**ના વચનથી શ્રી **પાર્શ્વનાથ**સ્વામિની પ્રતિમા સન્મુખ શ્રદ્ધાપૂર્વક એકાગ્રતા કરતાંની સાથે તે સિદ્ધિ મળી, તેથી તે જોગીએ પરમ સમ્યક્ત્વધારી શ્રાવક બની, ગુરુ **પાદલિપ્તાચાર્ય**નું નામ રાખવા સારૂ, શ્રી **શત્રુંજય**ની તળેટીમાં **પાલીતાણા** નગર વસાવ્યું, એમ શ્રી **પાદલિપ્તચરિત્ર**માં વર્ણવ્યું છે.

(૯) શ્રી **શ્રીપાલરાજા** તથા સાતસો કોઢીઆનો અઢાર જાતનો કોઢ ઉજ્જૈન નગરમાં શ્રી **કેસરીયાનાથજીની** મૂર્તિ સામે શ્રી **સિદ્ધચક્ર** યંત્રના સ્નાનજળથી દૂર થઈ, કંચન સમાન કાયા થઈ ગઇ. જે મૂર્તિ હાલ **મેવાડ**માં **ધુલેવ** ગામમાં બિરાજમાન છે. (જુઓ શ્રી શ્રીપાલચરિત્ર.)

(૧૦) શ્રી **અભયદેવસૂરિ**જીનો ગલત કોઢ શ્રી **સ્તંભન પાર્શ્વનાથ**જીની મૂર્તિના સ્નાનજલથી ગયો. ત્યાર બાદ તેઓએ **નવ અંગસૂત્રો**ની ટીકા રચી.

(૧૧) શ્રી **ગૌતમસ્વામિની** શંકા નિવારવા સારૂ ભગવાને શ્રીમુખે ફરમાવ્યું કે—જે પુરુષ આત્મલબ્ધિથી

શ્રી **અષ્ટાપદ** તીર્થ પર ચઢી **ભરતરાજાએ** કરાવેલી જિનપ્રતિમાઓનું ભાવથકી દર્શન કરે, તે એ જ ભવમાં મોક્ષે જાય. આ વાતનો નિશ્ચય કરવા સારૂ, શ્રી **ગૌતમસ્વામી અષ્ટાપદ પર** ચઢ્યા તથા જાત્રા કરી અને તે જ ભવે મુક્તિ ગયા, એમ શ્રી **આવશ્યક-નિર્યુક્તિમાં** છે.

(૧૨) શ્રી **ભગવતી**સૂત્રના મૂળ પાઠમાં કહ્યું છે કે-'શ્રી જિનમૂર્તિનું શરણુ ખરા ભાવ થકી લેવાથી કદી નુકશાન ન થાય.'

(૧૩) ચૌદ પૂર્વધારી શ્રી **ભદ્રબાહુસ્વામી** શ્રી **આવશ્યક-નિર્યુક્તિમાં** ફરમાવે છે કે—

**'अकसिणपवत्तगाणं, विरयाविरयाणं एस खलु जुत्तो।
संसारपयणुकरणे, दव्वयत्थए कूवदिट्ठंतो ॥१॥'**

ભાવાર્થ-દેશવિરતિ શ્રાવકને પુષ્પાદિ વડે દ્રવ્ય-પૂજા અવશ્ય કરવી યોગ્ય છે. તે દ્રવ્યપૂજા કૂપના દૃષ્ટાંતે સંસારને પ્રતનુ-પાતળો કરવાવાળી છે.

(૧૪) ટીકાકારભગવાન **શ્રી હરિભદ્રસૂરિજીએ** શ્રી **આવશ્યકવૃત્તિમાં** પૂજા પુણ્યના અનુબંધને કરવાવાળી તથા બહુ નિર્જરાના ફળને દેનારી છે, એમ બતાવ્યું છે.

(૧૫) શ્રી **અભયદેવસૂરિજીએ** પૂજાનું ફળ બતાવતાં કહ્યું છે કે-યદ્યપિ શ્રી જિનપૂજામાં સ્વરૂપહિંસા દેખાય છે, તથાપિ તે પૂજા કરવાથી ગૃહસ્થ

(કુવાના દૃષ્ટાંતે) શુદ્ધ થાય છે તથા પરિણામની નિર્મલતાથી અનુક્રમે મુક્તિફળને પણ મેળવે છે.

(૧૬) **ગુણવર્મા** રાજાના સત્તર પુત્રોમાંથી હરેક પુત્રે એક એક પ્રકારની પૂજા કરી તથા એ જ ભવમાં મોક્ષે ગયાં, એમ સત્તર પ્રકારની પૂજાના ચરિત્રમાં કહ્યું છે. સત્તર પ્રકારી પૂજાનું સવિસ્તર વર્ણન શ્રી **રાયપસેણી**સૂત્રમાં છે.

(૧૭) શ્રી જિનપ્રતિમાની પૂજા–ભક્તિ કરવાથી શ્રી **શાંતિનાથ**સ્વામિના જીવે શ્રી તીર્થંકરગોત્ર બાંધ્યું હતું, એમ **પ્રથમાનુયોગ** સૂત્ર બોલે છે.

(૧૮) શ્રી **ભગવતી**સૂત્રમાં તીર્થંકરનાં નામ–ગોત્ર સાંભળવાથી પણ મહા પુન્ય થાય છે–એમ કહ્યું છે, તો પ્રતિમામાં તેમના નામ તથા સ્થાપના બંને છે, એટલે તે બંનેની પૂજા હોવાથી વિશેષ પુન્ય થાય તેમાં શું આશ્ચર્ય ?

(૧૯) શ્રી **શ્રેણિક** રાજાએ શ્રી જિનેશ્વરદેવની પ્રતિમાની આરાધનાથી તીર્થંકરગોત્ર બાંધ્યું, એવો અધિકાર શ્રી યોગશાસ્ત્રમાં છે.

(૨૦) શ્રી **મહાનિશીથ**સૂત્રમાં શ્રી જિનમંદિર કરાવનાર બારમે દેવલોકે જાય, એમ ફરમાવ્યું છે.

ઇત્યાદિ સેંકડો મૂળ સૂત્ર તથા નિર્યુક્તિ આદિનાં પ્રમાણોથી મૂર્તિપૂજા ઉત્તમ ફલને દેનારી સિદ્ધ થાય છે. વિચક્ષણ પુરુષોને તો એક ઇસારો જ બસ હોવા છતાં, આટલાં દૃષ્ટાંતોથી પણ શૂન્ય હૃદય પર કાંઈ અસર ન થાય, તો

એમાં કર્મની વિચિત્રતા સિવાય બીજું કાંઈ કારણ નથી. મૂળ સૂત્રોને બરાબર મળતી આવતી નિર્યુક્તિ વિગેરે પંચાંગીને નહિ માનવાથી, શ્રી **ભગવતી**સૂત્ર, શ્રી **સમવાયાંગ**સૂત્ર, શ્રી **નંદીસૂત્ર** અને શ્રી **અનુયોગદ્વાર**સૂત્રાદિના હુકમનો ભંગ થઈ જાય છે: એટલું જ નહિ, પણ શ્રી**ભદ્રબાહુ-સ્વામી** જેવા ચૌદ પૂર્વના ધણી, કેવલી નહિ પણ કેવલી સમાન, સમુદ્ર સરખી ગંભીર બુદ્ધિવાળા આચાર્યાદિનું ઘોર અપમાન થાય છે. જેમના મુકાબલામાં આજ–કાલના અલ્પજ્ઞ પુરુષોની વિદ્વત્તા તથા તેમનાં કપોલકલ્પિત પ્રમાણો કાંઈ વિસાતમાં નથી.

વળી કેટલાક પોતામાં આત્મિક ધન હોવાનું બહાનું કરી, નિશ્ચયને આગળ કરી, દ્રવ્યરહિત કેવળ ભાવને જ પોકારે છે ને એ વડે જ પોતાની મતલબ સાધી લેવાનો આડંબર કરે છે: પરંતુ તેમ કરવામાં કિંચિત્ જે આત્મિક ધન હોય–તેને હુંપદ કે અહંકારથી ગુમાવી દઈ નિર્ધન થઈ જાય છે. તે વિષે શ્રી **ઉત્તરાધ્યયન**સૂત્રમાં એક દૃષ્ટાંત છે.

કોઇ એક શાહુકારે પોતાના ત્રણ પુત્રોની બુદ્ધિ અજમાવવા સારૂ દરેકને હજાર હજાર સોનામહોરો આપી પરદેશ મોકલ્યા અને કહ્યું કે–આ દ્રવ્યથી વ્યાપાર કરી, નફો મેળવી, તુરત પાછા આવજો. મોટા પુત્રે તો ગુમાસ્તા રાખી આવતા–જતાની સારી રીતે બરદાસ–ચાકરી કરી તથા સર્વેને રાજી રાખી પોતાના ધંધામાં ખૂબ ધન મેળવ્યું. બીજા પુત્રે વિચાર કર્યો કે–આપણી પાસે ધન ઘણું છે, તો પછી વધારો પાડી શું કરવો છે? મૂલગી

સુડી કાયમ રહે એટલે બસ ! એમ ધારી અસલ રકમને આબાદ રાખી ઉપલો નફો, ખાવા–પીવા તથા મોજશોખમાં ઉડાવી દીધો. ત્રીજા દીકરાએ મનમાં ચિંતવ્યું કે–પિતાના મરણ પછી તેની અગણિત દોલતના અમે જ માલીક છીએ, માટે વળી કમાવાની ચિંતા શા માટે કરવી જોઇએ ? એવા અભિમાની ખ્યાલથી મૂળ રકમને પણ મોજશોખમાં ઉડાવી દીધી. હવે કેટલેક સમયે તે પુત્રો પિતા પાસે ઘરે આવ્યા. સઘળી હકીકત પૂછયા પછી જે પુત્રે મૂળ પુંજીને ઉડાવી નાખી હતી, તેને ઘરના કામકાજમાં તુચ્છ નોકર તરીકે રાખી, પેટગુજારો કરવાનું કહ્યું. લક્ષ્મીપતિના પુત્ર તરીકેના ઉંચ્ચ પદથી ભ્રષ્ટ કરી નીચ નોકરના પદને લાયક બનાવ્યો. તથા બીજો પુત્ર જેણે મૂળ ધન રાખી કાંઇ વધારો પાડયો નહોતો, તેને કાંઈક દ્રવ્યથી વ્યાપાર કરવાની આજ્ઞા આપી, પણ સર્વેથી બુદ્ધિમાન એવો મોટો પુત્ર, કે જેણે અસલી રકમ ઉપરાંત મોટો લાભ ઉપાર્જ્યો હતો, તેને ઘરનો સર્વ ભાર સોંપીને ઘરનો માલીક બનાવ્યો.

ઉપર મુજબ જણાવવામાં આવેલા દૃષ્ટાંતનો ઉપનય એ છે કે–મૂળગી પુંજી તે મનુષ્ય ભવ. તેમાં જેણે વધુ કમાણી કરી, તે ધર્મમાર્ગે વધીને મહાન સમૃદ્ધિમાન દેવગતિ અથવા સર્વોત્કૃષ્ટ અક્ષયસ્થિતિને ક્રમશઃ પ્રાપ્ત કરનારો સમજવો : જેણે મૂલ ધન (મનુષ્ય ભવ)ને સાબીત રાખ્યું, તે ફરી મરીને મનુષ્યાવતારમાં જ આવ્યો, કાંઇ વધ્યો–ઘટયો નહિ એમ સમજવું : કિંતુ ત્રીજો પુરુષ તો અસલી રકમને ગુમાવી બેઠો, દેવાલીયો

થયો, તેથી મનુષ્યગતિ રૂપ ઉત્તમ રત્નને હારી જઇ નરક તિર્યંચની નીચ ગતિમાં કર્મવશે જઈ પડયો, એમ સમજવું.

ટૂંકામાં કહીએ તો આત્મિક શક્તિના અભાવે અથવા તેને વધારવાના ઉપાયો પ્રત્યે બેદરકાર રહેવાના પ્રતાપે, ગાંઠની પુંજી ખોઈ દરિદ્ર થવા જેવું છે. જે પુણ્યથી તીર્થંકરગોત્ર પણ બંધાય છે, એવા પ્રભાવશાલી પુણ્યનો નિરાદર કરનારા પુરુષો, બેસવાની ડાળને જ ભાંગે છે: એટલું જ નહિ, પણ જે મહત્ પુણ્યના પસાયે આ શ્રેષ્ઠ મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે, તેની જડ જ અંધ કદાગ્રહ રૂપ કુહાડાવતી કાપવા જેવું કરે છે.

૭૩ પ્રશ્ન૦ 'દીક્ષા'મહોત્સવો ઉજવવા, 'મરણ'મહોત્સવો કરવા, ઉપાશ્રયો બંધાવવા, સભાઓ ભરવી, વિગેરે કાર્યોમાં પ્રત્યક્ષ હિંસા છે, તો પછી તે બધાંને ધર્મકાર્ય કેવી રીતે મનાય ? અને અધર્મકાર્ય કેમ ન કહેવાય ?

ઉત્તર૦ શ્રી **જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ** આદિ સૂત્રોમાં જ્યાં જ્યાં ઈંદ્રાદિ દેવતાઓ ભગવાનનાં જન્મ, દીક્ષા, નિર્વાણ વિગેરે પાંચે કલ્યાણકો પર આવવાના પાઠ છે, ત્યાં ત્યાં–" વંદન–નમસ્કાર માટે, પૂજા–સત્કાર માટે, આદર–સન્માન અર્થે, હિત માટે, સુખ માટે, યાવત્–મુક્તિ માટે "–એમ કહ્યું છે, પરંતુ " પાપ માટે કે અહિત માટે " કહ્યું નથી. તથા શ્રી **રાયપસેણી**સૂત્રમાં દીક્ષાની દલાલીને ધર્મદલાલી કહી છે, પણ પાપદલાલી કે સંસાર-વૃદ્ધિનો હેતુ કહેલ નથી. સૂત્ર–પ્રમાણ સિવાય માત્ર મોંઢાની વાતો આ વિષયમાં કામ આવે નહિ.

'દીક્ષા'મહોત્સવો અધર્મકાર્ય તો જ મનાય કે–જેમ પુત્ર–પુત્રીના વિવાહમાં લગ્નનાં ગીતો, ફટાણુંઓ વિગેરે ગવાય છે, તેમ દીક્ષામહોત્સવોમાં પણ પ્રભુભક્તિના બદલે અપશબ્દોવાળાં ગીતો ગવાતાં હોય તથા લગ્ન-પ્રસંગે દુનિયાદારીના સંબંધને અંગે તથા બદલામાં જમવાની લાલચથી ભોજન કરાવવામાં આવે છે, ખેલ-તમાસા થાય છે, તેમ દીક્ષામાં પણ તેવા જ સગપણ તથા લાલચને લઇને ભોજન–પ્રભાવના આદિ અપાતું હોય કે ખેલ–તમાસાદિ કૃત્યો થતાં હોય, પરંતુ તેમ છે નહિ. દીક્ષા–મહોત્સવમાં નિમિત્ત ગુરુભક્તિ, સાધર્મિકવાત્સલ્ય આદિ છે અને તે બધાં ધાર્મિક કૃત્યો છે. તેમાં અધર્મ મનાય જ કેવી રીતે ?

હવે સાધુના મૃત કલેવરને બાલવામાં અધર્મનો આરોપ કરવામાં આવે, તો તે પણ તેટલો જ અસત્ય છે. સંસારમાં કોઇ મરી જાય, ત્યારે લોકો પોતાના સ્વાર્થને અંગે અનેક રીતે રૂદન–કલ્પાંત આદિ કરે છે, મરનારના નામથી પોકો મૂકે છે, અમૂક મહિના શોક પાળી મરણક્રિયા કરવામાં આવે છે: પરંતુ સાધુના અંતકાળે આમાંનુ એક પણ કાર્ય કરવામાં આવતું નથી. તે વખતે તો નાણાં ઉછાળતાં, સોના તથા રૂપાના કળશવાળી પાલખીમાં બેસાડી, રોવાને ઠેકાણે 'જય' 'જય' શબ્દો બોલતાં લઈ જવામાં આવે છે. લોકો ઘરમાંથી દોડી આવી ગુરુજીનાં દર્શન કરવા નીકળે છે. ચંદન, કપૂર, ઘી વિગેરે ઉત્તમ દ્રવ્યોથી મૃતકને બાળવામાં આવે છે. તેને પાપકાર્ય કેમ કહેવાય ? શું પ્રભુના કે

ગુરુના ગુણગ્રામ કરતાં કર્મ બંધાય, એવું કોઈ શાસ્ત્ર કહે છે ખરૂં ? કદાગ્રહી ન હોય તો સામાન્ય અક્કલવાળો ય એવું ન કહે. વળી–' દેવ અને ગુરુની ભક્તિથી ઉત્તમ ફલની જ પ્રાપ્તિ થાય છે.'–એ વિષયમાં સર્વ શાસ્ત્રો એકમત છે, તો તે કાર્યને અધર્મનું કાર્ય કેમ ગણાય ?

વળી જ્ઞાનના પ્રચાર સારૂ સભાઓ ભરવામાં તથા પુસ્તકો રચવામાં કર્મબંધ થતો હોય, તો શ્રી તીર્થંકર મહારાજના સમવસરણમાં બાર પર્ષદા તથા સાધુના વ્યાખ્યાનમાં હજારો લોક આવે છે, તેનો નિષેધ કોઈ પણ શાસ્ત્રે કેમ ન કર્યો ? તથા આજ પણ કોઇ કેમ નથી કરતું ? જે સભાઓમાં દેશકથા, રાજકથા, સ્ત્રીકથા વિગેરે વિકથાઓ થતી હોય : સાક્ષાત્ ભગવાન જેટલો જ બોધ કરાવનારી તેમની આબેહૂબ મૂર્તિના અવર્ણવાદ બોલાતા હોય : મહાન ચૌદ પૂર્વધર, દશ પૂર્વધર, શાસન-દીપક, ધર્મધુરંધર પૂર્વાચાર્યોના નિઃસ્પૃહી–નિષ્પક્ષપાતી લેખો પર મનઘડંત આક્ષેપો કરતા હોય અને તેના અવર્ણવાદ બોલાતા હોય તથા તેવા જ સ્વચ્છંદી વિષયોથી ભરપુર પુસ્તક અને ગ્રંથો રચાતા હોય, તેવી સભાઓ અને પુસ્તકો જરૂર અધર્મનું કૃત્ય તથા નિંદાપાત્ર ગણાય : પરંતુ સુવિદ્યાને ઉત્તેજન આપનારી, શૂન્ય હૃદયવાળા શ્રદ્ધાંધોને સચેત કરી દેવ–ગુરુ–ધર્મની સેવામાં જોડનારી તથા વૈરાગ્ય અને ધર્મનાં વચનોને વરસાવનારી સભાઓ તો સદા માટે પ્રશંસનીય જ ગણાશે તેમજ તેવાં પુસ્તકો પણ સત્યબોધક હોવાથી, તેની રચના વિગેરે પણ ધર્મ-કૃત્ય જ ગણાશે.

એજ રીતે ઉપાશ્રય કે ધર્મકાર્ય માટે બંધાએલ મકાનને પણ પાપ–ફલ–દાતા કહી શકાશે નહિ: કારણ કે–તે મકાનો ઘરની રસોઈ કરવા, સુવા–બેસવા, પર-નિંદાના ગપાટા મારવા અથવા ગાયો–ભેંસો આદિ પશુઓ બાંધવા નિમિત્તે બનાવવામાં આવતાં નથી. જ્યાં મહાત્મા પુરુષોના વાસ થતા હોય: નૈતિક, ધાર્મિક અને અધ્યાત્મિક વિષયોનાં આખ્યાનો થતાં હોય: અનેક ધર્મરાગી પુરુષો જ્યાં બેસી શુભ કરણી કરી આત્મસાધન કરતા હોય: પવિત્ર પ્રભુના ગુણગ્રામ ગવાતા હોય: ઇત્યાદિ કાર્યો જે મકાનમાં થતાં હોય, તે મકાન બંધાવનાર અને બંધાવીને શ્રીસંઘને સમર્પણ કરનાર ધન્યવાદને જ પાત્ર છે. લક્ષ્મી પામ્યાનું સાર્થક તેવાઓએ જ કરેલું છે. આવાં ઉત્તમ કાર્યોમાં પૈસો ખરચવો, એ જ લક્ષ્મી પ્રાપ્ત થયાનું સાચું ફળ છે.

કેટલાકો ઉપાશ્રયો બાંધવામાં પાપ સમજી, પોતાના ગુરુને ઉતારવા સારૂ કોઈનું મકાન માગી લે છે, તો તેમાં શું આરંભ નથી? તેને ખોલતી વેળા, સાફસુફ કરવામાં, લીંપવામાં, તેમાંના સામાન અથવા વખતે ગાયો–ભેંસોને હઠાવવામાં, હિંસા થશે કે નહિ? તેમાં નિમિત્ત કોણ બનશે? તથા ઘરના ધણીને તેથી શુભ ફળ મળવાનું કે અશુભ? જો કહેશો કે–‘ ગુરુભક્તિથી તો શુભ ફળ જ મળે ’–તો પછી એ પણ વિચારવું જોઇએ કે–‘ જો તે મનુષ્યને મહિનો માસ સુધી પોતાનું મકાન ગુરૂને ઉતારવા દીધાથી શુભાનુબંધી શુભ ફળ મળશે, તો પછી હંમેશને માટે પરોપકારાર્થે મકાન અર્પણ કરનારના

કેવલનું તો પૂછવાનુંજ ક્યાં રહે છે ?'

૭૪ પ્રશ્ન૦ શ્રી જિનપૂજાદિ કાર્યો કરવાં, એ તો વ્યવહાર ધર્મ છે. જેઓ નિશ્ચયને પામ્યા છે, તેઓને તેવા અધર્મકાર્યની શી જરૂર છે ?

ઉત્તર૦ જેઓ વ્યવહારધર્મને વખોડી કેવળ **નિશ્ચય** પર ચાલવાનો રસ્તો ગ્રહણ કરવા જાય છે, તેઓ બંનેને ચૂકે છે: કારણ કે–શ્રી જિનમાર્ગને વિષે શુદ્ધ વ્યવહારને પ્રધાનપદ આપ્યું છે, કેવળ નિશ્ચયને નહિ. તે સાબીત કરવાને માટે અનેક દૃષ્ટાંતો છે. જેમ કે–

(૧) શ્રી **ભરતરાજાને** કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી વેષ બદલવો પડ્યો, તો શું તેમ કર્યા વિના કેવલજ્ઞાન પાછું ચાલ્યું જતું હતું ? ના, પણ વ્યવહાર સાચવવા સારૂ ગૃહસ્થનો વેષ ઉતારવો પડ્યો અને મુનિવેષ ધારણ કરવો પડ્યો.

(૨) સાધુ વરસતા મેહમાં સ્વસ્થાન પર આવે, પણ એકલી સ્ત્રીવાળા સ્થાને ન રોકાય. **વળી**–માર્ગમાં ચાલતાં જો બીજો માર્ગ ન જડે તો સાધુ હરિત કાય પર પગ દઈને ચાલે, પણ સ્ત્રીના સંઘટ્ટાથી બચે: કારણ કે–તે લોકવ્યવહારથી વિરૂદ્ધ છે.

(૩) કેવલી મહારાજ દિન–રાત સરખું દેખે છે, પણ વ્યવહાર સાચવવા સારૂ વિહાર ન કરે.

(૪) યુગલીયામાં ભાઇ–બહેન પતિ–પત્ની રૂપ બન્યા પછીથી ભોગ કરીને, મરીને દેવલોકમાં જાય છે: પણ તે કાર્ય આજ કોઈ કરે તો વ્યવહાર–માર્ગ

લોપ્યો ગણાય અને મહા અનર્થ ગણાય. નિશ્ચયથી જીવહિંસા તો સરખી જ છે.

(૫) શ્રી **મહાવીર** પરમાત્મા નિશ્ચયથી જાણતા હતા કે–"એ સાધુ મરશે"–પણ વ્યવહાર સાચવવા સારૂ તેમને બોલવાની મના કરી.

(૬) શ્રાવક નિરંતર આરંભ–પરિગ્રહમાં બેઠેલો જ છે અને અનેક જીવોને ત્રાસ આપે છે, તે છતાં ચોરીની વસ્તુ લેવી તેને યોગ્ય ગણી નહિ–તેમાં કારણ લોકવ્યવહારનો લોપ ન થવા દેવો તે જ છે.

(૭) શ્રી **વીરપરમાત્મા** જાણતા હતા કે–'મારા રોગની સ્થિતિ પાકી ગઇ છે, તેથી હવે મટી જશે'–પણ વ્યવહાર માટે તથા બીજા સાધુઓને ઔષધ લાવવાથી ફાયદો થાય એમ જણાવવા, પોતે ઔષધ ગ્રહણ કર્યું.

(૮) શ્રી **મલ્લીનાથ**સ્વામી અવેદી હતા, પણ લોકવ્યવહાર માન્ય કરવા સારૂ તેઓ સ્ત્રીઓની પર્ષદામાં જ બેસતા.

(૯) વરસતા મેહમાં ગુરુને દેહચિંતા ઉપજી. તે વારે એક ચેલો કહે કે–'હું તો નહિ પરઠવું. જીવહિંસા લાગે.' ત્યારે બીજા શિષ્યે તે પરઠવ્યું. એ બેમાં પરઠવનારો આરાધક છે, પણ બીજો નહિ!

(૧૦) મોહરાગથી બચવા સારૂ સાધુને ચોમાસા સિવાય એક જગ્યાએ કારણ વિના એક માસ કરતાં વધુ રહેવું ન કલ્પે, પણ જો મોહરાગ બંધાવાનો

હોય તો રહનેમિની પેઠે એક ઘડીમાં પણ બંધાય: પણ એક માસથી વધારે રહે તો જ વ્યવહારનો ભંગ ગણાય, અન્યથા નહિ!

એ પ્રમાણે વ્યવહારમાર્ગની મૂખ્યતાનાં બીજાં પણ સેંકડો દૃષ્ટાંતો છે.

શ્રાવકનો શુદ્ધ વ્યવહાર રાત્રિભોજન-ત્યાગાદિનો છે. એ વ્યવહારનો જેઓ લોપ કરે છે, તેઓનો નિશ્ચય તત્કાલ લોપાઈ જાય છે. અને-જેઓ શુદ્ધ વ્યવહારને અંગીકાર કરે છે, તેઓ મોક્ષ પર્યંતના ફળને મેળવે છે.

૭૫ પ્રશ્ન૦ બાર દુકાલીમાં મૂર્તિપૂજા સાવદ્યાચાર્યોએ ઉપદેશ આપી કરાવવા માંડી છે; તે પહેલાં તો કાંઈ હતું જ નહિ, એમ કેટલાક કહે છે તે બરાબર છે?

ઉત્તર૦ બાર દુકાલ શ્રી **મહાવીર**સ્વામિની વીસમી પાટે શ્રી **સ્કંદિલાચાર્ય** થયા, તેમના વખતમાં પડ્યા હતા. હવે જો ત્યાર પછીના આચાર્યોએ મૂર્તિપૂજા ચલાવી હોય, તો શ્રી **દેવર્દ્ધિગણી** ક્ષમાશ્રમણ, તે પછી સત્તાવીસમી પાટે થયા છે, માટે તેઓને પણ સાવદ્યાચાર્યમાં સામેલ કરવા પડશે અને તે વખત બીજા સેંકડો આચાર્યોએ એકઠા મળીને ક્રોડો ગ્રન્થોની રચના કરી, એટલે તે તમામને પણ નિરર્થક માનવા પડશે. અને જો તેમ થાય, તો પછી જૈનધર્મ રહેશે જ ક્યાં?

એક અજ્ઞાન મનુષ્ય પણ સમજી શકે તેમ છે કે-કાળ વરસમાં નૈવેદ્યાદિ પૂજાનું ખર્ચ વધારવાનો ઉપદેશ શી રીતે ચાલી શકે? તે વખતે તો લોક ખર્ચ ઘટાડ-

વાના ઉપદેશને જ ગ્રહણ કરે. વળી મૂર્તિ આગળ મૂકેલું અન્ન વિગેરે સાધુને કામ ન આવે, એમ શું તે સમયમાં કોઈ નહોતું જાણતું? સાધુ પોતાના સ્વાર્થ માટે એવો ઉપદેશ કરે, તો પણ તે વખતનો સંઘ તેને ન જ ચલાવી લે. વળી નૈવેદ્યપૂજાદિ તે વખતે શરૂ થયાં, તો મૂર્તિ તો આગળ હતી જ એમ સિદ્ધ થઈ ગયું.

સાક્ષાત્ "**સરસ્વતી**" આદિ દેવીઓ તથા અન્ય દેવો જે મહાત્માઓની સેવામાં હરવખત હાજર રહેતા, તેવા શાસનપ્રેમી ધુરંધર આચાર્યોને સ્વાર્થી માનવા અને આજ–કાલના નિર્બુદ્ધિ પુરુષો નિઃસ્વાર્થી છે–એમ કહેવું, એ કેટલું બધું અસંગત છે? લાખ્ખો વરસની દૃષ્ટિગોચર થતી મૂર્તિઓ તથા હજારો વર્ષ પહેલાંનાં લખાએલાં પુસ્તકો અપ્રમાણિક અને આધુનિક મનઘડંત કલ્પનાઓ પ્રમાણિક? કોઈ કાળે તેમ બની શકે નહિ.

શ્રી જિનપ્રતિમાની પૂજા–ભક્તિ હાલમાં શ્રદ્ધાળુ શ્રાવકવર્ગ તરફથી કરવામાં આવે છે તે માટે તથા પૂજા વખતે શ્રી જિનની પિંડસ્થાદિ ત્રણે અવસ્થાઓનું આરોપણ કરવામાં આવે છે તે માટે સકડો સૂત્રોનો આધાર છે. જેમાંનાં કેટલાંક સૂત્રોનાં નામ માત્ર નીચે આપીએ છીએ. એ સૂત્રો તથા તેના રચનારાઓની પ્રમાણિકતા આગળ નિષેધકોની કિંમત કોડીની પણ નથી.

(૧) **શ્રી તત્ત્વાર્થસૂત્ર**ના કર્તા તથા બીજાં પાંચસો પ્રકરણના રચયિતા દશ પૂર્વધર વાચકશેખર શ્રી **ઉમાસ્વાતિજી** મહારાજા વિરચિત **પૂજાપ્રકરણ**.

(૨) ચૌદ પૂર્વધર અને શ્રી વીરભગવાનના છઠ્ઠા પટ્ટધર શ્રી ભદ્રબાહુસ્વામિકૃત આવશ્યક નિર્યુક્તિ.

(૩) દશ પૂર્વધર શ્રી વજ્રસ્વામિકૃત પ્રતિષ્ઠાકલ્પ.

(૪) શ્રી પાદલિપ્તાચાર્ય કૃત પ્રતિષ્ઠાકલ્પ.

(૫) શ્રી બપ્પભટ્ટસૂરિકૃત પ્રતિષ્ઠાકલ્પ.

(૬) ચૌદસો ચુંવાલીસ ગ્રંથોના કર્તા શ્રી હરિભદ્રસૂરિકૃત પૂજાપંચાશક.

(૭) એ જ મહાપુરૂષે રચેલ શ્રી ષોડશક.

(૮) એ જ મહાપુરૂષે રચેલ શ્રી લલિતવિસ્તરા.

(૯) એ જ મહાપુરૂષકૃત શ્રી શ્રાવકપ્રજ્ઞપ્તિ.

(૧૦) શ્રી શાલિભદ્રસૂરિકૃત ચૈત્યવંદન ભાષ્ય.

(૧૧) શ્રી શાંતિસૂરિકૃત ચૈત્યવંદન બૃહદ્ ભાષ્ય

(૧૨) શ્રી દેવેન્દ્રસૂરિકૃત લઘુ ચૈત્યવંદન ભાષ્ય.

(૧૩) શ્રી ધર્મઘોષસૂરિકૃત શ્રી સંઘાચારવૃત્તિ.

(૧૪) શ્રી સંઘદાસગણિકૃત વ્યવહાર ભાષ્ય.

(૧૫) શ્રી બૃહત્કલ્પ ભાષ્ય અને તેની શ્રી મલયગિરિસૂરિકૃત વૃત્તિ.

(૧૬) શ્રી મહાવીરપ્રભુના હસ્તદીક્ષિત શિષ્ય અવધિજ્ઞાની શ્રી ધર્મદાસગણિ ક્ષમાશ્રમણકૃત ઉપદેશમાલા.

(૧૭) જેમના વિદ્વત્તાભર્યા ગ્રન્થોથી વર્તમાન વિશ્વ પણ ચકિત થઈ રહેલ છે, તે કલિકાલસર્વજ્ઞનું બિરૂદ ધારણ

કરનારા શ્રી હેમચંદ્રાચાર્યકૃત શ્રી યોગશાસ્ત્ર.

(૧૮) તેમણે જ રચેલ શ્રી ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર.

(૧૯) પૂર્વધરવિરચિત શ્રી પ્રથમાનુયોગ.

(૨૦) પૂર્વ ચિરંતનસૂરિકૃત શ્રી શ્રાદ્ધદિનકૃત્ય સુત્ર.

(૨૧) શ્રી વર્દ્ધમાનસૂરિકૃત શ્રી આચારદિનકર.

(૨૨) શ્રી રત્નશેખરસુરિકૃત શ્રી શ્રાદ્ધવિધિ.

(૨૩) ,, શ્રી આચાર પ્રદીપ.

(૨૪) શ્રી કક્કસૂરિકૃત શ્રી નવપદ પ્રકરણ.

(૨૫) શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત શ્રી વિશેષાવશ્યક મહા ભાષ્ય.

(૨૬) મલ્લધારી શ્રી હેમચંદ્રાચાર્યવિરચિત મહા ભાષ્યવૃત્તિ.

(૨૭) મલ્લધારી શ્રી હેમચંદ્રાચાર્યકૃત પુષ્પમાલા.

(૨૮) શ્રી અભયદેવસૂરિકૃત પંચાશકવૃત્તિ.

(૨૯) શ્રી જ્ઞાતાસૂત્ર.

(૩૦) શ્રી ઠાણાંગસૂત્ર.

(૩૧) શ્રી રાયપસેણીસૂત્ર.

(૩૨) શ્રી જીવાભિગમસૂત્ર.

(૩૩) શ્રી મહાપ્રત્યાખ્યાનસૂત્ર.

(૩૪) શ્રી મહાનિશીથસૂત્ર.

(૩૫) શ્રી દેવસુંદરસૂરિકૃત સામાચારી પ્રકરણ

(૩૬) શ્રી સોમસુંદરસૂરિકૃત ,, ,,

(૩૭) શ્રી જિનપતિસૂરિકૃત　　　　સામાચારી પ્રકરણુ
(૩૮) શ્રી અભયદેવસૂરિકૃત　　　　　„　　　„
(૩૯) શ્રી જિનપ્રભસૂરિકૃત　　　　　„　　　„

આ પ્રમાણે સેંકડો આચાર્યોના પ્રમાણિક ગ્રન્થાધારે મૂર્તિપૂજા કરવામાં આવે છે. હવે આમાંના કયા આચાર્યોને સાવદ્યાચાર્ય કહી શકાય તેમ છે ? કદાચ કહેવામાં આવે કે–' પૂર્વધરોના વખતમાં જ્ઞાન કંઠાગ્ર હતું, પણ પાછળથી પુસ્તકારૂઢ કરવામાં આવ્યું, તેથી માનવામાં શંકા રહે છે'–પરન્તુ આ કહેવું અયથાર્થ છે : કારણુ કે–પુસ્તકોનો સર્વથા અભાવ હોવાનું ક્યાંઇ પણ કહ્યું નથી. શું શ્રી **ઋષભદેવસ્વામિએ** ચલાવેલી લિપિ વિચ્છેદ થઈ ગઈ હતી ? જો હા, તો પછી લોકોનાં કામો કેવી રીતિએ ચાલતાં હશે ?

વળી બીજું પ્રમાણુ એ છે કે શ્રી–**વીરપ્રભુ** પછી ૯૮૦ વર્ષે શ્રી **દેવર્દ્ધિગણિ** ક્ષમાશ્રમણાદિ સેંકડો આચાર્યોએ મળીને પુસ્તક–સંખ્યા એક કરોડ ઉપરાંત બનાવી. તે વખતે આચાર્યોની પરંપરાએ ચાલતું આવેલું જ્ઞાન અવિચ્છિન્નપણે પુસ્તકોમાં બરાબર યથાતથ્ય ઉતારવામાં આવ્યું. તેમાંના ઘણા ગ્રન્થો, સેંકડો વર્ષ પહેલાંના લખેલા, જ્ઞાનભંડારોમાં વિદ્યમાન છે. તે વખતે તે આચાર્યોના પ્રતિપક્ષી કોઇ થયા હોય, તો તેમના તરફથી પણ તે સમયનાં લખેલાં પુસ્તકો પ્રમાણ રૂપે મોજૂદ હોવાં જોઇએ, પણ તેવું જણાતું નથી. તો પછી ધર્મના સ્તંભ રૂપ પંડિત પુરુષો અને તેમનાં લખાણોની અવજ્ઞા

કરવાથી મહા પાપના ભાગી થવા સિવાય બીજું શું ફળ મળે તેમ છે ?

શું તે આચાર્યોને પરભવનો ડર ન હતો ? અથવા ઉત્સૂત્રપ્રરૂપણાના દોષને તેઓ સમજતા જ નહિ હોય ? તે વખતે તેમને તેમ કરતાં અટકાવવા માટે, શું કોઇએ કલમ જ ન ચલાવી ? તથા તે વચ્ચે, એક હજાર ઉપર વરસ વીતી જવા છતાં, તેમના નિંદક કોઈ પેદા ન થયા ? કે સમસ્ત મુનિગણની તે સમયની નિંદને ઉડાડનારા આજે જ ઉત્પન્ન થઈ આવ્યા ? મહાન સાક્ષરોની ભૂલોને સુધારનારાઓ હવે જ જન્મ્યા;—એવી અશ્રદ્ધેય વાતને તો કેવળ અજ્ઞાન વર્ગ જ માને.

૭૬ પ્રશ્ન૦ શ્રી મહાવીરસ્વામિના નિર્વાણ સમયે બે હજાર વરસની સ્થિતિવાળો ભસ્મગ્રહ બેસવાથી શાસનને ધક્કો લાગ્યો, પણ તે ઉતર્યા બાદ સત્ય ધર્મ પેદા થયો,—એમ કહેવાય છે, તો તેમાં તથ્ય શું છે ?

ઉત્તર૦ ત્યારે શું ભસ્મગ્રહ ઉતર્યા પહેલાં સત્ય ધર્મ નહોતો ? તે વખતે વિચ્છેદ થઈ ગયાનું ક્યા સૂત્રમાં લખ્યું છે ? શ્રી **ભગવતી** સૂત્રના વીસમા શતકને વિષે આઠમા ઉદ્દેશે ભગવંતે ફરમાવ્યું છે કે—

"હે **ગૌતમ** ! આ જંબૂદ્વીપના **ભરતખંડને** વિષે આ અવસર્પિણી કાલમાં મારૂં શાસન ૨૧૦૦૦ વર્ષ પર્યંત ચાલશે."

આ સૂત્રપાઠમાં વિચ્છેદ થવાનું કે પુનરુદ્ધાર થવાનું કાંઇ નામ–નિશાન પણ નથી. ઉલટું, એક સરખું ચાલ-

વાનું કહ્યું છે. વળી શ્રી કલ્પસૂત્રમાં કહ્યું છે કે–

" શ્રી વીરપ્રભુના નિર્વાણુ બાદ બે હજાર વર્ષની સ્થિતિવાળો ભસ્મગ્રહ પ્રભુના જન્મનક્ષત્ર પર બેસશે, જેથી તે દરમ્યાન સાધુ–સાધ્વીની ઉદય ઉદય પૂજા નહિ થાય, પણુ ભસ્મગ્રહ ઉતર્યા બાદ સાધુ–સાધ્વીની ઉદય ઉદય પૂજા થશે."

ગ્રહના જોરથી જેમની પૂજા નહિ થતી હોય, તેમની જ પૂજા તે ઉતર્યા પછી વિશેષ પ્રકારે થશે, તેમાં બીજાને શું લાગે–વળગે? એ મુજબ શ્રી આણુંદવિમલસૂરિ, શ્રી હેમવિમલસૂરિ, શ્રી વિજયદાનસૂરિ, શ્રી વિજયહીરસૂરિ તથા શ્રી જિનચંદ્રસૂરિ વિગેરે આચાર્યોએ ક્રિયા–ઉદ્ધાર કર્યો, ત્યારથી ત્યાગી શુદ્ધ સાધુની માન્યતા અને પૂજ્યતા લોકોમાં દિવસે દિવસે વિસ્તરવા તથા વધવા લાગી, એ પ્રત્યક્ષ દેખાય છે. શ્રી કલ્પસૂત્રમાં એમ તો કહ્યું નથી કે–" ભસ્મગ્રહની સ્થીતિવાળાં બે હજાર વર્ષ સુધી દયામય ધર્મનો લોપ થઈ જશે, લોક હિંસાધર્મના કુરસ્તે ચઢશે તથા તે ગ્રહ ઉતર્યા બાદ અમૂક આચાર્ય ફરી દયામય ધર્મનો પુનરુદ્ધાર કરશે, તેથી તેમની ઉદય ઉદય પૂજા થશે અને દયાની વૃદ્ધિ થશે."

જેમ કોઈ એક સ્ત્રીને ગર્ભ રહ્યો હોય, તો પુરા દિન થયેથી તેને જ પુત્ર પ્રાપ્ત થશે, બીજાને નહિ. તથા રોગી પુરુષના રોગની સ્થિતિ પરિપૂર્ણ થયેથી તે જ માણુસ સાજો થશે, બીજો નહિ. તેમ ભસ્મગ્રહના પ્રભા-

વથી જે મુનિવર્યોની પૂજા–ભક્તિ નહોતી થતી, તેમની જ ભક્તિ પાછી ગ્રહ ઉતર્યાથી થશે, બીજાની નહિ.–એવો સ્પષ્ટ અર્થ છોડી, મારી મચડીને ખોટો અર્થ કરવો, તે સત્યને ઉતારી પાડવા બરાબર છે.

૭૭ પ્રશ્ન૦ કેટલાક કહે છે કે–શ્રી વીરસંવત ૬૭૦ માં **સાચોર** ગામમાં શ્રી **મહાવીર**સ્વામિની મૂર્તિની પ્રતિષ્ઠા થઈ, તે પહેલાં મૂર્તિ હતી જ ક્યાં ?

ઉત્તર૦ આ કથનમાં કાંઈ પ્રમાણુ નથી. જો તેમ હોય તો લાખ્ખો વરસ પહેલાં મૂર્તિપૂજા કર્યાના પાઠો મૂલ સૂત્રોમાં ક્યાંથી આવી ગયા ? આજ પણ હજારો અને લાખ્ખો વરસનાં મંદિરો તથા મૂર્તિઓ વિદ્યમાન છે. તે મંદિરો અને મૂર્તિઓની પ્રાચીનતાની અંગ્રેજ શોધકો તથા અન્યદર્શની વિદ્વાનો પણ સાક્ષી પૂરે છે.

પ્રાચીન મંદિર અને મૂર્તિઓ માટે કેટલાક શાસ્ત્રીય ઉલ્લેખો—

(૧) શ્રી **આવશ્યક** મૂળ પાઠમાં '**વગ્ગુર**' શ્રાવકે **મલ્લીનાથ**સ્વામિનું મંદિર **પુરિમતાલ** નગરીને વિષે બંધાવ્યાનો ઉલ્લેખ છે.

(૨) **ભરત ચક્રવર્તિએ** શ્રી **અષ્ટાપદ** પર્વત ઉપર ચોવીસ તીર્થંકરોની પ્રતિમાઓ, તેમના વર્ણ, લંછન તથા શરીરના કદ પ્રમાણે સ્થાપન કર્યાનું શ્રી **આવશ્યક** મૂળ પાઠમાં કહ્યું છે.

(૩) **નિઝામ હૈદ્રાબાદ** પાસે **કુલ્પાક** ગામમાં **ભરતરાજાના** વખતની ભરાવેલી શ્રી **ઋષભ-**

નાથસ્વામિની મૂર્તિ છે, જે કાળવશે કરી દહેરાસર સમેત જમીનમાં દટાઇ ગએલ, તે હાલ થોડા વખત પહેલાં પ્રગટ થએલ છે. જમીનની અંદરથી દહેરાસર નીકળ્યું છે. પ્રત્યક્ષ માટે બીજા પ્રમાણની જરૂર નહિ. નજરે જોઇ ખાત્રી કરી લેવી કે-તે તીર્થ પ્રાચીન છે કે અર્વાચીન ? લોકો આને **માણિકચસ્વામિની** પ્રતિમા પણ કહે છે અને તે દેવાધિષ્ઠિત છે.

(૪) રાધનપુર પાસે શ્રી **શંખેશ્વર** ગામમાં શ્રી **શંખેશ્વર પાર્શ્વનાથજી**ની મૂર્તિ ગઈ ચોવીસીના શ્રી **દામોદર** નામના તીર્થંકરના વખતમાં બનેલી દેવરક્ષિત વિદ્યમાન છે.

(૫) મુંબઈ પાસે **અગાસી** ગામમાં શ્રી **મુનિસુવ્રત**-સ્વામિની પ્રતિમા તેમના વખતની બનેલી કહેવાય છે.

(૬) શ્રી **શ્રીપાલ**રાજા તથા સાતસો કોઢીઆનો કોઢ જે શ્રી **ઋષભનાથજી**ની મૂર્તિના સ્નાનજળથી દૂર થયો હતો, તે મૂર્તિ શ્રી **ધૂલેવા** નગરમાં શ્રી **કેસરીયાનાથજી**ના નામથી ઓળખાય છે, જેને લાખો વર્ષ થઈ ગયાં.

(૭) રાવણ રાજાના વખતમાં બનેલ શ્રી **અંતરીક્ષ પાર્શ્વનાથજી**ની મૂર્તિ દક્ષિણ દેશમાં **આકોલા** પાસે છે.

(૮) આ ચોવીશીના શ્રી **નમિનાથ** ભગવાનના શાસન પછી ૨૨૨૨ વર્ષે **આષાઢ** નામના ગોડદેશ-

વાસી શ્રાવકે ત્રણ પ્રતિમાઓ ભરાવી. તેમાંની એક **ખંભાત**માં શ્રી **સ્તંભન પાર્શ્વનાથ**ની, બીજી **પાટણ** શહેરમાં છે તથા ત્રીજી **પાટણ** પાસે **ચારૂપ** ગામમાં હાલ વિદ્યમાન છે. તેના પર નીચે મુજબ લેખો છે:—

'नमस्तीर्थंकृते तीर्थे वर्षदीक चतुष्टये ।
आषाढश्रावको गौडो कारयेत् प्रतिमा त्रयम् ॥'

ઇત્યાદિ, એ હિસાબે તે પ્રતિમાઓ ૫,૮૬,૬૫૨ વર્ષ લગભગની જુની છે.

(૯) **મારવાડ**માં શ્રી **નાંદિયા** ગામમાં શ્રી **મહાવીર**સ્વામી વિદ્યમાન થકાં, તેમની મૂર્તિ સ્થાપન થએલી છે, જેને **જીવિતસ્વામી** કહે છે.

(૧૦) **કાઠીયાવાડ**માં શ્રી **મહુવા** ગામમાં પણ ભગવાન શ્રી મહાવીરસ્વામી વિચરતા હતા, તે વખતની ભરાવેલી તેમની પ્રતિમા છે.

(૧૧) **જોધપુર** પાસે **ઓસીયા** નગરમાં શ્રી **વીર**-નિર્વાણ પછી ૭૦ વર્ષે સ્થાપન કરેલી શ્રી **મહાવીર**ભગવાનની મૂર્તિ શ્રી **રત્નપ્રભસૂરિ**ના હાથે પ્રતિષ્ઠિત થયેલી છે, જેને ૨૩૭૦ વર્ષ થયાં તથા બીજા પ્રાચીન લેખો પણ ત્યાં છે.

(૧૨) **ભરૂચ** શહેરમાં શ્રી **મુનિસુવ્રત**સ્વામિના વખતની તેમની મૂર્તિ હતી, જેને લાખ્ખો વર્ષ થઈ ગયાં.

(૧૩) **કચ્છ** દેશના **અંજાર** ગામમાં ઘણું પુરાણું શ્રી **પાર્શ્વનાથ**જીનું દેરૂં છે. તેના જીર્ણોદ્ધાર વખતે

ખોદકામ થતાં જમીનમાંથી એક ત્રાંબાપત્ર મળ્યું છે, જેના પર લેખ પ્રાચીન સમયનો છે. તેમાં લખ્યું છે કે–'તે દહેરૂં વીર સંવત્ ૨૩ માં બંધાવવામાં આવ્યું છે,' જેને આજ લગભગ અઢી હજાર વરસ થઇ ગયાં.

(૧૪) **બીકાનેર**માં શ્રી **ચિન્તામણિ પાર્શ્વનાથ**જીના ભંડારમાં ચોવીસસો તથા તેથી વધારે વર્ષની સેંકડો પ્રતિમાઓ છે.

(૧૫) સર કનીંગહામના પોતાના "આર્ચિઓલીજીકલ રીપોર્ટ"માં **મથુરા**માં પ્રાપ્ત થએલ કેટલીક મૂર્તિઓના લેખ પ્રગટ થયા છે, જેની નકલો શ્રી **તત્ત્વ–નિર્ણય**–પ્રાસાદ નામના ગ્રંથમાં છપાએલી છે, તો ત્યાંથી જોઈ લેવી.

(૧૬) **સંપ્રતિરાજાએ** વીર સંવત્ ૨૭૦ માં કરાવેલ લાખો મૂર્તિઓ પૈકી હાલમાં **મારવાડ, ગુજરાત** આદિ સ્થળે ઘણી પ્રતિમાઓ વિદ્યમાન છે.

વળી આ ઉપરાંત નીચેનાં સ્થળોએ પણ અનેક પ્રાચીન પ્રતિમાઓ વિદ્યમાન છે.

(૧૭) શ્રી **ઘોઘામાં** શ્રી **નવખંડા** પાર્શ્વનાથ.

(૧૮) શ્રી **ફલોધિમાં** શ્રી **ફલવૃદ્ધિ** પાર્શ્વનાથ.

(૧૯) શ્રી **ભોયણી**માં શ્રી **મલ્લીનાથજી** ભગવાન.

(૨૦) શ્રી **આબુનાં** મંદિરોમાં અનેક પ્રાચીન પ્રતિમાઓ છે.

(૨૧) શ્રી **કુમારપાલ** રાજાના બંધાવેલા શ્રી **તારંગાજી**

તીર્થનું ગગનચુંબી જિનાલય અને તેમાં બિરાજમાન શ્રી **અજિતનાથ**સ્વામિની વિશાળકાય ભવ્ય મૂર્તિ.

(૨૨) શ્રી **વરકાણામાં** શ્રી **વરકાણા** પાર્શ્વનાથ.

(૨૩) શ્રી **સિદ્ધાચળજી** ઉપર હજારો મંદિરો અને બિંબો.

(૨૪) શ્રી **ગિરનારજી** ઉપર મંદિરો તથા સેંકડો પ્રતિમાઓ.

(૨૫) **સમ્મેતશિખરજી** પરના અનેક જિનપ્રાસાદો.

(૨૬) શ્રી **રાણકપુરજી**નું ભવ્ય જિનમંદિર.

બીજાં પણ અનેક શ્રી જિનમંદિરો અને મૂર્તિઓ, સ્થળે સ્થળે, શ્રી જિનપૂજાની પ્રાચીનતા અને શાસ્ત્રીયતાનો જીવતો-જાગતો ખ્યાલ આપે છે. અગર મૂર્તિપૂજાનો નિષેધ હોત, તો ઉપર પ્રમાણે જિનમંદિર આદિ પાછળ ક્રોડો રૂપીઆ કેમ ખરચાત ? સૂત્રોમાં કોઈ જગ્યાએ પણ શ્રી જિનપૂજાનો નિષેધ નથી અને શ્રી જિનપૂજાની આજ્ઞા ઠેર ઠેર છે !

૭૮ પ્રશ્ન૦ આનંદાદિ શ્રાવકોએ શ્રી જિનમંદિર કરાવ્યાનો પાઠ કયા સૂત્રમાં છે ?

ઉત્તર૦ આનંદાદિ શ્રાવકોએ પૂજા કર્યાનો અધિકાર શ્રી **ઉપાસકદશાંગ** સૂત્રમાં છે. તે સૂત્રની હકીકત વિષે શ્રી **નંદીસૂત્ર** તથા શ્રી **સમવાયાંગ** સૂત્રમાં કહ્યું છે કે—

" से किं त उवासगदशाओ ? उवासगदशासु णं उवासगाणं नगराणि उज्जनत्ति चेइयाइं वणखंडाइं राया अम्माषियरो समोसरणाइं धम्मायरिया धम्मकहाइं परलोगाइं इड्ढिविशेषो । "

ભાવાર્થ–તે **ઉપાસકદશાંગ** સૂત્રમાં શું છે ? શ્રી **ઉપાસકદશાંગમાં** શ્રાવકોનાં નગર, ઉદ્યાન, ચૈત્ય (જિન-મંદિર), વનખંડ, રાજા, માતા, પિતા, સમોસરણાદિક, ધર્માચાર્ય, ધર્મકથા, પરલોકાદિ તથા ઋદ્ધિવિશેષ વર્ણવેલ છે.

એ રીતે કહેલાં શ્રી જિનમંદિરોમાં **આણંદ, કામદેવાદિ** શ્રાવકોનાં દહેરાં પણ આવી ગયાં. શ્રાવકોને વાસ્તે શ્રી જિનમંદિર બનાવવાની આજ્ઞા ન હોત, તો તેનું વર્ણન અત્રે શા માટે આવત ?

શ્રી **ઠાણુંગ** સૂત્રમાં શ્રાવક શબ્દનો જ્યાં અર્થ કર્યો છે, ત્યાં–' (૧) જિનપ્રતિમા (૨) જિનમંદિર (૩) શાસ્ત્ર (૪) સાધુ (૫) સાધ્વી (૬) શ્રાવક (૭) શ્રાવિકા '– એ સાત ક્ષેત્રે ધન ખર્ચવાનો હુકમ ફરમાવ્યો છે તથા અન્ય સૂત્રોમાં પણ તે સાત ક્ષેત્રો શ્રાવકને સેવવા યોગ્ય બતાવ્યાં છે. **આણુંદ** વિગેરે બાર વ્રતધારી, દઢ ધર્મનિષ્ઠ શ્રાવકો હતા. તેઓએ શ્રી **ઉત્તરાધ્યયનના** ૨૮મા અધ્યયનમાં કહ્યા મુજબ સમ્યક્ત્વના આઠ આચારોનું સેવન કર્યું છે. તેમાં સાત ક્ષેત્ર પણ આવી જાય છે: કારણ કે–તે આચારોમાં સાધર્મિકવાત્સલ્ય તથા પ્રભાવના એ બે આચાર પણ કહ્યા છે. સાધર્મિક વાત્સલ્યમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર ક્ષેત્રો જાણવાં ને પ્રભાવનામાં શ્રી જિનબિંબ, શ્રી જિનમંદિર તથા શાસ્ત્ર એ ત્રણ ગણાય.

આણુંદ, કામદેવાદિ શ્રાવકો ઉપરાંત **પ્રદેશી** રાજાએ પણ શ્રી જિનમંદિર કરાવેલ છે.

૭૯ પ્રશ્ન૦ આગળ અસંખ્યાતાં વર્ષોની પ્રતિમાઓ હોવાનું કહ્યું, પણ પુદ્ગલની સ્થિતિ તેટલા વરસની ન હોવાથી શી રીતે રહી શકે?

ઉત્તર૦ શ્રી **ભગવતી** સૂત્રમાં પુદ્ગલની સ્થિતિ બતાવી છે, તે દેવ સહાય વિનાની સ્વભાવિક સ્થિતિ વર્ણવેલી છે, પણ જેની દેવ રક્ષા કરે તે તો અસંખ્યાતાં વર્ષ રહી શકે છે. જેમ શ્રી **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ** સૂત્રમાં લખ્યું છે કે–

"**ભરતચક્રવર્તી** દિગ્વિજય કરી **ઋષભકૂટ** પહાડ પર આવી, આગળ થઈ ગએલા અનેક ચક્રવર્તિઓનાં નામ લખેલાં જોઈ, એક ચક્રવર્તિનું નામ ભૂંસાડી નાખી, પોતાનું નામ લખે."

હવે વિચાર કરો કે–"**ભરતચક્રવર્તી** પહેલાં અઢાર કોડાકોડી સાગરોપમનો ભરતક્ષેત્રમાં ધર્મનો વિરહ રહેલો છે, તો તેટલા અસંખ્યાતા કાલ સુધી મનુષ્યલિખિત નામ રહ્યાં કે નહિ? રહ્યાં જ રહ્યાં, તો પછી શ્રી **શંખેશ્વર** પાર્શ્વનાથ આદિની મૂર્તિઓ દેવતાની મદદથી રહે, તેમાં શી નવાઈ?

ઋષભકૂટ આદિ પહાડ શાશ્વતા છે, પણ નામ તો કૃત્રિમ છે. જો નામ પણ શાશ્વતાં હોય, તો તે ભૂંસી શકાય નહિ.

વળી કોઈ કહે કે–'પૃથ્વીકાય તો ૨૨૦૦૦ વર્ષથી વધારે વર્ષ ન રહે, તો શું દેવતા આયુષ્ય વધારવાને સમર્થ છે?' તેના જવાબમાં કહેવાનું કે–'મૂર્તિ પૃથ્વી-

કાય જીવ નથી, અજીવ વસ્તુ છે. તેને અનુપમ દેવ-શક્તિથી અગણિત વર્ષો પર્યન્ત પણ રાખી શકાય છે, કારણ કે—જૈન શાસ્ત્રાનુસારે કોઈ પણ પુદ્ગલ દ્રવ્યનો સર્વથા નાશ અનંતા કાળે પણ ન થાય: અર્થાત્—દ્રવ્યની અપેક્ષાએ તમામ પુદ્ગલ શાશ્વતા છે! પર્યાયની અપેક્ષાએ અશાશ્વતા છે!! જેમ પર્વતમાંથી એક પત્થરનો ટુકડો લ્યો, તો તે ટુકડાના પર્યાય બદલાશે પણ બિલકુલ નાશ તો કોઈ કાળે નહિ જ થાય. તે રીતે તમામ પુદ્ગલનું સમજવું.'

વળી શ્રી **જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિમાં** અવસર્પિણી કાલના પહેલા આરાનું વર્ણન કરતાં કહ્યું છે કે—

"ઘાડ વનો, વૃક્ષો, ફૂલ, ફલોથી સુશોભિત, સારસ, હંસ વિગેરે જાનવરોથી ભરેલી, એવી વાવડીઓ તથા પુષ્કરિણી અને દીર્ઘિકાઓથી શ્રી **જંબૂદ્વીપની** શોભા થઈ રહી છે."

વિચાર કરો કે—પહેલા આરામાં આ વાવડીઓ વિગેરે ક્યાંથી આવી? આ **ભરતક્ષેત્રમાં** નવ કોડાકોડી સાગરોપમથી તો યુગલીયા રહેતા હતા. તેઓ તો બનાવે નહિ. જો તે શાશ્વતી છે નહિ, તો પછી કોણે બનાવી? જેમ એ વાવડીઓ એટલાં અસંખ્યાતાં વર્ષની કાયમ રહી, તો પછી દેવતાઓની મદદથી મૂર્તિઓ પણ કાયમ કેમ ન રહે?

૮૦ **પ્રશ્ન૦** શ્રી **પ્રશ્નવ્યાકરણમાં,** પાંચ સંવરદ્વારમાં ચૈત્ય નહિ લખ્યાં ને આશ્રવદ્વારમાં ચૈત્ય લખ્યાં, તેનું શું કારણ?

ઉત્તર૨૦ આ ઠેકાણે પણ ચૈત્યનો દેવમંદિર એવો અર્થ તમામ જૈનો કરે છે, એ ભૂલવું જોઇએ નહિ. શ્રી **પ્રશ્નવ્યાકરણમાં** સંવરદ્વારમાં 'ચૈત્ય' એટલે જિન-મંદિરની સાધુ વૈયાવચ્ચ કરે, તેથી નિર્જરા થાય–એમ સાફ કહ્યું છે. ત્યાં "ચૈત્ય"નો અર્થ ઉલટો કરવો અને અહીં આશ્રવદ્વારમાં તે જ શબ્દનો અર્થ 'મંદિર' કરવો, એ ન્યાય કોના ઘરનો ? ચૈત્યનો અર્થ મંદિર છે, એ સ્વીકાર્યા બાદ તેને જે આશ્રવદ્વારમાં ગણાવેલ છે, તેનું કારણ તે ચૈત્યો મ્લેચ્છાદિનાં સમજવાનાં છે. તે સંબંધી ત્યાં સ્પષ્ટ લખ્યું છે કે—

" **कयरे जे ते सो परिया मच्छवं धासाउणिया जाव कूरकम्मकारी इमेव बहवे मिलेच्छाजाति किं ते सव्वे जवणा।** "

ભાવાર્થ–કોનાં ચૈત્ય ? તો કે–કસાઇ, વાઘરી, માછલાં પકડનાર ધીવર, પક્ષીમાર, યાવત્–મહાક્રૂર કર્મોના કરનારા, ઇત્યાદિક ઘણા મ્લેચ્છ જાતિ, તે સર્વે યવન લોક, દેવલ તથા પ્રતિમા માટે જીવોને હણે, તે સર્વે આશ્રવદ્વાર છે.

એમાં અથવા બીજા કોઈ પણ સૂત્રમાં, શ્રાવક ચૈત્ય કરાવે તો આશ્રવદ્વાર કહેવાય, એમ કહ્યું નથી. સૂત્રકાર મહાપુરૂષ તો મ્લેચ્છ તથા સર્વ યવનજાતિ વિષે કહે છે, તો શું શ્રાવકની કરણી મ્લેચ્છોની બરાબર છે ? મ્લેચ્છોનાં ચૈત્ય આશ્રવમાં લખ્યાં તથા સંવરદ્વારમાં સાધુને ચૈત્યની વૈયાવચ્ચ કરવી લખી. અર્થાત્–સાધુ ઉપદેશ દેઇ ચૈત્યની આશાતના ટળાવે, દેવદ્રવ્ય ખાતા હોય તેને ઉપદેશ દેઇ

તેમાંથી છોડાવે, ઈત્યાદિ વૈયાવચ્ચ કરવાથી નિર્જરા થાય, એમ કહ્યું. એથી સ્પષ્ટ થાય છે કે–શ્રી જિનચૈત્યની ભક્તિને આશ્રવદ્વારમાં ગણી જ નથી.

૮૧ પ્રશ્ન૦ 'ચૈત્ય' શબ્દનો ખરો અર્થ શું ?

ઉત્તર૦ શ્રી સુધર્માસ્વામિના પરંપરાગત આચાર્યોએ 'ચૈત્ય' શબ્દનો જે અર્થ લખ્યો છે, તે ભગવંતના મુખમાંથી જ નીકળેલો છે. પરમ ઉપકારી કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે પોતાના "અનેકાર્થ-સંગ્રહ"માં આ પ્રમાણે અર્થ કર્યો છે—

" चैत्यं जिनौकस्तद्बिंबं, चैत्यो जिनसभातरुः । '

અર્થ–ચૈત્ય કહેતાં (૧) જિનમંદિર, (૨) જિન-પ્રતિમા અને (૩) જિનરાજની સભાનું ચોતરાબંધ વૃક્ષ.

આ સિવાય બીજો અર્થ શાસ્ત્રમાં કહ્યો નથી, તેમ થતો પણ નથી. અમરકોશ અથવા બીજો ગમે તે કોશગ્રંથ જૂઓ. તેમાં આ સિવાય કોઈ અર્થ કહ્યો નથી. માટે આ સિવાય મનઃકલ્પિત અર્થ કરનારા જુઠ્ઠા સમજવા. સૂત્રપાઠોમાં જ્યાં જ્યાં તે શબ્દ વપરાયો છે, ત્યાં ત્યાં બીજો અર્થ લાગુ પડી શકતો જ નથી.

૮૨ પ્રશ્ન૦ 'ચૈત્ય' શબ્દનો અર્થ કેટલાક "સાધુ" કે "જ્ઞાન" કરે છે, તે શું ઉચિત છે ?

ઉત્તર૦ "ચૈત્ય"નો અર્થ "સાધુ" કે 'જ્ઞાન' કોઇ રીતે થઇ શકે નહિ : તેમ શાસ્ત્રના સંબંધમાં તે અર્થ બંધબેસતો પણ નથી. સાધુને ઠેકાણે તમામ સૂત્રોમાં

" साहु वा साहुणी वा । "

"भिक्खु वा भिक्खुणी वा।"

એમ કહેલ છે, પણ—

"चैत्यं वा चैत्यानि वा।"

—એવું તો ક્યાંય કહેલ નથી. તથા 'ભગવાન શ્રી **મહાવીરસ્વામિના** ચૌદ હજાર સાધુ હતા.'–એમ કહ્યું છે, પણ–'ચૌદ હજાર ચૈત્ય હતાં'–એમ કહ્યું નથી. એ રીતે વળી બીજા સર્વે તીર્થંકરો, ગણધરો, આચાર્યો વિગેરેના–'આટલા હજાર સાધુ હતા'–એમ કહ્યું છે, પણ 'ચૈત્ય હતાં'–એવા શબ્દો કોઈ સ્થળે નથી.

તથા 'ચૈત્ય' શબ્દનો અર્થ 'સાધુ' કરે, તો પછી સાધ્વીને વાસ્તે નારી જાતિમાં કયો શબ્દ તેમાંથી નીકળી શકશે? કારણ કે–ચૈત્ય શબ્દ સ્ત્રીલિંગમાં બોલાતો નથી.

શ્રી **ભગવતી**સૂત્રમાં (૧) અરિહંત, (૨) સાધુ અને (૩) ચૈત્ય–એમ ત્રણ શરણાં કહ્યાં છે. ત્યાં જો 'ચૈત્ય' શબ્દનો અર્થ 'સાધુ' કરે, તો તેમાં 'સાધુ' શબ્દ જૂદો કેમ કહ્યો? તથા જ્ઞાન કહે તો અરિહંત શબ્દથી જ્ઞાનનો સંગ્રહ થઈ ગયો, કેમ કે–જ્ઞાન અરૂપી છે, તે જ્ઞાની સિવાય હોય નહિ, વાસ્તે ચૈત્યથી જિનપ્રતિમાનો જ અર્થ થવાનો! "અરિહંત" એવો અર્થ પણ સંભવે નહિ: કારણ કે–"અરિહંત" પણ પ્રથમ સાક્ષાત્ શબ્દમાં જ કહેલ છે.

'ચૈત્ય' શબ્દનો 'જ્ઞાન' એવો અર્થ કરવો, એ પણ તદ્દન અસત્ય છે: કારણ કે–શ્રી **નંદીસૂત્રાદિ**માં જ્યાં જ્યાં પાંચ પ્રકારના જ્ઞાનના અધિકાર આવે છે, ત્યાં ત્યાં–

"नाणं पंचविहं पण्णत्तं ।"

—એમ કહ્યું છે, પણ–

"चेइयं पंचविहं पण्णत्तं ।"

—એમ તો ક્યાંય લખ્યું નથી. તથા તેનાં નામ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, કેવલજ્ઞાન કહ્યાં છે, પણ મતિચૈત્ય, શ્રુતચૈત્ય, અવધિચૈત્ય કે કેવલચૈત્ય ઇત્યાદિ કોઇ ઠેકાણે નથી. તથા તે જ્ઞાનના ધણીને મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, કેવલજ્ઞાની ઇત્યાદિ શબ્દથી ઓળખાવ્યા છે, પણ મતિચૈત્યી, શ્રુતચૈત્યી કે કેવલચૈત્યી તો કહ્યા નથી. તથા કોઇને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, તો તેને 'જાતિસ્મરણ જ્ઞાન' ઉપજ્યું એમ કહ્યું છે, પણ 'જાતિસ્મરણ ચૈત્ય' ઉપજ્યું એમ નથી લખ્યું.

શ્રી **ભગવતી**સૂત્રમાં જંઘાચારણ–વિદ્યાચારણ મુનિઓને અધિકારે '**चेइयाइं**'–શબ્દ છે તથા બીજે ઘણે ઠેકાણે તે શબ્દ વપરાએલ છે. તેનો અર્થ જ્ઞાન કરશો, તો જ્ઞાન તો એકવચને છે અને '**चेइयाइं**' બહુવચને છે, માટે તે અર્થ ખોટો છે. વળી શ્રી **નંદીશ્વરદ્વીપ**માં અરૂપી જ્ઞાનનું ધ્યાન કરવા જવાની શી જરૂર ? પોતાને સ્થળે બેઠાં તે ધ્યાન થઇ શકે છે, માટે ત્યાં પ્રતિમાઓની જ મતલબ છે.

હવે ચૈત્યનો અર્થ સાધુ કે જ્ઞાન કરનારાઓ પણ ઘણે સ્થળે પ્રતિમાનો અર્થ કરે છે, તેનાં થોડાંક દૃષ્ટાંત–

(૧) શ્રી **પ્રશ્નવ્યાકરણમાં** આશ્રવદ્વારે ચૈત્ય શબ્દનો અર્થ "મૂર્તિ" કર્યો છે.

(૨) શ્રી ઉવવાઈસૂત્રમાં '**पुण्णभद्द चेइए होत्था ।**' અહીં ચૈત્યનો અર્થ મંદિર અને મૂર્તિ કહે છે.

(૩) શ્રી ઉવવાઇસૂત્રમાં '**बहवे अरिहंतचेइयाइं ।**' અહીં પણ મંદિર અને મૂર્તિ એવો અર્થ કહે છે.

(૪) શ્રી **ભદ્રબાહુસ્વામિએ** શ્રી **વ્યવહારસૂત્રની ચૂલિકામાં** દ્રવ્યલિંગીઓ "ચૈત્યસ્થાપના" કરવા લાગી જશે, ત્યાં "મૂર્તિની સ્થાપના" કરવા લાગી જશે. એવો અર્થ કર્યો છે.

(૫) શ્રી **જ્ઞાતાસૂત્ર**, શ્રી **ઉપાસકદશાંગસૂત્ર**, શ્રી શ્રી **વિપાકસૂત્રમાં** '**पुण्णभद्द चेइए ।**' કહી પૂર્ણ-ભદ્રયક્ષની મૂર્તિ વા મંદિરનો અર્થ કહે છે.

(૬) શ્રી **અંતગડદશાંગસૂત્રમાં** પણ જ્યાં યક્ષનાં ચૈત્ય કહ્યાં છે, ત્યાં તેનો ભાવાર્થ મંદિર કે મૂર્તિ બતાવે છે.

ઇત્યાદિક પાઠોથી સત્યાસત્યનો નિર્ણય કરી લેવો.

૮૩ પ્રશ્ન૦ તીર્થયાત્રા વિષે કયા સૂત્રમાં લખ્યું છે અને તેથી શું લાભ થાય ?

ઉત્તર૦ તીર્થ બે પ્રકારે છે. (૧) જંગમ તીર્થ તે ચતુર્વિધ સંઘ અને (૨) સ્થાવર તીર્થ તે શ્રી **શત્રુંજય, ગિરિનાર, નંદીશ્વર, અષ્ટાપદ, આબુ, સમેત-શિખર** વગેરે છે,–જેની જાત્રા જંઘાચારણ વિદ્યાચારણ મુનિવરો પણ કરે છે, એમ શ્રી **ભગવતીજી** સૂત્રમાં ફરમાવ્યું છે. શ્રી **ગૌતમસ્વામીજી** પણ શ્રી **અષ્ટાપદ** પર ગયા હતા.

કર્મશત્રુને જીતનાર એવો જે **શત્રુંજય** પર્વત, તેના પર અનંતા જીવો મોક્ષે ગયા એમ શ્રી **જ્ઞાતાસૂત્ર**માં કહ્યું છે.

શ્રી **આચારાંગસૂત્ર**માં બીજે શ્રુતસ્કંધે નીચે પ્રમાણે તીર્થભૂમિ બતાવી છે.–

"जम्माभिसेय–निक्खमण–चरणत्ताणुप्पसाय–निव्वाणोदियलोयभवनमंदिरनंदीसरव्वो मनयरेसु–अट्ठावय उज्जंत ते गायगायसए अ धम्मचक्केय पासरहावत्तणयं चमरुव्यायं च वंदामि ।"

ભાવાર્થ–શ્રી તીર્થંકરદેવના જન્માભિષેકની ભૂમિ, દીક્ષા લેવાની ભૂમિ, કેવલજ્ઞાન ઉત્પન્ન થયું તે ભૂમિ, નિર્વાણભૂમિ, દેવલોકનાં સિદ્ધાયતન, ભૂવનપતિઓનાં સિદ્ધાયતન, નંદીશ્વર દ્વીપનાં સિદ્ધાયતન, જ્યોતિષી દેવ-વિમાનોનાં સિદ્ધાયતન, **અષ્ટાપદ**, **ગિરિનાર**, **ગજપદ** તીર્થ, **ધર્મચક્ર** તીર્થ, શ્રી **પાર્શ્વનાથ**સ્વામિનાં સર્વ તીર્થ, શ્રી **મહાવીર**સ્વામિ કાઉસ્સગમાં રહ્યા તે તીર્થને હું વંદન કરૂં છું.

શ્રી **ભદ્રબાહુ**સ્વામી શ્રી **આવશ્યક-નિર્યુક્તિ**માં ફરમાવે છે કે–શ્રી તીર્થંકરદેવોનાં જ્યાં જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન, નિર્વાણ, નિશ્ચે કરી થયાં હોય, તે ભૂમિના સ્પર્શથી સમ્યક્ત્વ દૃઢ થાય છે.

શ્રી **મહાવીર**સ્વામિના હસ્તદીક્ષિત શિષ્ય, અવધિ-જ્ઞાનને ધારણ કરનારા, શ્રી **ધર્મદાસગણી** શ્રી **ઉપદેશ-માળા** પ્રકરણમાં કહે છે કે–શ્રાવક જિનરાજનાં પાંચે કલ્યાણકોની જગ્યાએ યાત્રા નિમિત્તે જાય. સ્થાવર તીર્થની

યાત્રાથી અંત:કરણની શુદ્ધિ થાય છે.

શ્રી **મહાકલ્પ** સૂત્રમાં તીર્થયાત્રાના ઉત્તમ ફલનું વર્ણન છે. જો કે—આપણે રહીએ તે સ્થળે પણ દેરાસરો હોય છે, પણ તીર્થયાત્રામાં તે કરતાં વિશેષ લાભ રહેલો છે: કારણ કે—ઘર પર વ્યાપાર, રોજગાર, સગા-સંબંધી આદિની ઉપાધિઓ આડી આવે છે. તેમાં જ આખો દિવસ સંકલ્પ—વિકલ્પાદિ રહેવાથી, ધર્મધ્યાનમાં ચિત્ત સ્થિર રહી શકતું નથી. પરંતુ ઘર છોડયા પછી તે સર્વ ઉપદ્રવો દૂર થઇ જાય છે: સાથે અન્ય સ્વધર્મી બંધુઓ હોવાથી, તેમની સાથે ધાર્મિક વાર્તાલાપથી મન પ્રફુલ્લિત થાય છે: શાસ્ત્રનું જ્ઞાન મળે છે: માર્ગમાં અનેક ગામો—શહેરો આવે ત્યાં ઉત્તમ સાધુજનો તથા સુજ્ઞ શ્રાવકોનો જોગ મળવાથી, નવીન શિક્ષા અને બોધ પ્રાપ્ત થાય છે. તીર્થભૂમિ પર એવા ઘણા સજ્જનોની મુલાકાતનો લાભ થાય તથા તેમના સમીપ રહેવાથી ઘણો ફાયદો થાય. ઘર પર આવા મહાત્મા અને ઉત્તમ પુરુષોનો જોગ ક્વચિત જ મળે અને નવરાશ થોડી મળવાથી વિશેષ લાભ ન થઈ શકાય. તીર્થ ભૂમિ પર શ્રી તીર્થંકર, શ્રી ગણધર તથા બીજા ઉત્તમોત્તમ પુરુષોનાં નિર્વાણ થયાં છે, તેથી તેઓ યાદ આવે છે ને તેમના ગુણાનુવાદ કરવાનો ઉત્તમ પ્રસંગ મળે છે. બુદ્ધિ નિર્મળ થવાનું તે એક ખાસ કારણ છે તથા તે પૂજ્ય પુરુષો જે રસ્તે ચાલી ગુણવંત થયા, તે રસ્તે ચાલવાની આપણને પણ ઇચ્છા થાય છે. તે વખતે સંસાર અસાર જેવો લાગે છે તથા તે પર ઉદાસીનતા પેદા થઈ આત્મ-

ધ્યાન કરવાનું મન થાય છે. પરભાવમાં રમણુ કરવાનું મન થતું નથી. આત્મિક ગુણોને પ્રગટ કરવાનાં અનેક સાધનો મળવાથી, તેમાં ઉદ્યમવંત બની શકાય છે. જે જે પ્રકારે આત્મવિશુદ્ધિ થઈ શકે, તે તમામ ઉપાયો યોજવાની કિંમતી તક મળે છે. કેટલાક ધ્યાની પુરુષો પહાડની ગુફાઓમાં જઇ, એકાંતમાં બેસી, આત્મા તથા જડના વિભાગો તથા તે બંનેમાં રહેલી ભિન્નતાનો વિચાર કરે છે, ધર્મધ્યાનમાં તલ્લીન બને છે અને શુકલ ધ્યાનાદિ ધ્યાઇ શકાય તે માટેનો અભ્યાસ કરે છે.

વધારે શુદ્ધિનું બીજું કારણુ તો એ છે કે–ઉત્તમ મનુષ્યોના શરીરના પુદ્ગલ–પરમાણુઓ ત્યાં ફેલાએલાં હોય છે. તે સર્વે ઉત્તમ હોય છે. જ્યારે ક્ષપકશ્રેણિ માંડવાની ઇચ્છા હોય, ત્યારે વજ્રઋષભનારાચ સંઘયણુની પરમાવશ્યકતા છે. તે વિના ઉત્તમ ધ્યાન બની શકે જ નહિ. તેથી પુદ્ગલની સહાયતા પણુ જોઇએ. જે પુરુષોની મુક્તિ થવાની હોય તેવા ઉત્તમ પુરુષોના શરીરમાં, ધ્યાનને પુષ્ટિ આપે એવાં પુદ્ગલો એકત્ર થએલાં હોય છે. હવે તે પુરુષો તો નિર્વાણુ પામી ગયા, પણુ તે પુદ્ગલો તેમની નિર્વાણુભૂમિમાં વિખરાએલાં હોય છે. ત્યાં ઘણું કરીને સારાં પુદ્ગલોનો જ જત્થો હોય છે અને તે આપણામાં દાખલ થાય છે. જો કે–ઘણો કાલ વ્યતીત થયો છે, છતાં તે સર્વ પુદ્ગલો કાંઈ નાશ પામતાં નથી. આવી વિશુદ્ધ જગ્યા પર પુણ્યવાન સ્રીપુરુષોને આ નિર્મલ પુદ્ગલોનો સ્પર્શ થતાં, બુદ્ધિ કેટલી બધી નિર્મલ થતી હશે, તેનો ખ્યાલ અનુભવ સિવાય આવી શકતો

નથી. કદાચ દુર્ભાગી મનુષ્યને ત્યાં સારાને બદલે ખરાબ પુદ્ગલોનો સ્પર્શ થાય, તો તે તેના કર્મનો જ દોષ છે. મૂખ્યત્વે કરીને તો ત્યાં ઉત્તમ પુદ્ગલોનો જ સદ્ભાવ છે. એ રીતે ઘર કરતાં તીર્થયાત્રામાં કેઇગુણો વિશેષ લાભ મળે છે અને ધર્મધ્યાન નિર્વિઘ્ન અને સુગમ બની જાય છે.

૮૪ પ્રશ્ન૦ ભગવાનની પૂજા પૂજકને હિતકારી છે, છતાં ચિંતામણિ રત્નની પેઠે તેનું ફલ એકદમ અહીં જ કેમ મળતું નથી?

ઉત્તર૦ એ વિષયમાં દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરવાની જરૂર છે. હરેક વસ્તુને જે જે કાળે ફળવાનું હોય, તે તે કાળે જ તે ફળે છે. કહેવત છે કે–" ઉતાવળે આંબા પાકે નહિ." જેમ કે–ખેતરમાં બીજ વાવ્યા પછી તેનો સમય પૂર્ણ થયેથી જ ધાન્ય પાકે છે, પહેલાં નહિ. ગર્ભસ્થિતિ પ્રાયઃ નવ માસ વીત્યા બાદ જ પ્રસૂતિ થાય છે. વનસ્પતિ, ફલ, ફુલ પણ એકદમ પાકતાં નથી. ચક્રવર્તી રાજા, ઈન્દ્રદેવતા પ્રમુખની કરેલી સેવા તત્કાલ નહિ, પણ સમય આવેથી જ ફળ આપે છે. મંત્ર–જંત્ર પણ કોઈ હજાર જાપથી, કોઈ લાખ કે ક્રોડ જાપથી સિદ્ધ થાય છે. રોગ–નિવારણાર્થે કરેલ દવા પણ, સ્થિતિ પરિપકવ થયાથી જ અસર કરે છે. પારો સિદ્ધ કરતાં બહુ વાર લાગે છે. એમ સર્વે કાર્યો પોતપોતાની મુદત પૂરી થએથી ફલ આપે છે. એ જ પ્રમાણે આ ભવમાં ભાવસહિત કરેલી દ્રવ્યપૂજાનું મહત્ પુણ્ય ભવાંતરમાં ભોગવી શકાય છે તથા સામાન્ય પૂજાનું સામાન્ય પુણ્ય તો ક્વચિત્ આ જન્મમાં પણ ભોગવી શકાય છે. ઉત્તમ

ફૂલ દેનારાં કાર્યોમાં સમજુ પુરુષોએ ઉતાવળા કે ચિંતાતુર થવું નહિ. ચિંતામણિ રત્ન વિગેરેથી મળતું ફળ પૂજાના ફળના મુકાબલામાં કાંઈ ગણત્રીમાં નથી. તે તો તુચ્છ ફલને દેનાર છે. વળી તે પરભવમાં નહિ, પણ આ મનુષ્યભવ જે ઘણું કરીને અલ્પ સમયને વાસ્તે હોય છે, તેમાં જ ફલ આપે છે: પણ પૂજાથી ઉપાર્જન કરેલ પુણ્યનું ફલ બહુ મોટું હોવાથી, ઘણા કાળ સુધી ભોગવવા લાયક હોય છે. તે ઘણો કાળ દેવ વિગેરેના આયુષ્ય સિવાય હોઈ શક્તો નથી, તેથી તે મહાન પુણ્ય જીવને બીજા જન્મમાં ઉત્પન્ન થયા પછી જ પ્રાયઃ ઉદય આવે છે. જો આ ભવમાં જ તે પ્રાપ્ત થાય, તો મનુષ્યનું આયુષ્ય સામાન્યપણે અલ્પ હોવાથી તથા મનુષ્યદેહ રોગી અને જલ્દી નાશવંત હોવાથી, તે પુણ્ય રૂપી દોરી ભોગવતાં મોત આવવાથી, વચમાં જ તૂટી જાય છે: તથા દરમ્યાનમાં મોત રૂપ મહાદુઃખ ભોગવવું પડે છે, કે જે દુઃખના મુકાબલામાં બીજું એકે દુઃખ વિશેષ ભયંકર નથી. એવા મોટા પુણ્યનું ફલ ભોગવતાં, વચમાં મૃત્યુ આવે, એ કેટલું બધું અનિષ્ટ ગણાય ? વળી વિચારો કે–

કોઈ ગામડાની તુચ્છ ઝુંપડીનો વાસી ગરીબ મનુષ્ય પરદેશ જઇ કરોડો રૂપીઆ કમાઈ પાછો ઘેર આવ્યો. તે શું પેલા નાના ઝુંપડામાં પોતાની અગણિત દોલતનો ભોગ કરી શકશે ? કદી નહિ. તેનો ભોગ કરવા સારૂ ભવ્ય મહેલો, હવેલીઓ તે સ્થળે બંધાવવી પડશે. આમ કરવામાં તે જુની ઝુંપડીનો અવશ્ય નાશ કરવો જ પડશે. એ પ્રમાણે ઝુંપડી જેવું આ મનુષ્યનું તુચ્છ શરીર છે

અને કરોડો રૂપીઆ રૂપ તે પૂજાનું મહાપુણ્ય છે. જેમ ઝુંપડામાં બેઠાં તે પુરુષ અનર્ગળ દ્રવ્યનો ભોગ કરી શકે નહિ, તેમ આ ક્ષણભંગુર, રોગી મનુષ્યદેહમાં રહ્યો થકો જીવ, મહાપુણ્યનો બદલો ભોગવી શકે નહિ. તથા જેમ તે પુરુષ ઝુંપડી છોડી, મોટા મહેલો બનાવી; તે દ્રવ્યથી વૈભવ માણે, તેમ જીવ પણ પોતાના અલ્પકાળ-વાળા ઝુંપડા રૂપ શરીરને છોડી, મહેલ રૂપ દેવ વગેરેના ઉત્તમ શરીરને પ્રાપ્ત કરી, તે વડે પુણ્યનો સ્વાદ દીર્ઘ કાળ પર્યંત ચાખે છે. જેમ ઘણી મહેનતે મેળવેલી કિંમતી વસ્તુ લાંબા કાળ સુધી ભોગવતાં છતાં ક્ષય પામતી નથી, તેમ શ્રી જિનપૂજાદિ શુભ કાર્યોથી ઉપાર્જન થએલ પુણ્ય પણ, ઘણા કાળ સુધી ભોગવતાં છતાં ખૂટતું નથી. માટે કોઇ પણ એક વેળા ઉત્કૃષ્ટ ભાવ આવી જાય અને પૂજાથી મહાપુણ્ય બંધાઈ જાય, એટલે તે અનુક્રમે ઉચ્ચ ગતિએ પહોંચાડયા સિવાય રહે નહિ : યાવત્ શ્રી તીર્થંકરગોત્ર પણ શ્રી જિનપૂજાના યોગે ઉપાર્જેલા તથાપ્રકારના પુણ્યથી બંધાય છે.

૮૫ **પ્રશ્ન૦ સૂર્યાભ** દેવતાએ શ્રી **મહાવીર**ભગવાન પાસે નાટક કરવાનું કહ્યું, ત્યારે પ્રભુ મૌન કેમ રહ્યા ? તે સાવદ્ય કરણી હતી માટે ને ?

ઉત્તર૦ તે વખતે **સૂર્યાભદેવે** શું કહ્યું છે, તે વિષે શ્રી **રાયપસેણી** સૂત્રના નીચેના પાઠનો વિચાર કરો !

“ अहण्णं भंते ! देवाणुप्पियाणं भत्तिपुव्वयं गोयमाइणं समणाणं निग्गंथाणं बत्तिसइ बद्धं नट्टविहं उवदंसेमि ।”

અર્થ—હે ભગવન્ ! હું આપની ભક્તિપૂર્વક **ગૌતમા-** દિક શ્રમણ નિર્ગ્રંથોને બત્રીશ પ્રકારનું નાટક દેખાડું.

સૂત્રકાર તો "ભક્તિપૂર્વક" લખે છે, છતાં તેને મનઃ-કલ્પિતપણે સાવદ્ય કહી દેવું, એ કેટલું બધું અઘટિત છે ? તથા **સૂર્યાભે** પ્રશ્નાર્થે પૂછ્યું નથી, પણ પોતાની ઇચ્છા જાહેર કરી છે. તેવી વાતચીતમાં જવાબ આપવાની જરૂર નિષેધ વખતે જ રહે છે, સ્વીકાર વખતે નહિ. અગર સવાલના રૂપમાં પૂછ્યું હોય, તો **સૂર્યાભ** જેવો મહા વિવેકી ભગવાનના જવાબ વગર કાર્યનો આરંભ ન જ કરે. જેમ કે—કોઈ નોકર અમૂક કામનો હુકમ આપવા સારૂ પોતાના સ્વામિને સવાલ કરે, છતાં તેના હુકમ રૂપ જવાબ મલ્યા સિવાય તે નોકર તે કામ શરૂ કરે, તો તે મહા અવિવેકી અને આજ્ઞાલોપક જ ગણાય. પરમ સમ્યકત્વવાન **સૂર્યાભ**ને તેવો કેમ ગણી શકાય ? ભક્તિની ઇચ્છા જણાવવાના વાકયમાં મૌન રહેવાથી જ આજ્ઞા સમજાય છે ને નિષેધ કરવો હોય ત્યારે જ બોલવાની જરૂર રહે છે.

જેમકે—શ્રાવક ગુરુ પાસે આવી ઇચ્છા જાહેર કરે કે—'હે ગુરુજી ! હું આપને ભક્તિપૂર્વક વંદન કરૂં.' હવે જો ગુરુ કહે કે—"હા, કરો." તો તેથી પોતાના મુખે જ પોતાને વંદન કરવાનું કહેવાથી માનલોભી બને અને જો 'ના' કહે, તો ગુરુવંદનનું કાર્ય સાવદ્ય ઠરી તેનો નિષેધ થઇ જાય. એમ—"સુડી વચ્ચે સોપારી"—જેવું થાય, ત્યારે તે કામને નિરવદ્ય જાણી, ગુરુને ચૂપ રહેવા સિવાય કોઈ રસ્તો નથી.

વળી કોઇ કસાઈ ગુરુ પાસે આવી એક જીવને તેમની ભક્તિપૂર્વક મારવાનું કહે, તો ગુરુ શો જવાબ આપશે ? જો ચૂપ રહે તો કસાઇ જાણશે કે–“ સાધુની આ કામમાં અનુમોદના હોવાથી મને રોકતા નથી.” અને તેથી તે મારવા મંડી જશે: પણ જો સાધુ એમ કહે કે–“ એ સાવદ્ય કામ હોવાથી, એમાં ભક્તિ ન સંભવે. ”–તો જ તે મારતો અટકી જશે.

આજ–કાલના અલ્પજ્ઞાની સાધુ પણ સાવદ્ય–નિરવદ્ય તથા ભક્તિ–અભક્તિના હેતુને જાણી યોગ્ય વર્તન કરે છે, તો પછી જગદ્ગુરુ સર્વજ્ઞભગવાન અગર નાટકપૂજાને સાવદ્ય જાણતા, તો નિષેધ કેમ ન કરતા ?

“ ભક્તિપૂર્વક ” શબ્દ શાસ્ત્રકર્તાએ વાપર્યો છે, તેથી **સૂર્યાભ**દેવની ભક્તિ પ્રધાન છે અને ભક્તિનું ફલ શ્રી **ઉત્તરાધ્યયન** સૂત્રના ૨૯ મા અધ્યયને મોક્ષ સુધીનું કહ્યું છે. ક્ષાયિક સમ્યક્ત્વી, એકાવતારી, ત્રણ જ્ઞાનનો ધણી **સૂર્યાભદેવ** શું દેવ–ગુરુની ભક્તિના વિધિને નહિ જાણતો હોય ? વળી ભગવાન તથા બીજા સૂત્રકારોએ પણ તે કાર્યનો ભક્તિમાં સમાવેશ કર્યો છે અને તેથી જ તેનો નિષેધ નથી કર્યો.

અગર મૌન રહેવાથી જ નિષેધ થઇ જવાનું કહેશો, તો શ્રી **ભગવતી**સૂત્રના શતક ૧૧ માં કહ્યું છે કે–શ્રી **વીર-પ્રભુ**ની સન્મુખ **ઋષિભદ્ર**ને ઘણા શ્રાવકોએ તેની પ્રશંસા સાંભળી વંદન કર્યું, અપરાધ ખમાવ્યા. તથા બારમા શતકે પણ એવો અધિકાર છે કે–**શંખજી** શ્રાવકની પ્રશંસા

ભગવાનના મુખે સાંભળી, તેમની ખૂબ જ વંદણા કરી અને તે શંખજીને ઘણા શ્રાવકોએ ખમાવ્યા છે. આ બન્ને ય પ્રસંગોએ ભગવાન તો ચૂપચાપ રહ્યા હતા. અગર ભગવાનના મૌનના કારણે આ કાર્યોને આજ્ઞાબહારનાં કહેશો, તો તે ચાલવાનું નથી: કારણ કે–' ભગવાને જાણતાં છતાં ઉપર પ્રમાણે શ્રાવકોની પ્રશંસા કેમ કરી તથા વંદન કરતાને નિષેધ્યા કેમ નહિ?'–એવો પ્રશ્ન ઉભો થશે.

શ્રી **જીવાભિગમ**, શ્રી **ભગવતીજી** તથા શ્રી ઠાણુંગસૂત્રમાં દેવતાઓ શ્રી **નંદીશ્વર દ્વીપમાં** અઠ્ઠાઈ મહોત્સવ નાટક ઇત્યાદિ કરે, તેમને આરાધક કહ્યા છે પણ વિરાધક નહિ.

શ્રી **રાયપસેણી**, સૂત્રમાં પણ **સૂર્યાભ**દેવના સેવકોએ સમવસરણ વિષે ભગવાનને કહ્યું, ત્યારે ભગવાને તેમની પ્રશંસા કરી છે. શ્રી **જ્ઞાતાસૂત્ર** વિગેરેમાં કહ્યું છે કે–શ્રી **પાર્શ્વનાથજીની** અનેક સાધ્વીઓ ચારિત્ર વિરાધી તાપસણીઓ બની અને અજ્ઞાન તપસ્યાના પ્રભાવે દેવીઓ થઇ. તે દેવીઓએ ભગવાન શ્રી **મહાવીર** પરમાત્માની સન્મુખ બહુવિધ નાટક કર્યું, જેનું ફલ **ગૌતમસ્વામિના** પૂછવાથી ભગવાને ફરમાવ્યું કે–

"આ નાટકની ભક્તિ કરી તેઓ એકાવતારીપણાને પ્રાપ્ત થઇ છે."

કેટલાક કહે છે કે–'**મૃગપૃચ્છામાં** પણ સાધુ મૌન ધારણ કરે, તો ત્યાં શો અર્થ સમજવો?' મૃગાપૃચ્છામાં સાધુને મૌન રહેવાનું ક્યાંય પણ કહ્યું નથી. શ્રી **આચારાંગ** સૂત્રના બીજે શ્રુતસ્કંધે કહ્યું છે કે—

"जाणं वा नो जाणं वदेज्जा ।"

અર્થાત્–સાધુ જાણુતા હોય તો પણ કહે કે–હું નથી જાણુતો, મેં જોયાં નથી.

શ્રી **ભગવતી**સૂત્રના આઠમા શતકના પહેલા ઉદ્દેશામાં લખ્યું છે કે—

"मणसच्चजोगपरिणया, वयमोसजोगपरिणया।"

અર્થાત્–મૃગાપૃચ્છાદિમાં મનમાં તો સત્ય છે અને વચનમાં મૃષા છે.

શ્રી **સૂયગડાંગ** સૂત્રના આઠમા અધ્યયને ભગવાન ફરમાવે છે કે—

"सादियं न भूतं वया, एस धम्मेवुसिमओ।"

મૃગાપૃચ્છાદિ વિના અસત્ય ન બોલે, એ સંયમીઓનો ધર્મ છે. **અર્થાત્**–તે વખતે અસત્ય ભાષા બોલે એવી પ્રભુની આજ્ઞા છે.

૮૬ **પ્રશ્ન૦** જ્ઞાનની મહત્તા વિશેષ કે ક્રિયાની ?

ઉત્તર૦ જ્ઞાન વિના કયું સત્ય અને કયું અસત્ય, તેની ખબર પડતી નથી. જ્ઞાન વિના જગતનું સ્વરૂપ સમજાતું નથી. જ્ઞાન વિના દેવ, ગુરુ અને ધર્મનાં લક્ષણો જાણી શકાતાં નથી. જ્ઞાન વિના ધર્મક્રિયાઓ અંધક્રિયાઓની માફક અલ્પ ફલને દેનારી છે. શુદ્ધ જ્ઞાન વિનાની ક્રિયા તો માત્ર અજ્ઞાનકષ્ટ છે. તેનાથી ઉચ્ચ ગતિ પામીશકાતી નથી : કારણ કે–**જમાલી**, **ગોશાળા** પ્રમુખે ક્રિયા પૂરી પાળી : તેમના જેવી દયા

કોણ પાળી શકવાનું હતું ? છતાં ભગવાનની આજ્ઞા બહારની કરણી હોવાથી સંસારનો ક્ષય કરી શક્યા નહિ. જેઓ એકાન્ત ક્રિયાકષ્ટથી, મોટો ડોળ કરી, ગુરુ બની, લોકને ઠગે છે, તેઓએ વિચારવું જોઇએ કે–**જમાલી** પ્રમુખની કરણી પાસે તેમની ક્રિયા શા હિસાબમાં હતી ? મિથ્યાત્વીપણે કરેલી ક્રિયા વડે દેવગતિ આદિનાં સુખો, ભલે મળે, પણ તેથી સંસારભ્રમણતા કાંઇ ઓછી થતી નથી. વનમાં વસનારા, હાથમાં જ ભોજન કરનારા, મહા પરીષહોને સહન કરનારા, નગ્નપણે ફરનારા, વ્રતધારી અને તપસ્વી મિથ્યાત્વી ઋષિ–મુનિઓના હિસાબે હાલમાં કોઈ લક્ષાંશ ભાગની ક્રિયા પણ પાળતું જણાતું નથી, તો કેવળ ક્રિયાપક્ષીએ તો તેવા જ ગુરુને ધારવા જોઈએ.

શાસ્ત્રકાર કહે છે કે–" કરોડો વર્ષ પર્યંત પંચાગ્નિ તપ–જપ કરીને અજ્ઞાની ક્રિયાવાદી આત્માની જે શુદ્ધિ કરી શકતો નથી, તેટલી આત્મશુદ્ધિ જ્ઞાની મનુષ્ય એક શ્વાસોચ્છોશ્વાસ માત્રમાં કરે છે. "

શ્રી **ભગવતી**સૂત્રમાં ફરમાવ્યું છે કે–" ક્રિયાથી ભ્રષ્ટ થએલો જ્ઞાની દેશથી વિરાધક છે ને સર્વથી આરાધક છે; જ્યારે જ્ઞાનથી ભ્રષ્ટ ક્રિયા કરનાર દેશથી આરાધક છે, પણ સર્વથી વિરાધક છે. "

માટે જ કહ્યું છે કે–

" पढमं नाणं तओ दया ।"

અર્થાત્–ક્રિયા કરતાં જ્ઞાન પ્રથમ દરજ્જે છે.

" હિંસામાં પાપ છે. "–એવું પ્રથમ જ્ઞાન થવાથી જ હિંસાની ક્રિયાથી દૂર રહેવાશે, અન્યથા નહિ. માટે શુદ્ધ જ્ઞાનપૂર્વકની ક્રિયા જ સંસારનો પાર પમાડવાને માટે સમર્થ છે, એમ સમજીને સમ્યગ્જ્ઞાનનું ઉપાર્જન કરવાને માટે ઉદ્યમ કરવો જોઇએ.

પરંતુ એય ધ્યાનમાં રાખવું કે–જ્ઞાન, એ દયા પાળવાને માટે છે, પણ દયાને ઉંચી મૂકવા માટે નથી. દયા કે દયાને લાવનારી ક્રિયા–એની જ જો કિંમત ન હોત, તો એ માટે મેળવેલા જ્ઞાનની પણ કિંમત કાંઇ જ ન હોત. દુનિયામાં જીવવાની કિંમત છે, તો જ ખાવાની કિંમત છે. જો જીવનની જ કિંમત ન હોત, તો તેને ટકાવવા માટે ખાવાની કિંમત પણ કદી હોઇ શકત નહિ. એ જ ન્યાયે દયાની કિંમત છે, માટે જ દયાને લાવનાર જ્ઞાનની કિંમત છે. તપની કિંમત છે, માટે જ તપનો મહિમા સમજાવનાર જ્ઞાનની કિંમત છે. શ્રી જિનપૂજા કિંમતી છે, માટે જ શ્રી જિન અને તેની પૂજાનો પ્રભાવ સમજાવનાર જ્ઞાન કિંમતી છે. એથી વિપરીત સમજાવનાર જ્ઞાનની કિંમત, શ્રી જૈનશાસનમાં ફૂટી કોડીની પણ નથી.

મોક્ષને માટેની ક્રિયા પ્રત્યે ભાવ પેદા કરનાર જે જ્ઞાન છે, તેને જ સમ્યગ્જ્ઞાન માનેલું છે. મોક્ષ જેટલો મહાન છે, તેટલું જ તેની પ્રાપ્તિના ઉપાયોને સમજાવનાર જ્ઞાન મહાન છે. જે જ્ઞાન મોક્ષ અને મોક્ષમાર્ગથી પરાઙ્મુખ બનાવે, ભવવૃદ્ધિના માર્ગે ચઢાવે, તપ સંયમ અને જિનપૂજાદિ સદનુષ્ઠાનોથી આત્માને ચૂકાવી દે, તે


જ્ઞાનને શાસ્ત્રકારોએ મિથ્યાજ્ઞાનની ઉપમા આપી, હેય તરીકે પ્રતિપાદન કરેલ છે. સંસાર જેટલો હેય છે, તેટલું જ તે સંસારવૃદ્ધિના માર્ગે લઇ જનારૂં જ્ઞાન પણ હેય છે. તેવા મિથ્યાજ્ઞાનને મેળવવા કરતાં, અજ્ઞાની કે અલ્પજ્ઞાની રહેવું હજારો ગુણું સારૂં છે. સમ્યગ્જ્ઞાનીની નિશ્રાએ રહેલ અજ્ઞાની કે અલ્પજ્ઞાનીનો મોક્ષ થાય છે, પરન્તુ મિથ્યાજ્ઞાનીની સિદ્ધિ શાસ્ત્રકારોએ કહી નથી.

સમ્યગ્જ્ઞાન, એ જીવને જિનપૂજાદિ શુભ કરણીમાં જોડે છે, તેથી તે જ્ઞાનની વૃદ્ધિ કરવા માટે તનતોડ પ્રયાસ કરવો, એ સમ્યગ્દૃષ્ટિ આત્માઓનું પરમ કર્ત્તવ્ય છે. આ પુસ્તકમાં થોડું પણ સમ્યગ્જ્ઞાન જ આપવા માટેનો યથાશક્ય પ્રયાસ કરવામાં આવ્યો છે. તેનો ભવભીરૂ યોગ્ય આત્માઓ, લેવાય તેટલો લાભ લેઇ, સ્વપરનું શ્રેયઃ સાધે અને શ્રી જિનભક્તિમાં તલ્લીન બને, એજ અભ્યર્થના.

ॐ

श्रीपार्श्वनाथाय नमः

પ્રતિમા પૂજન



શ્લોકાદિનો સંગ્રહ

શ્રી જિન-પૂજન-મહિમા

सयं पमज्जणे पुन्नं, सहस्सं च विलेवणे ।
सयसहस्सिया माला, अनंतं गीयवायए ॥ १ ॥

આ પુસ્તકના પ્રથમ પ્રકરણનું લખાણ શરૂ કરતાં, આગળના પાના ૩૫૧ 'શ્રી જિન-દર્શન-મહિમા'નું સૂચક પદ્ય મૂકયું છે. તેમાં શ્રી જિનમન્દિરમાં પ્રભુનું દર્શન કરતાં '**એક માસોપવાસ**'નું વ્યવહારિક ફલ દર્શાવ્યું છે. તેના અનુસન્ધાનમાં આ પદ્ય સૂચવે છે કે—

પ્રભુદર્શનના ફલ કરતાં-શ્રી જિનબિમ્બનું પ્રમાર્જન કરવાથી સોગુણું ફળ મળે છે, શ્રી જિનબિમ્બનું વિલેપન કરવાથી હજારગુણું ફળ મળે છે, શ્રી જિનબિમ્બને સુગંધી પુષ્પોની માળા પહેરાવવાથી લાખગુણું ફળ મળે છે અને શ્રી જિનબિમ્બ સન્મુખ નૃત્યાદિ વડે ભાવ-ભક્તિ કરવાથી અનંતગુણું ફળ મળે છે.

જિનવરબિંબને પૂજતાં, હોય શતગુણું પુણ્ય,
સહસગુણું ફળ ચંદને, જે લેપે તે ધન્ય - ૧

લાખગુણું ફળ કુસુમની, માળા પહેરાવે,
અનંતગુણું ફળ તેહથી, ગીત ગાન કરાવે - ૨

તીર્થંકર પદવી વરે, જિન પૂજાથી જીવ,
પ્રીતિ ભક્તિપણે કરી, સ્થિરતાપણે અતીવ - ૩

જિન પડિમા જિન સારીખી, સિદ્ધાંતે ભાખી,
નિક્ષેપા સહુ સારિખા, થાપના તિમ દાખી - ૪

ત્રણ કાળ ત્રિભુવનમાંહી, કરે તે પૂજન જેહ,
દરિશન કેરૂં બીજ છે, એહમાં નહીં સંદેહ - ૫

જ્ઞાનવિમળ પ્રભુ તેહને, હોય સદા સુપ્રસન્ન,
એહીજ જીવિત ફળ જાણીજે, તેહીજ ભવિજન ધન્ન - ૬

—**શ્રી જ્ઞાનવિમળસૂરિ**

પ્રતિમા–પૂજન

પ્રકરણ ૫ મું

શ્લોકાદિ–સંગ્રહ

પૂ. ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્
યશોવિજયજી મહારાજ વિરચિત
'શ્રી પ્રતિમાશતક' માંનાં અતિ મનનીય ૧૧ પદ્યો

[૧]

ऐन्द्रश्रेणिनता प्रतापभवनं भव्यांगिनेत्रामृतं,
सिद्धान्तोपनिषद्विचारचतुरैः प्रीत्या प्रमाणीकृता ।
मूर्त्तिः स्फूर्तिमती सदा विजयते जैनेश्वरी विस्फुरन्-
मोहोन्मादघनप्रमादमदिरामत्तैरनालोकिता ॥

ઈંદ્રોની શ્રેણિએ નમસ્કાર કરેલી, પ્રતાપના ગૃહરૂપ, ભવ્ય પ્રાણીઓના નેત્રને અમૃતરૂપ, સિદ્ધાંતના રહસ્યનો વિચાર કરવામાં ચતુર પુરુષોએ પ્રીતિથી પ્રમાણ કરેલી અને સ્ફુરાયમાન એવી શ્રી જિનેશ્વરભગવંતની પ્રતિમા સદા વિજય પામે છે, કે જે પ્રતિમા વિવિધ પરિણામવાળા મોહના ઉન્માદ અને ગાઢ પ્રમાદરૂપી મદિરાથી ઉન્મત્ત થયેલા કુમતિ–પુરુષોના જોવામાં આવતી નથી.(૧)

[२]

नामादित्रयमेव भावभगवत्ताद्रूप्यधीकारणं,
शास्त्रात् स्वानुभवाच्च शुद्धहृदयैरिष्टं च दृष्टं मुहुः।
तेनार्हत्प्रतिमामनादृतवतां भावं पुरस्कुर्वता-
मन्धानामिव दर्पणे निजमुखालोकार्थिनां का मतिः॥

નામાદિ ત્રણે નિક્ષેપ ભાવભગવંતના તદ્રૂપપણાની બુદ્ધિનાં કારણ છે, અને તે શુદ્ધ હૃદયવાળા ગીતાર્થ પુરુષોએ શાસ્ત્રથી અને સ્વાનુભવથી સ્વીકારેલ છે તથા વારંવાર અનુભવેલ છે. તેથી અર્હંતની પ્રતિમાનો અનાદર કરી માત્ર ભાવ અર્હંતને જે માનનારાં છે, તેઓની બુદ્ધિ દર્પણમાં મુખ જોનારા અંધ પુરુષોની જેમ કુત્સિત અને દોષયુક્ત છે! (૨)

[३]

स्वांतं ध्वान्तमयं मुखं विषमयं दृग् धूमधारामयी,
तेषां यैर्न नता स्तुता न भगवन्मूर्तिर्न वा प्रेक्षिता।
देवैश्चारणपुंगवैः सहृदयैरानन्दितैर्वन्दिता,
ये त्वेनां समुपासते कृतधियस्तेषां पवित्रं जनुः॥

જેઓએ ભગવંતની મૂર્તિને નમસ્કાર કર્યો નથી તેઓનું હૃદય અંધકારમય છે, જેઓએ તેની સ્તુતિ કરી નથી તેઓનું મુખ વિષમય છે, અને જેઓએ તેનાં દર્શન કર્યાં નથી તેમની દૃષ્ટિ ધૂમધારાથી વ્યાપ્ત છે. દેવતાઓ, ચારણ મુનિઓ અને તત્ત્વવેત્તાઓ વડે આનંદથી વંદના કરાયેલી આ પ્રતિમાની જેઓ ઉપાસના કરે છે તેઓની બુદ્ધિ કૃતાર્થ છે અને તેમનો જન્મ પવિત્ર છે. (૩)

[૪]

उत्फुल्लामिव मालतीं मधुकरो रेवामिवेभः प्रियां,
माकन्दद्रुममंजरीमिव पिकः सौन्दर्यभाजं मधौ ।
नन्दच्चन्दनचारुनन्दनवनीभूमिमिव द्योःपति-
स्तीर्थेशप्रतिमां न हि क्षणमपि स्वान्ताद्विमुंचाम्यहम् ॥

જેમ ભ્રમર પ્રફુલ્લિત માલતીને છોડે નહિ, જેમ હાથી મનોહર રેવાનદીને છોડે નહિ, જેમ કોકિલ પક્ષી વસંતઋતુમાં સૌંદર્યવાળી આમ્રવૃક્ષની મંજરીને છોડે નહિ, અને જેમ સ્વર્ગપતિ ઈંદ્ર ચંદનવૃક્ષોથી સુંદર એવી નંદનવનની ભૂમિને છોડે નહિ, તેમ હું તીર્થંકર ભગવંતની પ્રતિમાને મારા હ્રદયમાંથી ક્ષણવાર પણ છોડતો નથી. (૪)

[૫]

मोहोद्दामदवानलप्रशमने पाथोदवृष्टिः शम-
स्रोतोनिर्झरिणी समीहितविधौ कल्पद्रुवल्लिः सताम् ।
संसारप्रबलान्धकारमथने, मार्त्तंडचंडद्युति-
र्जैनी मूर्तिरुपास्यतां शिवसुखे भव्याः पिपासास्ति चेत् ॥

હે ભવ્ય પ્રાણીઓ! જો તમારે મોક્ષ સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો તમે શ્રી તીર્થંકર ભગવંતની પ્રતિમાની ઉપાસના કરો, જે પ્રતિમા મોહરૂપી દાવાનલને શમાવવામાં મેઘવૃષ્ટિરૂપ છે, જે સમતારૂપ પ્રવાહ ઝરાવવા માટેની નદી છે, જે સત્પુરુષોને વાંછિત આપવામાં કલ્પલતા છે અને જે સંસારરૂપી ઉગ્ર અંધકારને નાશ કરવામાં સૂર્યની તીવ્ર પ્રભારૂપ છે. (૫)

[૬]

वर्शी दर्शमवापमव्ययमुदं विद्योतमाना लसद्-
विश्वासं प्रतिमामकेन रहित ! त्वां ते सदानन्द ! याम् ।
सा धत्ते स्वरसप्रसृत्वरगुणस्थानोचितामानमद्-
विश्वा संप्रति मामके नरहित ! स्वान्ते सदानं दयाम् ॥

હે સર્વ દુઃખથી રહિત પ્રભુ ! હે સદા આનંદમય નાથ ! તમારી મૂર્તિને જોઈ જોઈ હું મારા હૃદયમાં વિશ્વાસ મેળવી, અવ્યય, અવિનાશી એવા હર્ષને પ્રાપ્ત થએલો છું. હે મનુષ્યના હિતકારી પ્રભુ ! તે આપની પ્રતિમા અભયદાનસહિત ઉપાધિવગર વધતા ગુણસ્થાનકને યોગ્ય એવી દયાનું પોષણ કરે છે. (૬)

[૭]

त्वद्बिम्बे विधृते हृदि स्फुरति न प्रागेव रूपान्तरं,
त्वद्रूपे तु ततः स्मृते भुवि भवेन्नो रूपमात्रप्रथा ।
तस्मात्त्वन्मदभेदबुद्ध्युदयतो नो युष्मदस्मत्पदो-
ल्लेखः किंचिदगोचरं तु लसति ज्योतिः परं चिन्मयम् ॥

હે પ્રભુ ! તમારૂં બિંબ હૃદયમાં ધારણ કરવાથી બીજું કોઇ રૂપ હૃદયમાં સ્ફુરાયમાન થતું નથી અને તમારા રૂપનું સ્મરણ થતાં પૃથ્વીમાં બીજા કોઇ રૂપની પ્રસિદ્ધિ થતી નથી. તે માટે "તું એ હું" એવી અભેદ બુદ્ધિના ઉદયથી "યુષ્મત્ અને અસ્મત્" પદનો ઉલ્લેખ પણ થતો નથી અને કોઇક અગોચર પરમ ચૈતન્યમય જ્યોતિ અંતરમાં સ્ફુરાયમાન થાય છે. (૭)

[૮]

किं ब्रह्मैकमयी किमुत्सवमयी श्रेयोमयी किं किमु,
ज्ञानानन्दमयी किमुन्नतिमयी किं सर्वशोभामयी ।
इत्थं किं किमितिप्रकल्पनपरैस्त्वन्मूर्त्तिरुद्वीक्षिता,
किं सर्वातिगमेव दर्शयति सद्ध्यानप्रसादान्महः ॥

શું આ પ્રતિમા બ્રહ્મમય છે! શું ઉત્સવમય છે! શું કલ્યાણમય છે! શું જ્ઞાનાનંદમય છે! શું ઉન્નતિમય છે! શું સર્વ શોભામય છે! આ રીતની કલ્પના કરતા એવા કવિઓ વડે જોવાયેલી તમારી પ્રતિમા સદ્ધ્યાનના પ્રસાદથી સર્વને ઉલ્લંઘન કરી જનાર એવા જ્ઞાનરૂપ તેજને બતાવે છે. (૮)

[૯]

त्वद्रूपं परिवर्ततां हृदि मम ज्योतिःस्वरूपं प्रभो !
तावद् यावदरूपमुत्तमपदं निष्पापमाविर्भवेत् ।
यत्रानन्दघने सुरासुरसुखं संपिंडितं सर्वतो,
भागेऽनन्ततमेऽपि नैति घटनां कालत्रयीसंभवि ॥

હે પ્રભુ! પાપનો ક્ષય કરનારૂં, ઉત્તમ પદસ્વરૂપ અને રૂપરહિત એવું અપ્રતિપ્રાતી ધ્યાન જ્યાંસુધી પ્રગટ ન થાય ત્યાં સુધી મારા હૃદયમાં તમારૂં રૂપ અનેક પ્રકારે જ્ઞેયાકારરૂપે પરિણામ પામો! જે આનંદઘનમાં ત્રિકાલસંભવી અને સર્વ તરફથી એકત્ર થયેલું સુર અસુરનું સુખ અનંતમા ભાગે પણ ઘટતું નથી. (૯)

[१०]

स्वान्तं शुष्यति दह्यते च नयनं भस्मीभवत्याननं,
दृष्ट्वा तत्प्रतिमामपीह कुधियामित्यासलुप्तात्मनाम् ।
अस्माकं त्वनिमेषविस्मितदृशां रागादिमां पश्यतां,
सान्द्रानन्दसुधानिमज्जनसुखं व्यक्तीभवत्यन्वहम् ॥

જિનપ્રતિમાને વિષે જેમનો આત્મા ખંડિત થયો છે એવા કુમતિઓનું, તે પ્રતિમા જોઇ હૃદય સુકાઇ જાય છે, નેત્ર બળી જાય છે, અને મુખ ભસ્મ થઇ જાય છે. જ્યારે રાગથી તે પ્રતિમાને અનિમેષ દૃષ્ટિથી જોતાં એવા અમને તો આનંદઘન અમૃતમાં નિમજ્જનનું સુખ નિરંતર પ્રગટ થાય છે. (૧૦)

[११]

मन्दारद्रुमचारुपुष्पनिकरैर्वृन्दारकैरर्चितां,
सद्वृंदाभिनतस्य निर्वृतिलताकन्दायमानस्य ते ।
निस्यन्दात् स्नपनामृतस्य जगतीं पान्तीममन्दामया-
वस्कन्दात् प्रतिमां जिनेंद्र ! परमानंदाय वन्दामहे ॥

હે જિનેંદ્ર ! ઉત્તમ પુરૂષોના વૃંદોએ નમસ્કાર કરેલ અને મુક્તિરૂપ લતાના કંદ સમાન એવી તમારી પ્રતિમા, જે દેવતાએ મંદાર વૃક્ષના પુષ્પ સમૂહ વડે પૂજેલી છે અને જે ઉગ્ર રોગને શોષણ કરનારા સ્નાત્ર જલરૂપ અમૃતના ઝરણથી સર્વ જગતની રક્ષા કરે છે, તે પ્રતિમાને અમે પરમ આનંદને (મોક્ષને) અર્થે વંદના કરીએ છીએ. (૧૧)

કુમતિ–લતા–ઉન્મીલન

— યાને —

શ્રી જિનબિંબ–સ્થાપન–સ્તવન

ભરતાદિકે ઉદ્ધારજ કીધો, **શત્રુંજય** મોઝાર;
સોનાતણાં જેણે દેરાં કરાવ્યાં, રત્નતણાં બિંબ થાપ્યાં,
હો કુમતિ! કાં પ્રતિમા ઉત્થાપી ?, એ જિનવચને થાપી. ૧

વીર પછે બસે નેવું વરસે, **સંપ્રતિ** રાય સુજાણ;
સવા લાખ પ્રાસાદ કરાવ્યા, સવા ક્રોડ બિંબ થાપ્યાં.
હો કુમતિ!૦ ૨

દ્રૌપદીએ જિન પ્રતિમા પૂજી, સૂત્રમાં સાખ ઠરાણી;
છઠ્ઠે અંગે તે **વીરે** ભાખ્યું, **ગણધર** પૂરે સાખી.
હો કુમતિ!૦ ૩

સંવત નવસેંતાણું વરસે, **વિમલ મંત્રીશ્વર** જેહ;
આબુ તણાં જેણે દહેરાં કરાવ્યાં, બે હજાર બિંબ થાપ્યાં.
હો કુમતિ!૦ ૪

સંવત અગિઆર નવાણું વરસે, રાજા **કુમારપાલ**;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા, સાત હજાર બિંબ થાપ્યાં.
હો કુમતિ!૦ ૫

સંવત બાર પંચાણું વરસે, **વસ્તુપાલ તેજપાલ**;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા, અગીઆર હજાર બિંબ થાપ્યાં.
હો કુમતિ!૦ ૬

સંવત બાર બોહોંતેર વરસે, સંઘવી ધન્નો જેહ;
રાણકપુર જેણે દેરાં કરાવ્યાં, ક્રોડ નવાણું દ્રવ્ય ખરચ્યાં.
હો કુમતિ !૦ ૭

સંવત તેર એકોતેર વરસે, સમરોશા રંગ શેઠ;
ઉદ્ધાર પંદરમો શેત્રુંજે કીધો, અગીઆર લાખ દ્રવ્ય ખરચ્યાં.
હો કુમતિ !૦ ૮

સંવત પંદર સત્તાસી વરસે, બાદરશાહને વારે;
ઉદ્ધાર સોલમો શેત્રુંજે કીધો, કરમાશાહે જશ લીધો.
હો કુમતિ !૦ ૯

એ જિનપ્રતિમા જિનવર સરખી, પૂજો ત્રિવિધ તુમે પ્રાણી;
જિનપ્રતિમામાં સંદેહ ન રાખો, વાચક જસની વાણી.
હો કુમતિ !૦ ૧૦

શ્રી જિનપ્રતિમા-સ્થાપન-સ્વાધ્યાય

જેમ જિન પ્રતિમા વંદન દીસે, સમકિતને આલાવે;
અંગોપાંગ પ્રગટ અરથ એ, મૂરખ મનમાં નાવે રે.
કુમતિ ! કાં પ્રતિમા ઉથાપી ? ૧

એ મતિ શુભ મતિ કાપી રે-કુમતિ ! કાં પ્રતિમા ઉથાપી ?
મારગ લોપે પાપી રે, કુમતિ ! કાં પ્રતિમા ઉથાપી ?
એહ અરથ **અંબડ** અધિકારે, જૂઓ **ઉપાંગ ઉવાઈ**;
એ સમકિતનો મારગ મરડી, કહે દયા સીમાઈ રે.
કુમતિ !૦ ૨

સમકિત વિણ સુર દુરગતિ પામે, અરસ વિરસ આહારે;
જૂઓ **જમાલી** દયાએ ન તરીઓ, હુઓ બહુલ સંસારી.
કુમતિ !૦ ૩

ચારણ મુનિ જિન પ્રતિમા વંદે, ભાખિઉં **ભગવઈ** અંગે;
ચૈત્ય સાખિ આલોયણ ભાખે, વ્યવહારે મન રંગે.
કુમતિ !૦ ૪

પ્રતિમા-નતિ ફલ કાઉસ્સગ્ગે, **આવશ્યક**માં ભાખ્યું;
ચૈત્ય અર્થ વેયાવચ્ચ મુનિને, **દસમે અંગે** દાખ્યું રે.
કુમતિ !૦ ૫

સૂરિયાભ સુરિં પ્રતિમા પૂજી, **રાયપસેણી**માંહિ;
સમકિત વિણું ભવજલમાં પડતાં, દયા ન સોહે બાંહિ રે.
કુમતિ !૦ ૬

દ્રૌપદીએ જિન-પ્રતિમા પૂજી, છઠે અંગે વાચે;
તો સું એક દયા પોકારી, આણા વિણ તું માચે રે !
કુમતિ !૦ ૭

એક જિન પ્રતિમા વંદન દ્વેષે, સૂત્ર ઘણાં તું લોપે !
નંદીમાં જે આગમ સંખ્યા, આપમતી કાં ગોપે ?
કુમતિ !૦ ૮

જિનપૂજા ફલનાદિક સમ, **મહાનિશીથે** લહિએ;
અંધ પરંપર કુમતિવાસના, તો કિમ મનમાં વહિએ રે ?
કુમતિ !૦ ૯

સિદ્ધારથ રાયઈ જિન પૂજ્યા, **કલ્પસૂત્રમાં** દેખો;
આણા શુદ્ધ દયા મન ધરતાં, મિલે સૂત્રના લેખો રે.
કુમતિ !૦ ૧૦

થાવર હિંસા જિન-પૂજામાં, જો તું દેખી ધૂજે;
તો પાપી તે દૂર દેશથી, જે તુઝ આવી પૂજે રે.
કુમતિ !૦ ૧૧

પડિકમણે મુનિ દાન વિહારે, હિંસા દોષ વિશેષ;
લાભાલાભ વિચારી જોતાં, પ્રતિમામાં સ્યો દ્વેષ રે ?
કુમતિ !૦ ૧૨

ટીકા ચૂર્ણિ ભાષ્ય ઉવેખ્યાં, ઉવેખી નિર્યુક્તિ;
પ્રતિમા કારણ સૂત્ર ઉવેખ્યાં, દૂર રહી તુઝ મુગતિ રે.
કુમતિ !૦ ૧૩

શુદ્ધ પરંપર ચાલી આવી, પ્રતિમા-વંદન વાણી;
સંમૂર્ચ્છમ જે એ મૂઢ ન માને, તેહ અદીઠ કલ્યાણ રે.
કુમતિ !૦ ૧૪

જિનપ્રતિમા જિન સરિખી જાણે, પંચાંગીના જાણ;
કવિ જસવિજય કહે તે ગિરૂઆ, કીજે તાસ વખાણ રે.
કુમતિ !૦ ૧૫

શ્રી જિનપ્રતિમા—સ્થાપન

શ્રી શાંતિનાથ ભગવાનનું સ્તવન

શાંતિજિનેશ્વર સાહેબ વંદો, અનુભવ રસનો કંદો રે,
મુખને મટકે લોચન લટકે, મોહ્યા સુરનર વૃંદો રે.
શાંતિ૦ ૧

મંજર દેખીને કોયલ ટૌકે, મેઘ ઘટા જેમ મોરો રે,
તેમ જિનપ્રતિમા નિરખી હરખું, વળી જેમ ચંદ ચકોર રે.
શાંતિ૦ ૨

જિનપ્રતિમા જિનવર ભાખી, સૂત્ર ઘણાં છે સાખી રે,
સુરનર મુનિવર વંદન પૂજા, કરતા શિવ અભિલાષિ રે.
શાંતિ૦ ૩

રાયપસેણી પ્રતિમા પૂજી, **સૂરિયાભ** સમકિત ધારી રે.
જીવાભિગમે પ્રતિમા પૂજી, **વિજયદેવ** અધિકારી રે.
શાંતિ૦ ૪

જિનવર બિંબ વિના નવિ વંદુ, **આણંદજી** એમ બોલે રે,
સાતમે અંગે સમકિત મૂળે, અવર નહિં તસ તોલે રે.
શાંતિ૦ ૫

જ્ઞાતાસૂત્રે દ્રૌપદી પૂજા, કરતી શિવસુખ માગે રે,
રાય સિદ્ધારથે પ્રતિમા પૂજી, કલ્પસૂત્રમાંહે રાગે રે.
શાંતિ૦ ૬

વિદ્યાચારણ મુનિવરે વંદી, પ્રતિમા પાંચમે અંગે રે,
જંઘાચારણ મુનિવરે વંદી, જિનપ્રતિમા મન રંગે રે.
શાંતિ૦ ૭

આર્યસુહસ્તિ સૂરિ ઉપદેશે, ચાવો **સંપ્રતિરાય** રે,
સવાક્રોડિ જિનબિંબ ભરાવ્યાં, ધન્ય ધન્ય એહની માય રે.
શાંતિ૦ ૮

મોકલી પ્રતિમા **અભયકુમારે**, દેખી **આર્દ્રકુમાર** રે,
જાતિસ્મરણે સમકિત પામી, વરીઓ શિવસુખ સાર રે.
શાંતિ૦ ૯

ઇત્યાદિક બહુ પાઠ કહ્યા છે, સૂત્ર માંહે સુખકારી રે,
સૂત્ર તણો એક વર્ણ ઉત્થાપે, તે કહ્યો બહુલ સંસારી રે.
શાંતિ૦ ૧૦

તે માટે જિનઆણા ધારી, કુમતિ કદાગ્રહ વારી રે,
ભક્તિ તણાં ફલ ઉત્તરાધ્યયને, બોધિ બીજ સુખકારી રે.
શાંતિ૦ ૧૧

એક ભવે દોય પદવી પામ્યા, સોલમા શ્રી જિનરાય રે,
મુજ મન મંદિરીએ પધરાવ્યા, ધવલ મંગળ ગવરાય રે.
શાંતિ૦ ૧૨

જિન ઉત્તમ પદ રૂપ અનુપમ, કીર્તિ કમળાની શાળા રે,
જીવવિજય કહે પ્રભુજીની ભક્તિ, કરતાં મંગળમાળા રે.
શાંતિ૦ ૧૩



શ્રી શાશ્વત-જિન-સ્તુતિ

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, **વારિષેણ** દુઃખ વારે જી,
વર્દ્ધમાન જિનવર વલી પ્રણમો, શાશ્વત નામ એ ચારે જી;
ભરતાદિક ક્ષેત્રે મલી હોવે, ચાર નામ ચિત્ત ધારે જી,
તેણે ચારે એ શાશ્વત જિનવર. નમીયે નિત્ય સવારે જી. ૧

ઉર્ધ્વ અધો તિર્છા લોકે થઈ, કોડિ પન્નરસેં જાણો જી,
ઉપર કોડી બહેંતાલીસ પ્રણમો, અડવન લખ મન આણો જી;
છત્રીસ સહસ અસી તે ઉપરે, બિંબ તણો પરિમાણો જી,
અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં, પ્રણમું તે સુવિહાણો જી. ૨

રાયપસેણિ જીવાભિગમે, **ભગવતી** સૂત્રે ભાખી જી,
જંબૂદ્વીપ પન્નત્તિ ઠાણાંગે, વિવરીને ઘણું દાખી જી;
વલી આશશ્વતી **જ્ઞાતાકલ્પમાં**, **વ્યવહાર** પ્રમુખ આખી જી,
તે જિનપ્રતિમા લોપે પાપી, જિહાં બહુ સૂત્ર છે સાખી જી. ૩

એ જિન પૂજાથી આરાધક, ઈશાન ઈન્દ્ર કહાયા જી,
તેમ **સૂરિયાભ** બહુ સૂરવર, દેવી તણા સમુદાયા જી;
નંદીશ્વર અઠ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયા જી,
જિન ઉત્તમ કલ્યાણક દિવસે, **પદ્મવિજય** નમે પાયા જી. ૪

पाताले यानि बिम्बानि, यानि बिम्बानि भूतले ।
स्वर्गेऽपि यानि बिम्बानि, तानि वन्दे निरन्तरम् ॥१॥

પાતાલ-લોકને વિષે રહેલાં,
ભૂતલને વિષે રહેલાં અને
સ્વર્ગ-લોકને વિષે રહેલાં
—શ્રી જિનબિમ્બોને હું નિરન્તર વંદન કરૂં છું.

जिने भक्तिर्जिने भक्ति-र्जिने भक्तिर्दिने दिने ।
सदा मेऽस्तु सदा मेऽस्तु, सदा मेऽस्तु भवे भवे ॥१॥

ભગવાન શ્રી જિનેશ્વરદેવોને વિષે—
ભવોભવમાં
સદાને માટે
નિત્ય પ્રતિ
મને ભક્તિ પ્રાપ્ત થાઓ !

પ્રતિમા-પૂજન

પ્રકરણ ૬ ઠ્ઠું

મૂર્તિપૂજા સંબંધી
એક જૈનેતર વિદ્વાનના
મનનીય-વિચારો

જ્ઞાન, એ આત્માનો સહસિદ્ધ ધર્મ છે. સંસારી આત્માઓનું એ જ્ઞાન મોહથી આચ્છાદિત હોય છે. મોહાચ્છાદિત જ્ઞાનને શાસ્ત્રોમાં જ્ઞાનાભાસ તરિકે પ્રતિપાદન કરેલ છે. તેમાં જ્ઞાન નહિ, પણ જ્ઞાન તરિકેનો આભાસ માત્ર હોય છે. તેવા જ્ઞાનથી આ જગતમાં અનેક કુકલ્પનાઓ ઉત્પન્ન થાય છે. અનેક નિર્ભાગી જીવો, એ કુકલ્પનાઓનો ભોગ થઇ પડે છે. કુકલ્પનાની ભ્રમજાળમાંથી બચવાનો એક જ રસ્તો છે અને તે મોહરહિત મહાત્માઓના જ્ઞાન અને વચનનો આશ્રય લેવો તે જ છે. તે સિવાય તેનાથી બચી શકાતું નથી.

એવો જ એક મત, આ જગતમાં, અજ્ઞાનવાદિઓનો છે. તેઓનું કહેવું છે કે-જ્ઞાનમાંથી જ સઘળો કલહ

ઉત્પન્ન થાય છે. જ્ઞાન મેળવવાનો પ્રયાસ આ જગતમાં જ્યાં સુધી અટકે નહિ, ત્યાં સુધી દુ:ખનો અંત આવે નહિ. એ રીતે સઘળા જ્ઞાનનું મૂળ ઉખેડવાનો પ્રયાસ કરવા જાય છે, પરંતુ તેમ કરતાં અજાણતાં પણ તેનાથી જ્ઞાનનું સમર્થન થઇ જાય છે: કારણ કે-જ્ઞાન, એ અનર્થનું મૂળ છે-એવું તેનું પ્રતિપાદન પણ, જ્ઞાનમાંથી જ જન્મેલું હોય છે. જો તે પણ અજ્ઞાનમાંથી જ જન્મેલું હોય, તો તેને પણ માન્ય થઇ શકે નહિ. જ્ઞાનનું ખંડન કરવા જતાં જેમ જ્ઞાનનું મંડન થઇ જાય છે, તેમ 'મૂર્તિ'નું ખંડન કરનાર પોતાની અજાણમાં પણ 'મૂર્તિ'નું જ મંડન કરી રહ્યો હોય છે. 'મૂર્તિ' કે તેની પૂજાનું ખંડન કરનારાઓ, પોતાના વિચારો બીજાઓને ઠસાવવા માટે અક્ષરાકાર મૂર્તિઓનો જ આશ્રય લે છે: કારણ કે-તેઓના વિચારોનું પ્રતિપાદન કરનાર પુસ્તકો નિરાકાર વિચારને સમજાવનારી એક પ્રકારની મૂર્તિઓ જ છે.

મૂર્તિ કે તેની પૂજાની વિરુદ્ધ મત ધરાવનારાઓ, મૂર્તિપૂજકોને સાચી-ખોટી અનેક રીતે નિંદવાનો ધંધો લઈ બેઠા હોય છે. મૂર્તિપૂજકનાં અનેક છિદ્રો શોધે છે અને ન હોય તો નવાં ઉભાં કરે છે. મૂર્તિ અને તેની પૂજા સત્યથી પરિપૂર્ણ છે. સુખ સંપાદન કરવાનો એથી ચઢીયાતો કે તેની બરોબરી કરી શકે તેવો અન્ય માર્ગ હજુ સુધી શોધી શકાયો નથી. એ માર્ગને બતાવનારા જ્ઞાની પુરુષો જેટલું જ્ઞાન, બુદ્ધિ કે દીર્ઘદર્શિતા, વર્તમાન માનવીઓમાં પ્રગટ થઇ શકી નથી. પરંતુ, મર્કટને રત્ન પણ એક કાચનો કટકો જણાય તેની જેમ, કાચી બુદ્ધિના

મનુષ્યો મૂર્તિપૂજા જેવા સર્વોત્તમ અનુષ્ઠાનને પણ નુકશાન કરનાર જણાવીને વખોડે છે. 'મૂર્તિપૂજા નુકશાન કરનારી છે, વ્યર્થ છે, અતિશયોક્તિવાળી છે, પેટભરાઓએ પોતાના સ્વાર્થ માટે ઉપજાવી કાઢેલ છે, ગાડરની પાછળ ગાડર તણાએ જાય છે, સ્વતંત્ર વિચાર કરવાને અસમર્થ મનુષ્યો જ વિના વિચારે તેનું આચરણ કરી રહ્યા હોય છે, મૂર્તિપૂજાથી દેશની પડતી અને પાયમાલી થાય છે, મૂર્તિપૂજકોની બુદ્ધિ જડ થતી જાય છે.'—એમ અનેક રીતે, કોઇ પણ જાતનો અભ્યાસ કર્યા વિના જ, મૂર્તિપૂજાની વિરુદ્ધ અધુરા માણસો પોતાનો અભિપ્રાય જાહેર કરે છે. આ સ્થિતિનું કારણ આજે અંગ્રેજી ભણેલાઓમાંથી ૧૦૦માં ૭૫ કે ૯૦ માણસોને ઇશ્વરને માનવાની અગત્ય જણાતી નથી. ધર્મ કરવો, એ નવરાનો ધંધો લાગે છે. શાળાઓના શિક્ષકો પણ ૧૦૦માં ૯૯ સંસ્કાર વિનાના હોય છે અને બાળકોના કુમળા મગજ પર ધર્મ ખોટો છે એવી નિરંતર છાપ પાડતા રહે છે. અંગ્રેજી શિક્ષણ લીધેલાઓને સારા અને મોટા માનનાર સેંકડો મનુષ્યો, તેમનાં વચનોને દેવવાણીની પેઠે સાચાં માની બેસે છે. તેવાઓના અંધકારનો ભ્રમ શાસ્ત્રના પ્રકાશ વિના કદી પણ ટળી શકતો નથી. જેમ જ્યોતિષ શાસ્ત્રને સમજવા માટે બાર વર્ષ કે અઢાર વર્ષ સુધી ભારે શ્રમપૂર્વક અભ્યાસ કરવો જોઇએ અને તો જ તે સમજાય: અન્યથા ભ્રમણા, વહેમ કે ઠગવિદ્યા જેવું લાગે: તેમ મૂર્તિ અને તેની પૂજાનું રહસ્ય સમજવા માટે પણ, વર્ષો સુધી ધીરતા પૂર્વક અભ્યાસ

કરવો જોઇએ. મંત્રશાસ્ત્ર, યોગશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, આયુર્વેદ, ધનુર્વેદ વિગેરે શાસ્ત્રો અને વિદ્યાઓ જાણવા અને તેનું ખરૂં રહસ્ય સમજવા વર્ષોના પરિશ્રમની આવશ્યકતા છે તેમજ અધ્યાત્મશાસ્ત્ર અને તેના અંગભૂત પરમાત્મ–પ્રતિમા–પૂજન આદિનું ખરૂં રહસ્ય સમજવા માટે પણ દીર્ઘ કાળના પરિશ્રમની જરૂર છે. અંગ્રેજી ભણેલાઓમાં પણ ઘણા ઉત્તમ વૃત્તિના હોય છે, સત્યને શોધવાની જિજ્ઞાસાવાળા હોય છે અને તેઓ જે સ્વીકારે તે અંતઃકરણની ખાતરી થયા પછી જ શુદ્ધ બુદ્ધિથી સ્વીકારનારા હોય છે: પરંતુ તેવા આત્માઓ પણ અધ્યાત્મ શાસ્ત્ર માટે સત્ય શોધવાનો લેશ પણ પરિશ્રમ ઉઠાવતા નથી અને પૂર્વગ્રહ, દુરાગ્રહ વિગેરેને આધીન થઇ, પોતાની મરજી મુજબ ખંડન કરવા મંડી પડે છે. જે વસ્તુનું તેઓ ખંડન કરે છે, તેને પૂરૂં વિચારતા પણ નથી. તે ખંડનીય છે કે નહિ, તેની તપાસ પણ કરતા નથી. એક આગેવાને ખંડન કર્યું; બીજાઓ તેની પાછળ આંખ મીંચીને ઝંપલાવે છે અને આંધળાના લશ્કરની જેમ એકની પાછળ બધાઓ ખાડામાં પડે છે; સ્વયં હિતના માર્ગથી ભ્રષ્ટ થવાની સાથે અનેકોને ભ્રષ્ટ કરે છે.

પેટ ભરવાના ઉદ્યમ શિખવામાં જ જેઓએ જિંદગીનો મોટો સમય પસાર કર્યો હોય, તેઓ પરમેશ્વરની ઉપાસના અને ભક્તિ માટે અત્યંત જરૂરી એવી પરમેશ્વરની મૂર્તિ, મંદિર અને તેની પૂજા માટે મનફાવતું બોલે, તેના ઉપર સુજ્ઞ મનુષ્યોએ બીલકુલ વજન મૂકવું જોઇએ નહિ.

'મૂર્તિપૂજન, એ અપૂર્વ કલ્યાણને સાધનારૂં છે'—એમ સંયમી પુરૂષો શાસ્ત્રાધારે ફરમાવે છે. બીજાઓને તે ન જણાય, તો તેમાં તેઓની અપકવ મતિનો જ દોષ સમજવો જોઇએ. શાસ્ત્રોનાં રહસ્ય સમજવાને માટે બુદ્ધિને સંયમથી પણ સૂક્ષ્મ બનાવવાની જરૂર છે. કોઇને વીજળીમાં કશું દૈવત ન ભાસતું હોય તો તે ભલે તેમ માને, પરંતુ '**એડીશન**' જેવા વિદ્વાનને વીજળીમાં જો અનંત ચમત્કારોનું ભાન થતું હોય, તો તેની અવગણના થઈ શકે નહિ. **એડીશનને** ગાંડો કે ગપ્પીદાસ કહેનાર જ પોતાનું જ ગાંડપણ ઉઘાડું કરે છે. તેમ હજારો વિદ્વાનોને મૂર્તિનું જે રહસ્ય સૂઝ્યું, તે, તેમની વિદ્વત્તા અને સામર્થ્યનો લાખમો ભાગ પણ જેમનામાં નથી તેઓને ન સૂઝ્યું, તેટલા માત્રથી તેનું રહસ્ય નષ્ટ થઇ જતું નથી. જ્ઞાન, ધ્યાન, પરમાત્મા સંયમી પુરુષોને જ પ્રત્યક્ષ થાય છે. એમની મૂર્તિનું સ્થાપન અને તેનું ધ્યાન–પૂજન સઘળા સંયમી પુરુષોથી કરાએલું હોય છે તેથી તે સત્ય છે.

કેટલાક કહે છે કે–'પરમેશ્વર નિરાકાર છે, તેમની મૂર્તિ કેમ હોઇ શકે ?' આકારવાળાની જ મૂર્તિ હોય અને નિરાકારની ન હોય–એ કહેવું પણ ખોટું છે. 'નિરાકારની મૂર્તિ ન સંભવે'—એમ તકરારની ખાતર એક વખત માની લઇએ, પણ આકારવાળાની મૂર્તિ સંભવે છે, એમ શી રીતે સિદ્ધ થાય છે ? ગાય, ભેંસ કે ઘોડાનાં ચિત્રો ખરા ઘોડા, ગાય કે ભેંસને કયી રીતે મળતાં આવે છે ? ખરો ઘોડો ત્રણ ચાર હાથ ઉંચો, અને ચાર પાંચ હાથ લાંબો હોય છે, ત્યારે એ ચિત્રનો ઘોડો કેટલીક વાર

બે ત્રણ તસુ પણ લાંબો–પહોળો હોતો નથી. ખરો ઘોડો ખોંખારે છે, ઘાસ ખાય છે, પાણી પીએ છે, માણસને પોતાના ઉપર બેસાડી ઘણા ગાઉ સુધી લઈ જાય છે; ચિત્રના ઘોડાથી આમાંનું કશું જ બનતું નથી. ખરા ઘોડા સાથે ચિત્રના ઘોડાને સરખાવી શકાય, એવો એક અંશ પણ નથી. આકારવાળી વસ્તુની જ આ રીતે ખરી મૂર્તિ બનવી અશકય છે, તો નિરાકારની બનવી અશકય હોય તેમાં કહેવું જ શું ? કોઇ પણ અંશમાં મળતી ન આવે એવી મૂર્તિઓ અને ચિત્રો બનાવીને તેનું જ્ઞાન આપવામાં આવે છે અને તે જ્ઞાન આપવા કરેલો પ્રયત્ન સફળ થતો પણ જોવામાં આવે છે, તો પછી નિરાકારનું જ્ઞાન આપવા માટે તેની મૂર્તિ કરવાનો પ્રયત્ન ખોટો અને નિષ્ફળ છે–એમ કેમ કહેવાય ? આકારવાળાનું જ્ઞાન આપવાનું સાધન જેમ મૂર્તિ છે, તેમ નિરાકારનું પણ જ્ઞાન આપવાનું સાધન મૂર્તિ જ છે. મૂર્તિપૂજાનું ખંડન કરનારા, પોતાના આકાર વિનાના વિચારો બીજાઓને સમજાવવા માટે, મૂર્તિનો જ આશ્રય લે છે. તેઓનાં સઘળાં પુસ્તકો નિરાકાર વિચારોને સમજાવનારી મૂર્તિઓ જ છે. બે ચાર અક્ષરવાળા નામમાં પણ, નામવાળાને સહેજ અંશમાં પણ મળતું આવે તેવું શું છે ? 'દયાનંદ' એવા ચાર અક્ષરવાળા નામમાં '**દયાનંદ સરસ્વતી**'ના ભગીરથ પ્રયત્નનું, અવિરત ઉત્સાહનું કે અપૂર્વ વિદ્વત્તાનું ભાન કરાવે એવું શું છે ? છતાં એ ચાર અક્ષરોના સમુદાયથી બનેલી અક્ષર–મૂર્તિને જોઇને કેટ–કેટલા તેના ભક્તોનાં હૃદય અપૂર્વ ભક્તિરસથી ઉભરાય છે ? વિચરા

જેવી નિરાકાર વસ્તુનો અન્યને બોધ કરાવવા માટે વાંકા-ચૂકાં અને આડા-અવળા લીટા જેવા અક્ષરો કે તેની આકૃતિઓ, કે જેના સ્વરૂપને વિચારના સ્વરૂપની સાથે લેશ પણ મળતાપણું નથી, તેનો નિત્ય ઉપયોગ કરતાં છતાં પણ, મૂર્તિપૂજાનું ખંડન કરનારા દયાપાત્ર મનુષ્યો પોતાને કયી રીતે બુદ્ધિમાન ગણાવી શકે છે? આફ્રિકાના 'હબસી'ઓ આગળ આગમશાસ્ત્રોને ધરો, તો તેમને કીડી, મંકોડી જેવા વાંકાચૂંકા લીટા સ્વરૂપ જ લાગશે. જગતનાં વિશ્વવિખ્યાત પુસ્તકાલયોમાં કુતરા, બિલાડાઓને છોડી મૂકયા હોય, તો તેમને જ્ઞાનના ભંડાર રૂપ મહામૂલ્યવાન પુસ્તકો પણ મોંઢામાં ઘાલીને તોડવા-ફોડવા જેવાં જ લાગે કે રમવાના સાધન રૂપ જ ભાસે; પરંતુ જેમને ભાષાજ્ઞાન થયું છે અને તેથી જેઓ અક્ષરોની મૂર્તિ પાછળ રહેલા જ્ઞાન રૂપી પ્રકાશને જોઈ શકે છે, તેઓએ પણ શું તેને તુચ્છ મતિના કુતરા, બિલાડાની પેઠે દાંતમાં ઘાલીને તોડવા, ફોડવા કે રમવાના સાધન રૂપ માનવાં? મનુષ્ય-શરીર મળ્યા છતાં અને શ્વાનથી હજારગુણી કે લાખગુણી બુદ્ધિ મળ્યા છતાં-'મૂર્તિ નિરાકાર વસ્તુનો બોધ નથી કરતી અને જ્ઞાનના રહસ્યનો પ્રકાશ કરવાને અસમર્થ છે.'-એમ બુદ્ધિમાન મનુષ્યોએ પણ માનવું, એના જેવું બેહુદું બીજું શું છે? જ્ઞાનને જાણવાનું દ્વાર જો મૂર્તિ છે, તો પછી જ્ઞાનસ્વરૂપ પરમેશ્વરને જાણવાનું દ્વાર પણ મૂર્તિ જ હોય, એમાં આશ્ચર્ય શું છે? મૂર્તિનો આશ્રય લીધા વિના નિરાકાર વસ્તુનો બોધ કરી શકાય છે-એમ જેઓ માને છે, તેઓની બુદ્ધિ કુશાગ્ર નથી પણ બુઠ્ઠી છે.

જગતમાં જડ અને ચેતન એમ બે તત્ત્વો છે. ચેતન તત્ત્વનું સામર્થ્ય જણાવવાનું દ્વાર, જડ તત્ત્વ છે. મનુષ્યનો આત્મા પોતાના અસ્તિત્વનું અને પોતાની સર્વે શક્તિઓનું ભાન દેહ રૂપ જડ મૂર્તિ વડે જ કરાવી શકે છે. દેહ રૂપ જડ મૂર્તિનો અભાવ થતાં, ચેતન આત્માએ પોતાના અસ્તિત્વનું અને પોતાની શક્તિઓનું ભાન કરાવ્યાનું એક પણ ઉદાહરણ આપી શકાય તેમ નથી. વીજળી અને વરાળનું અપાર સામર્થ્ય પણ જડ યંત્રોનો આશ્રય લીધા બાદ જ જણાવી શકાય છે અને કાર્યમાં લાવી શકાય છે. કેવળ ચૈતન્ય કે કેવળ નિરાકાર અક્રિય જ હોય છે. કર્ત્તા સાકાર સાધનો વડે જ ક્રિયા કરી શકે છે. સ્થુલ જગતમાં જે નિયમો છે, તે જ સૂક્ષ્મ જગતમાં છે. નિરાકાર શક્તિનો અનુભવ કરવા ઇચ્છનાર, સાકાર મૂર્ત્તિ દ્વારા પ્રયત્ન કરે તો જ તે સફળ થાય છે. નિરાકાર આત્માનો અનુભવ સાકાર દેહ વિના થઇ શકતો નથી, તેમ નિરાકાર જ્ઞાન પણ સાકાર શરીર અને તેનાં હાથ, પગ, જીહ્‌વા આદિ અવયવો વિના પ્રગટ કરી શકાતું નથી. પુસ્તકો વિગેરે આકારવાળી મૂર્તિઓ વિના નિરાકાર સિદ્ધાંતોને પ્રસારવાનો બીજો કોઈ પણ માર્ગ આજ સુધી શોધી શકાયો નથી. ભાષણો પણ આકારવાળી મૂર્તિઓ જ છે. આ રીતે કોઈ પણ નિરાકાર દ્રવ્ય, આકારવાળા દ્રવ્યની મદદ વિના જો બુદ્ધિમાં ઉતરી શકતું નથી, તો સર્વ રહસ્યોના રહસ્ય, અત્યંત નીગૂઢ અને નિરાકાર પરમાત્મા, આકારવાળી વસ્તુનો આશ્રય લીધા વિના બુદ્ધિમાં ઉતરી શકે, એ

શું સંભવિત છે ?

પ્રણવ એટલે **ઓમ્કાર** બ્રહ્મનો વાચક છે, એમ સર્વે શાસ્ત્રો સ્વીકારે છે. તેનો જાપ, ભાવના અને ધ્યાન કરવાથી બ્રહ્મનું જ્ઞાન થાય છે, એમ શાસ્ત્રો ફરમાવે છે. હવે એ ઓમ્કાર અને તેના બ્રહ્મમાં શું સરખાપણું છે? બ્રહ્મ ચિદાનંદ સ્વરૂપ છે અને તેના અનુભવથી મનુષ્ય જન્મ-જરા-મૃત્યુના દુઃખથી મૂકાય છે. જ્યારે પ્રણવ એટલે ઓમ્કાર ઉત્પત્તિ અને વિનાશ સ્વભાવવાળો તથા જડ છે. કાગલના કટકા પર લખેલો તે, દરેક મનુષ્યને જ્ઞાન કે આનંદ આપનારો થતો નથી તથા તેને જોનાર બધાનાં જન્મ-મૃત્યુનાં દુઃખોને નાશ કરતો નથી; તો પણ અનુભવી પુરુષો જાણે છે કે-એ જ ઓમ્કાર શબ્દ તેના વિધિપૂર્વક કરેલા જાપ અને ધ્યાનથી બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવે છે. અજ્ઞાન ગામડીયાને ઓમ્કાર ('ઓ ઓ' એવા શબ્દથી) પેટમાં ચૂંક આવવાની ભ્રાન્તિ પેદા કરનાર થાય છે, જ્યારે જ્ઞાનીને મન પરમાત્મા કે બ્રહ્મના સ્વરૂપનો બોધ કરાવવા માટે, આજ સુધી શોધાયેલા સર્વ શબ્દોમાં, સર્વોપરી પદને ભોગવે છે. પ્રત્યેક શાસ્ત્ર અને મંત્રોમાં તેનું સ્થાન પ્રધાનપદ ધરાવે છે અને પ્રારંભમાં તેનું જ સ્થાપન કરવામાં આવે છે. 'આકારવાળી મૂર્તિ નિરાકારનો બોધ કરાવવા અસમર્થ છે'-એવું ખરા અંતઃકરણથી માનનાર, ઓમ્કારનો જાપ કરી શકે નહિ; પરન્તુ જો મૂર્તિસ્વરૂપ ઓમ્કાર પરમાત્માનો બોધ કરાવી શકે, તો પરમાત્માનો બોધ કરાવનાર બીજી આકૃતિ અને મૂર્તિઓને નિરર્થક કે હાનિકર

કહી શકાય નહિ. પ્રણવનું ચિંતન પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી શકે અને મૂર્તિ ન કરાવી શકે, એ માટે કોઇ પણ પ્રમાણ નથી.

મૂર્તિ, એ પરમેશ્વર છે—એવું મૂર્તિને પૂજનારા માનતા નથી; પણ મૂર્તિપૂજન, એ પરમેશ્વરની ઉપાસના કરવાનું તથા તેમનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું એક સાધન છે—એમ તેઓ માને છે. મૂર્તિપૂજકો પાષાણ, ધાતુ, કાષ્ટ કે માટી કે તેની અમૂક ઘાટની ઘડેલી આકૃતિને જ ઇશ્વર માનતા નથી. પથરા, ધાતુ, લાકડા કે માટીને જ જો તેઓ ઈશ્વર માનતા હોત, તો જગતમાં તે વસ્તુઓ જ્યાં જ્યાં હોય તે સર્વેની તેઓ પૂજા કરતા હોત. પરન્તુ કોઇ પણ મૂર્તિપૂજક પોતાના ધર્મના ઓટલાના પાષાણોને, લાકડાના સ્થંભોને, પાણી પીવાનાં પાત્રોને કે આંગણામાં પડેલી માટીને કદી પૂજતું નથી. અગર પાષાણ વિગેરેની આકૃતિને જ જો ઈશ્વર માનતા હોત, તો મૂર્તિઓ વેચનારની દુકાને જઇને પગે લાગત અને વસ્ત્ર, અલંકાર કે નૈવેદ્ય વિગેરે ધરાવત. પણ આ પ્રમાણે કોઇ પણ મૂર્તિપૂજક કરતો અનુભવમાં આવતો નથી. આથી સિદ્ધ થાય છે કે—મૂર્તિપૂજકો મૂર્તિને જ ઇશ્વર માનતા નથી, કિન્તુ મૂર્તિ રૂપ દ્વાર વડે તેઓ કોઇ અન્ય અગમ્ય વસ્તુને જ ઈશ્વર માને છે તથા તેની અર્ચના, પૂજા કે ભક્તિને કરે છે. અગમ્ય ઇશ્વરનું ભાન કરવા માટે મૂર્તિપૂજક મૂર્તિનો આશ્રય લે, તેમાં ખોટું શું છે? લાખ્ખો માઇલ વિસ્તારવાળી પૃથ્વીનું ભાન વિદ્યાર્થિને શું એક નાની માટલી

જેવડા પૃથ્વીના ગોળાથી કે ત્રણ સાડા ત્રણ-ફીટ ચોરસ નકશાથી નથી કરાવી શકાતું ? આકાશમાં ઉગેલા બીજના ચંદ્રમાને જોવા માટે શું કોઇ છાપરા ઉપર કે ઝાડ ઉપર જોનારની દૃષ્ટિ આરંભમાં નથી સ્થાપવામાં આવતી ? સૂક્ષ્મ વસ્તુનું ભાન કરાવવા સ્થૂલ પદાર્થોનો આશ્રય આ જગતમાં સર્વ બુદ્ધિમાનો સર્વત્ર લે છે, તો પછી સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ એવા પરમેમેશ્વરનું જ્ઞાન કરાવવા માટે અને તેમનામાં ભક્તિ પ્રગટાવવા માટે, શાસ્ત્રકાર મહર્ષિઓએ મૂર્તિની યોજના કરી હોય, તો તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? અગમ્ય વસ્તુનું ભાન સર્વદા જાણીતી વસ્તુઓ વડે જ કરાવી શકાય છે. જે શિક્ષક વિદ્યાર્થિની બુદ્ધિમાં ઉતારવા માટે અનેક પ્રકારનાં જાણીતાં સ્થૂલ દૃષ્ટાંતો આપી શકે છે, તે કુશળ શિક્ષક ગણાય છે; જેઓ આમ કરી શકતા નથી, તેઓ ગમે તેટલા વિદ્વાન છતાં શિક્ષક થવાને લાયક ગણાતા નથી. પરમેશ્વરનું જ્ઞાન સૌથી અગમ્યમાં અગમ્ય જ્ઞાન છે અને તે આપવા માટે અત્યત સૂક્ષ્મ મતિવાળા મહર્ષિ-ઓએ મૂર્તિ દ્વારા જે કુશળતા દર્શાવી છે, તેવી પૃથ્વીના કોઈ પણ દેશના ધર્મપ્રવર્તકો ભાગ્યેજ દર્શાવી શક્યા છે. જ્ઞાનનાં ગૂઢતમ રહસ્યો સમજાવવા માટે, દરેક દેશના વિદ્વાનોએ સાંકેતિક ચિત્રો વડે, સંકેતો વડે, ગૂઢા-ક્ષરો વડે, ગૂઢ શબ્દો વડે, રુપકો વડે અને કથાઓ વડે તેમજ મૂર્તિઓ વડે પ્રયાસ કર્યો છે. પરંતુ એ સર્વમાં આર્ય મહર્ષિઓએ જે સૂક્ષ્મ દૃષ્ટિ અને બુદ્ધિચમત્કાર દર્શાવ્યો છે, તેવો હજુ સુધી કોઈ પણ પ્રજા દર્શાવવાને

શક્તિમાન થઇ શકી નથી. ઉત્તમ કલ્યાણકારક રહસ્યોના જ્ઞાનમાં સામાન્ય મતિની પ્રજાને દોરી લાવવા, તે રહસ્યોને સંકેતમાં ઉતારવાં, તે કાંઇ રમત વાત નથી. જેમ જેમ બુદ્ધિવૈભવ વધે છે, તેમ તેમ આ સામર્થ્ય આવે છે. થોડામાં ઘણા અર્થને બતાવવાનું કામ સૂક્ષ્મ બુદ્ધિમાન પુરુષોજ કરી શકે છે. પ્રણવ અથવા ઓમ્કારના એકજ અક્ષરમાં કેટલું નિગૂઢ રહસ્ય સમજાવવામાં આવ્યું છે, તેની કલ્પના પણ આજે કોઇથી થઇ શકે તેમ નથી. ત્રણ ચાર શબ્દથી બનેલા એકજ સૂત્રથી સેંકડો પૃષ્ઠોમાં સમાય તેટલો અર્થ દર્શાવવામાં પૂર્વે ઋષિમુનિઓ કેવા વિજયી નિવડયા છે, તે વિશ્વપ્રસિદ્ધ છે. આ પ્રમાણે ગૂઢ રહસ્યને દર્શાવનારા સંકેતો યોજવામાં અગાધ બુદ્ધિબળની આવશ્યકતા છે. અસાધારણ બુદ્ધિના નિધાન પૂર્વે મહર્ષિઓ, પ્રણવ જેવો એકજ સંકેત યોજીને અટકયા નથી, પણ અસંખ્ય ભેદવાળી પ્રકૃતિના મનુષ્યો જોઇને તે સર્વેને જ્ઞાનના માર્ગમાં આકર્ષી લાવવા માટે, સેંકડો સંકેતો યોજવા પ્રયત્નશીલ થયા છે અને સંકેતો યોજવામાં તેમના આ પ્રબલ પ્રયાસના પરિણામેજ અસંખ્ય ભેદવાળી અક્ષરાદિની તથા પાષાણાદિની મૂર્તિઓ દૃષ્ટિગોચર થાય છે.

આથી એ સ્પષ્ટ થાય છે—મૂર્તિઓ ઈશ્વરના સ્વરૂપને અથવા જ્ઞાનનાં ઉંડાં રહસ્યોને ન સમજવાથી અથવા કેટલાક કહે છે તેમ મનુષ્યોની બુદ્ધિની બાલ્યાવસ્થા હતી તે સમયમાં નીકળી છે, એમ નથી : પણ ઈશ્વરના સ્વરૂપને અને જ્ઞાનનાં ઉંડાં રહસ્યોને સમજ્યા

પછી બુદ્ધિની પ્રૌઢ અવસ્થામાં જ નીકળી છે. એ વાત સાચી છે કે–આજે મૂર્તિઓ રહી છે, પણ એ મૂર્તિઓથી જે રહસ્ય સૂચવાય છે તે રહસ્યને શોધી કાઢવાની કળાનો મોટે ભાગે લોપ થયો છે : પણ તેમાં મૂર્તિઓનો શો દોષ કે તેમનું ખંડન કરવું ? કોઇ ગૂઢ ભાષામાં લખેલા ગ્રન્થો આપણા અજ્ઞાનથી આપણને ન સમજાય, માટે તે ભાષા સમજવાનો પ્રયત્ન કરવો એ વધારે યોગ્ય છે કે તે ગ્રન્થોનો ઢગલો કરી તેની હોળી સળગાવવી એ યોગ્ય છે ? ગ્રન્થોમાં અક્ષરો અને શબ્દોની ગુંથણી વડે જ્ઞાન સૂચવવામાં આવ્યું છે અને મૂર્તિઓમાં તેમની આકૃતિ વિગેરે વડે સૂચવવામાં આવ્યું છે : પણ બન્ને જ્ઞાનને સૂચવનારા સંકેત છે. એક અપેક્ષાએ મૂર્તિ ગ્રન્થો કરતાં પણ વધારે ઉંચા અનુભવજ્ઞાનને સૂચવનારી છે. મૂર્તિનો વિધિપૂર્વક ઉપયોગ કરનાર, એ વાતને સારી રીતે જાણી શકે છે. તો પછી ગ્રંથોને જ્ઞાનનાં સાધન ગણવાં અને મૂર્તિને અજ્ઞાન વધારનારી અને બુદ્ધિને જડ કરનારી ગણવી, એ કેટલી ભૂલ છે ? કોઈ કહેશે કે–ગ્રંથોથી તો જ્ઞાન થતું પ્રત્યક્ષ અનુભવાય છે, પણ મૂર્તિથી જ્ઞાન થતું ક્યાં અનુભવાય છે ? ' તેનો ઉત્તર એ છે કે–ગ્રંથોથી જ્ઞાન થતું અનુભવાય છે, પણ કોને ? જે ગ્રંથને સમજવામાં સમર્થ છે તેને; બધાને નહિ. ગાય, ભેંસ, શ્વાન વિગેરેને ગ્રંથોથી કેમ જ્ઞાન નથી થતું ? ગામડાના અભણ મનુષ્યોને ગ્રંથોથી કેમ જ્ઞાન નથી થતું ? મૂર્તિ સંબંધમાં પણ એમ જ છે. જેમ ભાષાનું જ્ઞાન મેળવ્યા પછી ગ્રંથનું અધ્યયન કરનારને ગ્રંથથી જ્ઞાન થાય છે, તેમ

મૂર્તિનું વિધિપૂર્વક નિયમિત અર્ચન–પૂજન કરનારને જ મૂર્તિથી જ્ઞાન થાય છે. જેમ ભાષા ભણવામાં અનેક પગથિયાં છે અને કેટલાંક પગથિયાં ચઢી આવનારને જ ભાષાનું જ્ઞાન થાય છે અને ગ્રંથ સમજવાનું બળ આવે છે પણ કક્કો કે બારાક્ષરી ભણી ઉતરનારને પ્રૌઢ લેખો સમજવાનું બળ આવતું નથી, તેમ મૂર્તિને એકલા ચંદન, પુષ્પ ચડાવનાર કે તેને પગે લાગનારને જ મૂર્તિના રહસ્યને જાણવાનું બળ આવતું નથી. હાલ લોકોમાં જે મૂર્તિપૂજા ચાલે છે, તે તો મૂર્તિપૂજનની પહેલી કે બીજી ચોપડી છે. એથી આગળ વધવાનું છે. જેઓ ધૈર્યથી પહેલાં પગથિયાં ઓળંગી ઉપરનાં પગથિયાં ચઢતા જાય છે, તેઓને મૂર્તિપૂજાનો અલભ્ય લાભ પ્રાપ્ત થયા વિના રહેતો જ નથી. મૂર્તિપૂજાના પહેલા પગથિયાનું કર્ત્તવ્ય પણ જેઓ બરાબર કરતા હોય છે, તેઓનું અંતઃકરણ મૂર્તિપૂજન નહિ કરનાર કરતાં વધારે સાત્ત્વિક અને સમાધાનવાળું હોય છે. આગળના પગથિયાનો તેને બોધ કરનાર કોઈ મળ્યું નથી, તેથી તે ત્યાંનો ત્યાં અટકી રહ્યો છે, પરંતુ જો તેને ત્યાં કોઇ બોધ કરનાર મળે અને તે પ્રયત્ન સેવે, તો તત્ત્વજ્ઞાનમાં ઘણો આગળ વધ્યા સિવાય રહે નહિ. મૂર્તિપૂજન નહિ કરનારનું અંતઃકરણ ભક્તિશૂન્ય, તામસી, અનિર્ણિત, ગોટાળાવાળું અને ઢંગધડા વિનાનું હોય : છે જ્યારે મૂર્તિને પૂજનાર સાત્ત્વિક, ભક્તિમાન અને અધિક સમાધાનવાળી મનોવૃત્તિને ધારણ કરનારો હોય છે. મૂર્તિપૂજકને તે મંદબુદ્ધિનો ગણે છે, પણ વસ્તુતઃ મૂર્તિપૂજક કરતાં પોતે જ અધિક મંદબુદ્ધિવાળો

હોય છે. મૂર્તિને ફગાવી દઈને પરમેશ્વરનું કાંઇ પણ અધિક જ્ઞાન તેણે મેળવેલું હોતું નથી. પરમેશ્વરનું જ્ઞાન કેવળ શાસ્ત્રોમાંથી તેમના સ્વરૂપને જાણવા માત્રથી થતું નથી, પણ અનુભવવાથી થાય છે. જેણે નારંગી ખાધી નથી, તેના આગળ નારંગીનું ગમે તેટલું વર્ણન કરવાથી પણ, નારંગીના સ્વાદનું અંશે પણ ભાન થતું નથી. સ્થૂલ વસ્તુઓમાં જ્યારે આમ થાય છે, ત્યારે સૂક્ષ્મમાં તો તેમ થાય, તેમાં આશ્ચર્ય શું છે? પરમેશ્વર જેવો છે તેવો તેનો અનુભવ શબ્દોથી લેશ પણ થતો નથી. નારંગીનો અનુભવ કરવા માટે નારંગીને જેમ ખાવી પડે છે, તેમ પરમેશ્વરનો અનુભવ કરવા પરમેશ્વરને પૂજનાદિ વડે પ્રત્યક્ષ કરવા પડે છે. જે જે વસ્તુ અગમ્ય હોય છે, તે તે વસ્તુના સ્વરૂપનું અનુભવજ્ઞાન મનથી તે તે અગમ્ય વસ્તુઓને એકાગ્ર કરવાથી થાય છે. ગુરુત્વાકર્ષણનો અગમ્ય નિયમ '**ન્યૂટને**' શી રીતે શોધી કાઢ્યો? '**એડીશને**' વિજળીના વિવિધ ધર્મ અને તેનો ઉપયોગ શી રીતે શોધી કાઢ્યો? જેનું જેનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું હતું, તેમાં તેમાં મનને તથા વિચારને એકાગ્ર કરવાથી! રહસ્યજ્ઞાનનો પ્રકાશ કરનારી એકાગ્રતા એક દિવસે થતી નથી. મનની ચંચળતા અભ્યાસ વિના મટતી નથી. આથી પરમેશ્વરનું અગમ્ય જ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છનારે, પરમેશ્વરમાં એકાગ્ર થવાની પ્રથમ અગત્ય છે. અને પછી તેનો પગથીયે પગથીયે અભ્યાસ કરવાની બીજી જરૂર છે. એકાગ્રતાનું પ્રથમ પગથિયું મૂર્તિપૂજન છે. મૂર્તિ નહિ માનનારા

ભલે એમ કહે કે–'અમે મનને નિરાકાર ઈશ્વરમાં એકાગ્રતા કરવા શક્તિમાન છીએ અને અમારો અધિકાર માનસિક પૂજન કરવાનો આવ્યો છે.' પરંતુ તેમનાં નયન, વચન અને વર્તન સ્પષ્ટ દર્શાવી આપે છે કે–તે બધા મોંઢાના તડાકા છે. એકડે એક ભણ્યા વિના ગણિતના મોટા મોટા કોયડા છોડવા કોઈ સમર્થ થતું નથી, તેમ એકાગ્રતા સાધવાનાં ક્રમવાર પગથિયાં ઓળંગ્યા વિના કોઈથી એકાગ્રતા સાધી શકાતી નથી. પ્રત્યેક એકાગ્રતા સાધનારે–પછી તે વિદ્યાવિષયક હો, કળાવિષયક હો, વ્યાપાર-વિષયક હો કે અધ્યાત્મવિષયક હો, પરન્તુ આરંભમાં મૂર્તિ લેવી જ પડે છે. અને આ મૂર્તિમાં મનને જોડવાના અભ્યાસથી ક્રમે ક્રમે અંતઃકરણનું બળ વધતાં વધારે સૂક્ષ્મ પદાર્થો કે ધર્મોમાં એકાગ્રતા સાધી શકાય છે. મૂર્તિપૂજનમાં અંતઃકરણનું બળ વધવાના જે જે નિયમો છે, તે સર્વે આશ્ચર્યકારક રીતે યોજાઈ ગયા છે. મૂર્તિમાં ઈશ્વરની ભાવના કરી, મૂર્તિપૂજક તેનું પૂજન–અર્ચન કરે છે, તેથી તે સમયે તેના અંતઃકરણમાં વધારે ઉંચી ભાવના રમણ કરે છે. તેને સ્નાન, વસ્ત્ર, અલંકાર, નૈવેદ્ય વિગેરે ધરવાથી અંતઃકરણમાં પરમેશ્વર સંબંધી પ્રેમ અને ભક્તિ પોષાય છે. મૂર્તિ રૂપ એક સ્થાનમાં પરમેશ્વરનો આરોપ કરેલો હોવાથી, તેટલા જ સ્થાનમાં તેની વૃત્તિ ઝટ એકાગ્ર થાય છે. તે જેટલી વાર મૂર્તિ-પૂજન કરતો હોય છે, તેટલી વાર તેની વૃત્તિઓ જો કે ઉપરથી જોતાં જડ પદાર્થનો આશ્રય કરીને રહેલી હોય છે, પણ વસ્તુતઃ જડમાં આરોપેલા ઈશ્વર–તત્ત્વનો ઘડી

ઘડી સંબંધ કરવાને તલપ મારતી હોય છે. તેથી તેના અંત:કરણમાં ઈશ્વર સંબંધી વિચારોનું એક શુદ્ધ દ્રવ્ય જામતું જાય છે અને તે દ્રવ્યમાં નિત્ય અભ્યાસની વૃદ્ધિ થતાં, ઈશ્વરમાં તેનો પ્રેમ અને ભક્તિ વધતાં જાય છે. આ સાથે જે સ્થાનમાં તે મૂર્તિપૂજન કરતો હોય છે, તે સ્થાનનું વાતાવરણ પણ તેના પવિત્ર વિચારો વડે અધિક અધિક પવિત્ર થતું જાય છે અને નિત્ય આમ થતાં અંતમાં તે દેવગૃહની પવિત્રતા અને આધ્યાત્મિકતા કોઈ વિલક્ષણ શાંતિને, ભક્તિને અને વૃત્તિના ઉચ્ચ ભાવને પ્રગટાવનાર થાય છે. આ વિગેરે અનેક દૃષ્ટિઓથી વિચાર કરતાં, મૂર્તિપૂજન મનુષ્યની મતિને જડ ન કરતાં અધિક શુદ્ધ, અધિક ભક્તિવાળી અને અધિક આધ્યાત્મિક કરવાને સમર્થ થાય છે. સ્થળે સ્થળે સ્થપાયેલાં દેવાલયો અને મંદિરોથી આર્યપ્રજાનું આ આધ્યાત્મિક બળ રક્ષાઈ રહ્યું છે. જો કે મૂર્તિપૂજનના વિધિ પ્રત્યે દુર્લક્ષ્ય થવાથી તથા વ્યવસ્થાપકોના અજ્ઞાનથી આધ્યાત્મબળ ઘણે સ્થળે નામનું જ રહેલું જોવામાં આવે છે, તો પણ એ નામનું પણ અધ્યાત્મબળ જ્યાં મૂર્તિપૂજન નથી, એવી પ્રજાઓના અધ્યાત્મબળ કરતાં સેંકડે દરજ્જે ચઢીયાતું છે. ઠેકાણે ઠેકાણે દેવાલયો હોવાથી દિવસમાં અનેક વાર, રસ્તામાં હાલતાં–ચાલતાં, આર્યપ્રજાને ઇશ્વર પ્રત્યે વૃત્તિ વાળવાનો યોગ આવે છે. દિવસમાં બે–ચાર વાર પણ ઇશ્વરમાં વૃત્તિને વાળવાનો યોગ જે આર્યપ્રજાને મળે છે, તે તેનાં દેવાલયોનો પ્રતાપ છે અને આ હજારો દેવાલયોને લીધે પ્રતિદિન જે હજારો

ઉચ્ચ ભાવનાઓ આર્યપ્રજાના હૃદયમાં ઉલટે છે અને વાતાવરણમાં પ્રસરે છે, તેથી આ ભૂમિનું દેવત્વ ભારેલા અગ્નિની પેઠે હજી પણ ગુપ્ત રીતે રક્ષાઇ રહ્યું છે.

કેટલાક કહે છે કે–'મૂર્તિપૂજામાં બીજો દોષ નથી, પણ એને ઓથે રહી સ્વાર્થી મનુષ્યો અનેક પ્રપંચ ચલાવે છે અને ભોળી પ્રજામાં નિરાંતે ચરી ખાય છે. એવા દુષ્ટોનું ટટ્ટુ ન નભે, માટે મૂર્તિપૂજાને અટકાવવી જોઈએ.' આ વિચાર '**પાડાના વાંકે પખાલીને ડામ**' દેવા જેવો છે. મૂર્તિપૂજાના ઓથે મૂર્તિપૂજકો ચરી ખાય છે અને પ્રજાને ઠગે છે, તો મૂર્તિને નહિ માનનાર કોઈ શું આ જગતમાં ચરી ખાતું નથી? અને ભોળી પ્રજાને ઠગતું નથી? મૂર્તિ નહિ પૂજનારા સઘળા જ શું પોતાનો નિર્વાહ પ્રમાણિકપણે કરે છે? મૂર્તિને નહિ માનનારા બધા જ શું નીતિના સિદ્ધાંતોને તન-મનથી અનુસરનારા હોય છે? જો નહિ, તો અમૂર્તિ-પૂજકોમાં જેમ દોષ હોવા છતાં નભાવી લેવામાં આવે છે, તેમ મૂર્તિપૂજકોમાં કોઈ કોઈ દોષિત હોય, તો તેના પ્રત્યે ઘૃણા ધરાવવાથી શું ફાયદો? અલબત્ત, તેઓને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. આમ કોઈ પણ દૃષ્ટિએ યોગ્ય વિચારથી મૂર્તિપૂજાનું ખંડન કરી શકાય તેમ છે નહિ. મનુષ્યોના સ્વભાવમાં તે રહેલી છે. મૂર્તિને ન માનનારી પાશ્ચાત્ય પ્રજાઓ પણ, પોતાની પ્રિયતમાના માથાના વાળની કાપેલી લટને પ્રેમથી આલિંગન આપે છે, ઇશુખ્રિસ્તના કલ્પિત દાંતને અને એવી જ સેંકડો વસ્તુઓને અત્યંત પ્રેમથી પૂજે છે અને મૂર્તિપૂજકો

કરતાં પણ વધારે બાલિશ ચેષ્ટાઓ કરે છે. મૂર્તિપૂજા તરફ તિરસ્કારથી જોનારા કબરને ફૂલ ચઢાવે છે, ધર્મનાં પુસ્તકો પ્રત્યે અત્યંત પૂજ્યભાવ ધરાવે છે, પોતાનાં રાજા-રાણી, નેતા કે મોટા સરદારના બાવલાને કોઇ દુર્જન અટકચાળું કરે, તો મોટું અપમાન થયેલું માને છે, સ્વતંત્રતાના ઘંટના વરઘોડા ચઢાવે છે અને જે જે રસ્તેથી તે વરઘોડો જાય છે તે તે રસ્તાના સઘળા મનુષ્યો ઘંટને જોઈને પોતાની ટોપી ઉતારે છે. આ રીતે મૂર્તિપૂજા સર્વત્ર વ્યાપીને રહેલી છે અને તેમાં ઘણું સત્ય સમાયેલું છે. જેઓ તેને સેવે છે તેઓ પાપ કરતા નથી, પણ પોતાના હિતને જ સાધે છે. મૂર્તિપૂજા જાતે દોષવાળી નથી, પણ તેનો વિધિ લોકોને જેવો સમજાવો જોઇએ, તેવો બરાબર સમજવામાં નથી એટલો જ દોષ છે. તે ન સમજાયાથી બીજી કોઇ હાનિ નથી, પણ મૂર્તિપૂજકો આગળ વધતા નથી એટલી જ હાનિ છે અને તેવી હાનિ તો મૂર્તિને નહિ પૂજનારાઓ પણ ભોગવી જ રહ્યા છે. મૂર્તિપૂજકો તો એકાદ બે પગથિયાં પણ આધ્યાત્મિક માર્ગમાં આગળ વધેલા છે, જ્યારે મૂર્તિને નહિ પૂજનારાની સ્થિતિ તો કોઇ પણ પગથિયામાં નથી. આથી મૂર્તિપૂજકોને પોતાના પૂજનની વિધિનો ઉદ્ધાર કરવાની જેટલી અગત્યતા છે, તેના કરતાં કેઇ ગુણી અગત્ય, મૂર્તિને નહિ માનનારાએ પોતાનું ઘર સુધારવાની છે-વિગેરે વિગેરે.

પ્રતિમા-પૂજન

સમાપ્ત

શ્રી [illegible]

[illegible]

[illegible]

પૂ. [illegible] શ્રી [illegible]

[illegible]

[illegible] ના